પાનાં : ૧૨ કિંમત રૂા.૬ તા.૧૬ મે ૨૦૨૪ ગુરૂવાર
૭ ઝિલ્કદ હિજરી ૧૪૪૫ ● વૈશાખ સુદ આઠમ સંવત ૨૦૮૦

અશ્લીલતાથી દૂર રહી, સ્વચ્છતા અને સંસ્કારિતાને અપનાવી પ્રસિદ્ધ થતાં 'ગુજરાત ટુડે' દૈનિકને સ્ત્રીઓ અને બાળકોને વંચાવવા ઘરમાં વસાવો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

| કરન્સી માર્કેટ | |
|---|---|
| US.ડોલર | ૮૩.૪૭ |
| પાઉન્ડ | ૧૦૫.૪૬ |
| યુરો | ૯૦.૫૭ |
| સઉદી રિયાલ | ૨૨.૨૬ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૭૫,૨૯૫ |
| ચાંદી (૧ કિલો) | ૮૭,૨૦૦ |

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૩ અંક-૨૮૭ ● તંત્રી : મુસ્તુફાખાન ● E-mail : gujarattodaydaily@gmail.com For Advertisement:gtadvt@yahoo.co.in

### એક સમાચાર ચેનલ સાથેના ઈન્ટરવ્યુમાં વડાપ્રધાન મોદીને ખુલાસો કરવાની ફરજ પડી

# 'મેં ક્યારેય હિન્દુ કે મુસ્લિમ નથી કહ્યું, ગરીબ પરિવારોની વાત કરી : PM મોદી

## જે દિવસે હું હિન્દુ-મુસ્લિમ કરવાનું શરૂ કરીશ તે દિવસથી હું જાહેર જીવનને પાત્ર રહીશ નહીં : PM મોદી

(એજન્સી) વારાણસી, તા.૧૫

પોતાની 'ઘૂસણખોરો' અને 'વધુ બાળકોવાળા' ટિપ્પણીઓને ફેરવી તોડતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક સમાચાર ચેનલની મુલાકાતમાં જણાવ્યું હતું કે, તેઓ માત્ર મુસ્લિમો વિશે જ વાત કરતા નથી, પરંતુ દરેક ગરીબ પરિવાર વિશે વાત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, જે દિવસે તેઓ હિન્દુ-મુસ્લિમ કરવાનું શરૂ કરી દેશે તે દિવસે તેઓ 'જાહેર જીવનને પાત્ર રહેશે નહીં.' સમાચાર ચેનલની મુલાકાતમાં પીએમ મોદીએ કહ્યું કે, તેઓ મુસ્લિમો પ્રત્યે પ્રેમનું માર્કેટિંગ કરતા નથી. તેમણે



કહ્યું કે, 'હું વોટ બેંક માટે કામ કરતો નથી. હું 'સબકા સાથ, સબકા વિકાસ'માં વિશ્વાસ કરૂં છું.' પીએમ મોદીએ જણાવ્યું હતું કે, 'મને આઘાત લાગ્યો છે. તમને કોણે કહ્યું કે, જ્યારે પણ કોઈ વધુ બાળકો ધરાવતા લોકોની વાત કરે છે ત્યારે અનુમાન એ લાગેછે કે, તેઓ મુસ્લિમ છે ? તમે મુસ્લિમો પ્રત્યે આટલા અન્યાયી કેમ છો ? ગરીબ પરિવારોમાં પણ આ સ્થિતિ છે. જ્યાં ગરીબી છે ત્યાં વધુ બાળકો છે. તેમના સામાજિક વર્તુળને ધ્યાનમાં લીધા વિના મેં કહ્યું છે કે, તમે તમારી સંભાળ રાખી શકો તેટલા તમારા બાળકો હોવા જોઈએ.'

જ્યારે તેઓ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે ગુજરાતમાં ગોધરા પછીના રમખાણોનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું કે, તેમના વિરોધીઓએ ૨૦૦૨ (ગોધરા પછીના રમખાણો) પછી મુસ્લિમોમાં તેમની છબીને 'કલંકિત' કરી હતી. તેમણે ઉમેર્યું કે, 'આ મામલો મુસ્લિમોનો નથી. મોદીને ગમે તેટલા સમર્થક વ્યક્તિગત મુસ્લિમો હોય, ત્યાં વિચારની લહેર છે જે તેમને આદેશ આપે છે કે, 'આ કરો, તે કરો.' મારા ઘરમાં, મારી આસપાસ બધા મુસ્લિમ પરિવારો હતા. અમારા ઘરે પણ ઈદ અને અન્ય તહેવારો મનાવાતા હતા, ઈદના દિવસે અમારા ઘરે ભોજન બનતું નહોતું, આજે પણ મારા ઘણા મુસ્લિમ મિત્રો છે. ૨૦૦૨ (ગોધરા) પછી મારી છબી કલંકિત થઈ હતી.' આ લોકસભા ચૂંટણીમાં મુસ્લિમો તેમને મત આપશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, 'દેશના લોકો મને મત આપશે.' મોદીએ કહ્યું કે, 'જે દિવસે હું હિન્દુ-મુસ્લિમ કરવાનું શરૂ કરીશ, હું જાહેર ક્ષેત્રમાં રહેવાનો હકદાર રહીશ નહીં. હું હિન્દુ-મુસ્લિમ નહીં કરૂં. આ મારી પ્રતિજ્ઞા છે.' અગાઉ મોદીએ રાજસ્થાનમાં એક જાહેર રેલીમાં આક્ષેપ કર્યો હતો કે, કોંગ્રેસ લોકોનું સોનું અને સંપત્તિ છીનવી લેવા માંગે છે અને જે લોકો 'ઘૂસણખોરો' છે તથા 'વધુ બાળકો ધરાવે' છે તેવા લોકોમાં વહેંચવા માંગે છે.

CELEBRATING EXCELLENCE 33 years GT

## 'જૂઠું બોલવામાં તે દરરોજ નવી નીચી સપાટી રચે છે' : PM મોદીની 'હિન્દુ-મુસ્લિમ' ટિપ્પણી પર કોંગ્રેસનો વળતો પ્રહાર

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ટરવ્યુમાં કહ્યું કે, તેઓ ક્યારેય 'હિન્દુ-મુસ્લિમ' કરશે નહીં જે તેમના સિદ્ધાંતોની વિરુદ્ધ છે ત્યારે કોંગ્રેસે વળતો પ્રહાર કરતાં પીએમને 'માનસિક જૂઠ્ઠા' ગણાવ્યા છે. પાર્ટીના સાંસદ જયરામ રમેશે કહ્યું કે, પીએમ કહે છે કે, તેઓ હિંદુ-મુસ્લિમ રાજકારણ નથી કરતા તે દર્શાવે છે કે, તેઓ 'જૂઠ' બોલવામાં કેટલી નીચી સપાટીએ પહોંચ્યા છે. રમેશે કહ્યું કે, 'દેશ સારી રીતે જાણે છે કે, વિદાય લઈ રહેલા પીએમ એક પેથોલોજીકલ જૂઠ્ઠા છે. પરંતુ તેમના પોતાના દયનીય ધોરણો દ્વારા પણ મોદીનો તાજેતરનો દાવો કે તેઓ હિન્દુ-મુસ્લિમ રાજકારણ નથી કરતા તે દર્શાવે છે કે, તેઓ જૂઠું બોલવામાં રોજેરોજ નવી ઊંડાઈ સુધી પહોંચે છે. ૨૦૨૪ની ૧૯ એપ્રિલથી તે સાર્વજનિક રેકોર્ડની બાબત છે જે આપણી સામૂહિક સ્મૃતિમાંથી ભૂંસી શકાતી નથી, ભલે મોદી તેને તેમના પોતાના માનસમાંથી ભૂંસી નાખે જેમાં વિદાય લઈ રહેલા પીએમએ સ્પષ્ટ અને બેશરમ રીતે સાંપ્રદાયિક ભાષા, પ્રતીકો અને સંકેતોનો ઉપયોગ કર્યો છે.'

કોંગ્રેસ નેતાએ કહ્યું, 'અમે આ બાબત ભારતના ચૂંટણી પંચના ધ્યાન પર પણ લાવી છે. કાર્યવાહી થવી જોઈતી હતી, પરંતુ દુર્ભાગ્યે એવું થયું નથી.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે કહ્યું હતું કે, તેઓ 'હિન્દુ-મુસ્લિમ' કરતા નથી અને ઉમેર્યું હતું કે, લોકોએ 'વધુ બાળકો' પરના તેમના નિવેદનને ખોટી રીતે લીધું છે અને તેને હંમેશા મુસ્લિમો સાથે જોડવું જોઈએ નહીં. તેના પર પ્રતિક્રિયા આપતા જયરામ રમેશે આરોપ લગાવ્યો કે, આ અભિયાન દરમિયાન 'વિદાય લઈ રહેલા' પીએમ પાસે હિન્દુ-મુસ્લિમ રાજકારણ સિવાય કોઈ એજન્ડા નથી. રમેશે એક્સ પર પોસ્ટમાં કહ્યું કે, 'તેમના પક્ષના ઢંઢેરામાં તેમના પોતાના ફોટાઓની હારમાળા વચ્ચે શબ્દોના અસંગત ગૂંચવણમાં શૂન્ય ટ્રેક્શન જોવા મળ્યું છે. મોદી કી ગેરંટી, છેલ્લા કેટલાક મહિનાઓથી સરકારી તિજોરીને જબરદસ્ત ખર્ચે પ્રમોટ કરવામાં આવી છે, તે સપાટ ઊંધી પડી ગઈ છે. ૪૦૦ પારનો આપવામાં આવેલો નારો શાંત રીતે દફનાવી દેવાયો છે.' તેમણે ઉમેર્યું હતું કે, પીએમ મોદીનો અભિયાન ચલાવવાનો 'છેલ્લો, ભયાવહ પ્રયાસ' એ 'દરેક ભારતીય નાગરિક માટે સમાન વિકાસ માટે કોંગ્રેસ પાર્ટી અને ઈન્ડિયા ગઠબંધનના એજન્ડા વિશે જૂઠું બોલવું અને અસત્ય ફેલાવવાનો' છે. કોંગ્રેસના સાંસદે કહ્યું કે, પીએમની બહાર નીકળવાની નિશ્ચિતતાએ તેમને 'યાદશક્તિ ગુમાવવાનો ઢોંગ કરવા' મજબૂર કર્યા છે.

## કોંગ્રેસના જયરામ રમેશે મોદીને 'વિદાય લઈ રહેલા વડાપ્રધાન' કહ્યા

(એજન્સી) રાંચી, તા.૧૫

નરેન્દ્ર મોદીને 'વિદાય લઈ રહેલા વડાપ્રધાન' ગણાવતા કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે બુધવારે દાવો કર્યો હતો કે, અત્યાર સુધી યોજાયેલ મતદાન સ્પષ્ટપણે દર્શાવે છે કે, દક્ષિણ ભારતમાંથી ભાજપનો 'સફાયા' થઈ ગયો છે અને બાકીના દેશમાં તેનું કદ અડધું થઈ ગયું છે. રાંચીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા તેમણે આરોપ લગાવ્યો કે, વડાપ્રધાન મતદારાનો ધાર્મિક ધ્રુવીકરણ કરે છે અને હવે 'જૂઠું' બોલી રહ્યા છે કે, તેમણે 'હિંદુ-મુસ્લિમ' રાજકારણ ક્યારેય કર્યું નથી. તેમણે કહ્યું કે, 'પીએમ નરેન્દ્ર મોદી એક વિદાય લઈ રહેલા વડાપ્રધાન છે અને ચૂંટણીના પ્રારંભિક તબક્કાઓ પછી તેમની નિરાશા આ દર્શાવે છે. અમિત શાહ વિદાય લેતાં ગૃહમંત્રી છે. આપણે ૪ જૂન પછી જૂઠાણાના રોગચાળામાંથી છૂટકારો મેળવીશું.' રમેશે દાવો કર્યો હતો કે, 'મોદી કી ગેરંટી' સદંતર ઊંધી પડી ગઈ છે અને 'વિકસિત ભારત' વિશે કોઈ વાત કરા નથી અને ભાજપનું અભિયાન હવે 'હિંદુ-મુસ્લિમ'ની આસપાસ ફરે છે.

રમેશે એવો પણ દાવો કર્યો હતો કે, ઈન્ડિયા ગઠબંધન કેન્દ્રમાં આગામી સરકાર બનાવશે અને દેશવ્યાપી જાતિ ગણતરી સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું કે, એસસી, એસટી અને પછાત વર્ગોને યોગ્ય પ્રતિનિધિત્વ આપવા માટે જાતિની વસ્તી ગણતરી જરૂરી છે. ભાજપની આગેવાની હેઠળની સરકારે ઈડી, સીબીઆઈ અને આઈટી વિભાગનો 'ખરાબ રીતે દુરૂપયોગ' કર્યો હોવાનો આક્ષેપ કરતાં રમેશે કહ્યું હતું કે, કોંગ્રેસે સત્તામાં આવશે તો સુનિશ્ચિત કરશે કે આ એજન્સીઓને આપવામાં આવેલી સત્તાઓની પુનઃ વિચારણા કરવામાં આવે. તેમણે સરકાર પર જમીન સંપાદન સંબંધિત કાયદાઓને નબળા બનાવવાનો પણ આરોપ લગાવ્યો જેથી કરીને 'મૂડીવાદીઓ'ને ફાયદો થઈ શકે. તેમણે કહ્યું કે, 'ઈન્ડિયા ગઠબંધન લોકશાહી અને દેશના બંધારણને બચાવવા માટે બનાવવામાં આવ્યું છે અને અમે આ મહત્ત્વપૂર્ણ સંસ્થાઓને બચાવવા માટે આ ચૂંટણી લડી રહ્યા છીએ.' રમેશે એમ પણ કહ્યું કે, કોંગ્રેસે ક્યારેય સંપત્તિના પુનઃ વિતરણ વિશે વાત કરી નથી પરંતુ તે 'સમાવેશક વિતરણ' વિશે વાત કરે છે. તેમણે કહ્યું કે, ભાજપ હવે તેના '૪૦૦ પાર'ના સૂત્રને ભૂલી ગયો છે. 'અમારૂં ૪૦૦ પાર દૈનિક લઘુત્તમ વેતનને વધારીને ૪૦૦ રૂપિયા કરવા વિશે છે, જેમાં મનરેગા કામદારો માટેનો પણ સમાવેશ થાય છે.' અદાણી-અંબાણી પાસેથી 'ટેમ્પો ભરેલી રોકડ'ના પીએમ મોદી દ્વારા કહેવાયું કે, આ રકમ રાહુલ ગાંધીને 'દુરૂપયોગ' બંધ કરવા માટે મળી હતી. ત્યારે રમેશે પ્રશ્ન કર્યો કે, શા માટે ભાજપ તેને સાબિત કરવા માટે ઈડી અને સીબીઆઈનો ઉપયોગ કરી રહ્યો નથી. આ એજન્સીઓ દ્વારા બે વિપક્ષી મુખ્યમંત્રીઓની ધરપકડ કરવામાં આવે છે.

## મોદીએ દાવો કર્યો કે, તેમણે ક્યારેય એવું કહ્યું નથી કે મુસ્લિમો 'ઘૂસણખોર' અથવા 'વધુ બાળકો ધરાવે છે' : આ દાવો સાચો નથી

**એપ્રિલમાં રાજસ્થાનના બાંસવાડાથી શરૂ થયેલા ભાષણોથી મોદીએ ખુલ્લેઆમ મુસ્લિમોને નિશાન બનાવ્યા છે અને એવો ખોટો દાવો કર્યો છે કે, કોંગ્રેસ SC, ST અને OBC પાસેથી અનામત છીનવીને મુસ્લિમોને સોંપવા માંગે છે, આના પર પાર્ટીના સત્તાવાર વીડિયો બનાવવામાં આવ્યા છે, તો શા માટે તેમણે આ મુદ્દે પીછેહઠ કરવાનો પ્રયાસ કર્યો છે ?**

(એજન્સી) હૈદરાબાદ, તા.૧૫

તાજેતરમાં જ્યારે મોદીને પૂછવામાં આવ્યું કે, શા માટે તેમણે મુસ્લિમોને 'વધુ બાળકો ધરાવતા' અને 'ઘૂસણખોરો' તરીકે ઓળખાવ્યા, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો કે, લોકો મુસ્લિમોનો ઉલ્લેખ કરતી તેમની ટિપ્પણીનું ખોટું અર્થઘટન કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, મને નવાઈ લાગે છે કે, તમને કોણે કહ્યું કે જ્યારે વધુ બાળકો હોવાનો મુદ્દો આવે છે તો તમે મુસ્લિમોનો સંદર્ભ લો છો ? તમે મુસ્લિમો સાથે આ અન્યાય કેમ કરી રહ્યા છો ? જ્યાં ગરીબી છે, ત્યાં વધુ બાળકો છે પછી તેમણે કહ્યું કે, તેમણે હિન્દુ અથવા મુસ્લિમનો ઉલ્લેખ કર્યો નથી અને જો તે હિન્દુ-મુસ્લિમ નિવેદનો કરવાનું શરૂ કરશે, તો તે જાહેર જીવનમાં રહેવા માટે હવે યોગ્ય રહેશે નહીં. આ વાતચીત ૨૧ એપ્રિલે રાજસ્થાનના બાંસવાડામાં ચૂંટણી પ્રચાર દરમિયાન આપેલા ભાષણ વિશે હતી. તેમની પાર્ટીએ સત્તાવાર વીડિયો મૂક્યા છે જે મુસ્લિમોને ખરાબ દર્શાવે છે અને તેમને વંચિત હિંદુ સમુદાયો પાસેથી આરક્ષણ છીનવી લેવા અને તેને મુસ્લિમોને આપવાના કોંગ્રેસના કાવતરાનો એક ભાગ હોવાનું દર્શાવે છે. ચૂંટણી પંચે આવા જ એક વીડિયોને દૂર કરવાનો આદેશ આપ્યો હતો. મોદીએ બાંસવાડામાં કહ્યું હતું કે, કોંગ્રેસે લોકોની સંપત્તિનું સર્વેક્ષણ કરવાનું વચન આપ્યું હતું અને અમારી બહેનોનું સોનું અન્યને વહેંચી દેશે. જેનો અર્થ એ છે કે, હિન્દુ મહિલાઓ દ્વારા પહેરવામાં આવતા મંગળસૂત્રનું પણ વિતરણ કરવામાં આવશે. જ્યારે કોંગ્રેસ અગાઉ સરકારમાં હતી ત્યારે કહ્યું હતું કે, દેશની સંપત્તિ પર પહેલો અધિકાર મુસ્લિમોનો છે. તેઓ આ મિલકત એકઠી કરશે અને કોને વહેંચશે ? જેમને વધુ બાળકો છે અને જે ઘૂસણખોરો છે. તેઓ લઘુમતી સશક્તિકરણ પર ૨૦૦૬માં પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જો કે, એવું સિંહે કહ્યું ન હતું કે, ભારતના સંસાધનો પર મુસ્લિમોનો પ્રથમ અધિકાર છે. મોદીએ અન્ય ચૂંટણી પ્રચારમાં તેમની ટિપ્પણીનું પુનરાવર્તન કર્યું અને કહ્યું કે, તેમણે ફક્ત દેશ સમક્ષ સત્ય રાખ્યું છે. ૨૦૦૨થી શરૂ કરીને જ્યારે તેઓ ગુજરાતના મુખ્યપ્રધાન હતા, ત્યારે મોદી મુસ્લિમોને અમાનવીય બનાવતી ઈસ્લામોફોબિક ભાષાનો ઉપયોગ કરવાનો ટ્રેક-રેકોર્ડ ધરાવે છે. રમખાણો પછી વિધાનસભાની ચૂંટણી માટે ઝુંબેશમાં તેમણે મુસલમાનોની રાહત શિબિરોને બાળકો ઉત્પન્ન કરતી ફેક્ટરીઓ તરીકે ઓળખાવી હતી. તેમણે મુસ્લિમોને બહુપત્નીત્વનો પણ ઉલ્લેખ કર્યો હતો. ભાજપના મહાસચિવ તરીકે મોદીએ ૨૦૦૧માં ટીવી પર ધાર્મિક વર્ચસ્વ વિશેની યોજનાઓ માટે ઈસ્લામ અને મુસ્લિમ નેતાઓની નિંદા કરી હતી.

**તો હવે શા માટે પીછેહઠ કરવી પડી રહી છે ?**

૧. મોદીની ખુલ્લેઆમ સાંપ્રદાયિક ટિપ્પણીઓએ વિશ્વગુરૂની છબીને નુકસાન પહોંચાડ્યું છે કારણ કે, સ્થાનિક પ્રેસ દ્વારા તેમની વ્યાપક ટીકા કરવામાં આવી હતી, પરંતુ વૈશ્વિક મીડિયા મોદી માટે વધુ ચિંતાજનક છે. ધ ન્યૂયોર્ક ટાઈમ્સે ઘણું કહ્યું છે કે, મુસ્લિમોને નિશાન બનાવતી મોદીની ભાષા વિશ્વગુરૂની છબીથી વિપરીત છે. લગભગ બે અઠવાડિયા પછી વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે એક 'વર્કિંગ પેપર' બહાર પાડ્યું જે એ હકીકત તરફ ધ્યાન દોરે છે કે, હિંદુઓનો હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ની વચ્ચે ભારતીય વસ્તીમાં ૭.૮%નો ઘટાડો થયો, જ્યારે મુસ્લિમોની વસ્તીમાં ૪૩% (૪.૨૫ ટકા પોઈન્ટ્સનો) વધારો થયો છે. વિશ્લેષકોએ ધ્યાન દોર્યું છે કે, ભારતમાં વસ્તી સ્થિરતા આજે એવા વલણોને અનુસરે છે જે અનુસંધાન બીજા પાને

## વડાપ્રધાને 'હિન્દુ-મુસ્લિમ', 'મટન-ચિકન' ભાષણોને બદલે વિકાસના મુદ્દાઓ પર ધ્યાન આપવું જોઈએ : ખડગે

(એજન્સી) લખનઉ, તા. ૧૫

કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના પ્રચાર ભાષણોમાં અન્ય મુદ્દાઓને બદલે વિકાસની બાબતો વિશે વાત કરવા જણાવ્યું હતું અને કહ્યું હતું કે ''મટન-ચિકન'', ''હિંદુ-મુસ્લિમ'' તેમના શબ્દો છે અને અમારા નથી. વડાપ્રધાન મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે જો તેઓ હિન્દુ-મુસ્લિમ કાર્ડ રમવાનું શરૂ કરશે તો તેઓ જાહેર જીવન માટે યોગ્ય નહીં રહે, તે પછી ખડગેની ટિપ્પણી આવી છે. તેમણે અહીં સપાના પ્રમુખ અખિલેશ યાદવ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું, ''પીએમ છેલ્લા ૧૦ વર્ષમાં કરેલા કામ પર વોટ કેમ નથી માંગી રહ્યા.'' ક્યારેય હિંદુ અને મુસ્લિમ વચ્ચે ભેદભાવ કર્યો નથી તેવી મોદીની ટિપ્પણીનો જવાબ આપતાં ખડગેએ કહ્યું કે, ''જો વડાપ્રધાને મટન, બીફ, ચિકન, માછલી અને મંગળસૂત્ર ન કહ્યું હોત. આ શબ્દો મારા નથી પરંતુ તેમના (પીએમ)ના છે. ખડગેએ કહ્યું, ''હું કહું છું કે આ વાતો છોડો, તમે જે કામ કર્યું છે તેના વિશે લોકોને કહો અને તેના દ્વારા મત માગો. તેઓ મટન-ચિકનની વાત કરે છે, અમે નથી કરી રહ્યા.''

કોંગ્રેસના પ્રમુખે ભારપૂર્વક જણાવ્યું હતું કે લોકસભા ચૂંટણીના ચાર તબક્કા પછી વિપક્ષી ઈન્ડિયા જૂથ મજબૂત સ્થિતિમાં છે અને દેશના લોકો વડાપ્રધાન મોદીને વિદાય આપવા માટે તૈયાર છે. તેમણે કહ્યું કે, ''દેશમાં મતદાનના ચાર રાઉન્ડ પૂર્ણ થયા છે. ઈન્ડિયા બ્લોક ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે. હું પૂરા વિશ્વાસ સાથે કહી શકું છું કે દેશના લોકોએ નરેન્દ્ર મોદીને વિદાય આપવા માટે તૈયારી કરી લીધી છે. ઈન્ડિયા બ્લોક ૪ જૂને નવી સરકારની રચના કરવા જઈ રહ્યું છે.'' સપાના પ્રમુખે દાવો કર્યો હતો કે ગઠબંધન ઉત્તર પ્રદેશની ૮૦માંથી ૭૯ બેઠકો જીતશે. પીએમ અને ભાજપે અગાઉ કહ્યું છે કે તેઓ વારાણસીનો વિકાસ જાપાનના મનોહર શહેર ક્યોટોની જેમ કરશે. ખડગેએ એવો પણ દાવો કર્યો હતો કે જો ભાજપ ફરીથી સત્તામાં આવશે તો બંધારણમાં ફેરફાર કરશે. ખડગેએ કહ્યું કે, ઉત્તરપ્રદેશમાં ભાજપના ઘણા લોકોએ બંધારણ બદલવાની વાત કરી છે.'' તેમણે પૂછ્યું કે બંધારણ બદલવાની વાત કરનારાઓ સામે પીએમ મોદીએ કેમ કોઈ કાર્યવાહી નથી કરી. તેમણે ઉમેર્યું કે, ''મને આશ્ચર્ય થાય છે કે મોદી આના પર મૌન છે. તમે તાકાત અને ૫૬ ઈંચની છાતીની વાત કરો છો, તમે તેમને કેમ ડરાવતા નથી, તેમને પાર્ટીમાંથી કાઢી મૂકતા નથી. કોઈએ બંધારણ વિરૂદ્ધ આવી વાતો ન કરવી જોઈએર.'' કોંગ્રેસ પાર્ટી અને તેના નેતાઓ પર જૂઠું બોલવાનો અને અપશબ્દો બોલવાનો વડાપ્રધાન પર આરોપ લગાવતા તેમણે કહ્યું, ''મને લાગે છે કે તેમણે (પીએમ) જેટલી વખત કોંગ્રેસ પાર્ટી, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીને ગાળો આપી છે તેટલી વખત ભગવાન રામનું નામ લીધું નથી. પ્રિયંકા ગાંધી અને મારા માટે હજુ સમય બાકીબાકી છે.''

## ૪૦૦ને ભૂલી જાવ, ભાજપ EVMમાં ગરબડ વિના ૨૦૦નો આંકડો પણ પાર નહીં કરે : કોંગ્રેસ નેતા રાશીદ અલ્વીએ વિવાદ સર્જ્યો

### ક્યા બાત હૈ ?!

**તેમના સંબંધો કેવા ગાઢ છે એ દર્શાવવા માટે તેઓ આ રીતે ભેટી રહ્યા છે !**



- જામી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ભારતીય જનતા પાર્ટી (BJP)નું ચૂંટણી તંત્ર '૪૦૦ પાર'ના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે ટોપ ગિયરમાં રહે છે, ત્યારે કોંગ્રેસના નેતા રાશિદ અલ્વીએ એવો દાવો કરીને વિવાદ ઉભો કર્યો હતો કે શાસક પક્ષ માટે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)માં ગેરરીતિ વિના '૨૦૦નો આંકડો પણ પાર કરવો મુશ્કેલ છે. અલ્વીએ સંકેત આપતા કહ્યું કે શાસક પક્ષ સત્તામાં રહેવા માટે વોટિંગ મશીનો સાથે ચેડાં કરવાનો આશરો લેશે. તેમણે કહ્યું કે, ''૪૦૦ તો દૂરની વાત છે, તેઓ ૨૦૦નો આંકડો પણ પાર કરી શકશે નહીં. જો તેઓ ઈવીએમ સાથે કોઈ રમત કરે તો જ તે શક્ય બની શકે છે, જેમાં તેઓ માસ્ટર છે.'' તેમની વિવાદાસ્પદ ટિપ્પણી ગૃહ પ્રધાન અમિત શાહના નિવેદનના જવાબમાં આવી છે કે પાર્ટીએ લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા સુધીમાં ૨૭૦ બેઠકો પહેલેથી જ જીતી લીધી છે અને હવે લડાઈ તેને ૪૦૦ના આંકડા સુધી લઈ જવાની છે . કોંગ્રેસના નેતા, દેખીતી રીતે શાહના નિવેદનોથી નારાજ હતા, તેમણે કહ્યું કે બાદમાં ચૂંટણી પંચને આ સંખ્યાઓ સત્તાવાર રીતે જાહેર કરવા માટે પણ મળવું જોઈએ. તેમણે શાસક પક્ષ પર ચૂંટણીના ફાયદા માટે મતદારોને 'મૂર્ખ બનાવવા અને ગેરમાર્ગે દોરવાનો' આરોપ પણ લગાવ્યો. નોંધનીય છે કે, ૨૦૨૪ની ચૂંટણીમાં ૨૦૦ની નીચે બીજેપીના 'ઘટતા' આંકડાની આગાહી કરનાર અલ્વી એકમાત્ર નેતા નથી. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એસપી સુપ્રીમો અખિલેશ યાદવ સાથે પ્રેસ કોન્ફરન્સમાં વાત કરતા કહ્યું કે ભાજપ ૨૦૦નો આંકડો પાર નહીં કરે અને ઉમેર્યું કે તે 'ગભરાટ'ના કારણે ભાજપના ટોચના નેતાઓ તેની લોકસભા સીટની સંખ્યાઓ વિશે મોટા દાવા કરી રહ્યા છે. ખડગેએ પત્રકારોને જણાવ્યું હતું કે, "ચોથા તબક્કાના આંકડાઓ અનુસાર, ઈન્ડિયા બ્લોક આગળ ચાલી રહ્યું છે અને ભાજપની આગેવાની હેઠળની એનડીએ પાછળ છે." તેમણે એમ પણ ઉમેર્યું હતું કે કોંગ્રેસ પાર્ટી ભાજપની સત્તા તરફની કૂચને રોકવા માટે પૂરતી સંખ્યા મેળવશે.



## ચોથા તબક્કાના મતદાન પછી કોંગ્રેસને ઈન્ડિયા જૂથની સરકાર બનાવવાનો વિશ્વાસ : ખડગે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મંગળવારે લોકસભા ચૂંટણી ૨૦૨૪ જીતવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો અને કહ્યું કે, દેશના લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તરછોડી દવાનો નિર્ણય કર્યો છે. લખનૌમાં સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સને સંબોધતા ખડગેએ કહ્યું, 'ચૂંટણીના ચાર તબક્કા પૂર્ણ થઈ ગયા છે તેમાં ઈન્ડિયા ગઠબંધન મજબૂત સ્થિતિમાં છે અને લોકોએ પીએમ મોદીને વિદાય આપવાનો નિર્ણય કર્યો છે. હું પૂરા વિશ્વાસ સાથે કહી શકું છું કે, ૪ જૂને ઈન્ડિયા ગઠબંધન સરકાર બનાવશે. લોકશાહી અને બંધારણને બચાવવા માટે આ ચૂંટણી મહત્ત્વપૂર્ણ છે.' કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, વિપક્ષનું ઈન્ડિયા ગઠબંધન બેરોજગારી અને મોંઘવારી સામે આ લડાઈ લડી રહ્યું છે.' તેમણે કહ્યું કે, 'એક બાજુ ગરીબો માટે લડતી પાર્ટીઓ છે. બીજી બાજુ અમીરોની તરફેણમાં લોકો ઊભા છે. અમારી લડાઈ ગરીબો માટે છે, જેમને ભોજન નથી મળતું અને નોકરી નથી મળતી. અમારૂં ગઠબંધન દેશમાં ફેલાઈ રહેલી બેરોજગારી અને મોંઘવારી સામે આ લડાઈ લડી રહ્યું છે.

ખડગેએ એવી પણ જાહેરાત કરી હતી કે, એકવાર ઈન્ડિયા ગઠબંધન સરકાર રચાયા બાદ ૧૦ કિલો મફત રાશન (માસિક જોગવાઈ) ગરીબોને વહેંચવામાં આવશે. તેમણે મેજ થપથપાવતાં કહ્યું કે, 'તેઓ પાંચ કિલો મફત રાશન આપી રહ્યા છે. અમે તેને બમણું કરીશું અને જ્યારે ગઠબંધન સરકાર બનશે ત્યારે ૧૦ કિલો આપીશું.' પત્રકાર પરિષદ દરમિયાન ખડગે અને યાદવની સાથે કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલ પણ હાજર હતા. લોકસભા ચૂંટણી ૨૦૨૪નું ૧૯ એપ્રિલથી ૧ જૂન સુધી સાત તબક્કામાં મતદાન યોજાઈ રહ્યું છે. મતદાનના ચાર તબક્કાઓ પૂર્ણ થઈ ચૂક્યા છે અને ભાજપની આગેવાની હેઠળના એનડીએ અને કોંગ્રેસની આગેવાની હેઠળનું ઈન્ડિયા ગઠબંધન બંને જીતનો દાવો કરી રહ્યા છે. જ્યાં ભાજપે કહ્યું છે કે, એનડીએ ૪૦૦થી વધુ બેઠકો જીતશે ત્યારે કોંગ્રેસની આગેવાની હેઠળના ભારત ગઠબંધને પણ સરળતાથી બહુમતી મળવાનો દાવો કર્યો છે.

# ‘લોકોએ PM મોદીને વિદાય આપવાનું નક્કી કરી લીધું’ : ચૂંટણીના ચાર તબક્કા પછી ભારત બ્લોક મજબૂત સ્થિતિમાં : ખડગે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે કહ્યું હતું કે, લોકસભા ચૂંટણીના ચાર તબક્કા બાદ વિપક્ષી જૂથ ઈન્ડિયા મજબૂત સ્થિતિમાં છે. વિપક્ષી ગઠબંધનની જીત પર વિશ્વાસ વ્યક્ત કરતા કોંગ્રેસના નેતાએ કહ્યું કે, દેશના લોકોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને વિદાય આપવાનો નિર્ણય કર્યો છે. ખડગેએ સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમિયાન જણાવ્યું હતું કે, ‘દેશમાં ચૂંટણીના ચાર તબક્કા પૂર્ણ થઈ ગયા છે અને ઈન્ડિયાનું જોડાણ ખૂબ જ મજબૂત સ્થિતિમાં છે. હું પૂરા વિશ્વાસ સાથે કહી શકું છું કે, ભારતના લોકોએ નરેન્દ્ર મોદીને વિદાય આપવાનો નિર્ણય લીધો છે.’ તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ઈન્ડિયા ગઠબંધન ૪ જૂને નવી સરકાર બનાવવા જઈ રહ્યું છે. ખડગેએ કહ્યું કે, ચાલી રહેલી ચૂંટણીનો ઉદ્દેશ્ય લોકશાહી તેમજ બંધારણને બચાવવાનો છે. તેમણે કહ્યું કે, આજે દેશમાં બે વિચારધારાઓ વચ્ચે લડાઈ ચાલી રહી છે. ખડગેએ કહ્યું કે, ‘એક બાજુ ગરીબો માટે લડી રહેલા પક્ષો છે. બીજી બાજુ અમીરોના પક્ષમાં લોકો ઊભા છે. અમારી લડાઈ ગરીબો માટે છે, જેમને ભોજન નથી મળતું અને નોકરી નથી મળતી.’ આ દરમિયાન પ્રેસ કોન્ફરન્સ દરમિયાન અખિલેશ યાદવે સત્તાધારી ભાજપ પર નિશાન સાધ્યું અને કહ્યું કે, તે પોતાની જ નકારાત્મક વાર્તામાં ફસાઈ ગઈ છે. અખિલેશ યાદવે જણાવ્યું હતું કે, ‘ભાજપે પોતાની જ નકારાત્મક વાર્તામાં પોતાને ગૂંચવી નાખ્યું છે. તેમના વચનો જૂઠાણા સાબિત થયા છે. જે પ્રકારનું સમર્થન ઈન્ડિયા ગઠબંધનને મળી રહ્યું છે તે ભારતના ૧૪૦ કરોડ લોકો ભાજપને ૧૪૦ બેઠકો માટે પણ ફાંફા મારશે.’ ખડગેની જેમ યાદવનું પણ માનવું હતું કે ઈન્ડિયા ગઠબંધનની સરકાર બનશે. યાદવે કહ્યું કે, ‘ખેડૂતો સમૃદ્ધિ ઈચ્છે છે. તેઓ તેમના આંદોલનને ભૂલ્યા નથી. લાખો ખેડૂતોએ આત્મહત્યા કરી છે. બુંદેલખંડના લોકો ભાજપને તોડી નાખશે. બેરોજગારીએ લોકોને અસર કરી છે, પેપર લીક થવાથી સ્થિતિ વધુ ખરાબ થઈ છે.’

# હું જેલમાં જાઉં તો પણ વાંધો નહીં, પરંતુ બંધારણને બચાવવું જરૂરી છે : કેજરીવાલ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

AAPના વડા અરવિંદ કેજરીવાલે જણાવ્યું હતું કે, જો તેઓ કેન્દ્રમાં સરકાર બનાવશે તો ઈન્ડિયા બ્લોક દેશની પ્રગતિ માટે કામ કરશે. તેમણે લોકોને ‘સરમુખત્યારશાહી’ નાબૂદ કરવા અને બંધારણને ‘બચાવવા’ માટે ગઠબંધનના ઉમેદવારોને મત આપવા અપીલ કરી હતી. આમ આદમી પાર્ટી (AAP) અને કોંગ્રેસ, બંને બ્લોકના સભ્યો, સીટ-વહેંચણીની વ્યવસ્થા હેઠળ દિલ્હીમાં લોકસભાની ચૂંટણી લડી રહ્યા છે. કેજરીવાલની આગેવાની હેઠળની પાર્ટી રાષ્ટ્રીય રાજધાનીમાં સાતમાંથી ચાર સંસદીય બેઠકો પર ચૂંટણી લડી રહી છે, જ્યારે તેના સહયોગી ભાગીદારે ત્રણ ઉમેદવારો ઊભા રાખ્યા છે. કેજરીવાલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૪ જૂને સત્તા પર પાછા આવવાના નથી. કેજરીવાલે કોંગ્રેસના ચાંદની ચોક અને ઉત્તર પશ્ચિમ દિલ્હી લોકસભા ચૂંટણીના ઉમેદવારો જે.પી. અગ્રવાલ અને ઉદિત રાજના સમર્થનમાં મોડેલ ટાઉન અને જહાંગીરપુરીમાં રોડ-શો યોજ્યા હતા. તેમણે કહ્યું કે, મેં સમગ્ર દેશમાં પૂછપરછ કરી છે. ભાજપની બેઠકો દરેક જગ્યાએ ઘટી રહી છે પછી તે હરિયાણા હોય કે ઉત્તરપ્રદેશ. જો ઈન્ડિયા જૂથ સત્તામાં આવશે તો અમે દેશની પ્રગતિ માટે કામ કરીશું અને સરમુખત્યારશાહીનો અંત લાવીશું. હું જેલમાં જાઉં તેનાથી કોઈ ફરક પડતો નથી, મહત્ત્વનું એ છે કે, બંધારણને બચાવવું જોઈએ અને તે તમારી જવાબદારી છે. મોડલ ટાઉનમાં કેજરીવાલે કહ્યું કે, જો લોકો ભાજપને મત આપશે તો તેમને જેલમાં પાછા જવું પડશે અને જેઓ કેજરીવાલને ચાહે છે તેઓ મોદીને નકારે છે નું સૂત્ર આપ્યું હતું. દિલ્હી લિકર પોલિસી કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરાયેલ કેજરીવાલને સુપ્રીમ કોર્ટ દ્વારા મંજૂર કરાયેલ વચગાળાના જામીન પર તિહાર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે, હું જેલમાંથી સીધો તમારી વચ્ચે આવ્યો છું. ભાજપે મને જેલના સળિયા પાછળ ધકેલી દીધો અને મેં તમને ખૂબ યાદ કર્યા હતા. હુ તમને ખૂબ જ પ્રેમ કરૂં છું. હું જાણું છું કે તમે પણ મને ખૂબ પ્રેમ કરો છો. હું એક નાનો વ્યક્તિ છું. દિલ્હી અને પંજાબમાં સરકારો સાથે અમારો પક્ષ એક નાનો પક્ષ છે. હું વિચારતો હતો કે, મને શા માટે જેલમાં નાખવામાં આવ્યો. મારો શું વાંક હતો ? આ લોકો ખૂબ શક્તિશાળી છે. મુખ્યપ્રધાને કહ્યું કે, તેમનો ‘દોષ’ બાળકોને સારૂં શિક્ષણ આપવા, તેમના માટે સારી શાળાઓ બનાવવા, મોહલ્લા ક્લિનિક્સ ખોલવા અને લોકો માટે મફત દવાઓની વ્યવસ્થા કરવાનો હતો. હવે તેઓ કહે છે કે, મારે ફરીથી જેલમાં જવું પડશે. હું જેલમાં જાઉં કે નહીં એ તમારા હાથમાં છે. જો તમે કમળનું પ્રતીક પસંદ કરશો તો મારે જેલમાં પાછા ફરવું પડશે. જો તમે ઈન્ડિયા બ્લોકના ઉમેદવારને પસંદ કરશો તો મારે જેલમાં જવું પડશે નહીં. જ્યારે તમે વોટ આપવા જાઓ, ત્યારે તમારે વિચારવું પડશે કે કેજરીવાલને જેલમાં જવું જોઈએ કે નહીં. ‘જો કરે કેજરીવાલ કો પ્યાર વો કરે મોદી કો ઈન્કાર’. અગ્રવાલ માટે સમર્થન અંગે તેમણે કહ્યું કે, આ વખતે AAP અને કોંગ્રેસ ગઠબંધનમાં ચૂંટણી લડી રહ્યા છે. કેજરીવાલે આરોપ લગાવ્યો કે જ્યારે તેઓ જેલમાં હતા ત્યારે તેમને માનસિક રીતે તોડવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા પરંતુ ભગવાન હનુમાનના આશીર્વાદને કારણે હું મજબૂત રહ્યો છું. રાજના સમર્થનમાં તેમના રોડ શોમાં AAP નેતાએ ભાજપ પર તાનાશાહીનો આરોપ લગાવ્યો હતો. તેઓ કહી રહ્યા છે કે, તેઓને ૪૦૦ બેઠકો જોઈએ છે કારણ કે, તેઓ મોટી વસ્તુઓ કરવા માંગે છે. તે મોટી વસ્તુઓ શું છે ? એવું જાણવા મળ્યું કે તેઓ આરક્ષણ ખતમ કરવા માંગે છે. બાબા સાહેબ આંબેડકરે ઉત્તમ બંધારણ લખ્યું છે. કેજરીવાલે કહ્યું કે, ૨૫ મેના રોજ ગરમી વિશે વિચારશો નહીં અને મતદાન કરવા માટે બહાર જવું એ તમારી ફરજ છે. સાત તબક્કાની સામાન્ય ચૂંટણીના છઠ્ઠા રાઉન્ડમાં દિલ્હીની તમામ સાત લોકસભા બેઠકો માટે ૨૫ જૂને મતદાન યોજાશે.

# પ્રજ્વલ રેવન્નાના જર્મનીથી પાછા ફરવાના અહેવાલો વચ્ચે SIT હાઈ એલર્ટ પર

## સૂત્રોએ જણાવ્યું કે, જેડી(એસ) સાંસદે ત્યાંથી આવનારી ડોઈશ લુફથાન્સાની ફ્લાઈટ માટે રૂા.૩.૫ લાખની બિઝનેસ ક્લાસ ટિકિટ બુક કરાવી છે

(એજન્સી) તા.૧૫

સેક્સ વીડિયો સ્કેન્ડલની તપાસ કરી રહેલી સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ને બાતમી મળી છે કે, મુખ્ય આરોપી JD(S) સાંસદ પ્રજ્વલ રેવન્ના બુધવારે, ૧૫ મેના રોજ જર્મનીથી બેંગ્લુરૂ પરત ફરવાની યોજના બનાવી રહ્યા છે. જેને કારણે તે હાઈ એલર્ટ પર છે. એસઆઈટીને એવી પણ માહિતી પણ મળી છે કે, તેમણે ટિકિટ કેન્સલ કરાવી છે, પરંતુ રિફંડ માટેની વિનંતી કરી નથી. SITનું અનુમાન છે કે, પ્રજ્વલ રેવન્ના છેલ્લી ક્ષણે ફ્લાઈટમાં બેસી શકે છે. બુધવારે પ્રજ્વલ રેવન્નાએ ફરી જર્મનીના મ્યુનિકથી બપોરે ૨ વાગ્યે ઉપડનારી અને સવારે ૧ વાગ્યાથી ૨ વાગ્યાની વચ્ચે બેંગ્લુરૂના કેમ્પેગૌડા ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થનારી ફ્લાઈટની ટિકિટ બુક કરાવી છે. જેમાં તે આવે તેવી શક્યતા છે. ફ્લાઈટ ટર્મિનલ ૨ પર લેન્ડ થવાની શક્યતાને પગલે, SIT તેમને ત્યાંથી કસ્ટડીમાં લેવાની તૈયારી કરી રહી છે. SITએ પ્રજ્વલ રેવન્નાએ બેંગ્લુરૂની ફ્લાઈટની ટિકિટ બુકિંગ કર્યું અને બાદમાં તેને રદ કર્યું, તે તમામ પ્રકારની માહિતી એકત્રિત કરી છે. મંગળવારે, સેક્સ વીડિયો સ્કેન્ડલની પીડિતાનું અપહરણ કરવાના આરોપમાં ધરપકડ કરાયેલા, પ્રજ્વલ રેવન્નાના પિતા અને જેડી(એસ) ધારાસભ્ય એચ.ડી. રેવન્ના શરતી જામીન પર જેલમાંથી મુક્ત થઈ હતી. SIT એ, IPC કલમ ૩૮૬ (૨) N (એક જ મહિલા પર વારંવાર બળાત્કાર કરવો), ૫૦૬ (ગુનાહિત ધાકધમકી), ૩૫૪ (A) (૧) (અણગમતી રીતે વર્તવું, સ્પષ્ટ જાતીય વર્તન, જાતીય તરફેણની માંગણી), ૩૫૪ (B) (મહિલા પર બળનો ઉપયોગ કરીને) અને ૩૫૪ (C) (વોયરિઝમ, મહિલાની સંમતિ વિના ખાનગી કૃત્યમાં તેની છબી કેપ્ચર કરવી) અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટની કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

# જાણો કેમ ૭ મહિના જેલમાં વિતાવ્યા બાદ સુપ્રીમ કોર્ટે ન્યૂઝક્લિકના સંસ્થાપકને જેલથી મુક્ત કરવાનો આદેશ આપ્યો, ધરપકડને ગેરકાયદે ગણાવી

(એજન્સી) તા.૧૫

તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) કેસ સાથે જોડાયેલા ન્યૂઝક્લિકના સંપાદક પ્રબીર પુરકાયસ્થને જામીન આપવામાં આવ્યા છે. આ સાથે જ સુપ્રીમ કોર્ટે તેમને તાત્કાલિક મુક્ત કરવાનો સુદ્ધાં આદેશ ફરમાવ્યો છે. હવે પ્રબીર પુરકાયસ્થ ટ્રાયલ કોર્ટમાં જામીન બોન્ડ પર મુક્ત થશે. જસ્ટિસ બીઆર ગવઈ અને સંદીપ મહેતાની બેન્ચે આ કેસની સુનાવણી હાથ ધરી હતી. જેમાં યુએપીએ હેઠળ ધરપકડ અને રિમાન્ડને પડકારતી અરજીનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રબીર પુરકાયસ્થની ગયા વર્ષે ઓક્ટોબરમાં દિલ્હી પોલીસે ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર આરોપ મૂકવામાં આવ્યો હતો કે તેઓએ ન્યૂઝક્લિક પોર્ટલ દ્વારા રાષ્ટ્ર વિરોધી પ્રચારને પ્રોત્સાહન આપ્યું હતું અને તેટલું



જ નહીં પણ તે માટે તેઓએ ચીન પાસેથી સુદ્ધાં ગેરકાયદેસરરીતે ભંડોળ મેળવ્યું હતું. આ જ કારણોસર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (યુએપીએ) હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તમને જણાવી દઈએ કે આ કેસ મામલે હવે સુપ્રીમ કોર્ટે પોતાનો નિર્ણય આપ્યો છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, જ્યારે પુરકાયસ્થની ધરપકડ કરવામાં આવી તે સમયે પોલીસ દ્વારા ધરપકડ માટે કોઈ જ પ્રકરણો આધાર આપવામાં આવ્યો ન હતો. આજ કારણોસર તે જામીન માટે હકદાર છે. ગયા અઠવાડિયે આ કેસના સંદર્ભે સુપ્રીમ કોર્ટે ન્યૂઝક્લિકના મુખ્ય સંપાદક પ્રબીર પુરકાયસ્થની ધરપકડ બાદ મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં ઉતાવળ કરવા બદલ દિલ્હી પોલીસના વિશેષ સેલની સુદ્ધાં ઝાટકણી કાઢી હતી. કપિલ સિબ્બલે આ કેસ મામલે અદાલતને એવું પણ જણાવ્યું હતું કે, પુરકાયસ્થના વકીલને જાણ કરવામાં આવી ન હતી. જ્યારે પુરકાયસ્થે આનો વિરોધ કર્યો ત્યારે તપાસ અધિકારીએ તેના વકીલને ટેલિફોન દ્વારા જાણ કરી હતી અને રિમાન્ડ અરજી વોટ્સએપ પર વકીલને મોકલવામાં આવી હતી. આ સાથે જ કોર્ટે કહ્યું હતું કે આગલા દિવસે સાંજે ૫.૪૫ વાગ્યે તેની ધરપકડ કરવામાં આવી હતી તો પછી સવારે ૬ વાગ્યે જ તેને રજૂ કરવાની ઉતાવળ શા માટે કરવામાં આવી હતી ? તમારી પાસે તો આખો દિવસ હતો. કોર્ટે કહ્યું કે કુદરતી ન્યાયના સિદ્ધાંતો માટે જરૂરી છે કે જ્યારે રિમાન્ડનો આદેશ પસાર કરવામાં આવે છે ત્યારે પુરકાયસ્થના વકીલ ત્યાં હાજર હોય. પણ આવું કરવામાં આવ્યું ન હોવાથી કોર્ટે ઝાટકણી કાઢી હતી. અંતે લાંબી દલીલો બાદ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમકોર્ટે તેની સુનાવણી દરમિયાન ન્યૂઝ ક્લિકના સંસ્થાપકની ધરપકડને ગેરકાયદેસર ગણાવી દીધી હતી. આ સાથે તાત્કાલિક તેમને મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો હતો.ટોચની કોર્ટની બેન્ચે કહ્યું કે એમાં કહેવામાં કંઈ જ ખોટું નથી કે કયા આધારે આરોપીની ધરપકડ કરવામાં આવી હતી તે હજુ સુધી સાબિત જ કરાયું નથી.

# જો ઈન્ડિયા બ્લોક સત્તામાં આવશે તો ગરીબોને ૧૦ કિલો મફત રાશન આપવામાં આવશે : મલ્લિકાર્જુન ખડગે

(એજન્સી) તા, ૧૫

કોંગ્રેસન અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ બુધવારે જાહેરાત કરી કે જો ઈન્ડિયા બ્લોક સત્તામાં આવે છે, તો તે ભાજપ સરકાર દ્વારા ગરીબોને આપવામાં આવતા મફત રાશનનું પ્રમાણ બમણુ કરશે.

તેમણે ગરીબોને દર મહિને પાંચ કિલો રાશન આપવાની મોદી સરકારની યોજનાનો ઉલ્લેખ કર્યો અને , કોંગ્રેસ ખાદ્ય સુરક્ષા કાયદો લાવ્યો, તમે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું કે ‘તમે પાંચ કિલો રાશન આપો છો, જો ભારત સરકાર બનશે તો અમે ગરીબોને ૧૦ કિલો રાશન આપીશું.’ તેમણે જણાવ્યું કે હું આ ગેરંટી સાથે કહું છું કારણ કે અમે તેલંગાણા અને કર્ણાટક સહિતના રાજ્યોમાં આ પહેલા જ કરી ચૂક્યા છીએ. તાજેતરના પ્રચાર ભાષણમાં, કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ યુવાનો માટે વધુ રોજગારીની તકોની તરફેણ કરી હતી, કહ્યું હતું કે ગરીબોને દર મહિને મફત રાશન આપવાની મોદી સરકારની યોજના એ ઉકેલ નથી.તેમણે જણાવ્યું હતું કે, આનાથી તમારું ભવિષ્ય નહીં બને, તે તમને આત્મનિર્ભર નહીં બનાવે." વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના નેતાઓ દરેક રાજકીય રેલીમાં સરકારની મફત રાશન યોજનાનો ઉલ્લેખ કરે છે. પાર્ટીએ પોતાના ઘોષણાપત્રમાં તો ત્યાં સુધી કહ્યું છે કે તે સત્તામાં આવ્યા બાદ ૨૦૨૯ સુધી આ યોજના ચાલુ રાખશે.

# ૨૦૨૩માં દક્ષિણ એશિયામાં ૯૭% વિસ્થાપન માટે મણિપુર હિંસા જવાબદાર : IDMC રિપોર્ટ

## જિનીવા સ્થિત IDMCના અહેવાલમાં તેને ૨૦૧૮ પછી ભારતમાં સંઘર્ષ અને હિંસાથી સર્જાયેલા વિસ્થાપનની સૌથી વધુ સંખ્યા ગણાવી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

એક નવા અહેવાલ મુજબ, ૨૦૨૩માં દક્ષિણ એશિયામાં સંઘર્ષ અને હિંસાને કારણે ૬૯,૦૦૦ વિસ્થાપન થયા હતા, જેમાં એકલા મણિપુર હિંસાનો હિસ્સો ૬૭,૦૦૦ હતો. ૩ મે, ૨૦૨૩ના રોજ મણિપુરના પહાડી જિલ્લાઓમાં એક ‘આદિજાતિ એકતા માર્ચ’નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મેઈટી સમુદાયની અનુસૂચિત જનજાતિ (ST) દરજ્જાની માંગનો વિરોધ કરવામાં આવ્યો હતો. આ કૂચને કારણે મેઇતેઇ અને કુકી સમુદાયો વચ્ચે વંશીય અથડામણ થઈ, જેમાં ૨૦૦થી વધુ લોકોના જીવ ગયા હતા. મણિપુર હાઈકોર્ટે ગયા વર્ષે માર્ચમાં, મેઈતેઈ સમુદાયને ‘અનુસૂચિત જનજાતિ’ તરીકે ઓળખવા માટે કેન્દ્ર સરકારને ભલામણો મોકલવા માટે હાકલ કરી હતી, જે લઘુમતીઓને હાંસિયામાંથી બચાવવા માટે રચાયેલ સત્તાવાર દરજ્જો છે. આ કોલને કુકી સહિત અન્ય સ્થાનિક અનુસૂચિત જનજાતિના પ્રતિકારનો સામનો કરવો પડ્યો હતો. જમીનના વિવાદો પણ તણાવનાં કારણ હતાં. અહેવાલમાં જણાવાયું છે કે, "૩ મેના રોજ ચુરાચંદપુર જિલ્લામાં વિરોધ હિંસક બન્યો હતો અને હિંસા ઈમ્ફાલ ઈસ્ટ, ઈમ્ફાલ વેસ્ટ, બિષ્ણુપુર, તેંગનુપાલ અને કાંગપોકિપી સહિતના અન્ય જિલ્લાઓમાં ફેલાઈ ગઈ, જેના કારણે લગભગ ૬૭,૦૦૦ વિસ્થાપન થયા હતા." ત્રણ ચતુર્થાંશથી વધુ બનાવો મણિપુરની અંદર થયા હતાં, પરંતુ લગભગ પાંચમી હિલચાલ પડોશી રાજ્ય મિઝોરમમાં અને ઓછી સંખ્યામાં નાગાલેન્ડ અને આસામમાં થઈ હતી. હિંસા વધી જવાને કારણે, કેન્દ્રને સરકારે કર્ફ્યુ લાદવો પડ્યો, ઈન્ટરનેટ સેવા બંધ કરવી પડી હતી અને સુરક્ષા દળોને રવાના કરવા પડ્યા હતા. સરકારે તે પછી રાહત શિબિરો પણ સ્થાપી અને રાજ્યના ગવર્નરની અધ્યક્ષતામાં મણિપુર માટે શાંતિ સમિતિની સ્થાપના પણ કરી, પરંતુ તે રચના અંગેના મતભેદોને કારણે અટવાઈ ગઈ. IDMCએ નોંધ્યું હતું કે, હિંસા દ્વારા વિસ્થાપિત થયેલા તમામ લોકો હજુ પણ વર્ષના અંતે આંતરિક વિસ્થાપનમાં જીવી રહ્યા હતા. IDMCએ જણાવ્યું હતું કે, ૨૦૨૩ના અંતમાં સમગ્ર દક્ષિણ એશિયામાં સંઘર્ષ અને હિંસાના પરિણામે લગભગ ૫૦.૩ લાખ લોકો આંતરિક વિસ્થાપનમાં જીવી રહ્યા હતા, જેમાંથી ૮૦ ટકા અફઘાનિસ્તાનમાં હતા.

# સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફીકો ગોળીબારમાં ઘવાયા, શંકાસ્પદની અટકાયત

(એજન્સી) તા.૧૫

સ્લોવાકિયાના વડાપ્રધાન પર ગોળીબાર થયો હોવાની ઘટના બની છે. રોબર્ટ ફિકો એક સરકારી બેઠક પૂર્ણ કરીને પરત ફરી રહ્યા હતા, ત્યારે તેમની ઉપર ગોળી ચલાવવામાં આવી. હુમલામાં તેમને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. હાલ તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં સારવાર ચાલી રહી છે. આ હુમલાને અંજામ આપનારની ધરપકડ કરી લેવામાં આવી હોવાનું વિદેશી મીડિયાના અહેવાલો જણાવી રહ્યા છે. રૉયટર્સે ઘટનાને નજરે જોનારા એક વ્યક્તિના હવાલે જણાવ્યું કે, તેણે ગોળીઓ ચાલવાનો અવાજ સાંભળ્યો હતો અને ત્યારબાદ પોલીસને એક વ્યક્તિને પકડી પણ જોઈ. સુરક્ષાકર્મીઓ તેને એક કારમાં બેસાડીને લઈ ગયા હોવાનું તેણે જણાવ્યું હતું. મીડિયા રિપોર્ટ અનુસાર, આ ઘટના સ્લોવાકિયાની રાજધાનીથી ૧૫૦ કિલોમીટર ઉત્તરપૂર્વમાં હેન્ડલોવા શહેરમાં બની. અહીં વડાપ્રધાન તેમના સમર્થકોને મળી રહ્યા હતા, ત્યારે હુમલો કરનારે ગોળીબાર કરી દીધો હતો. ત્યાંની સંસદના ડેપ્યુટી સ્પીકરે ઘટનાની પુષ્ટિ કરી છે અને હાલ ચાલતા સંસદના સત્રને આગામી આદેશ સુધી સ્થગિત કરી દેવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિએ ઘટના પર શોક વ્યક્ત કરીને વડાપ્રધાન ફિકોને ઝડપી સ્વાસ્થ્ય લાભ માટે શુભેચ્છા પાઠવી છે. ઘટનાને અંજામ કોણે આપ્યો કે કોઈ સંગઠન તેની પાછળ છે કે નહીં તે હજુ સુધી જાણવા મળ્યું નથી. બીજી તરફ, આ કૃત્ય પાછળ કેટલા વ્યક્તિઓ છે તે પણ જાણવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

# TMC ઘૂસણખોરોને ભારતીય નાગરિક બનાવવાના પ્રયાસો કરી રહી છે, જ્યારે CAAનો વિરોધ કરે છે : અમિત શાહ

(એજન્સી) તા.૧૫

૫.બંગાળના ૨૪ પરગના ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ એક ચૂંટણી રેલીને સંબોધવા પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે ટીએમસી અને મમતા બેનરજી સામે ભરપૂર નિશાન તાક્યાં હતા. તેમણે રેલીને સંબોધતાં ટીએમસી દ્વારા સીએએ મામલે ગેરમાર્ગે દોરવાનો આરોપ પણ મૂક્યો હતો. તેમણે કહ્યું કે મા, માટી અને માનુષના સૂત્ર પર સરકારમાં આવેલી મમતા બેનર્જી હવે મુલ્લાહ, મદરેસા અને માફિયા માટે કામ કરી રહી છે , તેમની કાળજી લઈ રહી છે. મમતા બેનર્જી પર સીએએ અંગે જુઠ્ઠાણા ફેલાવવાનો આરોપ લગાવતા અમિત શાહે કહ્યું કે તેઓ કેન્દ્રીય કાયદા અંગે લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે. આ કાયદાઓનો હેતુ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી સ્થળાંતરિત લઘુમતીઓને આશ્રય અને કાયમી નિવાસ આપવાનો છે. અમિત શાહે કહ્યું, ‘મમતા બેનર્જી એવું કહીને લોકોને ગેરમાર્ગે દોરી રહ્યા છે કે CAA લોકો માટે સમસ્યાઓનું કારણ બની શકે છે. હું તમને બધાને ખાતરી આપવા માંગુ છું કે આ કાયદાનો હેતુ કોઈને નુકસાન પહોંચાડવાનો નથી. બધા વાસ્તવિક નાગરિકો તેમની સાથે તેમનું જીવન જીવી શકે છે. વિશ્વની કોઈ પણ શક્તિ હિન્દુ, શીખ અને જૈન શરણાર્થીઓને સીએએ હેઠળ દેશના નાગરિક બનવાથી રોકી શકશે નહીં.’ તેમણે કહ્યું, ‘હું મમતા બેનર્જીને યાદ અપાવવા માંગુ છું કે નાગરિકતા આપવાનો અધિકાર કેન્દ્ર સરકાર પાસે છે, રાજ્ય સરકારોને નહીં.’ શાહે ખાતરી આપી હતી કે જો ભાજપ બંગાળમાં સત્તામાં આવે છે, તો બોનગાંવ અને ઉત્તર ૨૪ પરગણાના અન્ય સ્થળોએ રહેતા માતુઆ સમુદાય CAA હેઠળના અધિકારોનો લાભ લઈ શકશે. તેમણે કહ્યું કે, ૩૮૦ લોકસભા બેઠકો પર ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે, જેમાં બંગાળની ૧૮ બેઠકોનો સમાવેશ થાય છે. ચાર તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે. જે ૩૮૦ બેઠકો માટે મતદાન થયું છે તેમાંથી પીએમ મોદીએ ૨૭૦ બેઠકો જીતીને પૂર્ણ બહુમતી હાંસલ કરી છે, હવે આપણે ૪૦૦થી વધુ બેઠકો પાર કરવાની છે. શાહે મમતા બેનર્જીને ચેતવણી આપી હતી કે ‘કૌભાંડ’માં સામેલ લોકોને બક્ષવામાં આવશે નહીં.

# ‘વિદ્યાર્થીઓએ ઓછા ભારતીયો ધરાવતી યુનિવર્સિટીઓ પસંદ કરવી જોઈએ’ એવું ઈન્ફ્લુએન્સરે જણાવતાં વ્યાપક વિવાદ ભડક્યો

## પોસ્ટ શેર કરવામાં આવી ત્યારથી ઓનલાઈન ઘણી પ્રતિક્રિયાઓ આવી છે, ઘણા યુઝર્સ તેની સાથે સહમત હતા તો કેટલાકે તેની પોસ્ટની ટીકા કરી હતી, તેણે કહ્યું કે, વિદ્યાર્થી સમુદાય ‘ઝેરી ભારતીય પેટર્ન સાથે આવે છે’

(એજન્સી) તા.૧૫

એક સોશિયલ મીડિયા યુઝરે ઓનલાઈન ચર્ચા જગાવી છે જ્યારે તેણે કહ્યું હતું કે, ભારતીય વિદ્યાર્થીઓ, જેઓ ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાની યોજના બનાવી રહ્યા છે તેઓએ એવી યુનિવર્સિટીઓને પ્રાથમિકતા આપવી જોઈએ નહીં જેમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા વધુ હોય. શ્રેયા પટ્ટરે X પર લખ્યું, ‘ઉચ્ચ શિક્ષણ માટે વિદેશ જવાની યોજના ધરાવનાર કોઈપણ ભારતીય વિદ્યાર્થીએ તે યુનિવર્સિટીમાં કેટલા ભારતીય વિદ્યાર્થીઓ છે તે તપાસવું જોઈએ. ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા જેટલી વધુ, તેટલી યુનિવર્સિટી તમારી જોડાવા માટેની જગ્યાઓની યાદીમાં ઓછી હોવી જોઈએ.’

કારણની ચર્ચા કરતાં શ્રેયા પટ્ટર વેન્ચર્સના સીઈઓ અને સ્થાપકે જણાવ્યું હતું કે, સમુદાય ‘ઝેરી ભારતીય પેટર્ન સાથે આવે છે’ જેમાં ‘ખૂબ વધુ નખરાં, વ્યાવસાયિકતાનો અભાવ, કોઈ સારા રોલ મોડલની ગેરહાજરી, જુનિયરો પ્રત્યે કોઈ નેતૃત્વ અથવા જવાબદારીનો અભાવ, સ્વ-કેન્દ્રિત’ વર્તણૂક, જૂથવાદ, દગાખોરી, ભવિષ્ય પ્રત્યે ગંભીરતાનો અભાવનો સમાવેશ થાય છે.

પટ્ટરે ઉમેર્યું, ‘જો તમે દેશની બહાર જવાની યોજના ઘડી રહ્યા હો, તો સુનિશ્ચિત કરો કે તમે લોકોના આવી માનસિકતા, વલણ અને સ્વભાવ ધરાવતા લોકોથી દૂર રહો. ‘ઘર જેવી અનુભૂતિ’ માટે તમારી આસપાસ આવા લોકોની જરૂર ન હોવી જોઈએ અને જો તમે આ કાળજી નથી રાખતા તો પછી વિદેશ જવાનું માંડી વાળો.’

શેર કરવામાં આવી ત્યારથી પોસ્ટને ઓનલાઈન આઠ લાખથી વધુ વ્યૂઝ મળ્યા છે. ઘણા યુઝર્સ તેની સાથે સહમત હતા તો કેટલાકે તેની પોસ્ટની ટીકા કરી હતી.

એક વપરાશકર્તાએ કહ્યું, ‘આના પર સંપૂર્ણ રીતે તમારી સાથે સહમત. વિદેશમાં અભ્યાસ કરવાનો ધ્યેય વિવિધ સંસ્કૃતિઓ અને માનસિકતાઓ સાથે આદાનપ્રદાન કરીને તમારી ક્ષિતિજોને વિસ્તૃત કરવાનો છે. પરિચિત સમુદાયમાં તમારા કમ્ફર્ટ ઝોનને વળગી રહેવું એ આ ધ્યેય માટે પ્રતિકૂળ છે. આ વ્યક્તિગત અને વ્યવસાયિક બંને રીતે વૃદ્ધિ કરવા વિશે છે.’

બીજાએ ઉમેર્યું, ‘હું તમારી સાથે સહમત થઈ શકતો નથી. ૨૦૧૧માં હું એક હોસ્પિટલમાં કામ કરવા ઓસ્ટ્રેલિયા ગયો હતો અને ત્યાં ભારતીયો વિરુદ્ધ સૌથી વધુ ઝેર અને ઈર્ષ્યા માત્ર ભારતીયો જ ધરાવતા હતા. જ્યારે હું ત્યાં પહોંચ્યો ત્યારે તે મારા માટે આઘાતજનક હતું અને જ્યાં સુધી મેં ઓસ્ટ્રેલિયા છોડ્યું ત્યાં સુધી હું તેની સાથે સમાધાન કરી શક્યો નહીં.

એક X વપરાશકર્તાએ કહ્યું, ‘તમે કદાચ આ સાંભળવું નહીં ગમે, પરંતુ આ સાચું છે ! આ જાતે જોયું (અને જીવ્યું) છ.’

અન્ય એક વપરાશકર્તાએ કહ્યું, ‘યોગ્ય આદર સાથે, આ અન્ય સંસ્કૃતિઓ, તમારી કંપનીની પસંદગી, પર્યાવરણ અને ઉછેર અને માયોપિક માનસિકતા સાથેના તમારા સંપર્કના અભાવને કારણે આવે છે. કેનેડિયન અથવા અમેરિકન યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવવાનો અર્થ છે પુષ્કળ મહેનત જેથી કરીને તમે જેની વાત કરી રહ્યા છો તેના માટે કોઈ સમય જ ન મળે. તમારી સફળતા તમારા પોતાના વ્યક્તિગત પ્રયત્નો પર આધારિત છે અને તે શાળામાં નોંધાયેલા અન્ય લોકોની વંશીયતા અથવા પૃષ્ઠભૂમિ પર નહીં.’

એક વ્યક્તિએ ટિપ્પણી કરી કે ‘એક ભારતીય અન્ય ભારતીય વિશે ફરિયાદ કરે છે કે, ‘ભારતીઓ અન્ય ભારતીયો માટે સારા નથી.’

બીજાએ ઉમેર્યું, ‘કોઈપણ દેશના લોકો જે આવું કરે છે તેમના માટે પણ આ જ છે. આભાર...’

એક વ્યક્તિએ લખ્યું, ‘હું આદરપૂર્વક અસંમત છું. ભારતીય વિદ્યાર્થીઓનો સમુદાય ખાસ કરીને નવા દેશમાં, પરિચિતતા અને સમર્થનની ભાવના પ્રદાન કરી શકે છે. તે આરામ અને વિવિધ પરિપ્રેક્ષ્યોના સંપર્ક વચ્ચે યોગ્ય સંતુલન શોધવા વિશે છે.’

# આસામ ભાજપે પાર્ટીના નેતૃત્વની ટીકા કરવા બદલ પૂર્વ ધારાસભ્યને કારણ બતાવો નોટિસ જારી કરી

(એજન્સી) તા, ૧૫

આસામ બીજેપીએ તેના પૂર્વ ધારાસભ્ય અશોક સરમાને પાર્ટી નેતૃત્વની ટીકા કરવા બદલ કારણ બતાવો નોટિસ જારી કરી છે. સરમા નલબારીના ધારાસભ્ય હતા અને કારણ બતાવો નોટિસ અનુસાર, તેમણે મીડિયાની સામે પાર્ટી નેતૃત્વ વિરૂદ્ધ બોલ્યા અને પાર્ટીની આંતરિક બાબતોને પણ જાહેર કરી. આસામ બીજેપીના જનરલ સેક્રેટરી અને સાંસદ પલ્લબ લોચન દાસે સરમાને પત્ર લખ્યો કે પાર્ટીના નલબારી જિલ્લા એકમે એક બેઠક યોજી હતી અને પૂર્વ ધારાસભ્ય વિરૂદ્ધ રાજ્ય ભાજપના અધ્યક્ષ ભાભેશ કલિતાને ફરિયાદ કરી હતી. દાસે નોંધ્યું કે સરમાએ જનતાની સામે પક્ષની સ્થિતિનું અપમાન કર્યું હતું અને મતદાનના દિવસે મતદારોને પક્ષ વિરૂદ્ધ ઉશ્કેરવાનો પ્રયાસ પણ કર્યો હતો. નોટિસ અનુસાર, ભૂતપૂર્વ ધારાસભ્યનું વર્તન ‘પાર્ટી શિસ્તનું સ્પષ્ટ ઉલ્લંઘન’ હતું. અગાઉ સરમા પર લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન પક્ષ વિરોધી ગતિવિધિઓમાં સામેલ હોવાનો આરોપ લાગ્યો હતો. ભાજપના સાંસદ દિલીપ સૈકિયાએ સરમા સામે આકરા પ્રહારો કર્યા હતા, અને દાવો કર્યો હતો કે પૂર્વ ધારાસભ્યએ દરંગ-ઉદલગુરી લોકસભા બેઠકમાં તેમની વિરુદ્ધ કામ કર્યું હતું. આસામના પ્રધાન જયંત મલ્લબારૂઆએ પણ તેમનું નામ લીધા વિના પાર્ટી વિરુદ્ધ સરમાના વલણની ટીકા કરી છે અને તેમની સામે સંભવિત કડક કાર્યવાહીનો સંકેત આપ્યો છે. ૨૦૧૬ રાજ્યની વિધાનસભા ચૂંટણીમાં, સરમા અને મલ્લબારુઆ બંને નલબારી બેઠક પરથી ભાજપની ટિકિટ માટે મજબૂત દાવેદાર હતા. પાર્ટી નેતૃત્વએ સરમાને ટિકિટ આપી અને તેઓ નલબારીથી ધારાસભ્ય બન્યા. જો કે, ૨૦૨૧ની ચૂંટણીમાં, મલ્લબારુઆ સરમાની જગ્યાએ ચૂંટાયા હતા અને નલબારી વિધાનસભા મતવિસ્તારમાંથી જીત્યા બાદ હિમંતા બિસ્વા સરમાના નેતૃત્વ હેઠળના મંત્રીમંડળમાં મંત્રી બન્યા હતા.

## મોદીએ દાવો કર્યો છે કે,

પહેલા પાનાનું ચાલુ

અનુગામી વસ્તી ગણતરીઓ પહેલાથી જ નોંધવામાં આવી છે. ભારતના ૧૫૦ વર્ષના રેકોર્ડમાં મોદી સરકાર ૨૦૨૧માં થનારી વસ્તી ગણતરી કરવામાં અસમર્થ રહી છે.

૨. કેટલાકે એવું સૂચન કર્યું છે કે, આ પીછેહઠ એટલા માટે પણ થઈ શકે છે કારણ કે, ટિપ્પણીઓ બેકફાયર થઈ અને કેટલાક મતદારોને ભાજપ વિરુદ્ધ કરી દીધા છે. હજી સુધી આ નિષ્કર્ષ પર કોઈ પુરાવા નથી, પરંતુ વસ્તીના નોંધપાત્ર વર્ગના ગુસ્સાની તીવ્રતામાં અચાનક વધારો થવાથી વિરોધની તીવ્રતા વધી શકે છે અને ચૂંટણીમાં નુકસાન થઈ શકે છે.

૩. મોદીની પ્રતિષ્ઠા પર ૨૦૦૨નો ગુજરાતનો ડાઘ છે જેના કારણે તેમને યુએસ અને યુકેના પ્રવાસ માટે વિઝા નકારવામાં આવ્યા હતા, તેમને વાઈબ્રન્ટ ગુજરાત શોથી શરૂ કરીને ‘વિકાસ’ પુરૂષ તરીકે ફરીથી રજૂ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા અને આખરે ‘ગુજરાત મોડલ’ ઝુંબેશ અને ‘સબકા સાથ, સબકા વિકાસ’ સૂત્ર સાથે તેઓ ભારતના સર્વોચ્ચ પદ માટે ચૂંટાયા હતા.

૪. ભારતીય મુસ્લિમો વિરુદ્ધ મોદીના દ્વેષપૂર્ણ ભાષણો બદલ ચૂંટણી પંચ પર વિરોધ પક્ષો, નાગરિક સમાજ જૂથો અને સામાન્ય નાગરિકો તરફથી ભારે દબાણ છે. કેટલાક લોકોએ તો સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને તેની સામે કાર્યવાહી કરવાની માંગ પણ કરી છે. ખોટા દાવા કરવા અને પછી નકારી કાઢવાની મોદીની યોજના ઊંધી પડી ગઈ છે. તેમણે એક ભાષણમાં નહીં પણ વારંવાર મુસ્લિમોનું સીધું નામ લીધું છે તે બતાવવા માટે પૂરતા પુરાવા છે કે, તેમણે ખરેખર મુસ્લિમોનું નામ લીધું છે અને તેમના આ જૂઠાણા માટે ચૂંટણી પંચ અથવા સુપ્રીમ કોર્ટ મોદી સામે કડક કાયદાકીય અને ફોજદારી પગલાં લેવાથી રોકાઈ જવું જોઈએ નહીં.

# કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની માતાનું અવસાન

(એજન્સી) તા.૧૫

કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાની માતા માધવી રાજે સિંધિયાનું બુધવારે સવારે ૯:૨૮ વાગે મોત થયું અને તે પાછલા કેટલાક દિવસોથી વેન્ટિલેટર પર હતા. પાછલા ત્રણ મહિનાથી તેમની સારવાર આ પ્રમુખ હોસ્પિટલમાં ચાલી રહી હતી અને તે ન્યુમોનિયાની સાથે-સાથે સેપ્સિસથી પણ પીડિત હતા.

# UPSC CDS II 2024 નોંધણી પ્રક્રિયા upsc.gov.in પર શરૂ થઈ; જાણો કેવી રીતે અરજી કરવી

(એજન્સી) તા.૧૫

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC)એ કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસિસ (CDS) પરીક્ષા (II) ૨૦૨૪ માટે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા ગઈકાલથી શરૂ થઈ છે. ઉમેદવારો upscgov.inની સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને UPSC CDS II 2024 પરીક્ષા માટે અરજી કરી શકે છે. સૂચના મુજબ, અરજી કરવાની છેલ્લી તારીખ ૪ જૂન, ૨૦૨૪ (સાંજે ૬.૦૦ વાગ્યા સુધી) છે. એકવાર નોંધણી પ્રક્રિયા પૂર્ણ થઈ જાય પછી અરજીમાં સુધારણા અથવા સંપાદન સુવિધા પાંચથી ૧૧ જૂન સુધી ખુલ્લી રહેશે. સૂચના અનુસાર UPSC CDS II પરીક્ષા ૨૦૨૪એ ઈન્ડિયન મિલિટરી એકેડમી દેહરાદૂન, એર ફોર્સ એકેડેમી હૈદરાબાદ, ઈન્ડિયન નેવલ એકેડેમી એઝિમાલા, OTA ચેન્નાઈ અને અન્ય માટે ૪૫૯ ખાલી જગ્યાઓ રજૂ કરી છે. આ વર્ષે UPSC CDS IIની પરીક્ષા ૧ સપ્ટેમ્બરના રોજ લેવામાં આવશે. જેઓ સફળતાપૂર્વક પરીક્ષા માટે નોંધણી કરાવશે તેમને પરીક્ષાના દિવસો પહેલા ઈ-એડમિટ કાર્ડ આપવામાં આવશે. તેમજ તેના અભ્યાસક્રમો જુલાઈ ૨૦૨૫માં શરૂ થશે.

**UPSC CDS II 2024 : ખાલી જગ્યાની વિગતો**

- ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી, ચેન્નાઈ (મદ્રાસ) ૧૨૨મી SSC (પુરૂષ) (NT) : ૨૭૬
- ઈન્ડિયન મિલિટરી એકેડમી, દેહરાદૂન : ૧૦૦
- ઈન્ડિયન નેવલ એકેડમી, એઝીમાલા : ૩૨
- એરફોર્સ એકેડમી, હૈદરાબાદ : ૩૨
- ઓફિસર્સ ટ્રેનિંગ એકેડમી, ચેન્નાઈ (મદ્રાસ) ૩૬મી SSC મહિલા (NT) : ૧૯

**UPSC CDS II 2024 પરીક્ષા માટે અરજી કરવાના પગલાં :-**

પગલું ૧ : UPSCની સત્તાવાર વેબસાઈટ https://upsc.gov.in/ પર જાઓ.

પગલું ૨ : હોમપેજ પર ‘પરીક્ષા’ વિભાગ જુઓ અને ‘સક્રિય પરીક્ષાઓ’ લિંક પર ક્લિક કરો. તે પછી રજિસ્ટર કરવા માટે ‘UPSC CDS II પરીક્ષા માટે ઓનલાઈન અરજી’ લિંક પર ક્લિક કરો.

પગલું ૩ : જેમ-જેમ નવી સાઈટ ખુલે છે તેમ ‘ભાગ-૧’ વિકલ્પ શોધો જે સંયુક્ત સંરક્ષણ પરીક્ષા (II) ૨૦૨૪ની બાજુમાં હશે, અને તેના પર ક્લિક કરો.

પગલું ૪ : સૂચનાઓને કાળજીપૂર્વક વાંચો અને આગળ વધવા માટે ‘હા’ પર ક્લિક કરો.

પગલું ૫ : પછી તમારી બધી વિગતો યોગ્ય રીતે દાખલ કરવાનું શરૂ કરો.

પગલું ૬ : પરીક્ષા સંબંધિત પસંદગીઓ પસંદ કરવાનું યાદ રાખો અને ફોર્મ ભરવાની પ્રક્રિયાના ‘ભાગ II’ પર આગળ વધો.

પગલું ૭ : એપ્લિકેશન ફી ઓનલાઇન ચૂકવો અને સૂચિમાંથી તમારૂં ઈચ્છિત પરીક્ષા કેન્દ્ર પસંદ કરો.

પગલું ૮ : પ્રક્રિયા પૂર્ણ કરવા માટે જરૂરિયાત મુજબ તમામ સ્કેન કરેલા દસ્તાવેજો અપલોડ કરો.

પગલું ૯ : ફોર્મમાં દર્શાવેલ તમામ વિગતો તપાસો અને ‘સબમિટ’ પર ક્લિક કરો.

**UPSC CDS II 2024 પરીક્ષાની અરજી ફી :-** અરજી કરતી વખતે ઉમેદવારોએ રૂા.૨૦૦ ફી ચૂકવવી પડશે. જ્યારે મહિલા/SC/ST ઉમેદવારોને કોઈપણ ફી ભરવાની હોતી નથી.

વય મર્યાદા, શૈક્ષણિક લાયકાત, પરીક્ષાની વિગતો અને પસંદગી પ્રક્રિયા વિશે વધુ વિગતો માટે ઉમેદવારો સત્તાવાર ભરતી સૂચના ચકાસી શકે છે.

### પીડિતો માટે ભારત બન્યું મોટી મદદ

# કેન્યામાં પૂરના કારણે તબાહી સર્જાઈ, વિનાશક પૂરમાં ૨૬૭ લોકોનાં મોત

## આ પહેલા પણ ૧૦ મેના રોજ ભારતીય નૌકાદળના જહાજ સુમેધા દ્વારા રાહત સામગ્રીનો એક જથ્થો કેન્યા પહોંચાડવામાં આવ્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ભારત દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કેન્યાને આપવામાં આવતી સહાય એ દક્ષિણ સહયોગની ભાવના અને આફ્રિકાને અમારી પ્રાથમિકતાઓમાં ટોચ પર રાખવાની અમારી પ્રતિબદ્ધતા સાથે દેશ સાથેના મજબૂત અને મૈત્રીપૂર્ણ સંબંધોનું પુનરોચ્ચાર છે. ભારતે પૂરને કારણે થયેલા નુકસાન અને વિનાશ માટે કેન્યાની સરકાર અને લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે. કેન્યામાં પૂરના કારણે તબાહી સર્જાઈ છે. આફ્રિકન દેશના ૪૭ કાઉન્ટીઓમાંથી ૩૮ પ્રભાવિત થયા છે. કેન્યા સરકારના આંકડાઓ અનુસાર, વિનાશક પૂરમાં ૨૬૭ લોકોના મોત થયા છે અને ૨,૮૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા છે. દરમિયાન, ભારતે કેન્યાના પૂર પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને પુનર્વસન માટે ૪૦ ટન રાહત સામગ્રી મોકલી છે.માલસામાનમાં ૨૨ ટન રાહત સામગ્રી જેમ કે તંબુ, સ્લીપિંગ બેગ અને સાદડીઓ, ધાબળા, પાવર જનરેશન સેટ, ખાવા માટે તૈયાર ખોરાક, મૂળભૂત સ્વચ્છતા સુવિધાઓ અને સ્વચ્છતા કીટ, બાહ્ય કેસોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૧૮ ટન મેડિકલ સહાય પણ કન્સાઈનમેન્ટમાં સામેલ છે. આમાં ગંભીર સંભાળ અને ઘાના સંચાલન માટે જરૂરી જીવનરક્ષક દવાઓ અને સર્જીકલ



સાધનોનો સમાવેશ થાય છે. તેમાં બેબી ફૂડ, પાણી શુદ્ધિકરણ, માસિક સ્રાવની સ્વચ્છતા અને મચ્છર નિવારક દવાઓ, મેલેરિયા અને ડેન્ગ્યુ નિદાન કીટ, ઝેર વિરોધી સારવાર અને વિવિધ પરીક્ષણ કીટ જેવી આવશ્યક વસ્તુઓનો પણ સમાવેશ થાય છે.એક્સ પર પોસ્ટ શેર કરતી વખતે, વિદેશ પ્રધાન એસ જયશંકરે લખ્યું, 'કેન્યામાં પૂરથી પ્રભાવિત લોકોને મોકલવામાં આવેલા HADRના બીજા કન્સાઈનમેન્ટમાં ૪૦ ટન દવાઓ, તબીબી પુરવઠો અને અન્ય સાધનોનો સમાવેશ થાય છે. અમે ઐતિહાસિક ભાગીદારી અને વિશ્વ ભાઈચારા માટે ઊભા છીએ.કેન્યામાં ભારતના હાઈ કમિશનર નમગ્યા ખામ્પાએ કેબિનેટ સચિવ મસી વેન્ઝોઉને રાહત સામગ્રી સોંપી. આ પહેલા પણ ૧૦ મેના રોજ ભારતીય નૌકાદળના જહાજ સુમેધા દ્વારા રાહત સામગ્રીનો એક માલ કેન્યા પહોંચાડવામાં આવ્યો હતો .ભારત દ્વારા જારી કરાયેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે કેન્યાને આપવામાં આવતી સહાય એ દક્ષિણ સહયોગની ભાવના અને આફ્રિકાને અમારી પ્રાથમિકતાઓમાં ટોચ પર રાખવાની અમારી પ્રતિબદ્ધતા સાથે દેશ સાથેના મજબૂત અને મૈત્રીપૂર્ણ સંબંધોનું પુનરોચ્ચાર છે. ભારતે પૂરને કારણે થયેલા નુકસાન અને વિનાશ માટે કેન્યાની સરકાર અને લોકો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે.

# મમતા બેનરજીએ ઈન્ડિયા ગઠબંધન અંગે વધુ સ્પષ્ટતા કરી, કહ્યું : બહારથી સમર્થન આપીશું

(એજન્સી) તા.૧૫



લોકસભા ચૂંટણી વચ્ચે તૃણમૂલ કોંગ્રેસના વડા મમતા બેનરજી અને ઈન્ડિયા એલાયન્સ વચ્ચેની ખાઈ ભરાઈ રહી છે. બંગાળમાં સીટોની વહેંચણીને લઈને શરૂ થયેલી મૂંઝવણનો હવે અંત આવતો જણાઈ રહ્યો છે. કોંગ્રેસ સાથે સીટની વહેંચણીને લઈને વિવાદ બાદ ઈન્ડિયા બ્લોકમાં સભ્ય બનવાનું કેન્સલ કરનાર મમતા બેનર્જીનું વલણ હવે થોડું નરમ જણાય છે. એવું લાગે છે કે કોંગ્રેસ અને મમતા વચ્ચેનો બરફ પીગળવા લાગ્યો છે. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ જો સત્તામાં આવશે તો વિપક્ષી જૂથને 'બાહ્ય સમર્થન' આપવાનું વચન આપ્યું છે. તેમણે કહ્યું કે, ''અમે ઈન્ડિયા ગઠબંધનને નેતૃત્વ પ્રદાન કરીશું અને તેમને બહારથી દરેક રીતે મદદ કરીશું. અમે એવી સરકાર બનાવીશું કે જેથી બંગાળમાં અમારી માતાઓ અને બહેનોને ક્યારેય કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે અને જેઓ ૧૦૦ દિવસની રોજગાર યોજના હેઠળ કામ કરે છે તેમને કોઈ મુશ્કેલી ન પડે. આ સાથે તેણે ઈન્ડિયા બ્લોકની પોતાની વ્યાખ્યા સ્પષ્ટ કરી છે. તેમણે કહ્યું કે તેમાં CPM અથવા કટ્ટર હરીફ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા અધીર ચૌધરીની આગેવાની હેઠળની બંગાળ કોંગ્રેસનો સમાવેશ થતો નથી. મમતા બેનરજીએ ભારત બ્લોકની પુનઃ વ્યાખ્યા કરતી વખતે 'બાહ્ય સમર્થન'નું વચન આપ્યું છે. મમતા બેનરજીએ કહ્યું કે, 'તમને ખબર હોવી જોઈએ કે ઈન્ડિયા એલાયન્સ - બંગાળ કોંગ્રેસ અને સીપીઆઈ(એમ)ને ગણશો નહીં, તે બંને અમારી સાથે નથી. તે બંને ભાજપ સાથે છે. હું દિલ્હીની વાત કરી રહી છું. મમતા બેનરજીની આ આંશિક આત્મસમર્પણ ત્યારે થઈ છે જ્યારે દેશની ૭૦ ટકા બેઠકો પર ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. હજુ ત્રણ તબક્કાનું મતદાન બાકી છે. બંગાળ એવા રાજ્યોમાં સામેલ છે જ્યાં તમામ સાત તબક્કામાં મતદાન થવાનું છે. હિન્દી હાર્ટલેન્ડને ખુશ કર્યા પછી, ભાજપ દક્ષિણ ભારત અને બંગાળ દ્વારા ૩૭૦ બેઠકોની ખોટને ભરપાઈ કરવાની આશા રાખે છે. જો કે, આકરી ગરમી વચ્ચે લોકસભાની ચૂંટણી ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ રાજ્યની નિયમિત મુલાકાતે છે અને તેમની નજર રાજ્યની ૪૨ લોકસભા બેઠકો પર છે. આ વખતે ભાજપનો ટાર્ગેટ ૪૦૦થી વધુ સીટો છે.

# CAA હેઠળ ૧૪ લોકોના પ્રથમ જથ્થાને નાગરિકતા પ્રમાણ પત્ર ઈશ્યૂ કરાયા

(એજન્સી) તા.૧૫

દેશમાં માર્ચમાં નાગરિકતા સંશોધન કાયદા (CAA)ની શરૂઆત કરાયા બાદ પહેલીવાર ૩૦૦ શરણાર્થિઓને ભારતીય નાગરિકતા અપાઈ છે. ગૃહમંત્રાલયે આવા ૧૪ લોકોને આજે ઓનલાઈન સર્ટિફિકેટ આપ્યા છે. આ શરણાર્થીઓ ઘણા વર્ષોથી ભારતની નાગરિકતા મેળવવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. મંત્રાલયે ૧૪ શરણાર્થિઓને આજે દિલ્હી બોલાવ્યા હતા, જ્યાં કેન્દ્રીય ગૃહ સચિવ અજય કુમાર ભલ્લાએ તેમને પ્રતિકાત્મક સર્ટિફિકેટ આપી અભિનંદન પાઠવ્યા છે.

કેન્દ્ર સરકારે ૧૧ માર્ચ-૨૦૨૪ના રોજ સીએએ કાયદો લાગુ કર્યો હતો. આ કાયદા હેઠળ ભારતના ત્રણ પડોશી દેશ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડનના શિકાર બનેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવામાં આવે છે. જોકે જે લોકો ૩૧ ડિસેમ્બર-૨૦૧૪ અથવા તે પહેલાં ભારત આવ્યા હોય, તેમને જ ભારતીય નાગરિકતા આપવામાં આવે છે. સીએએ કાયદા હેઠળ પડોશી દેશોમાંથી આવેલા હિન્દુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને




ખ્રિસ્તીઓએ અરજી કરી હતી, તેમાંથી ૩૦૦ લોકોને ભારતીય નાગરિકતા આપવામાં આવી છે.

આ કાયદો પાંચ વર્ષ પહેલાં એટલે કે વર્ષ ૨૦૧૯માં મંજૂર થયો હતો, પરંતુ ૧૧-માર્ચ ૨૦૨૪માં લાગુ થયો છે. વિરોધ પક્ષોએ આ મુદ્દે ખુબ જ વિરોધ નોંધાવ્યો હતો અને કડક વલણ પણ જોવા મળ્યું હતું. આ કાયદા અંતર્ગત ભારતીય નાગરિકતાની વ્યાખ્યા નક્કી કરવામાં આવી છે. આ કાયદા હેઠળ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાં ધાર્મિક ઉત્પીડનના શિકાર બનેલા બિન મુસ્લિમ શરણાર્થીઓને ભારતીય નાગરિકતા આપવાની જોગવાઈ છે. ભારત દેશના નાગરિક કોણ છે તેની પરિભાષા ૧૯૫૫માં એક કાયદો બનાવીને કરવામાં આવી જેને નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ નામ અપાયું. મોદી સરકારે આ કાયદામાં સંશોધન કર્યું છે. જેને નાગરિકતા સંશોધન બિલ ૨૦૧૬ નામ આપવામાં આવ્યું છે. સંશોધન બાદ દેશમાં ૬ વર્ષ રહેતા અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશના છ ધર્મના (હિંદુ, શીખ, જૈન, બૌદ્ધ, પારસી અને ઈસાઈ) લોકોને કોઈ જરૂરી દસ્તાવેજ વગર ભારતીય નાગરિકતા આપવામાં આવશે. પહેલા નાગરિકતા અધિનિયમ ૧૯૫૫ પ્રમાણે જરૂરી દસ્તાવેજ હોય તો જ આ દેશના લોકોને ૧૨ વર્ષ પછી નાગરિકતા મળી શકતી હતી. અફઘાનિસ્તાન, પાકિસ્તાન અને બાંગ્લાદેશ ત્રણેય ઈસ્લામિક દેશ છે અને ત્યાં હિન્દુ, બૌદ્ધ, શીખ, જૈન, ઈસાઈ અને પારસી ધર્મના લોકો લઘુમતીમાં છે. નવા કાયદા હેઠળ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ સુધી પાડોશી ત્રણેય દેશોથી ઉત્પીડનનો શિકાર થઈને આવેલા લોકોને ભારતની નાગરિકતા મળી શકશે.

### મુસ્તફા ટેક્નોલોજીની દુનિયામાં મોટું નામ બની શકે છે : બિલ ગેટ્સ

# AI વિશ્વના એક મહાન વ્યક્તિ મુસ્તફા સુલેમાન : મુસ્લિમ યુવાનો માટે પ્રેરણા

**સીરિયામાં જન્મેલા બ્રિટિશ નાગરિક મુસ્તફા સુલેમાનના પિતા ટેક્સી ડ્રાઈવર તરીકે અને તેમની માતા નર્સ તરીકે કામ કરતા હતા**

**ટેક્નોલોજી જગતના દિગ્ગજ એલોન મસ્ક, પેપાલના પીટર થિયેલ સહિત અનેક લોકોએ મુસ્તફાની કંપનીમાં રોકાણ કર્યું હતું**

(એજન્સી) તા. ૧૫

મોટાભાગના લોકોને એ જાણ નહીં હોય કે મુસ્તફા સુલેમાન કોણ છે ? મુસ્તફા સીરિયામાં જન્મેલા બ્રિટિશ નાગરિક છે, જેના વિશે માઈક્રોસોફ્ટના પૂર્વ ચીફ બિલ ગેટ્સે કહ્યું હતું કે, તેનું કામ જુઓ, તે ટેક્નોલોજીની દુનિયામાં મોટું નામ બની શકે છે. મુસ્તફા સુલેમાનના પિતા ટેક્સી ડ્રાઈવર તરીકે અને તેમની માતા નર્સ તરીકે કામ કરતા હતા. તે ઈસ્લિંગ્ટનના લંડન બરોમાં કેલેડોનિયન રોડ પર મોટા થયા હતા જ્યાં તે તેના માતા-પિતા અને તેના બે નાના ભાઈઓ સાથે રહેતા હતા.

સુલેમાને પ્રાથમિક અભ્યાસ રાણી એલિઝાબેથની શાળા થોર્નહિલ પ્રાથમિક શાળામાં કર્યો છે. સુલેમાને શરૂઆતમાં ૧૯ વર્ષની ઉંમરે અભ્યાસ છોડતા પહેલા ઓક્સફર્ડની મેન્સફિલ્ડ કોલેજમાં અભ્યાસ કર્યો હતો.

મુસ્તફાએ ૧૯ વર્ષની ઉંમરે તેના મિત્રો સાથે 'મુસ્લિમ યુથ હેલ્પલાઈન' શરૂ કરી. વાસ્તવમાં બ્રિટનમાં મુસ્લિમ યુવાનોની સ્થિતિ અસ્થિર હતી; આ ફોન હેલ્પલાઈન સેવા તેમના માર્ગદર્શન માટે હતી. યોગાનુયોગ આ સેવા ૯/૧૧ની આસપાસ શરૂ થઈ હતી. ઈસ્લામોફોબિયાના બનાવો વધવા લાગ્યા અને મુસ્લિમ યુવાનો વધુ દબાણમાં આવી ગયા. તેથી તે યુગમાં આ સેવાએ મુસ્લિમ યુવાનોને સામાજિક એકલતામાંથી બહાર આવવામાં મદદ કરી. તે આજે યુકેમાં મુસ્લિમો માટે સૌથી મોટી માનસિક આરોગ્ય સેવા બની ગઈ છે.

સુલેમાને લંડનના મેયર કેન લિવિંગ્સ્ટોન માટે માનવ અધિકારો માટે નીતિ અધિકારી તરીકે કામ કર્યું હતું, વાટાઘાટકાર અને સહાયક તરીકે મુસ્તફાએ યુનાઈટેડ નેશન્સ, નેધરલેન્ડ



જેવા દેશો અને વર્લ્ડ વાઈડ ફંડ ફોર નેચર જેવી અગ્રણી સંસ્થા માટે કામ કર્યું છે. પરંતુ મુસ્તફા સુલેમાન એક ફિલોસોફર અને તેજસ્વી મેનેજર છે અને તેમના માટે આ માત્ર શરૂઆત હતી. ૨૦૦૯માં તેમના જીવનમાં નવો વળાંક આવ્યો. કોપનહેગનમાં પર્યાવરણ પરિષદ યોજાઈ રહી હતી. મુસ્તફા પણ આયોજકોમાં સામેલ હતા. તેમનો પ્રયાસ કોન્ફરન્સના પ્રતિનિધિઓને વનનાબૂદી સામે એક સામાન્ય વ્યૂહરચના પર સંમત થવાનો હતો. જ્યારે તેણે જોયું કે તેઓ એક સામાન્ય વ્યૂહરચના પર સહમત નથી થઈ શક્યા ત્યારે તે ખૂબ જ નિરાશ થયો પણ એ નિરાશામાંથી બહાર નીકળવાનો એક નવો રસ્તો હતો. તે ૨૦૦૯નું વર્ષ હતું. ફેસબૂક એક વિશાળ કંપની તરીકે ઉભરી રહી હતી. તે દિવસોમાં મુસ્તફાએ ક્યાંક વાંચ્યું હતું કે, સક્રિય ફેસબૂક વપરાશકર્તાઓની સંખ્યા ૧૦ કરોડ સુધી પહોંચી ગઈ છે. આ વાત તેના મગજમાં બેસી ગઈ હતી કે, લોકોને સોશિયલ મીડિયા પર કનેક્ટ થવામાં માત્ર થોડા દિવસો લાગે છે. મુસ્તફાને સમજાયું કે ભવિષ્યમાં ટેક્નોલોજી લોકોને સાથે લાવશે. તેમણે ફિલસૂફી અને વિચારોની દુનિયામાંથી કોમ્પ્યુટર ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. બીજા જ વર્ષે તેણે તેના મિત્રો સાથે મળીને ડિપમાઈન્ડ નામની કંપની શરૂ કરી. તે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રિસર્ચ ફર્મ હતી. ૨૦૨૩માં આપણામાંથી મોટાભાગના લોકો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની દુનિયાનો પ્રથમ પરિચય મેળવી રહ્યા હતા, પરંતુ મુસ્તફા સુલેમાન અને તેના મિત્રો ૧૩-૧૪ વર્ષ પહેલા AI અલ્ગોરિધમ્સ બનાવી રહ્યા હતા, જ્યારે પશ્ચિમમાં પણ બહુ ઓછા લોકો જાણતા હતા. એક ઈન્ટરવ્યુમાં મુસ્તફાએ કહ્યું કે, ઘણી વખત તેણે પોતાનું કામ લોકોથી છૂપાવવું પડતું હતું કારણ કે, જ્યારે લોકો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ/AI વિશે સાંભળતા હતા ત્યારે લોકો હસવા લાગતા હતા; કારણ કે, તે તેમને બાળકોના વિજ્ઞાન સાહિત્ય વાંચવાના મૂર્ખ સ્વપ્ન જેવું લાગતું હતું, જેનું અર્થઘટન કરવું અશક્ય છે.


'ડીપ માઈન્ડ'ને ટેક્નોલોજીની દુનિયાના લોકો ખૂબ જ ધ્યાનથી જોઈ રહ્યા હતા. ટેસ્લાના એલોન મસ્ક અને પેપાલના પીટર થિયેલ સહિત અનેક મોટા લોકોએ તેમાં રોકાણ કરવાનું શરૂ કર્યું. ત્યારબાદ ૨૦૧૪માં ગૂગલે ડીપ માઈન્ડને ૬.૫ કરોડ ડૉલરમાં ખરીદ્યું. તે સમયે અમેરિકાની બહાર તે Googleનું સૌથી મોટું અને સૌથી મોંઘું સંપાદન હતું.

હાલમાં મુસ્તફા સુલેમાન પાછલા મહિને માઈક્રોસોફ્ટનો હિસ્સો બની ગયા છે. માર્ચ ૨૦૨૪માં માઈક્રોસોફ્ટે સુલેમાનને તેના નવા બનાવેલા ગ્રાહક AI યુનિટ, Microsoft AIના EVP અને CEO તરીકે નિયુક્ત કર્યા છે. હવે Microsoft AIના ચીફ એક્ઝિક્યુટિવ તરીકે તેમની પાસે વિશાળ વિશ્વ છે અને અમર્યાદિત અવકાશ છે. ટેક્નોલોજીની દુનિયામાં મુસ્લિમોની સંખ્યા ઘણી ઓછી છે એવામાં મુસ્તફા આજે અનેક યુવાનો માટે પ્રેરણારૂપ છે.

# IIT સ્નાતક કે જેમણે અખિલ ભારતીય ક્રમાંક ૧ સાથે IIT-JEE ટોપરને નોકરી આપી, તે દરરોજ ૭૨ લાખ રૂપિયાથી વધુ પગાર મેળવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

અખિલ ભારતીય ક્રમાંક ૧ સાથે IIT-JEE ટોપર્સને મોટાભાગે મોટી ટેક કંપનીઓ દ્વારા જંગી પગાર પેકેજ ઓફર કરવામાં આવે છે. બોર્ડમાં IIT સ્નાતક મેળવવું એ કોઈપણ કંપની માટે એક મોટું દબાણ છે અને IIT-JEEમાં અખિલ ભારતીય ક્રમાંક ૧ પ્રાપ્ત કરનાર IIT સ્નાતક મેળવવો એ કોઈપણ કંપની માટે એક મોટી સિદ્ધિ છે. IITમાં પ્રવેશ મેળવવા માટે લાખો વિદ્યાર્થીઓ IIT-JEE પરીક્ષાની તૈયારી કરવા માટે વર્ષો વિતાવે છે. બધા ઉમેદવારોમાંથી માત્ર થોડા જ તેમની પસંદગીની સંસ્થા મેળવવા માટે સક્ષમ છે. IIT સ્નાતક અનિરૂદ્ધ દેવગણ આ તબક્કામાંથી પસાર થયો હતો અને તે જાણતો હતો કે, IIT-JEEમાં અખિલ ભારતીય ક્રમાંક ૧ મેળવવા માટે તેજસ્વી દષ્ટિકોણ જરૂર છે. જ્યારે અનિરૂદ્ધ દેવગણને તક મળી ત્યારે તેણે એક ભારતીય પ્રતિભાશાળીને નોકરી જેણે IIT-JEE પરીક્ષામાં અખિલ ભારતીય




ક્રમાંક ૧ મેળવીને IIT બોમ્બેમાં સીટ મેળવી.IIT-JEE ટોપર જગવાણીએ મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (MIT) જવા માટે માત્ર બે વર્ષ પછી IIT બોમ્બે છોડી દીધું. જગવાણીએ MITમાંથી માસ્ટર્સ પૂર્ણ કર્યા પછી અનિરૂદ્ધ દેવગણ દ્વારા તેની સખત મહેનત અને પ્રતિભાની પ્રશંસા કરવામાં આવી હતી. દિલ્હીમાં જન્મેલા અને ઉછરેલા, IIT સ્નાતક અનિરૂદ્ધ દેવગણે તેનું શાળાકીય શિક્ષણ દિલ્હી પબ્લિક સ્કૂલમાં કર્યું અને IIT દિલ્હીમાંથી સ્નાતક પૂર્ણ કર્યું. ઈલેક્ટ્રિકલ અને કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં માસ્ટર્સ અને પીએચડી કરવા માટે દેવગણ યુએસ ગયો. કેડેન્સ ડિઝાઈન સિસ્ટમ્સમાં જોડાતા પહેલાં તેણે IBM અને મેગ્મા ડિઝાઈન ઓટોમેશનમાં કામ કર્યું હતું. ૨૦૨૧માં કેડેન્સ ડિઝાઈન સિસ્ટમ્સના CEO તરીકે તેમનું નામ આપવામાં આવ્યું હતું. જ્યારે અનિરૂદ્ધ દેવગણ CEO બન્યો, ત્યારે તેને મૂળ પગારના ૧૨૫ ટકાના લક્ષ્યાંક બોનસ સાથે ૭,૨૫,૦૦૦ ડૉલર બેઝિક પગાર આપવામાં આવ્યો હતો. તેને આગળ ૧૫ કરોડ ડૉલરની કિંમતનો પ્રમોશન ગ્રાન્ટ સ્ટોક વિકલ્પ આપવામાં આવ્યો. અનિરૂદ્ધ ઈલેક્ટ્રોનિક ડિઝાઈન ઓટોમેશન, ભૌતિક ડિઝાઈન અને સાઈનઓફ, આંકડાકીય ડિઝાઈન અને ઓપ્ટિમાઈઝેશન અને ચકાસણી અને હાર્ડવેર પ્લેટફોર્મ્સમાં તેના યોગદાન માટે જાણીતો છે. મીડિયા અહેવાલો અનુસાર ૨૦૨૨માં કેડેન્સના પ્રમુખ અને CEO તરીકે તેનો વાર્ષિક પગાર ૨૬૫ કરોડ રૂપિયા હતો.

# ૮ વર્ષની વયે દૃષ્ટિ ગુમાવી, માઈક્રોસોફ્ટમાં જંગી પગાર પેકેજ મેળવ્યું, IIT, NIT, VITમાંથી નથી, તેનો વાર્ષિક પગાર ૪૭ લાખ રૂપિયા છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કંઈક મોટી સિદ્ધિ મેળવવાની ઈચ્છાશક્તિ અને દૃઢ નિશ્ચય હોય તો જીવનમાં કંઈપણ અશક્ય નથી. આવી જ એક પ્રેરક વાર્તા મધ્યપ્રદેશના યશ સોનાકિયાની છે, જે જન્મથી ગ્લુકોમાથી પીડાતો હતો અને આઠ વર્ષની ઉંમરે તે દૃષ્ટિહીન બની ગયો. પરંતુ તેણે એક મહાન સિદ્ધિ હાંસલ કરી હતી. તેના પિતા યશપાલ સોનાકિયા કેન્ટીનનું સંચાલન કરતા હતા. પાંચમા ધોરણ સુધી, યશે



વિકલાંગ વિદ્યાર્થીઓની શાળામાં તેનું શિક્ષણ મેળવ્યું. ત્યારબાદ તેને સામાન્ય શાળામાં મોકલવામાં આવ્યો. ૨૦૨૧માં, યશે ઈન્દોરની શ્રી ગોવિંદરામ સેકસરિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી એન્ડ સાયન્સ (SGSITS)માંથી બી.ટેક સાથે સ્નાતક પૂર્ણ કર્યુ. શારીરિક મર્યાદાઓ હોવા છતાં, યશે માઈક્રોસોફ્ટની ઓનલાઈન ટેસ્ટ અને ઈન્ટરવ્યુ પાસ કરી અને તેને વિશ્વની સૌથી મોટી IT કંપનીઓમાંની એક માઈક્રોસોફ્ટ તરફથી વાર્ષિક ૪૭ લાખ રૂપિયાના જંગી વેતન પર નોકરીની ઓફર મળી. તેને બેંગ્લુરુ ઓફિસમાં સોફ્ટવેર એન્જિનિયર તરીકે નિયુક્ત કરવામાં આવ્યો.

# એશિયાની સૌથી ઝડપી યુનિકોર્ન કંપનીના માલિક, જેણે ત્રણ મહિનામાં ૯,૮૪૦ કરોડ રૂપિયાની કંપની બનાવી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

Zyber 365ના સ્થાપક પર્લ કપૂરે ૧.૧ અબજ ડોલરની જંગી સંપત્તિ સાથે ૨૭ વર્ષની ઉંમરે ભારતમાં સૌથી યુવા અબજોપતિ બનીને ઈતિહાસમાં પોતાનું નામ લખાવ્યું છે. આ કંપનીના મોટાભાગના લોકો ત્રીસ વર્ષના થાય ત્યાં સુધીમાં કરોડપતિ બનવાની આશા રાખે છે. Zyber 365ની અપાર સંભાવનાને જોતા Sram & Mram ગ્રૂપે ૧૦ કરોડ ડોલરના ભંડોળમાંથી ૮.૩% ફાળો આપ્યો. આ વ્યૂહાત્મક પગલાની સહાયથી સ્ટાર્ટઅપ ૧.૨ અબજ ડોલર અથવા લગભગ ૯૮૪૦ કરોડ રૂપિયાનું જંગી મૂલ્યાંકન મેળવવામાં સક્ષમ હતું.

પર્લ કપૂર અને સની વાઘેલાએ Zyber 365ની સ્થાપના કરી, એક ભારતીય



કંપની કે જે તેની અદ્યતન વેબ૩ લેયર ૧ પ્રૂફ ઓફ ઓથોરિટી (PoA) ટકાઉ સાંકળ માટે માન્યતા પ્રાપ્ત કરી રહી છે જે EVM સાથે સુસંગત છે. વાઘેલાને ભારતના સૌથી પ્રખ્યાત એથિકલ હેકર તરીકે ગણવામાં આવે છે અને કપૂર UN SDG લક્ષ્યો અને પર્યાવરણીય સ્થિરતા પ્રત્યેના તેમના સમર્પણ માટે જાણીતા છે. ઈન્વેસ્ટમેન્ટ બેકિંગ (CFA પાથવે)માં લંડનની ક્વીન મેરી યુનિવર્સિટીમાંથી MSC સાથે કપૂરે મે ૨૦૨૩માં તેની ઉદ્યોગસાહસિક યાત્રા શરૂ કરી હતી. રસપ્રદ વાત એ છે કે, તે હાલમાં Zyber 365 ટેક્નોલોજી લિમિટેડ (યુકે)માં ૯૦% હિસ્સો ધરાવતો કંપનીનો બહુમતી શેરધારક છે. Zyber 365ની સ્થાપના પહેલાં, કપૂરે લગભગ બે વર્ષ સુધી AMPM સ્ટોરમાં નાણાંકીય સલાહકાર તરીકે કામ કર્યું હતું. આ ઉપરાંત, તેણે ૧.૫ વર્ષ સુધી એન્ટિઅર સોલ્યુશન્સ માટે વ્યવસાય સલાહકાર તરીકે કામ કર્યું. ફેબ્રુઆરી ૨૦૨૨માં તેણે બિલિયન પે ટેક્નોલોજીસ પ્રાઈવેટ લિમિટેડની સ્થાપના પણ કરી.

# ભરૂચની વી.સી.ટી ગર્લ્સ સ્કૂલનું ધોરણ ૧૨નું સામાન્ય પ્રવાહનું ૧૦૦ ટકા, વિજ્ઞાન પ્રવાહ ગુજરાતી માધ્યમનું ૯૪.૨૩ ટકા પરિણામ




ભરૂચ, તા.૧૫, તા.૦૯/૦૫/૨૦૨૪ને ગુરૂવારના રોજ ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહનું જે પરિણામ જાહેર થયું એમાં વી.સી.ટી સ્કૂલ ભરૂચનું સામાન્ય પ્રવાહનું ૧૦૦% અને વિજ્ઞાન પ્રવાહમાં ગુજરાતી માધ્યમનું ૯૪.૨૩% અને અંગ્રેજી માધ્યમનું ૭૭.૭૮% પરિણામ આવેલ છે. વી.સી.ટી શાળાના ટ્રસ્ટીઓએ શાળાના મેનેજમેન્ટ, આચાર્ય અને તમામ શિક્ષકોને તથા વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવતા ઝળહળતા પરિણામની સરાહના કરી. શાળામાં પ્રથમ સ્થાનમાં વિજ્ઞાન પ્રવાહના અંગ્રેજી માધ્યમમાં કાજી હુદાઆફરીન ૯૯.૧૭ પર્સનટાઈલ રેંક અને A2 ગ્રેડ મેળવ્યો છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહ ગુજરાતી માધ્યમમાં પટેલ નજહદબાનુ ઈકબાલ જેઓએ ૯૯.૦૭ પર્સનટાઈલ રેંક અને A2 ગ્રેડ મેળવ્યો છે. તેમજ સામાન્ય પ્રવાહમાં દિવાન સાલેહા લુકમાન જેણે ૯૯.૨૪ પર્સનટાઈલ રેંક અને A1 ગ્રેડ મેળવી પ્રથમ સ્થાને રહ્યા છે.

શાળાની કોમર્સ વિભાગની વિદ્યાર્થિની દીવાન સાલેહા લુકમાન એકાઉન્ટમાં અને શેખ અયમન આરીફ બીએ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે.

# હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ ધો. ૧૨ સા.પ્ર.ના પરિણામમાં ઝળક્યા



TOP-1 સાબુગર સાનીયાબેગમ એસ.   TOP-2 સૈયદ રજસજોહરા એમ.   TOP-3 રાજેભાઈ મો.ફૈસલ એમ.

હિંમતનગર, તા.૧૫ તાજેતરમાં જાહેર કરાયેલ એચ.એસ.સી. સામાન્ય પ્રવાહની પરીક્ષામાં હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલના સાબુગર સાનીયા બેગમે ૯૯.૮૦ પીઆર, સૈયદ રજસજોહરાએ ૯૮.૨૧ પીઆર, તથા રાજેભાઈ મો.ફૈસલે ૯૮.૫૦ પીઆર મેળવી પરિવાર અને શાળાનું નામ રોશન કર્યું છે. આ સિદ્ધિ બદલ એમ.એમ.આઈ. ટ્રસ્ટ તથા મદ્રેસા હાઈસ્કૂલ પરિવારે અભિનંદન પાઠવી ભવિષ્યમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી દુઆ કરી હતી.

# હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલની ત્રણ વિદ્યાર્થિનીઓ ધો. ૧૦ પરિણામમાં ઝળકી



રાણાવડીયા બીબીહુમા એસ   વેકર્યા રીઝાફાતમા એમ.   વેકર્યા નાઝનીનફાતમા એસ.   હરાદવાલા સોફીજાખાતુન ટી.

હિંમતનગર, તા.૧૫, તાજેતરમાં જાહેર કરાયેલ એસ.એસ.સી.ના પરિણામમાં હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલના ૩ વિદ્યાર્થી ટોપ-૩માં આવેલ છે. જેમાં રાણાવડિયા બીબીહુમાએ ૯૯.૭૨ પીઆર, વેકર્યા રીઝાફાતમાએ ૯૯.૭૨ પીઆર, વેકર્યા નાઝનીન ફાતમાએ ૯૯.૦૭ પીઆર, હરાદવાલા સોફીજાખાતુને ૯૮.૪૬ પીઆર મેળવી પરિવાર તથા શાળાનું નામ રોશન કરેલ છે. તેમની આ સિદ્ધિ બદલ એમ.એમ.આઈ. ટ્રસ્ટ તથા મદ્રેસા હાઈસ્કૂલ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# હિંમતનગરની રૂમી ઈંગ્લિશ હાઈસ્કૂલનું ધો. ૧૦નું ૯૭.૫૯ ટકા પરિણામ



Vasiwala Bibi Ayesha A.   Sabugar Mariyambibi M.   Maja Fayeza S.

હિંમતનગર, તા.૧૫ સાબરકાંઠા જિલ્લાની હિંમતનગરની રૂમી ઈંગ્લિશ હાઈસ્કૂલનું ધો.૧૦નું ૯૭.૫૯ ટકા પરિણામ આવેલ છે. આ પરિણામમાં શાળામાં ૯ વિદ્યાર્થી એ-૧ ગ્રેડમાં આવેલ છે. શાળાની વિદ્યાર્થિની વાસીવાલા બીબીઆયેશાએ ૯૯.૫૩ પીઆર સાથે રેન્ક ૧, સાબુગર મરીયમબીબીએ ૯૯.૨૧ પીઆર સાથે રેન્ક-૨ તથા માજા ફાયેઝાએ ૯૯.૦૭ પીઆર સાથે રેન્ક-૩ મેળવી શાળા તથા પરિવારનું નામ રોશન કરેલ છે. આ અનેરી સિદ્ધિ બદલ સંસ્થાના પ્રમુખ જી.એ.હરસોલિયા, મંત્રી અ.હકીમ હરાદવાલા, આચાર્ય શ્રીમતી એસ.એમ. આખુનજી અને રૂમી પરિવારે પાસ થનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.


# હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલના ત્રણ તેજસ્વી તારલા ધો. ૧૨ વિ.પ્ર. પરિણામમાં ઝળક્યા



રણાસ્યા મો.અદનાન એ.   રાણાવડીયા ફાતમાખાતુન એસ.   મનસુરી અનસ એસ.

હિંમતનગર, તા.૧૫ તાજેતરમાં ધો.૧૨ એચ.એસ.સી. વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર કરાયું હતું. જેમાં હિંમતનગરની મદ્રેસા હાઈસ્કૂલના વિદ્યાર્થી રણાસ્યા મોહમ્મદ અદનાને ૯૭.૭૩ પીઆર, રાણાવડિયા ફાતમાનખાતુને ૯૫.૩૫ પીઆર, મનસુરી અનસે ૯૧.૩૦ પીઆર મેળવી પરિવાર અને શાળાનું ગૌરવ વધાર્યું છે. તેમની આ સિદ્ધિ બદલ એમ.એમ.આઈ. ટ્રસ્ટ તથા મદ્રેસા હાઈસ્કૂલ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પ્રગતિ કરે તેવી દુઆ કરી હતી.

# મોડાસાની કરીમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલનું ધો. ૧૦નું ૯૧.૧૭ ટકા પરિણામ




મોડાસા, તા.૧૫ માર્ચ-૨૦૨૪ એસ.એસ.સી.નું કરીમીયાહ ગર્લ્સ હાઈસ્કૂલનું પરિણામ ૯૧.૧૭ ટકા આવેલ છે. શાળામાં પ્રથમ ક્રમે નગદા ફાતીમા ઈબ્રાહીમભાઈ ૯૨.૫૦ ટકા(૯૮.૧૭ પીઆર) દ્વિતીય ક્રમે પીરઝાદા અફરીનબીબી કમાલુદીન ૮૭.૧૬ ટકા(૯૩.૪૫ પીઆર) મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે. શાળામાં ઉત્તીર્ણ થનાર તમામ વિદ્યાર્થિનીઓ અને તેમના વાલીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# માતરના રતનપુરની શાળાના વિદ્યાર્થીઓ એસ.એસ.સી. પરિણામમાં ઝળક્યા



ખેડા, તા.૧૫, તાજેતરમાં એસ.એસ.સી.નું પરિણામ જાહેર કરાયું હતું. જેમાં માતરના રતનપુર ખાતે આવેલ રત્ન હાઈસ્કૂલના ૯૭ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાં ૮૧ વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા હતા. શાળાના વિદ્યાર્થી પઠાણ મહંમદઅદી વાસીમખાને ૯૭.૨૭ પીઆર, પઠાણ મોહમ્મદ હસનૈન યુસુફખાને ૯૪.૪૬ પીઆર, પઠાણ મહેંકબાનુ મોહસીનખાને ૯૪.૪૬ પીઆર, પઠાણ મોહમ્મદ ઝુબેર અઝીઝખાને ૯૨.૫૮ પીઆર, દીવાન માહેનુર મુઝફ્ફરશાએ ૯૧.૧૩ પીઆર, પઠાણ જુવેરિયાબાનુ અલેફખાને ૮૭.૫૩ પીઆર મેળવ્યા હતા.


# અંકલેશ્વરની જેનિથ હાઈસ્કૂલનું ધો. ૧૦નું ૭૬.૧૪ ટકા પરિણામ




પટેલ મોહસીન મુસ્તાક ૯૮.૪૫ પીઆર   હાંસોટી અઝબા ઉસ્માનગની ૯૬.૫૧ પીઆર   શેખ અયાન ગુલામ ઈલાહી ૯૪.૪૬ પીઆર

અંકલેશ્વર, તા.૧૫ તાજેતરમાં જાહેર થયેલા ધોરણ ૧૦ના પરિણામમાં અંકલેશ્વરની ઝેનિથ હાઈસ્કૂલે ૭૬.૭૪ % પરિણામ મેળવ્યું હતું. શાળાના વિદ્યાર્થી પટેલ મોહસીન મુસ્તાકે ૯૮.૪૫ પર્સન્ટાઈલ મેળવી પ્રથમ, હાંસોટી અઝબા ઉસ્માનગનીએ ૯૬.૫૧ પર્સન્ટાઈલ મેળવી દ્વિતીય અને શેખ અયાન ગુલામ ઈલાહીએ ૯૪.૪૬ પર્સન્ટાઈલ મેળવી તૃતીય ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યું છે. શાળા સંચાલક મંડળના પ્રમુખ સઉદ અહેમદ શેખ, માનદ મંત્રી જહાંગીરખાન પઠાણ, ચેરમેન ઈકબાલભાઈ પટેલ તથા સમગ્ર સંચાલક મંડળ પરિવારે વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને શુભકામનાઓ પાઠવી હતી.

# જામેઅ હિદાયત સ્કૂલ, હિંમતનગરનું SSCનું ૮૩ ટકા પરિણામ




હિંમતનગર, તા.૧૫ જામેઅ હિદાયત એજ્યુકેશન ટ્રસ્ટ, હિંમતનગર સંચાલિત જામેઅ હિદાયત સ્કૂલ, હિંમતનગરમાં વર્ષ ૨૦૨૩-૨૪ માર્ચ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર થયેલ પરિણામમાં શાળાના વિધાર્થીઓએ ઉચ્ચ સિદ્ધિ હાંસલ કરી શાળા, પરિવાર તથા સમાજનું ગૌરવ વધારેલ છે. આ શાળા એજ્યુકેશન ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી હાજી ફકીર મુહમ્મદ કડીવાલાએ આચાર્ય જાવિદહુસેન મેમન શાળા શિક્ષક ગણનો સફળતા મેળવવા બદલ આભાર વ્યક્ત કરી સ્ટાફને બીરદાવેલ છે. વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ કરી જીવનમાં ઉંચા મુકામ પ્રાપ્ત કરે એવી દુઆ આપી હતી. વધુમાં શાળાનું પરિણામ ૮૩ ટકા આવેલ છે.

## ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ ટીંટોઈ સંચાલિત
# ધી એમ.આર ટી.સી.એસ. ઘાંચી હાઈસ્કૂલનું એસ.એસ.સી.નું ૧૦૦ ટકા પરિણામ




મોડાસા, તા.૧૫ ધી મુસ્લિમ એજ્યુકેશન ટ્રસ્ટ ટીંટોઈ સંચાલિત ધી એમ.આર. ટી.સી. એસ. ઘાંચી હાઈસ્કૂલ ટીંટોઈનું ધો.૧૦નું ૧૦૦ ટકા પરિણામ આવેલ છે. શાળામાં પ્રથમ નંબર આવેલ દધાલીયાવાલા સફ્ફાન યુનુસભાઈ, દ્વિતીય નંબર બાંડી આલિયા ઈસ્માઈલભાઈ, તૃતીય નંબર ખેરાડા મસ્તુરા સરફરાજહુસેન એમ ત્રણેય વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ સાથે મળીને કેક કાપી ખુશી મનાવી હતી. પ્રથમ નંબરે આવેલ વિદ્યાર્થીએ સારૂં પરિણામ લાવી આપવા બદલ શાળા અને શિક્ષકોનો આભાર વ્યક્ત કર્યો. શાળાના આચાર્ય અને ટેલેન્ટ ટ્યુશન ક્લાસીસના સંચાલક શાહિદ લાલાભાઈ બાંડી દ્વારા તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને સંચાલક મંડળ અને શાળાના સ્ટાફગણનો આભાર વ્યક્ત કર્યો. સારૂં પરિણામ લાવેલ તમામ વિદ્યાર્થીઓ આગળના વર્ષોમાં ખૂબ પ્રગતિ કરે અને શાળા અને સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# ધી કરમાડ સાર્વજનિક હાઈસ્કૂલનું ધો. ૧૨નું ૯૦.૩૨ ટકા પરિણામ

કરમાડ, તા.૧૫ ધી કરમાડ સાર્વજનિક હાઈસ્કૂલ કરમાડ એચ.એસ.સી. બોર્ડ માર્ચ-૨૦૨૪માં લેવાયેલ પરીક્ષામાં શાળાનું પરિણામ ૯૦.૩૨ ટકા આવેલ છે અને જેમાં શાળાના પ્રથમ ક્રમે પટેલ સીમા અબ્દુર્રહીમ ૯૧.૮૮ પીઆર રેન્ક સાથે એ-૨ ગ્રેડ મેળવેલ છે. બીજા ક્રમે પટેલ જકીયા શબ્બીર ૮૯.૮૩ પીઆર રેન્ક સાથે બી૧ ગ્રેડ મેળવેલ છે. ત્રીજા ક્રમે પટેલ મારીયાબાનુ સાજીદ ૮૬.૪૨ પીઆર રેન્ક સાથે બી૧ ગ્રેડ મેળવી શાળા તથા ગામનું નામ જિલ્લામાં રોશન કરી ગૌરવ પ્રાપ્ત કરેલ છે.

# તળાજામાં પારિવારિક ઝઘડામાં છરી, ધોકા, પાઈપ વડે હુમલો : ત્રણ શખ્સોને ઈજા

ભાવનગર,તા.૧૫ તળાજાના હુડકો વિસ્તારમા રહેતા અને કુંભારવાડામા ચિકનનો વ્યવસાય કરતા શેખ પરિવારના બે ભાઈઓ અને તેના બહેન ઘરે હતા એ સમયે તળાજામા રહેતા સાઢુંભાઈ અને તેના ભાઈઓ સહિત કુલ છ વ્યક્તિએ મળી છરી ધોકા પાઈપ વડે હુમલો કરી લોહિયાળ ઈજા કર્યાની ઘટનાએ ચકચાર મચાવી દીધી હતી. બનાવની મળતી વિગતો મુજબ તળાજાના હુડકો વિસ્તારમાં રહેતા શેખ પરિવારના શાકિર સફિરભાઈ, સાજીદ સફિરભાઈ ફરજાનાબેન સફિરભાઈ ઘરે હતા એ સમયે તળાજાનાજ રહેવાસી સાદિકભાઈ અલીભાઈ, અકરમ, દાઉદભાઈ, સમીર ફિરોઝભાઈ, જાકિરભાઈ સાહિતનાએ છરી, ધોકા અને પાઈપ વડે હુમલો કર્યા હોવાનું ઈજાગ્રસ્ત શાકિરે પોલીસ ફરિયાદ કરતા જણાવ્યું હતું. હુમલાનું કારણ પારિવારીક ઝઘડો હોય પોતાના ભાઈના સાઢુંભાઈએ તેના પરિવારના સભ્યોને સાથે રાખી હુમલો કરેલ. જેમાં માથા, ગરદનના પાછળના ભાગે લોહિયાળ ઈજાઓ થવા પામી હતી. હુમલો કરનાર સમાન ઈરાદો પાર પાડીને નાસી ગયા હતા. જેની પોલીસે શોધખોળ હાથધરી હતી. ઘટનાસ્થળે પોલીસનો બંદોબસ્ત ગોઠવાયો હતો. પોલીસે જણાવ્યું હતું કે સામા પક્ષે પણ ઈજાઓ થઈ છે. તે લોકોએ અહીં તળાજામા ક્યાંય સારવાર લીધી ન હતી. પોલીસે રાત્રે ફરિયાદ લેવા જવાથી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હોવાનું જણાવ્યું હતું.

# બોટાદમાં સગીરાને મરવા મજબૂર કરનાર પિતા-પુત્ર સહિત ચાર સામે ફરિયાદ

## સગીરાના પિતાએ યુવકને ઠપકો આપતા લાગી આવતા તેણીએ ઝેરી દવા પી લેતાં સારવાર વેળા મોત નિપજ્યું હતું

બોટાદ, તા.૧૫ બોટાદ શહેરમાં ગત તા.૧૧ના રોજ સગીરાના પિતાએ યુવકના પિતાને ઠપકો આપતા બોલાચાલી થઈ હતી. જેથી યુવક તથા તેના પિતાએ સગીરા અને તેના પિતાને મારી નાખવાની ધમકી આપતાં સગીરાને લાગી આવતા ઝેરી દવા પીધી હતી. જેથી તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડેલ જ્યાં સગીરાનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. પોલીસે સગીરાને મરવા માટે મજબૂર કરનાર ચારેય શખ્સો વિરૂદ્ધ ગુનો નોંધી આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતા. બોટાદ શહેરનાં હરણકુઈ વિસ્તારમાં ચમન જકશીભાઈ શેખલીયા રહે છે અને તેઓ છૂટક મજૂરી કામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. વિપુલ ઘુઘાભાઈ જીલીયા નામનો યુવાન વારંવાર સગીરાના ઘર પાસે આંટાફેરા મારતો હતો. જેથી સગીરાના પિતાએ યુવકના પિતાને તેમના દિકરા વિશે ઠપકો આપ્યો હતો. જેથી યુવક તેમજ તેના પિતાએ સગીરાના પરીવાર સાથે બોલાચાલી કરીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી સગીરા ડરી ગઈ હતી અને તેને લાગી આવતા ગત તા.૧૧ના રોજ સગીરાએ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. તેણીને સારવાર માટે બોટાદની સબિહા હોસ્પિટલ ખસેડેલ, જ્યારે સગીરાના પિતાએ બોટાદ પોલીસમાં વિપુલ ઘુઘા જીલીયા, ઘુઘાભાઈ જીલીયા, રવજીભાઈ ગડાભાઈ, મફો રામુભાઈ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા, બોટાદ પોલીસે ચારેય શખસો વિરૂદ્ધ ૫૦૪, ૫૦૬ મુજબ ગુનો દાખલ કર્યો હતો. દરમિયાન ઝેરી દવા પી જનાર સગીરાનુ બોટાદની સબિહા હોસ્પિટલમાં સારવારમા ગઈકાલે તા.૧૪ મેના રોજ સાંજના મોત નીપજ્યું હતું. જેથી બોટાદ પોલીસે ચારેય શખસો વિરૂદ્ધ મરવા માટે મજબૂર કરવાની કલમ હેઠળ ગુનો નોંધી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વાવાઝોડાના પગલે ૨૦ કલાક જેટલો સમય વીજળી ગુલ થતાં રહીશોનો વીજ કચેરીએ હલ્લાબોલ

## અકોટા, તાંદલજા, સનફાર્મા અને વાસણા રોડ વિસ્તારના ૬૦ હજાર રહીશોએ ૨૦ કલાકથી વધુ સમય વીજ પુરવઠા વગર વિતાવ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫ સોમવારે વાવાઝોડા બાદ અકોટા, તાંદલજા રોડ, તાંદલજા ગામ, સનફાર્મા રોડ, વાસણા સહિતના વિસ્તારોમાં ૨૦ કલાકથી વધુ સમયથી વીજળી ગુલ થતાં અકોટા, તાંદલજા, સનફાર્મા અને વાસણા રોડ વિસ્તારના સ્થાનિક રહીશો દ્વારા વીજ કચેરીએ દ્વારા હલ્લાબોલ કરીને રજૂઆત કરવામાં આવી હતી. શહેરમાં સોમવારે વાવાઝોડા સાથેના વરસાદના પગલે અડધા શહેરમાં અંધારપટ છવાયા બાદ અકોટા, અટલાદરા, વાસણા અને કારેલીબાગના ૬૦ હજાર રહીશોએ ૧૪ કલાકથી વધુ સમય વીજ પુરવઠા વગર વિતાવી હતી. જેને કારણે રહીશોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જો કે વીજ કંપનીએ દાવો કર્યો કે, વહેલી સવાર સુધી મોટાભાગના ફીડરો ચાલુ કરી દેવાયા હતા પણ વીજ કંપનીને દિવસભર વીજળી ગુલ થવાની અનેક ફરિયાદો મળી હતી. સોમવારે વાવાઝોડા બાદ અકોટા, તાંદલજા ગામ, સનફાર્મા રોડ, વાસણા સહિતના વિસ્તારોમાં ૨૦ કલાકથી વધુ સમયથી વીજળી ગુલ થતાં શહેર કોંગ્રેસના આગેવાન અને એડવોકેટ અસફાક મલીકની આગેવાનીમાં અકોટા વીજ કચેરીએ લોકોએ હલ્લાબોલ કરીને રજૂઆત કરી હતી. જો કે રજૂઆત બાદ મોટાભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો પૂર્વવત થઈ ગયો હતો. અશફાક મલિકે જણાવ્યું હતું કે, તાંદલજા , સનફાર્મા અને વાસણા રોડ વિસ્તારમાં વાવાઝોડાના પગલે લાઈટો ગુલ થઈ જતાં ભારે હાલાકી ભોગવવી પડી હતી. વીજ કચેરીમાં ફોન કરવા છતાં કોઈ ફોન ઉપાડતું ના હતું અને ગરમીમાં લોકોને હેરાન થવાનો વારો આવ્યો હતો.

# જૂનાગઢની કોલેજના BSc-BBAના બે રૂમ પાર્ટનર અઠંગ અછોડાતોડ બન્યા : વડોદરામાં પકડાઈ ગયા

## વર્ષ ૨૦૧૪માં અભ્યાસ છોડી રાજકોટમાં બાઈક ચોરી અછોડા તોડવાનું શરૂ કર્યું હતું ત્યારબાદ જૂનાગઢ, રાજકોટ, કેશોદ, સુરત અને વડોદરામાં અછોડા તોડ્યા

(સંવાદદાતા દ્વારા)


વડોદરા, તા.૧૫ જૂનાગઢની કોલેજમાં બીએસસી અને બીબીએનો અભ્યાસ કરતા બે રૂમ પાર્ટનર અઠંગ અછોડાતોડ બની જતાં ફરી એક વાર પોલીસના હાથે પકડાઈ ગયા છે. વડોદરા પોલીસની તપાસ દરમિયાન અનેક સ્થળોએ અછોડા લૂંટનાર બંને મિત્રોએ વડોદરામાં પણ ત્રણ અછોડા લૂંટયાની વિગતો ખૂલી છે. આજવારોડ સરદાર એસ્ટેટ વિસ્તારની સોસાયટીમાં બાઈક પર બે યુવકો શકમંદ હાલતમાં ફરી રહ્યા હોવાની માહિતી મળતાં ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ આરજી જાડેજા અને પીઆઈ હેતલ તુવરની ટીમો જુદી-જુદી સોસાયટીઓમાં ફરી વળી હતી. જે દરમિયાન એક સોસાયટીમાંથી પોલીસને જોઈ ભાગવા જતા બે બાઈક સવારનો પોલીસે પીછો કરી બંનેને ઝડપી પાડ્યા હતા. તેમની મોટર સાઈકલ ચોરીની હોવાથી વધુ તપાસ કરાઈ હતી. પોલીસની તપાસમાં વૈભવ બાબુભાઈ જાદવ (ધ્રાબાવાડ,મારિયાહટિના,જૂનાગઢ) અને ભાવિન મનસુખભાઈ ચાંડયા (હસના વદર,વેરાવળ) જૂનાગઢની કોલેજમાં બીએસસી અને બીબીએનો અભ્યાસ કરતા હતા ત્યારે બંને રૂમ પાર્ટનરોએ વર્ષ-૨૦૧૪માં અભ્યાસ છોડી રાજકોટમાં મોટરસાઈકલ ચોરી કરી હતી અને અછોડા તોડવાનું શરૂ કર્યું હતું. તેમણે જૂનાગઢ, રાજકોટ, કેશોદ જેવા સ્થળોએ ૯ ગુના આચર્યા હતા. જ્યારે વૈભવે સુરત ખાતે જઈ બાઈક ચોરીને અછોડા તોડ્યા હોવાની વિગતો ખૂલી હતી. બંને મિત્રો અઢી મહિના પહેલાં ટ્રેનમાં સુરતથી વડોદરા આવ્યા હતા અને સમા વિસ્તારમાં ત્રણ તોલાનો અછોડો તોડયો હતો. ત્યારબાદ ૧૨ દિવસ પછી ફરી વડોદરા આવ્યા હતા અને બાઈક ચોરી સમામાં બે અછોડા લૂંટ્યા હતા. જેથી પોલીસે ત્રણ અછોડા, બે બાઈક અને બે મોબાઈલ કબજે કર્યા છે. વડોદરામાં અછોડા લૂંટનાર બંને મિત્રો રૂપિયા હાથમાં આવ્યા બાદ ગોવાની ટ્રીપ પર ઉપડી જતા હતા. પોલીસની પૂછપરછ દરમિયાન વૈભવ અને ભાવિન નામના કોલેજના બંને મિત્રોએ કબૂલ્યું હતું કે અઢી મહિના પહેલાં તેમણે વડોદરામાં પહેલીવાર સમા વિસ્તારમાંથી ત્રણ તોલાનો અછોડો તોડ્યો હતો. ત્યારબાદ તેઓ સોનુ વેચીને ગોવા ગયા હતા અને રૂપિયા વાપર્યા હતા. ૧૨ દિવસ બાદ તેઓ ફરી ટ્રેનમાં વડોદરા આવ્યા હતા અને ફરીથી બાઈક ચોરી સમા વિસ્તારમાંથી બે અછોડા લૂંટયા હતા. આ અછોડાના રૂપિયા પણ ગોવામાં મોજશોખમાં પુરા કર્યા હતા.

### વૈભવ સામે ૧૫ અને ભાવિન સામે ૧૦ ગુના

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે પકડેલા બે અછોડા તોડ પૈકી વૈભવ જાદવ સામે કુલ ૧૫ ગુના નોંધાયા હોવાની અને એકવાર પાસા હેઠળ જેલ પણ જઈ આવ્યો હોવાની તેમજ તેના મિત્ર ભાવિન ચાંડયા સામે ૧૦ ગુના નોંધાયા હોવાની પોલીસને માહિતી મળી છે.

# તેજસ્વી તારલા

## અંકલેશ્વર



અંકલેશ્વરમાં પી.પી. સવાણી શાળામાં ધો.૧૨ સાયન્સ સીબીએસઈમાં અભ્યાસ કરતા દાનીશ મોહંમદરફીક શેખ ૮૪.૦૨% સાથે ઉત્તીર્ણ થતાં શાળાનું તથા મુસ્લિમ સમાજનું નામ રોશન કર્યું હતું.

# ભાવનગર નકલી નોટ કૌભાંડમાં એક આરોપીના જામીન નામંજૂર

ભાવનગર, તા.૧૫ દેશના અર્થતંત્રને ખોખલુ કરવાના ઈરાદે રૂ.૫૦૦ના દરની ડુપ્લિકેટ નોટ ઘુસાડવાના કૌભાંડમાં સંડોવાયેલા એક આરોપીની જામીન અરજી નામંજૂર કરતા ન્યાયાધીશે ચૂકાદામાં નોંધ્યું હતું કે, આ ગંભીર પ્રકારનો આર્થિક ગુનો છે અને દેશના અર્થતંત્રને ખતમ કરવાની સાજીશ છે ત્યારે ગુનાની ગંભીરતાને જોતા અજદારની અરજી નામંજૂર કરવામાં આવે છે. આ નકલી નોટ કૌભાંડની વિગતો એવી છે કે, ગત તા.૧૧ જાન્યુઆરીના રોજ પોલીસે પૂર્વ બાતમીના આધારે વોંચ ગોઠવી તપ્નેશ્વર પ્લોટ ચોકી પાસેથી નૈતીક મોદી, તૌસીફ પરમાર, જયરાજસિંહ ગોહીલ નામના ત્રણ શખ્સોને નકલી નોટો સાથે ઝડપી પાડ્યા હતા. ત્રણેય આરોપીની ઝડતી લેતા નૈતિક પાસેથી ૩૪, જયરાજ પાસેથી ૮ તથા તૌસીફ પાસેથી ૨૦ ડુપ્લિકેટ નોટ મળી આવતાં પોલીસે ત્રણેયની ધરપકડ કરી હતી અને તેની પાસેથી રોકડ રકમ, મોબાઈલ ફોન તેમજ સ્કૂટર સહિત કુલ રૂા.૧,૧૬,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. તપાસ દરમિયાન વેરાવળમાં રહેતા શિવમ અપારનાથી નામના શખ્સે પણ એક લાખની ડુપ્લિકેટ નોટ મેળવી હોવાનું ખુલવા પામતા પોલીસે તેની પણ ધરપકડ કરી હતી. આ કૌભાંડમાં સંડોવાયેલા અને હાલ જેલમાં રહેલા આરોપી જયરાજસિંહ ગોહીલે જામીન અરજી મુકતા ન્યાયાધીશે બન્ને પક્ષની દલીલ સાંભળ્યા બાદ આ દેશના અર્થતંત્રને ખતમ કરી દેવાનો આર્થિક ગુનો હોય અરજદાર જયરાજસિંહ ગોહીલની જામીન અરજી નામંજૂર કરી હતી.

# ધી કરમાડ સાર્વજનિક હાઈસ્કૂલનું ધો.10નું 100 ટકા પરિણામ

કરમાડ, તા.૧૫ ધી કરમાડ સાર્વજનિક હાઈસ્કૂલ કરમાડ એસ.એસ.સી. બોર્ડ માર્ચ-૨૦૨૪માં લેવાયેલ પરીક્ષામાં શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે અને જેમાં શાળાના પ્રથમ ક્રમે પટેલ સુહેમા ગુલામમહંમદ ૯૪.૮૩ ટકા તથા ૯૯.૩૫ પીઆર રેન્ક સાથે એ-૧ ગ્રેડ મેળવી કરમાડ કેન્દ્રમાં પ્રથમ ક્રમ મેળવી ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. બીજા ક્રમે ભપ ફાતેમા સઈદ ૮૭.૬૬ ટકા તથા ૯૪.૨૯ પીઆર રેન્ક સાથે એર ગ્રેડ મેળવેલ છે. ત્રીજા ક્રમે પટેલ નોમાન ઈમ્તિયાઝ ૮૬.૮૩ ટકા તથા ૯૩.૪૫ પીઆર રેન્ક સાથે એર ગ્રેડ મેળવી શાળા તથા ગામનું નામ જિલ્લામાં રોશન કરી ગૌરવ પ્રાપ્ત કરેલ છે.

માર્ચ માસમાં કર્મચારીઓને જંગમ-સ્થાવર મિલકત જાહેર કરવા પરિપત્ર કરાયો હતો

# રાજ્ય સરકારના વર્ગ-૩ના કર્મચારીઓની પ્રોપર્ટી જાહેર કરવાની મુદતમાં વધારો

## સરકારે હવે રાહત આપતા ૧૫ જુલાઈની મુદત કરાઈ : કર્મચારીઓમાં પરિપત્રથી કચવાટ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૫

સરકારના વર્ગ-૩ના કર્મચારીઓને પણ તેમની મિલકતો જાહેર કરવી પડશે તેવો પરિપત્ર માર્ચ મહિનામાં જાહેર કરાયો હતો, જો કે હવે સરકારે આ અંગે વધુ એક પરિપત્ર જાહેર કરી તેમને પ્રોપર્ટી જાહેર કરવા મામલે રાહત આપી છે. સામાન્ય વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કર્યો છે કે સરકારી કર્મચારીઓને સ્થાવર મિલકત જાહેર કરવી પડશે, એ માટેની સમય મર્યાદામાં વધારો કરીને મુદ્દત ૧૫ જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે સરકારના આ પરિપત્રથી સરકારી કર્મીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. જેમાં સરકારે જાહેરાત કરી હતી કે હવેથી વર્ગ ૩ના કર્મચારીઓએ પણ પોતાની જંગમ અને સ્થાવર મિલકત જાહેર કરવી પડશે. સામાન્ય વહીવટ વિભાગે જાહેર કરેલા પરિપત્રમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે વર્ગ ૩ના કરાર આધારિત કર્મચારીઓએ પણ પોતાની સ્થાવર મિલકતો અને મિલકત દર વર્ષે જાહેર કરવી પડશે. ત્યારે હવે સામાન્ય વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કરીને સ્થાવર મિલકત જાહેર કરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. કર્મચારીઓ માટે મિલકત જાહેર કરવાની મુદત ૧૫ જુલાઈ સુધી લંબાવવામાં આવી છે. સાથે જ જણાવ્યું છે કે વર્ગ-૩ના કર્મચારીઓને ૨૦૨૩ના વર્ષની જ માહિતી આપવાની રહેશે. સાથે જ ફિક્સપગાર હેઠળના કર્મચારીઓને પણ વિગતો આપવા સૂચના આપવામાં આવી છે. રાજ્ય સરકારે અગાઉ વર્ગ ૩ના સરકારી કર્મચારીઓએ ૧૫ મે સુધીમાં પોતાની તમામ મિલકતો અને સ્થાવર મિલકતની વિગતો ઓનલાઈન ભરવા માટે પરિપત્રમાં સૂચના આપી હતી, જે હવે વધારીને ૧૫ જુલાઈ કરી દીધી છે. માહિતી અનુસાર, રાજ્ય સરકારમાં ક્લાસ ૧ અને ૨ના અધિકારીઓએ દર વર્ષે પોતાની મિલકત જાહેર કરવી પડે છે. જો કોઈ કર્મચારી આ મહિતી આપી શકતો નથી તો સરકાર પગાર અટકાવી શકે છે. આ સિવાય પણ સરકાર યોગ્ય પગલાં લઈ શકે છે. પગાર સિવાયની બેનામી આવક પર સકંજો કસવા માટે સરકાર દ્વારા આ પગલાં લેવામાં આવે છે, ત્યારે હવે ક્લાસ ૧થી ૩ના અધિકારીઓએ તેમની સ્થાવર મિલકત જાહેર કરવી પડશે.

રાજ્ય સરકારના વર્ગ ૧થી વર્ગ ૩ ના કર્મચારીઓની વર્ષ દરમિયાન જંગમ મિલકતમાં થયેલા ફેરબદલની પણ નોંધ કરવી પડશે. સરકારના આ નિર્ણય સામે કર્મચારીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે.

એશિયાટિક સિંહને વનવિસ્તાર ઓછો પડતો હોય તેમ માનવ વિસ્તારમાં આંટાફેરા જારી

# ધારી પંથકમાં રસ્તા પર ૧૪થી વધુ સિંહોનું ટોળું લટાર મારતા જોવા મળ્યું

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૫

એશિયાટિક સિંહ ગુજરાત અને ગીરની શાન છે, છેલ્લા ઘણા સમયથી ગીરના સિંહો જેણે વનવિસ્તાર ઓછો પડતો હોય તેમ માનવ વસ્તીના વિસ્તારમાં આંટાફેરા મારવા આવતા હોવાના બનાવો બની રહ્યા છે. અવાર નવાર તેઓ ગીર સહિતના આસપાસના વિસ્તારોમાં ઘૂસી આવે છે. આવા જ અદભૂત દૃશ્યો અમરેલીના ધારીથી સામે આવ્યા છે. અમરેલીમાં 'સિંહના ટોળા ના હોય' કહેવત ખોટી સાબીત થતી જોવા મળી છે. હોય તેમ અમરેલીમાં આવો સિંહ પરિવારના આંટા મારતો એક વીડિયો સામે આવ્યો છે. આવા અદભૂત દૃશ્યો



## સિંહ પરિવારના માર્ગો પર લટાર મારવાનો વાયરલ વીડિયો લોકોમાં પ્રિય

અમરેલી જિલ્લાના ધારીથી સામે આવ્યા છે. જેમાં એક સાથે ૧૪થી વધુ સિંહનું ટોળું રસ્તા પરથી પસાર થતુ જોવા મળી રહ્યું છે. સિંહ પરિવારમાં સિંહ, સિંહણ અને સિંહબાળ રસ્તા પરથી લટાર મારતા જોવા મળી રહ્યા છે. આ દૃશ્યો રાહદારીએ કેમેરામાં કેદ કર્યા હતા. આ રાતના દૃશ્યો છે. હાલ સિંહ પરિવારનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

સ્ટિંગ ઓપરેશન દ્વારા ઠગાઈ

# અમેરિકામાં ગુજરાતી મહિલા પર લાગ્યો કરોડોની છેતરપિંડીનો કેસ

## ફ્લોરિડામાં પોલીસે શ્વેતા પટેલ નામની ગુજરાતી મહિલાની ધરપકડ કરી

અમદાવાદ, તા.૧૫

અમેરિકાના ફ્લોરિડામાં પોલીસે દોઢ મિલિયન ડોલર (રૂ. ૧.૨૫ કરોડ)ની છેતરપિંડીના કેસમાં શ્વેતા પટેલ (૪૨) નામની ગુજરાતી મહિલાની ધરપકડ કરી છે. આ કેસની તપાસ કરનાર પોલીસ અધિકારી જિમ કુરુલાનાના જણાવ્યા અનુસાર, પીડિતાના ઘરે આવેલા બે નકલી એજન્ટોએ શંકા ટાળવા માટે તેમના સુપરવાઈઝરને બોલાવવાનું નાટક કર્યું હતું. બનાવટી ફેડરલ એજન્ટની નકલી સુપરવાઈઝર તરીકે બોલતી એક મહિલાએ ચર્ચા કરી કે જો પીડિત જેલમાં જવા ન માંગતા હોય તો તેઓ શું કરી શકે. ત્યારબાદ તે જ મહિલા દ્વારા પીડિતાને દિવસમાં બે થી ત્રણ વખત ફોન કરવામાં આવ્યો હતો, જેણે પીડિતાને ખાતરી આપી હતી કે તે સામાજિક સુરક્ષા કૌભાંડ કરનારા લોકોને પકડવામાં પોલીસને મદદ કરી શકશે. આ માટે છેતરપિંડી કરનાર ટોળકીએ 'ફેક સ્ટિંગ ઓપરેશન'ની સ્ટોરી બનાવી અને પીડિતા પાસેથી ૧૫ મિલિયન ડોલરનું સોનું ખરીદ્યું અને અલગ-અલગ જગ્યાએ તેમના માણસો પાસેથી સોનું પણ ભેગું કર્યું ફેડરલ એજન્ટો અને જે લોકોને તે સોનું પહોંચાડી રહ્યો હતો તેઓ સ્ટિંગ ઓપરેશન કરી રહ્યા હતા. જોકે વાસ્તવમાં એવું કંઈ નહોતું. પોલીસની મદદના બહાને ઠગ ટોળકી પીડિતાને છેતરતી હતી. પીડિતાના નિવૃત્તિ ફંડમાંથી આ સોનું ખરીદવામાં આવ્યું હતું, જે પીડિતા ફ્રોડ ગેંગના લોકોને આપતી હતી. પીડિતને ખાતરી આપવામાં આવી હતી કે તેઓને પૈસા પાછા મળશે, પરંતુ છેતરપિંડી કરનાર ટોળકીએ ઈ૧.૫ મિલિયનનું સોનું એકત્ર કર્યા પછી પીડિતાનો સંપર્ક કરવાનું બંધ કરી દીધું. ત્યારબાદ તેને શંકા ગઈ અને તેણે પોલીસને જાણ કરી. ફરિયાદ મળ્યા પછી, પોલીસે પીડિતાએ જ્યાં સોનું આપ્યું હતું તે સ્થળોના સર્વેલન્સ ફૂટેજની તપાસ કરી. કોર્ટમાં દાખલ કરાયેલી એફિડેવિટ મુજબ, પોલીસે પીડિતા પાસેથી સોનું એકત્રિત કરવા માટે ઉપયોગમાં લેવાતી કારને ટ્રેસ કરી હતી અને તેની તપાસ દરમિયાન શ્વેતા પટેલનું નામ સામે આવ્યું હતું.

જ્યોર્જિયામાં રહેતી શ્વેતા પટેલે તેની ધરપકડ બાદ પોલીસને જણાવ્યું હતું કે આ કેસમાં તેનું કામ માત્ર બેગ ઉપાડવાનું છે અને કિંગ નામનો વ્યક્તિ તેને આ કામ માટે સૂચના આપતો હતો. શ્વેતાએ એ પણ કબૂલાત કરી હતી કે થોડા દિવસો પહેલા તેણે નોર્થ કેરોલિનાના એક વૃદ્ધ પાસેથી ૨૫ હજાર ડોલર પડાવી લીધા હતા. આ કેસમાં પોલીસે અત્યાર સુધી ધરપકડ કરાયેલી એકમાત્ર આરોપી શ્વેતા પટેલ પર એક લાખ ડોલરથી વધુની ચોરીનો આરોપ લગાવ્યો છે. શ્વેતા પટેલ સામેના આરોપો એ ફર્સ્ટ-ડિગ્રીનો ગુનો છે, જે દોષિત ઠરે તો ૩૦ વર્ષ સુધીની જેલ અને ઈ૧૦,૦૦૦નો દંડ થઈ શકે છે. પોલીસને આશંકા છે કે આ રેકેટ અમેરિકાના અલગ-અલગ રાજ્યોમાંથી ચલાવવામાં આવી રહ્યું હોવાની સંભાવના છે.

'લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે' જેવો ઘાટ

# નિવૃત CAને ગઠિયાઓએ શેરબજારમાં રોકાણ કરાવી રૂા.૧.૯૭ કરોડનો ચૂનો લગાડ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

કહેવાય છે કે, 'લોભે લક્ષણ જાય' અને લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે આ કહેવાતોને સાચી સાબિત કરતો એક કિસ્સો અમદાવાદમાં સામે આવ્યો છે. શહેરમાં એક નિવૃત્ત ચાર્ટડ એકાઉન્ટન્ટને કેટલાક ગઠિયાઓએ શેરબજારમા રોકાણ કરાવી મોટા નફાની લાલચ આપી હતી. જેથી નફાની લાલચે આ નિવૃત્ત ચાર્ટડ એકાઉન્ટન્ટે શેરબજારમાં ૧.૯૭ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. જેની સામે તેમને પાંચ કરોડ રૂપિયાનો પ્રોફિટ પણ બતાવાયો હતો. જ્યારે તેમણે આ રકમમાંથી ૧.૭૧ કરોડની રકમ ઉપાડવાની વાત કરી હતી ત્યારે તેમને આ રકમ પર ટેક્સ ભરવો પડશે તેમ કહેવામાં આવ્યું હતું. ત્યારે ૧૮.૭૦ લાખનો ટેક્સ ભર્યા પછી પણ તેમની રકમ નહીં ઉપડતાં તેમની સાથે ઠગાઈ થઈ હોવાનું લાગતા તેમણે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના વાસણામાં રહેતા મધુકાન્ત પટેલ ચાર્ટડ એકાઉન્ટન્ટ છે અને હાલમાં નિવૃત્ત જીવન ગુજારે છે. તેમણે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગત ફેબ્રુઆરી માસના પહેલા સપ્તાહમાં તેમના મોબાઈલ પર અજાણ્યા નંબરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. જેમાં મેસેજ કરનારે પોતાની ઓળખ સુનિલ સિંઘાનિયા તરીકે આપી હતી. તે પોતે કરણવીર ધિલોનનો આસિસ્ટન્ટ હોવાનું જણાવ્યું હતું. ત્યાર બાદ તેને મધુકાંતભાઈને એક વોટ્સએપ ગ્રુપમાં જોડાવાની લિંક આપી હતી. તેમને શેરબજારમાં રસ હોવાથી તેઓ ગ્રુપમાં જોડાયા હતાં. આ ગ્રુપમાં શેરબજારની અલગ-અલગ પ્રકારની ટીપ્સ આપવામાં આવતી હતી અને વીડિયો કોલ દ્વારા પણ માહિતી આપવામાં આવતી હતી. સુનિલના કહેવાથી ૧ કરોડ ૯૭ લાખ ૪૦ હજાર રૂપિયા શેર ખરીદ વેચાણ માટે ભર્યા હતાં. જેમાં તેમણે સૌથી મોટી રકમ ૧ કરોડ ૬ લાખ રૂપિયા ભર્યા હતી. ત્યારબાદ સુનીલે તેમને પૈસા વિડ્રો કરવા દીધા નહોતા. તેમની પાસે ટોટલ એસેટની એક ટકા રકમ ભરવા જણાવતો હતો. જેથી મધુકાંત પટેલને આ વસ્તુ અજુકતી લાગતી હોવાથી અને આવી કોઇ પ્રોસેસ શેર વેચાણના નાણા મેળવવામાં કરવાની હોતી નથી તેવો ખ્યાલ આવતાં. સુનીલ અને વેબસાઈટ ખોટી હોવાનું જણાયું હતું. જેથી મધુકાંત પટેલે સુનિલ સિંઘાનિયાએ તેમની સાથે ૧.૯૭ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમમાં નોંધાવી છે.

# જૂનાગઢના વિલીંગ્ડન ડેમના કિનારે એક સાથે ૮ સિંહોએ પડાવ નાંખતા લોકોમાં રોમાંચ

## સિંહ પરિવારને નિહાળવા લોકો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા : સિંહ પરિવારને કેમેરામાં કેદ કર્યા

જૂનાગઢ શહેરમાં જંગલ નજીક આવેલા વિસ્તારોમાં અવાર-નવાર સિંહ પરિવાર દેખા દેતો હોય છે. ક્યારેક એક, ક્યારેક બે તો ક્યારેક ત્રણની સંખ્યામાં સિંહો જોવા મળે છે. પરંતુ ગઈકાલે જૂનાગઢના વિલીંગ્ડન ડેમના કિનારે ભાગ્યે જ બનતી ઘટના બનવા પામી હતી. સાંજના પાંચેક વાગ્યાના અરસામાં એક સાથે ૮ સિંહોએ પડાવ નાંખ્યો હતો. સિટી ગ્રુપના નામે ઓળખાતા આ સિંહોને નિહાળવા માટે લોકો એકઠા થયા હતા અને સિંહ દર્શનનો લાભ લીધો હતો. ઉનાળાનો આકરો તાપ અને સખત ગરમીને લઈને એક તરફ જનજીવન ત્રાહિમામ પોકારી ઉઠે છે તો બીજી તરફ વન્ય પ્રાણીઓને પણ ભારે તકલીફ પડતી હોય છે. વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં તેમજ સાસણ ખાતે પણ પાણીનો સ્ત્રોત ઊભા કરવામાં આવેલ છે અને પાણીની વ્યવસ્થા થતી હોય છે. દરમ્યાન જૂનાગઢ નજીક આવેલા જંગલ વિસ્તારમાંથી રેવન્યુ વિસ્તાર તરફ આવતા સિટી ગ્રુપ તરીકે ઓળખાતા સિંહનો પરિવાર વિલીંગ્ડન ડેમના કિનારે, દાતારની સીડી, ભવનાથ વિસ્તાર ઉપરાંત ધરારનગર નજીક જંગલ વિસ્તાર, બીલખા રોડ સહિતના વિસ્તારમાં અવાર-નવાર જોવા મળે છે. દરમ્યાન ગઈકાલે સાંજના પાંચ કલાકના આસપાસ સિટી ગ્રુપનો સિંહ પરિવાર ડેમના કિનારે વિહરતો જોવા મળ્યો હતો અને સિંહ પરિવારને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો આવી પહોંચ્યા હતા. આ સિંહ પરિવારને કેમેરામાં કેદ પણ કરવામાં આવ્યા હતા. ઉનાળામાં ઠંડક અને પાણીની તરસ છીપાવવા માટે આવતા આ સિંહો અવારનવાર દેખા દેતો હોય છે અને સાંજે સૂર્યાસ્ત થયા બાદ નજીકના જંગલ વિસ્તારમાં પરત જતા રહે છે.

ખુદામે હુજ્જાજ કમિટી દ્વારા

## સરખેજ દરગાહ ખાતે હજ તરબિયતનો કાર્યક્રમ યોજાયો




અમદાવાદ, તા.૧૫

ખુદામે હુજ્જાજ કમિટી દ્વારા આયોજિત હજ તરબિયતના પ્રોગ્રામનો સરખેજ રોજા મસ્જિદ, સરખેજ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૫૦થી વધુ હાજીઓએ ભાગ લીધો હતો. હજ દરમિયાન પડતી શારીરિક તકલીફો, અડચણ અને હાજીઓની કાર્યક્ષમતા વધારવાના હેતુથી ઉમાહ ફિઝિયોથેરાપિસ્ટસ એસોસિએશન (UPTA) દ્વારા નિઃશુલ્ક પ્રિ.હજ ફિટનેસ તાલીમ કાર્યક્રમમાં ઈસ્લામી ભાઈઓ માટે ડૉ. સોહેલ કાદરી (પ્રેસિડન્ટ UPTA) અને ઈસ્લામી બહેનો માટે ડૉ. સાલેહા મેમણ, ડૉ. આયેશા મન્સુરી અને ડૉ. અસ્મા વોરા (કારોબારી સભ્ય) દ્વારા સંચાલન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામને સફળ બનાવવા માટે હાજી નિશાર અહેમદ અને ખુદામે હુજ્જાજ કમિટીના તમામ જિમ્મેદારોએ અથાગ પ્રયત્નો કર્યા હતા. UPTA સંલગ્ન ક્લિનિકમાં કેમ્પથી લઈ હજમાં જાય ત્યાં સુધી આ પ્રોગ્રામ નિઃશુલ્ક એવું UPTAના પ્રેસિડેન્ટ ડૉ. સોહેલ કાદરીએ એક અખબાર યાદીમાં જણાવ્યું હતું.

## રાયખડમાં દીવાલ ધરાશાયી થતાં ત્રણને ઈજા



શહેરમાં અનેક સ્થળોએ અવારનવાર જૂની ઈમારતોના સ્લેબ તૂટી પડવાની તથા દીવાલો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવે છે. ત્યારે શહેરના રાયખડ વિસ્તારમાં આવેલ પ્રસાદ મિલમાં એક મકાનની દીવાલનો ભાગ તેમજ સ્લેબ તૂટી પડતાં આસપાસ ઊભેલા ત્રણ લોકોને ઈજા થઈ હતી. જ્યારે કેટલાક વાહનોને પણ નુકસાન થયું હતું. વાહનો દીવાલના કાટમાળ નીચે દબાઈ ગયા હતા. જો કે, કોઈ જાનહાનિના સમાચાર સાંપડ્યા નથી.

નાંદોદના પોઈચા ગામ નજીક

# નર્મદા નદીમાં ન્હાવા જતા મોતને ભેટેલ છ માસૂમો સહિત ૭નાં મોત માટે જવાબદાર કોણ ?

## જિલ્લાનું વહીવટી તંત્ર કે રેતી ખનન ? રેત માફિયાઓ સામે તંત્રના અધિકારીઓ કાર્યવાહી કરશે ખરા ?

રાજપીપળા, તા.૧૫

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઈચા ગામ નજીક આવેલ નર્મદા નદીમા ૬ માસુમો સહિત ૭ વ્યક્તિઓના ડૂબી જવાની ગોઝારી ઘટના સામે આવી છે. ત્યારે માસૂમ બાળકો મોતને ભેટ્યા છે અને પરિવાર એ પોતાના બાળકોને ગુમાવ્યા છે ત્યારે આખરે જવાબદાર કોને ઠરાવવા બેરોકટોક રાત દિવસ થતાં રેતી ખનન ? કે પછી જિલ્લા વહીવટી તંત્રને ? નર્મદા જિલ્લાના પોઇચા નર્મદા નદીના કિનારે રેતી માફીયાઓ દ્વારા રાત-દિવસ ગેરકાયદેસર રીતે રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. જેના કારણે ઊંડા-ઊંડા ખાડા પડી ગયા છે. જેને બહારથી ફરવા આવતા પ્રવાસીઓને ખબર હોતી નથી જેના કારણે આવી હોનારતો સર્જાય છે. જેમાં કેટલાય નિર્દોષ લોકોને પોતાના જીવ ગુમાવવો પડતો હોય છે. ત્યારે નીતિ નિયમોને નેવે મૂકીને ગેરકાયદેસર રીતે રેતી ખનન કરનાર ભુમાફીયાઓને કોણ પ્રોત્સાહન પૂરું પાડી રહ્યું છે. તે પણ એક તપાસનો વિષય બની ગયો છે. તા.૧૪/૦૫/૨૦૨૪ ના રોજ ૬ માસુમ બાળકો સહિત ૭ વ્યક્તિઓના ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. આ પ્રકારના મસ મોટા ખાડાઓને કારણે લોકો મોતને ભેટી રહ્યાં છે. તેવામાં જવાબદાર કોને ઠરાવવા તે પણ પ્રશ્ન બની ગયો છે. રેતી માફીયાઓ ખુલ્લેઆમ નીતિ નિયમોના ધજાગરા ઉડાડવામાં આવી રહ્યા છે. તેમ છતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા રેતી માફીયાઓ સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે અધિકારીઓની કામગીરી પણ શંકા ઉપજાવે તેવી જોવા મળી રહી છે.

### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પોઈચા ઘાટ પર નાવડી ચલાવવા પરવાનગી અપાશે ?

વડોદરા જિલ્લા તંત્ર દ્વારા શરતોને આધીન ચાણોદ ઘાટ ઉપર નાવડીઓ ચલાવવા પરવાનગી આપવામાં આવી છે. ત્યારે નર્મદા જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા પણ આ રીતે પોઇચા ઘાટ ઉપર નાવડી ચલાવવા પરમિશન આપવામાં આવે તો આવી બનતી ઘટનાને અટકાવી શકાય.

### મોટા-મોટા ખાડાઓને કારણે બાળકો સહિત ૭ જણા ડૂબી ગયા હતા

મૃતકના પરિવાર જનો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં છે કે, જે જગ્યાએ મૃતકો ડૂબી ગયા હતા, તે જગ્યાએ મોટા ખાડાઓ હોવાના કારણે આવી ગોઝારી ઘટના બની છે. તેમજ કેટલાક રેતી માફીયાઓ દ્વારા અહીં મોટા ખાડાઓ કરી દીધા હોવાના કારણે અહીં સાત જેટલા વ્યક્તિઓના ડૂબી જવાના કારણે મોત નીપજ્યા છે. તેવા આક્ષેપો કરવામાં આવ્યા છે. ત્યારે બીજી તરફ નર્મદા ખાણ ખનીજ વિભાગ દ્વારા માહિતી વિભાગને એક ખુલાસો અને સ્પષ્ટતા બાબતે વિગત આપવામાં આવી હતી, જેમાં જણાવ્યા અનુસાર નાંદોદ તાલુકાના પોઇચા ખાતે નર્મદા નદીમાં ત્રિવેણી સંગમ તરીકે ઓળખાતા સ્થળ ઉપર નાહવા ગયેલ સાત વ્યક્તિઓ ડૂબી જવાની ઘટનામાં ઘટના સ્થળ ઉપર કોઈપણ લીઝ આવેલ નથી તેમજ ત્રિવેણી સંગમથી ઉપરવાસમાં એકાદ કિલોમીટર દૂર સાદી રેતી અને ગ્રેવલ્સની ત્રણ લીઝ સરકારના નિયમો અનુસાર કાર્યરત છે. જેવો ખુલાસો નર્મદા જિલ્લા ભૂસ્તર વિભાગ દ્વારા આપવામાં આવ્યો છે. ત્યારે પ્રશ્ન અહીં એ થાય છે કે સાત જેટલા લોકોના પાણીમાં ડૂબી જવાથી મોત થયાં છે ત્યારે જવાબદાર કોણ...?

પાણીની પાઈપલાઈનની કામગીરી વેળા સામે આવ્યું સત્ય

# જાહેરમાં ઝેરી કેમિકલ યુક્ત પાણી છોડતી GIC કંપની સામે ફરિયાદ બાદ તપાસ શરૂ

## વટવા GIDCમાં આવેલી કંપની પર્યાવરણને નુકસાન પહોંચાડી રહી હતી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

વટવા GIDCમાં આવેલી કેમિકલ કંપની હાથીજણ પાસે એસિડિક કેમિકલયુક્ત પાણી જાહેરમાં છોડીને પર્યાવરણને નુકસાન પહોંચાડી રહી હતી. ચોંકાવનારી વાત એ છે કે AMC હાથીજણ નજીક વિંઝોલ રેલવે બ્રિજ પાસે પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી કરી રહી હતી. તેમાંથી ભૂગર્ભ પાઈપ મળી આવ્યો હતો. જેથી AMCના અધિકારીઓએ GPCBને જાણ કરી હતી અને તપાસ બાદ જાણવા મળ્યું હતું કે, આ ઝેરી કેમિકલ GIC કંપની દ્વારા કેનાલમાં ઠાલવવામાં આવી રહ્યું છે. કંપની દ્વારા એસિડિક કેમિકલયુક્ત પાણી છોડીને પર્યાવરણને નુકસાન થતું હોવાથી પ્રદૂષણ પોલ્યુશન કંટ્રોલના એન્જિનિયરે વટવા GIDC પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આયોજનગર નજીક વટવા, વિંઝોલ ખાતે રહેતા અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડમાં આસિસ્ટન્ટ એન્વાયરમેન્ટલ એન્જિનિયર તરીકે કામ કરતા ૨૯ વર્ષીય સુભમ સોનાવાડિયાએ ડાયોપ્રિન્ટ ગુજરાત પ્રાઈવેટ લિમિટેડના અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણીની પાઈપલાઈન નાખવામાં આવી રહી હતી. આ દરમિયાન એક ભૂગર્ભ પાઈપ મળી આવ્યો હતો. જેથી તેને AMC દ્વારા જાણ કરવામાં આવી હતી. જેથી તે તુરંત જ ટીમ સાથે આવી પહોંચ્યો હતો અને જોયું તો ત્યાં અંડરગ્રાઉન્ડ પાઈપ હતો. તે પાઈપ લીકેજ હોવાથી તેનું pH બદલાશે. પેપર તપાસતાં એસિડિક કેમિકલ મળી આવ્યું હતું. આ પછી તેને JCB મશીન વડે ખોદવામાં આવ્યું અને પછી ખારીકટ કેનાલ તરફ લઈ જવામાં આવ્યું. બાદમાં પાઈપની તપાસ કરતાં આ કેમિકલ ડીઓપ્રિન્ટ ગુજરાત પ્રાઈવેટ લિમિટેડમાંથી આવતું હોવાનું જણાયું હતું. આ ઝેરી કેમિકલના કારણે અનેક લોકો અને પર્યાવરણને નુકસાન થતું હોવાથી પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ઈજનેરે કંપનીના અધિકારીઓ સામે ફરિયાદ નોંધાવી હતી. વટવા જીઆઈડીસી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ચેક રિટર્ન થતાં થયો છેતરાયાનો અહેસાસ

# ગાંધીનગરમાં મિત્રતા કેળવીને ૫૫.૫૦ લાખની છેતરપિંડી કરી

## ધંધાર્થે લીધેલા પૈસા વાયદા મુજબ પાછા ન આપી ચેક આપ્યો હતો

અમદાવાદ, તા.૧૫ : રાજ્યભરમાં લોકોને વિશ્વાસમાં કેળવી છેતરપિંડી આચરવામાં આવતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવી ચૂક્યા છે, ત્યારે હવે આ જ પ્રકારનો એક કેસ પાટનગર ગાંધીનગરમાંથી સામે આવ્યો છે. મળતી માહિતી મુજબ, રાજ્યમાં પાટનગર એવા ગાંધીનગર સ્થિત સેક્ટર ૨૯મા રહેતા એક વ્યક્તિ સાથે આવો બનાવ બન્યો છે, જેમાં બિલ્ડરના પાડોશીના સંબંધીએ બિલ્ડર સાથે મિત્રતા કેળવીને ધંધા માટે રૂપિયાની જરૂરિયાત હોવાનું કહ્યું હતું અને ૫૭.૫૦ લાખ રૂપિયા લીધા હતા, પરંતુ ત્યારબાદ જ્યારે પરત આપવાના આવ્યા ત્યારે રૂપિયા પરત નહીં કરીને આપેલા ચેક રિટર્ન થતા આખરે બિલ્ડરને છેતરાયાનો અહેસાસ થયો હતો અને આ મામલે સેક્ટર ૨૧ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરના સેક્ટર ૨૯માં રહેતા સાજીદભાઈ ઈકબાલભાઈ પરમાર બિલ્ડર તરીકે કામ કરે છે જેમની પાડોશમાં રહેતા ઈશાકભાઇ કલીમભાઇ શેખના સંબંધી અમદાવાદ નારોલ વટવા રોડ ઉપર હીર પાર્ક સોસાયટીમાં રહેતા અબ્દુલઅઝીમ અબ્દુલઅઝીજ શેખ ઘરે આવતા જતા હતા.

પાડોશીનાં સંબંધીનાં નાતે સાજીદભાઈને અબ્દુલઅઝીમ સાથે મિત્રતા થઈ હતી. ત્યારબાદ અબ્દુલઅઝીમ વ્યવસાયના કામ અર્થે સાજીદભાઈ પાસે જરૂરિયાત પડતા ઉછીના રૂપિયા રોકડમાં અવાર-નવાર લઇ જતો હતો. ત્યારે ડિસેમ્બર ૨૦૨૦માં પણ અબ્દુલઅઝીમને પૈસાની જરૂર હોવાથી સાજીદભાઈનાં ઘરે ઈશાકભાઈ કલીમભાઇ શેખ, મિત્ર સત્તારભાઇ અબ્દુલભાઇ વોરાને સાથે લઇ ગયો હતો અને ધંધા માટે આકસ્મિક ૫૭.૫૦ લાખ રૂપિયાની જરૂરિયાત હોવાનું કહ્યું હતું.

જો કે, અગાઉ રૂપિયા લઈને પરત આપતો હોવાથી તેમને તેની ઉપર વિશ્વાસ આવ્યો હતો અને ત્યારબાદ આરટીજીએસ મારફતે રૂા.૫૭.૫૦ લાખ આપ્યા હતા. જે રૂપિયા વાયદા મુજબ નિયત સમયમાં પરત નહીં મળતા સાજીદભાઈએ વારંવાર ઉઘરાણી કરી હતી. જેનાં પગલે અબ્દુલઅઝીમે બે લાખ પરત કરી બાકીના રૂા.૫૫.૫૦ લાખનો ચેક આપ્યો હતો. જો કે, તે ચેક પરત ફર્યો હતો અને બાદમાં આપવામાં આવેલા અન્ય બે ચેક પણ રિટર્ન થયા હતા. જેથી તેમણે ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ કરી હતી. આખરે કંટાળીને છેતરાયાનો અહેસાસ થતાં સેક્ટર ૨૧ પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ આપી હતી.

# ઈઝરાયેલ ત્રીજા દેશ મારફતે તુર્કીમાંથી માલ આયાત કરવા માંગે છે

(એજન્સી) તા.૧૫




તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્ડોગને તેલ અવીવ સાથેના વેપારને રોકવાનો નિર્ણય લેતાં, ઈઝરાયેલી આયાતકારોએ ત્રીજા દેશ દ્વારા પ્રતિબંધોને દૂર કરવાના માર્ગો શોધવાનું શરૂ કર્યું છે. અહેવાલ અનુસાર, પ્રતિબંધોને દૂર કરવાના ઉપાયમાં યુરોપિયન દેશો દ્વારા ઉત્પાદનોનું પરિવહન કરવાનો સૂચવવામાં આવ્યુ છે. ઈઝરાયેલી શિપિંગ કંપની iShip ફોરવર્ડિંગે એક નવો લોજિસ્ટિકલ માર્ગ સ્થાપિત કરીને પ્રતિબંધને બાયપાસ કરવા માટે એક નવો ઉપાય સૂચવ્યું હતું, જેમાં ટર્કિશ ઉત્પાદનોને સૌ પ્રથમ ત્રીજા દેશોમાં મોકલવામાં આવશે અને ત્યાંથી ઈઝરાયેલમાં પરિવહન કરવામાં આવે છે. આ સોલ્યુશન તુર્કીના ઉત્પાદકોને પ્રતિબંધનું ઉલ્લંઘન કર્યા વિના અને ઉત્પાદનો ઈઝરાયેલ સુધી પહોંચે છે તેની જાણ કર્યા વિના ઈઝરાયેલને માલસામાનની સપ્લાય ચાલુ રાખવાની મંજૂરી આપે છે. શિપિંગ કંપનીએ ચોક્કસ ત્રીજા દેશને શિપમેન્ટ ક્યાંથી પસાર થાય છે તે જાહેર કરવાનો ઈનકાર કર્યો છે, પરંતુ ઈઝરાયેલી અખબારે અન્ય લોકોમાં બલ્ગેરિયા અને રોમાનિયાનો ઉલ્લેખ કર્યો છે. આ ટ્રાન્ઝિટ શિપમેન્ટ પર વધારાના ખર્ચ કરશે પરંતુ માલના સતત પ્રવાહને સુનિશ્ચિત કરે છે. એર્દોગને ગયા મહિને જાહેરાત કરી હતી કે, ગાઝા અને પેલેસ્ટીનના વિનાશને કારણે તુર્કીએ ઈઝરાયેલ સાથેના તમામ વેપાર સંબંધોનો અંત લાવી દીધો છે.

# ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીની ઈઝરાયેલ દ્વારા ગાઝામાં કરાયેલી હત્યા બાદ પરિવાર આઘાતમાં

(એજન્સી) થાણે, તા.૧૫

ગાઝાના દક્ષિણી વિસ્તારમાં ઈઝરાયેલના હુમલામાં ભારતના પૂર્વ સૈનિક કર્નલ વૈભવ કાલેનું મૃત્યુ થયું. ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગાઝામાં યુદ્ધ વચ્ચે આ પહેલી ઘટના છે જ્યારે કોઈ ભારતીયને જીવ ગુમાવવો પડ્યો છે. આ ઘટનાને લઈને ભારતે ચિંતા પણ વ્યક્ત કરી છે. વૈભવ કાલેના મૃતદેહને ભારત લાવવાની તૈયાર થઈ રહી છે. આ વચ્ચે સંયુક્ત રાષ્ટ્ર (UN)એ મહત્ત્વના ખુલાસા કર્યા છે, જેનાથી આ ઘટનામાં ઈઝરાયેલની સેનાની ભૂલ નજરે આવે છે. સંયુક્ત રાષ્ટ્રના પ્રવક્તા રોલાન્ડો ગોમેજે કહ્યું કે, 'યુએને પહેલા જ ઈઝરાયેલને જણાવી દીધું હતું કે, આ વિસ્તારમાં અમારો કાફલાની મૂવમેન્ટ હોય શકે છે.' વૈભવ



અનિલ કાલેના થાણેના નિવાસસ્થાને તેના પરિવારના સભ્યો મારે આઘાતમાં છે. જ્યારથી તેમને ખબર પડી છે કે, ગાઝામાં તેમના પરિવારના વડા માર્યા ગયા છે ત્યારથી તેમની શાંતિ જાણે ખોવાઈ જ ગઈ છે અને તેઓ આઘાતમાં સરી ગયા છે. વૈભવ અનિલના કાકી કહે છે કે, મને તો અત્યાર સુધી એ વાત પર વિશ્વાસ જ થઈ રહ્યો નથી કે હવે અમારો અનિલ આ દુનિયામાં નથી. ઉલ્લેખનીય એ છે કે, સંયુક્ત રાષ્ટ્રના પ્રવક્તાએ કહ્યું કે, યુએને ઈઝરાયેલી ઓથોરિટીઝને પોતાના કાફલાની મુવમેન્ટ્સ અંગે જણાવી દીધું હતું. કોઈપણ મામલે આવું થાય છે. આ સ્ટાન્ડર્ટ પ્રોટોકોલ છે. એવું જ કાલે પણ થયું હતું અને અમે ઈઝરાયલ ઓથોરિટીઝને માહિતી આપી હતી. એટલું જ નહીં અમારા કાફલાની ગાડીઓમાં એ પણ લખ્યું હતું કે આ યુએનના વાહન છે. ત્યારે ઈઝરાયેલનું કહેવું છે કે, 'અમને આ અંગે કોઈ માહિતી નથી. અમે આ મામલાની તપાસ કરીશું. વૈભવ કાલેનાં મોતની સંયુક્ત રાષ્ટ્ર અને અમેરિકન વિદેશ મંત્રાલયે નિંદા કરી છે અને ઈઝરાયેલ પર આરોપ લગાવ્યો છે.'

# નોબેલ પારિતોષિક વિજેતાએ વેટિકન ખાતે ગાઝા પર કરાયેલા આક્રમણની નિંદા કરતા ઈઝરાયેલે વિરોધ નોંધાવ્યો

(એજન્સી) તા.૧૫

વેટિકન દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન યેમેનીના નોબેલ પુરસ્કાર વિજેતાએ ઈઝરાયેલ પર ગાઝામાં નરસંહારનો આરોપ મૂક્યા પછી હોલી સીમાં ઈઝરાયેલની એમ્બેસીએ તેનો વિરોધ કર્યો હતો. એમ્બેસીએ જણાવ્યું હતું કે પોપ ફ્રાન્સિસના ફ્રેટેલીટ્ટી ફાઉન્ડેશન દ્વારા આયોજિત કોન્ફરન્સ દરમિયાન માનવ અધિકાર કાર્યકર્તા, તવક્કોલ કરમનની ટિપ્પણીઓ પર તે ક્રોધ અને આઘાત અનુભવે છે.

આરબ સ્પ્રિંગ વિરોધમાં તેણીની ભૂમિકા માટે ૨૦૧૧માં નોબેલ શાંતિ પુરસ્કાર જીતનાર કર્મને સેન્ટ પીટર બેસિલિકાના એટ્રીયમમાં પ્રેક્ષકોને કહ્યું હતું કે ગાઝામાં પેલેસ્ટીની લોકોના નરસંહાર અને વંશીય હત્યાઓ સામે વિશ્વ મૌન છે. એક ખુલ્લા પત્રમાં, ઈઝરાયેલી એમ્બેસીએ કર્મનના આ આરોપોને ખોટા કહીને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે, આ સ્પષ્ટપણે સેમિટિક વિરોધી ભાષણ છે. અમને ખેદ છે કે આ બદનામીને રોકવા માટે હસ્તક્ષેપ કરવાની નૈતિક ફરજ વિના



આવા શબ્દોનું ઉચ્ચારણ કરવામાં આવ્યું હતું. ગાઝાનો ઉલ્લેખ કરતા કરમનને પ્રેક્ષકો તરફથી જોરથી તાળીઓનો પ્રતિસાદ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમમાં તેમના સાથી નોબેલ પારિતોષિક વિજેતાઓ, રાજકારણીઓ અને ચર્ચના અધિકારીઓ હાજર હતા જો કે, પોપ પોતે હાજર ન હતા. ગાઝામાં યુદ્ધની શરૂઆતથી વેટિકન અને ઈઝરાયેલ વચ્ચેના સંબંધો વધુને વધુ તંગ બન્યા છે, જેમાં યહૂદી જૂથોએ પોપ ફ્રાન્સિસ પર ૭ ઓક્ટોબરના હમાસના હુમલા પછી પેલેસ્ટીની પરના આક્રમણને સ્વ-બચાવના કાર્ય તરીકે વર્ણવવામાં નિષ્ફળ રહેવાનો આરોપ મૂક્યો હતો. માર્ચમાં, હોલી સીમાં ઈઝરાયેલી એમ્બેસીએ કાર્ડિનલ સેક્રેટરી ઓફ સ્ટેટ, પીટ્રો પેરોલિનની ટીકા કરી હતી, કારણ કે તેણે ગાઝામાં ઈઝરાયેલના સૈન્ય પર નરસંહાર કરવાનો આરોપ મૂક્યો હતો. દૂતાવાસે તેમની ટિપ્પણીને 'દુઃખદાયક' ગણીને વખોડી કાઢી હતી અને કહ્યું હતું કે તેનો અર્થ આ ટિપ્પણીઓ 'ખેદજનક' છે એવું કહેવાનો હતો.

# ઈઝરાયેલ દ્વારા વેસ્ટ બેંકમાં વધુ ૧૫ પેલેસ્ટીનીઓની ધરપકડ ૭ ઓક્ટોબરથી કુલ ૮,૭૨૫ની ધરપકડ કરવામાં આવી

## ઓક્ટોબર ૭ના રોજ ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી સેનાએ વેસ્ટ બેંકમાં દરોડા અને ધરપકડો વધારી દીધી છે

(એજન્સી) તા.૧૫

ઈઝરાયેલી ઓક્યુપેશન ફોર્સિસ (IOF)એ તેના કબજા હેઠળના વેસ્ટ બેંકમાં ઓછામાં ઓછા ૧૫ વધુ પેલેસ્ટીનીઓની ધરપકડ કરી છે. ઈઝરાયેલ અને હમાસ યુદ્ધની શરૂઆતથી અત્યાર સુધીમાં કુલ ધરપકડની સંખ્યા ૮,૭૨૫ થઈ છે. સોમવારે એક સંયુક્ત નિવેદનમાં, પૂર્વ કેદીઓના કમિશન અને પેલેસ્ટિનિયન પ્રિઝનર્સ ક્લબે જણાવ્યું હતું કે રામલ્લાહ, બેથલેહેમ, જેરીકો, હેબ્રોન, જેરૂસલેમ અને કાલકિલ્યા શહેરમાં આ ધરપકડ કરવામાં આવી હતી. ઈઝરાયેલી



ધરપકડની ઝુંબેશ દરમિયાન, દળોએ અસંખ્ય પેલેસ્ટિનિયનો પર નિર્દયતાથી હુમલો કર્યો છે અને પૂછપરછ કરી છે, જેના કારણે તેમના ઘરો અને મિલકતોને નોંધપાત્ર નુકસાન થયું છે. ઈઝરાયેલી દળો ગામો અને નગરો પર દરરોજ દરોડા પાડે છે, અને પેલેસ્ટીનીઓ સામે મુકાબલો કરતાં ધરપકડો અને ગેસ બોમ્બનો ઉપયોગ કરવામાં આવે છે. ઑક્ટોબર ૭ ના રોજ ગાઝા પટ્ટી પર ઈઝરાયેલી યુદ્ધની શરૂઆત થઈ ત્યારથી, સેનાએ વેસ્ટ બેંકમાં દરોડા અને ધરપકડો વધારી દીધી છે, પેલેસ્ટિનિયનો સાથેના સંઘર્ષમાં લગભગ ૫૦૦ લોકો માર્યા ગયા છે અને લગભગ ૪,૯૦૦ લોકો ઘાયલ થયા છે. પેલેસ્ટીની આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ગાઝા પટ્ટીમાં નાગરિકો પરના હુમલાઓમાં ૩૫,૦૦૦ લોકોમાં મૃત્યુ થયા છે અને ૭૮,૭૦૦ લોકો ઘાયલ થયા છે

# સઉદી અરબે માદક પદાર્થોની દાણચોરીના આરોપમાં બે સીરિયન નાગરિકોને ફાંસી આપી

(એજન્સી) તા.૧૫

સઉદી અરબે રાજ્યની અંદર માદક દવાઓની દાણચોરીમાં કથિત સંડોવણી માટે બે સીરિયન લોકોને ફાંસી આપી દીધી છે. કારણ કે સીરિયામાંથી માદક પદાર્થોની દાણચોરી આ વિસ્તારમાં જારી છે. આંતરિક મંત્રાલયે એક નિવેદન જારી કરી ૧૧ મેએ રાજ્યના ઉત્તર-પશ્ચિમી તાબુક ક્ષેત્રમાં સીરિયન રાષ્ટ્રીયતાના બે આરોપીઓને ફાંસી આપવાની જાહેરાત કરી. આ અનિર્દિષ્ટ તારીખ પર એમ્ફેટેમિન ગોળીઓની દાણચોરીના આરોપમાં અધિકારીઓ દ્વારા પકડવા પર બે સીરિયન જેમનું નામ ઈમાદ મહેમુદ હુસેન અને મુસ્તુફા મહેમુદ



હસેન છે. તેમને અપરાધનું સમર્થન કરનારા એક ડિક્રી સોંપવામાં આવી અને પછી મૃત્યુની સજા સંભળાવવામાં આવી તે નિર્ણયને અપીલ ન્યાયાલય અને સર્વોચ્ચ ન્યાયાલયે એક શાહી ડિક્રી દ્વારા લાગુ કરતા યથાવત્ રાખવામાં આવ્યા હતા. પોતાના નિવેદનમાં સઉદી આંતરિક મંત્રાલયે આ વાત પર ભાર આપ્યો કે સરકારે તમામ પ્રકારના માદક પદાર્થો અને સમાજ અને વ્યક્તિઓ બંનેને થનારા ગંભીર નુકસાનથી પહોંચી વળવા માટે પ્રતિબદ્ધ છે. સાથે જ અધિકારીઓ દ્વારા સૌથી મુશ્કેલ દંડ લાગુ કરવા માટે પણ પ્રતિબદ્ધ છે.

# ઈઝરાયેલી વસાહતીઓએ અલ-અક્સા મસ્જિદ પર હુમલો કર્યો, કમ્પાઉન્ડમાં ઈઝરાયેલનો ધ્વજ લહેરાવ્યો

## અલ-જઝીરના અહેવાલ મુજબ ડઝનેક ઈઝરાયેલીઓ મસ્જિદના કમ્પાઉન્ડમાં ઘૂસી ગયા હતા અને તેમનો ધ્વજ લહેરાવ્યો હતો

(એજન્સી) તા.૧૫

અલ-જઝીરાએ અહેવાલ આપ્યો હતો કે, કબજા હેઠળના પૂર્વ જેરૂસલેમમાં અલ અક્સા મસ્જિદના સંકુલમાં ઈઝરાયેલી યહૂદી વસાહતીઓએ ઈઝરાયેલનો ધ્વજ લહેરાવ્યો હતો. અહેવાલો અનુસાર, ઉગ્રવાદી ઈઝરાયેલી જૂથોના માગણીના પગલે યહૂદી વસાહતીઓ ગઈકાલે ઈસ્લામના ત્રીજા પવિત્ર સ્થળ અલ-અક્સા મસ્જિદના કમ્પાઉન્ડમાં ઘૂસી ગયા હતા, જે દરમિયાન એક ઈઝરાયેલી વસાહતીએ તેમનું "રાષ્ટ્રગીત" ગાતા ઈઝરાયેલી ધ્વજ લહેરાવ્યો હતો. ઈઝરાયેલી વસાહતીઓ ઈઝરાયેલી દળોના રક્ષણ હેઠળ અલ મુગરબાહ ગેટ વિસ્તારમાંથી પ્રવેશ્યા હોવાનું કહેવાય છે. ઉશ્કેરણીજનક



પગલાઓથી પ્રદેશમાં ફરીથી તણાવ શરૂ થયો છે અને ઈઝરાયેલ-પેલેસ્ટીની સંઘર્ષમાં સંભવિત વધારો થવા અંગે ચેતવણી આપી છે. પ્રાસંગિક રીતે ઈઝરાયેલ ૧૫ મેના રોજ સ્વતંત્રતા દિવસને ચિહ્નિત કરવા માટે તૈયાર છે, જેને પેલેસ્ટીની લોકો તેને તેમના "નકબા દિવસ" તરીકે ચિહ્નિત કરે છે, જે ૧૯૪૮ના અરબ-ઈઝરાયેલ યુદ્ધ દરમિયાન સામૂહિક વિસ્થાપનની વર્ષગાંઠ છે, જે જમીન પર પાછા ફરવાના તેમના અધિકારની પુનઃ પુષ્ટિ કરે છે. જે જમીનથી તેમના પૂર્વજો બળજબરીથી વિસ્થાપિત થયા હતા. ૨૦૦૩થી ઈઝરાયેલે શુક્રવાર અને શનિવાર સિવાય લગભગ દૈનિક ધોરણે ઈઝરાયેલી વસાહતીઓને ફ્લેશ પોઈન્ટ કમ્પાઉન્ડમાં જવાની મંજૂરી આપી છે.

ઉત્તરપ્રદેશના બરેલી જિલ્લામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં બે હોમગાર્ડે મળીને એક ચોકીદારને માર માર્યો છે. ચોકીદારનો વાંક માત્ર એટલો જ હતો કે તેણે ભાજપને મત આપ્યો ન હતો. જ્યારે ચોકીદારે મફત રાશન લીધા બાદ પણ વોટ ન આપ્યો ત્યારે હોમગાર્ડના જવાનોએ તેને ખૂબ માર માર્યો હતો. SDM ઓફિસ પરિસરમાં, બંને હોમગાર્ડ્સે રાઈફલના બટ્સથી ચોકીદારને લાતો મારી અને માર માર્યો. મારપીટનો વીડિયો હવે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ચોકીદાર વીરેન્દ્રની ફરિયાદ પર હોમગાર્ડ રામ પાલ અને વીર બહાદુર બંને વિરૂદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. બંને વિરૂદ્ધ એસસી-એસટી એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ આ ઘટના અંગે ટ્વિટ કર્યું છે. ટ્વીટ કરીને તેમણે કહ્યું કે, 'લોકોને રાશન મળે છે કારણ કે આ દેશના દરેક નાગરિકને ભોજનનો અધિકાર છે. ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવેલું અનાજ અને તેના વિતરણમાં ખર્ચવામાં આવતા પૈસા જનતાના છે શું ભાજપ સરકાર તેમના પર થોડો ખર્ચ કરીને જનતાને બંધક બનાવવા માંગે છે ? આ પોલીસકર્મીઓમાં હિંમત ક્યાંથી આવી કે આપણા દલિત ભાઈઓ સાથે આ રીતે ક્રૂર વર્તન કરે ?' તમને જણાવી દઈએ કે આ આખો મામલો બરેલીના નવાબગંજ નગરના ગામ બાહોરંગલાનો છે. આ જગ્યાના રહેવાસી વીરેન્દ્ર કુમાર નવાબગંજ પોલીસ સ્ટેશનમાં ચોકીદાર તરીકે તૈનાત છે. વીરેન્દ્ર કુમાર પોતાની જમીનના કામ અનુસાર તહસીલ પહોંચ્યા હતા. ચોકીદારે જણાવ્યું કે ઓફિસમાં તૈનાત હોમગાર્ડ તેને જોઈને કમેન્ટ કરવા લાગ્યો હતો. આ દરમિયાન હોમગાર્ડે ચોકીદારને કહ્યું કે તે સરકાર પાસેથી મફત રાશન લે છે અને વોટ પણ નથી આપતો. તેમજ અપશબ્દો બોલવા લાગ્યો હતો.

### દહેજના મામલે અલ્હાબાદ હાઈકોર્ટનું સૂચન

# લગ્નમાં મળેલી ભેટોની યાદી જરૂર બનાવો અને તેની પર વર-કન્યાની સહી કરાવો

(એજન્સી) અલ્હાબાદ, તા.૧૫

અલ્હાબાદ હાઈકોર્ટે એક કેસની સુનાવણીમાં કહ્યું કે લગ્નમાં મળેલી ભેટોની યાદી જરૂરથી બનાવી જોઈએ અને તેની પર વર અને કન્યા બંનેની સહી કરાવી જરૂરી છે. જેથી લગ્ન પછી સર્જાતા વિવાદમાં મદદ મળી રહે. કોર્ટે દહેજ પરના પ્રતિબંધને અનુલક્ષીને કાયદાનો ઉલ્લેખ કરતા કહ્યું હતું કે કાયદા મુજબ વર-કન્યાને મળેલી ભેટની યાદી બનાવવી જોઈએ. જસ્ટિસ વિક્રમ ડી. ચૌહાણની બેન્ચે પૂછ્યું કે દહેજની માંગના આરોપો લગાવનારા લોકો પોતાની અરજી સાથે આવી યાદી કેમ નથી બનાવતા? દહેજ નિષેધ અધિનિયમને તેની સંપૂર્ણ ભાવનાથી અનુસરવામાં આવે તે જરૂરી છે. આ સિવાય હાઈકોર્ટે કહ્યું કે આ નિયમ દહેજ અને ભેટ વચ્ચેનો તફાવત સમજાવે છે. લગ્ન દરમિયાન વર કે કન્યાને મળેલી ભેટને દહેજમાં સમાવી શકાય નહીં. તેમજ સ્થળ પર જ મળેલી તમામ ભેટોની યાદી બનાવવી જોઈએ અને તેના પર વર અને કન્યા બંન્નેની સહી હોવી જોઈએ. જેનાથી ભવિષ્યમાં બિનજરૂરી આરોપોને અટકાવી શકાય છે. હાઈકોર્ટે બાર અને બેંચના અહેવાલ અનુસાર કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા દહેજ પ્રતિબંધ કાયદો, ૧૯૮૫ એ ભાવનાથી બનાવવામાં આવ્યો હતો કે ભારતમાં લગ્નમાં ભેટ આપવાનો રિવાજ છે. ભારતની પરંપરાને ધ્યાનમાં રાખીને ભેટ અલગ રાખવામાં આવી છે. આ જ કારણ છે કે જ્યારે યાદી બનાવવામાં આવશે તો બિનજરૂરી આરોપોથી બચી શકાશે. ઘણીવાર લગ્ન પછી વિવાદ થાય ત્યારે આવા આક્ષેપો કરવામાં આવે છે.

# અયોગ્ય અભિગમ : સર્વોચ્ચ અદાલતે જંગલમાં લાગેલી આગ પર ઉત્તરાખંડ સરકારની ઝાટકણી કાઢી

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડના મુખ્ય સચિવને હાજરીનો નિર્દેશ આપ્યો હતો કે અને તે સુનિશ્ચિત કરવા કહ્યું હતું કે, જંગલમાં લાગેલી આગને ચકાસવા માટે રાજ્ય 'અસરકારક' અભિગમ અપનાવે. જસ્ટિસ બી.આર. ગવઈ, એસવીએન ભટ્ટી અને સંદીપ મહેતાની બેન્ચે એ જાણવાની માંગ કરી હતી કે, ચૂંટણી પંચે વિભાગને છૂટ આપી હોવા છતાં વન વિભાગના અધિકારીઓને ચૂંટણી ફરજ માટે કેમ નિયુક્ત કરવામાં આવી રહ્યા છે ? બેન્ચે આને રોકવાનો નિર્દેશ આપ્યો હતો. ખંડપીઠે મુખ્ય સચિવને ૧૭ મેના રોજ હાજર થવા જણાવ્યું હતું. કોર્ટે જંગલમાં લાગેલી આગનો સામનો કરવા માટે રાજ્યને માત્ર ૩.૧૫ કરોડ રૂપિયા આપવા બદલ કેન્દ્ર પર નારાજગી વ્યક્ત કરી હતી. ખંડપીઠે કહ્યું હતું કે, 'તે કહેવું દુઃખદ છે કે, જંગલની આગને કાબૂમાં લેવાનો રાજ્યનો અભિગમ અયોગ્ય હતો.' વન અધિકારીઓને ચૂંટણીના કામ માટે નિયુક્ત કરવામાં આવતા જસ્ટિસ ગવઈએ રાજ્ય સરકારને કહ્યું, 'એવું લાગે છે કે, તમે એક યા બીજું કારણ શોધી રહ્યા છો. ECએ પહેલાથી જ વન વિભાગના કર્મચારીઓને મુક્તિ આપી દીધી છે, તો તમે તેમને (પોલિંગ ડ્યુટી માટે) શા માટે લીધા ?' રાજ્યના અધિકારીઓએ સમજાવ્યું કે કેટલાક ફિલ્ડ અધિકારીઓને ચૂંટણી ફરજ માટે તૈનાત કરવામાં આવ્યા હતા, પરંતુ તે પહેલા તબક્કામાં કરવામાં આવ્યું હતું અને તે હવે સમાપ્ત થઈ ગયો છે. તેઓએ કહ્યું કે, મુખ્ય સચિવે જિલ્લા મેજિસ્ટ્રેટને પત્ર લખ્યો છે કે, આગની ઘટનાને ધ્યાનમાં રાખીને વન અધિકારીઓને ચૂંટણી ફરજમાંથી મુક્તિ આપવામાં આવે. જસ્ટિસ ગવઈએ કહ્યું કે, કોર્ટે જેના કારણે તેમાં સ્ટાફ ઓછો હતો તે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટમાં ખાલી જગ્યાઓ અંગે પણ સવાલો ઉઠાવ્યા હતા અને પૂછ્યું હતું કે, 'આટલી બધી જગ્યાઓ ખાલી કેમ છે ?' વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જવાબ આપ્યો, અમારી પાસે આ જગ્યાઓ લાંબા સમયથી ખાલી હતી. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી અમે તેમને ભરવા માટે સખત પ્રયાસ કરી રહ્યા હતા. ગયા વર્ષે અમે ૧૫૦૦ ફોરેસ્ટ ગાર્ડ વગેરેની ભરતી કરી શક્યા છીએ અને અમે આશા રાખીએ છીએ કે રાજ્ય જાહેર સેવા આયોગ ટૂંક સમયમાં બાકીની ભરતીની પ્રક્રિયા શરૂ કરશે. રાજ્યએ દલીલ કરી હતી કે, અન્ય રાજ્યોમાં પણ જંગલમાં આગ લાગી રહી છે અને ઉમેર્યું હતું કે, હાલમાં ઉત્તરાખંડમાં ત્રણ આગ લાગી છે. જસ્ટિસ મહેતાએ કહ્યું કે, સમાચાર અહેવાલો દર્શાવે છે કે, સમગ્ર દેશમાં ૩૦૦થી વધુ આગની ઘટનાઓમાંથી ૨૮૦ એકલા ઉત્તરાખંડમાં છે. તેમણે ઉમેર્યું હતું કે, અહેવાલો એ પણ કહે છે કે, મુખ્ય કારણ પાઈનના વૃક્ષોની અણીઓ છે અને પૂછવામાં આવ્યું હતું કે, સિઝન શરૂ થાય તે પહેલાં તેમને દૂર કરવાની શું યોજના છે. રાજ્યના વકીલે જણાવ્યું હતું કે, સરકાર સ્થાનિકોને તેને નિશ્ચિત કિંમતે એકત્રિત કરવા માટે પ્રોત્સાહિત કરી રહી છે અને આ વર્ષે ૨૩૦૦ મેટ્રિક ટન એકત્ર થઈ ચૂક્યું છે. તેમાંથી ગોળીઓ બનાવવા માટેના એકમો પણ કાર્યરત છે. વકીલે એ પણ ધ્યાન દોર્યું કે ઘણી વખત સમસ્યા એ છે કે, આગ દૂરના વિસ્તારોમાં લાગે છે જેના પરિણામે અધિકારીઓને સ્થળ પર પહોંચવામાં સમય લાગે છે. તેમણે ઉમેર્યું હતું કે, આ વખતે લગભગ બે મહિનાનો અભૂતપૂર્વ શુષ્ક તબક્કો હતો. કોર્ટે કહ્યું કે, આવી ઘટનાઓ ભવિષ્યમાં વધશે જ અને રાજ્યએ તેનો સામનો કરવા માટે તૈયાર રહેવું જોઈએ.

# તેમાં કોઈ શંકા નથી કે NDA ૪૦૦થી વધુ બેઠકો જીતવા તરફ આગળ વધી રહ્યું છે : અમિત શાહ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ધ હિન્દુ સાથેની મુલાકાત દરમિયાન જણાવ્યું હતું કે, ૧૪ મેના રોજ મતદાનના ચોથા તબક્કામાં કાશ્મીર ખીણની શ્રીનગર બેઠક પર મતદાનની ટકાવારી અગાઉના ૧૪%થી વધીને ૩૭% થઈ ગઈ છે જે કલમ ૩૭૦ હટાવવાના નિર્ણયની યોગ્યતાનો સૌથી મોટો પુરાવો છે. અનુચ્છેદ ૩૭૦માં અગાઉના જમ્મુ અને કાશ્મીર રાજ્યને વિશેષ દરજ્જો આપવાની જોગવાઈ હતી અને ઓગસ્ટ ૨૦૧૯માં સંસદ દ્વારા તેને દૂર કરવામાં આવી હતી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીએ ત્યારપછી રાજકીય પક્ષો પર આધારિત ચૂંટણીઓનો પ્રથમ તબક્કો છે. શ્રીનગર, બારામુલ્લા અને અનંતનાગ-રાજૌરીની ત્રણ ખીણ બેઠકો પર ઉમેદવારો ઉભા ન કરવાના ભાજપના નિર્ણય વિશે પણ શાહે સમજાવ્યું, અમારી વિરૂદ્ધ એક પ્રચાર કરવામાં આવ્યો હતો કે કેન્દ્ર જમ્મુ અને કાશ્મીર ખીણમાં ભાજપનું રાજકીય વર્ચસ્વ (રાજકીય સાર્વભૌમત્વ) લાદવા માટે



વિકાસ કાર્ય કરી રહ્યું છે. તેમણે કહ્યું, ખૂબ ગંભીર વિચારણા કર્યા પછી અમે નક્કી કર્યું કે, અમે પહેલા પાયાના સ્તરે અમારૂં સંગઠન ઉભું કરીશું અને પછી ચૂંટણી લડવા માટે ઉમેદવારો ઉભા કરીશું. મોટી વાત એ છે કે કલમ ૩૭૦ હટાવવાના નિર્ણયની સાચીતાનો આનાથી મોટો કોઈ પુરાવો હોઈ શકે નહીં કે મતદાનના આ તબક્કામાં ખીણમાં મતદાનની ટકાવારી અગાઉના દિવસોમાં ૧૪%થી વધીને ૩૭% થઈ ગઈ હતી અને તમને જણાવી દઈએ કે પહેલીવાર ૪૦%થી વધુ વિસ્થાપિત કાશ્મીરી પંડિતોએ મતદાન કર્યું છે, જ્યારે પહેલાં આ આંકડો એક અંકનો હતો. તેમણે કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગને પણ સંબોધિત કરી, જેણે તેનો કેન્દ્રશાસિત પ્રદેશ તરીકેનો દરજ્જો પણ ઘટાડ્યો. જુઓ, હું સંસદમાં પવિત્રતાની ભાવનાથી બોલું છું અને જ્યારે જમ્મુ અને કાશ્મીર બિલ પર ચર્ચા થઈ ત્યારે મેં કહ્યું, પહેલાં આપણે રાષ્ટ્રપતિ શાસન લાવીશું પછી બિલનો સંપૂર્ણ અમલ થશે, પછી પંચાયત ચૂંટણી, સીમાંકન, અનામત, વિધાનસભા ચૂંટણી અને રાજ્યનો દરજ્જો આપવામાં આવશે. જેમ-જેમ લોકસભાની ચૂંટણીઓ ઉત્તર અને પૂર્વી ઉત્તર પ્રદેશ તરફ આગળ વધી રહી છે તેમ, ધ હિન્દુના નિસ્તુલા હેબ્બર વારાણસીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની મુલાકાત લે છે કે તેઓ ચૂંટણીને કેવી રીતે જુએ છે. શાહે વિશ્વાસ વ્યક્ત કર્યો કે ભાજપને આરામદાયક, સંપૂર્ણ બહુમતીવાળી સરકાર મળશે. તેમણે ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી કાશ્મીરના ભારતથી અલગ થવાનો ડર રાખનારાઓ પર વિજય તરીકે કાશ્મીર ખીણમાં ઊંચા મતદાન દરને ટાંક્યો.

# મોદી દ્વારા વધુ પ્રચાર કરવામાં આવ્યો હોવા છતાં ભાજપને દક્ષિણમાં નુકસાન થઈ શકે છે

**કર્ણાટકને બાદ કરતાં દક્ષિણમાં ક્યારેય ભાજપ આગળ વધી શક્યું નથી. ભાજપ આ પ્રદેશની ૧૩૧ બેઠકોમાંથી ૨૯ બેઠકોની તેની ૨૦૧૯ની સંખ્યાને વધારવા માંગે છે. પરંતુ ભાજપ કર્ણાટકમાં પણ સંખ્યાબંધ બેઠકો ગુમાવે તેવી શક્યતા છે જ્યાં શાસક કોંગ્રેસને સારો ફાયદો થયો હોવાનું જણાય છે**

(એજન્સી) તા.૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દક્ષિણમાં તેમની ચૂંટણી ઝુંબેશના ભાગ રૂપે અનેક ચૂંટણી રેલીઓને સંબોધન કર્યું હતું અને કેરળ, તમિલનાડુ અને તેલંગાણાની મુલાકાતો લીધી હતી. આ મિશનનો ઉદ્દેશ્ય દક્ષિણમાં ભાજપની બેઠકો વધારવાનો હતો. કર્ણાટકને બાદ કરતાં ભાજપે આ સમગ્ર પ્રદેશમાં વધુ બેઠકો મેળવી ન હતી. કર્ણાટકમાં ૨૮માંથી ૨૫ બેઠકો જીતી હતી અને તેલંગાણા તેને ૧૭માંથી ચાર બેઠકો મળી હતી. તાજેતરમાં અમિત શાહે દક્ષિણમાં મોટી જીતની આગાહી કરી હતી, ખાસ કરીને તમિલનાડુ, કેરળ અને આંધ્ર પ્રદેશમાં જ્યાં પાર્ટીએ ૨૦૧૯માં એક પણ સીટ જીતી ન હતી. કર્ણાટકને બાદ કરતાં દક્ષિણમાં ક્યારેય ભાજપ આગળ વધી શક્યું નથી. ભાજપ આ પ્રદેશની ૧૩૧ બેઠકોમાંથી ૨૯ બેઠકોની તેની ૨૦૧૯ની સંખ્યાને વધારવા માંગે છે. પરંતુ ભાજપ કર્ણાટકમાં પણ સંખ્યાબંધ બેઠકો ગુમાવે તેવી શક્યતા છે જ્યાં શાસક કોંગ્રેસને સારો ફાયદો થયો હોવાનું જણાય છે. edina.com દ્વારા કરવામાં આવેલ પ્રી-પોલ સર્વેક્ષણ, જેણે ગયા વર્ષની વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને ૧૩૨-૧૪૦ બેઠકો જીતવાની આગાહી કરી હતી, અને કોંગ્રેસે ૧૩૬ બેઠકો જીતી હતી, તેણે વધુ એક ચોંકાવનારું મૂલ્યાંકન કર્યું છે. તેના સર્વે અનુસાર, કોંગ્રેસ ૨૮ લોકસભા સીટોમાંથી ૧૩-૧૮ સીટો જીતી શકે છે, જ્યારે ભાજપ-જેડીએસ ગઠબંધન ૧૦-૧૩ સીટો જીતી શકે છે. જો આ સાચું છે, તો તેનો અર્થ ભાજપ માટે મોટું નુકસાન છે. તેલંગાણાના મુખ્યપ્રધાન એ. રેવન્ત રેડ્ડીએ ભાજપ માટે ભારે પીછેહઠની આગાહી કરી હતી. કેરળમાં પોતાનું ખાતું ખોલાવવા માટે ભાજપે બધું જ કર્યું છે, અને વડાપ્રધાન માટે તે પ્રતિષ્ઠાનો મુદ્દો બની ગયો છે, જેમણે આ વખતે બે આંકડાનો ફાયદો થવાની આગાહી કરી હતી. ઈલેક્ટ્રોનિક્સ અને કૌશલ્ય વિકાસ રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરને તિરુવનંતપુરમમાં શશિ થરૂર સામે મેદાનમાં ઉતારવામાં આવ્યા



હતા, જ્યારે અભિનેતા અને રાજ્યસભાના પૂર્વ સભ્ય સુરેશ ગોપી થ્રિસુરમાંથી ચૂંટણી લડ્યા હતા. થરૂરને ખાતરી છે કે કોંગ્રેસ અને તેના સાથી પક્ષો કેરળની તમામ ૨૦ બેઠકો, તમિલનાડુની ૩૯ અને પુડુચેરીની એક બેઠક જીતશે. જાણીતા શૈક્ષણિક અને સામાજિક-રાજકીય વિવેચક એમ.એન. કારાસેરી કેરળમાં બીજેપીની સંભાવનાઓ પર કહ્યું કે, તેઓ તિરુવનંતપુરમ, પથાનમથિટ્ટા અને થ્રિસુર પર ગણતરી કરી રહ્યા છે. પરંતુ મને તેમની જીત દેખાઈ રહી નથી. લોકો તિરુવનંતપુરમમાં રાજીવ ચંદ્રશેખરને ઓળખતા નથી, જ્યારે થરૂર ત્રણ વખતના સાંસદ છે જેમણે સારું કામ કર્યું છે અને એક કુશળ સાહિત્યિક વ્યક્તિ છે. પથનમથિટ્ટામાં અનિલ માટે કોઈ તક નથી. બીજેપી તેલંગાણામાં ચાર બેઠકો કરતાં વધુ સારું પ્રદર્શન કરે તેવી શક્યતા છે અને આંધ્ર પ્રદેશમાં થોડીક વધુ બેઠકો મેળવી શકે છે. ૨૦૧૯માં આંધ્ર પ્રદેશમાં ૨૫માંથી ૨૨ બેઠકો જીતનાર શાસક YSR કોંગ્રેસને NDA તરફથી કઠિન પડકારનો સામનો કરવો પડી રહ્યો છે. મોટાભાગના દક્ષિણી લોકો માટે ભાજપ હજુ પણ ઉત્તર ભારતીય પક્ષ છે.

# પક્ષોના સ્ટાર પ્રચારકો પાસેથી અપેક્ષા છે કે, તેઓ ઉચ્ચ ઉદાહરણ સાથે નેતૃત્વ કરશે અને દેશના સામાજિક માળખાને નષ્ટ કરશે નહીં : ભારતીય ચૂંટણી પંચ

**વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા આદર્શ આચારસંહિતા (MCC)ના ઉલ્લંઘનની ફરિયાદો પર ચૂંટણી સત્તાવાળાએ ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેને કારણદર્શક નોટિસ જારી કર્યા પછી તેનું આ નિવેદન કરવામાં આવ્યું છે**



(એજન્સી) તા.૧૫

ભારતીય ચૂંટણી પંચ (ECI)એ જણાવ્યું હતું કે, તે એવી અપેક્ષા રાખે છે કે, સ્ટાર પ્રચારકો, ખાસ કરીને રાષ્ટ્રીય પક્ષોના નેતાઓ, લોકસભા ચૂંટણીના બાકીના ત્રણ તબક્કામાં એક સારા ઉદાહરણ સાથે નેતૃત્વ કરશે અને સમાજના નાજુક માળખાને નષ્ટ કરશે નહીં. કમિશને એમ પણ કહ્યું હતું કે, ચૂંટણીના બાકીના તબક્કામાં તેમના નિવેદનો અથવા ઉચ્ચારણોમાં સુધારો કરવાની મુખ્યત્વે જવાબદારી આ નેતાઓની છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા આદર્શ આચારસંહિતા (MCC)ના ઉલ્લંઘનની ફરિયાદો પર ચૂંટણી સત્તાવાળાએ ભાજપના અધ્યક્ષ જે.પી. નડ્ડા અને કોંગ્રેસના વડા મલ્લિકાર્જુન ખડગેને કારણદર્શક નોટિસ જારી કર્યા પછી તેનું આ નિવેદન કરવામાં આવ્યું છે.

ECI નિવેદનમાં જણાવ્યું હતું કે, કમિશન અપેક્ષા રાખે છે કે, રાજકીય પક્ષોના ટોચના નેતાઓ, ખાસ કરીને મુખ્ય રાષ્ટ્રીય પક્ષોના નેતાઓ, જે મોટાભાગના સ્ટાર પ્રચારકો છે, તેઓ આ વર્તમાન ચૂંટણીઓમાં તેમના અપેક્ષિત પ્રચાર પ્રવચનમાં યોગ્ય ઉદાહરણો સ્થાપિત કરશે. દેશના નાજુક સંતુલિત સામાજિક માળખા પર કોઈ કાયમી ખરાબ અસર ન થાય તે માટે તેમના નિવેદનોને સુધારવાની જાબદારી મુખ્યત્વે આ નેતાઓની છે.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીની ૧૬ માર્ચની ઘોષણા પછી MCCના અમલીકરણ અંગેના તેના બીજા અહેવાલમાં મતદાન પેનલે જણાવ્યું હતું કે, તેણે ૯૦ ટકાથી વધુ ફરિયાદોનો નિકાલ કર્યો છે અને કોઈ પક્ષો તરફથી કોઈ મોટી ફરિયાદ બાકી નથી, સિવાય કે કેટલીક ફરિયાદો કોંગ્રેસ અને ભાજપની બાકી છે. મોડલ કોડ ઓફ કન્ડક્ટ (MCC) લાગુ થયાના લગભગ બે મહિના પૂર્ણ થયા પછી મતવિસ્તારના સ્તરે વિવિધ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા પ્રચાર મોટાભાગે હિંસા મુક્ત, ઓછો અવ્યવસ્થિત અને પ્રલોભન અને વિવાદ મુક્ત રહ્યો છે.

પ્રચાર-સંબંધિત અથવા સ્પષ્ટીકરણ ફરિયાદોને બાદ કરતાં આશરે ૪૨૫ મોટી ફરિયાદો જે વિવિધ રાજકીય પક્ષો અને ઉમેદવારો દ્વારા ECI અને રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારીઓના સ્તરે દાખલ કરવામાં આવી છે. તેમાંથી ૪૦૦ કેસોમાં કાર્યવાહી કરવામાં આવી છે અથવા તેનો નિકાલ કરવામાં આવ્યો છે. અંદાજે ૧૭૦, ૯૫ અને ૧૬૦ ફરિયાદો અનુક્રમે કોંગ્રેસ, ભાજપ અને અન્ય પક્ષો દ્વારા દાખલ કરવામાં આવી હતી. આમાંની મોટાભાગની ફરિયાદો પર કાર્યવાહી કરવામાં આવી છે.

કોંગ્રેસ અને ભાજપ દ્વારા એકબીજા વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી કેટલીક ફરિયાદો જેનો ઉકેલ બાકી છે તે સ્ટાર પ્રચારકો દ્વારા સાંપ્રદાયિક, જ્ઞાતિ અને પ્રાદેશિક ભાષાના વિભાજન અથવા બંધારણની પવિત્રતા પરના વિભાજનકારી નિવેદનો હેઠળ આવે છે. બંને પક્ષો તરફથી પ્રતિસાદ પ્રાપ્ત થયો છે અને ફરિયાદો અને પ્રતિ-ફરિયાદો પર યોગ્ય કાર્યવાહી પંચની તપાસ અથવા વિચારણા હેઠળ છે.

ECIએ જણાવ્યું હતું કે, ભૂતકાળમાં તેણે વ્યક્તિગત નેતાઓને નોટિસ પાઠવી હતી જેમણે ચૂંટણી સંહિતાનું ઉલ્લંઘન કર્યું હતું. હવે તેણે પાર્ટી નેતૃત્વને તેમના નેતાઓ, ઉમેદવારો અને સ્ટાર પ્રચારકોને એવા ભાષણો ન આપવા માટે વિનંતી કરીને નવો માર્ગ અપનાવ્યો છે. કમિશને જણાવ્યું હતું કે, તે એવો અભિપ્રાય આપે છે કે, વ્યક્તિગત સ્ટાર પ્રચારકો અને નેતાઓ ભાષણોને જવાબદાર ગણશે અને તે પક્ષના પ્રમુખોને કેસ-ટુ-કેસના આધારે માહિતી આપશે કારણ કે, તેમના સ્ટાર પ્રચારકો પર લગામ લગાવવાની મુખ્ય જવાબદારી પક્ષોની છે. સમગ્ર દેશમાં ચાર તબક્કા સુધી ઉત્સાહ અને ઉત્સવની ભાવના સાથે શાંતિપૂર્ણ મતદાન થયું છે, ખાસ કરીને મણિપુર, ત્રિપુરા, ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત વિસ્તારો, પશ્ચિમ બંગાળ, જમ્મુ અને કાશ્મીર અને દૂર અને દુર્ગમ વિસ્તારોમાં લોકશાહીનો આ પર્વ ઉજવવામાં આવ્યો છે.

# ૨૦૨૩માં આફતોના કારણે ભારતમાં પાંચ લાખથી વધુ આંતરિક વિસ્થાપન કારણભૂત : અહેવાલ

**જીનીવા સ્થિત આંતરિક વિસ્થાપન મોનિટરિંગ સેન્ટરના અહેવાલ મુજબ ભારતમાં પૂર વિસ્થાપનનો આંકડો ૩,૫૨,૦૦૦ હતો જે ૨૦૦૮ પછી સૌથી નીચો હતો, જેમાં સૌથી મોટી ઘટના આસામમાં જૂન મહિનામાં લગભગ ૯૧,૦૦૦ વિસ્થાપનને ટ્રિગર કરતી હતી, જે ૨૦ જિલ્લાઓને અસર કરતી હતી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

ભારતે ૨૦૨૩માં પૂર, તોફાનો, ધરતીકંપ અને અન્ય આપત્તિઓના કારણે પાંચ લાખથી વધુ આંતરિક વિસ્થાપનનો અનુભવ કર્યો હતો, જે ૨૦૨૨માં લગભગ ૨૫ લાખ વિસ્થાપન કરતાં તીવ્ર ઘટાડો છે, એમ મંગળવારે જાહેર કરાયેલા વૈશ્વિક અહેવાલમાં જણાવાયું છે. ગયા વર્ષે હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડના હિમાલયના રાજ્યોમાં જીવલેણ પૂરે વિનાશનો માર્ગ છોડી દીધો હતો. ઓકટોબર ૨૦૨૩માં સિક્કિમમાં ગ્લેશિયલ લેક ફાટી નીકળેલા પૂરને કારણે એક હાઇડ્રોઇલેક્ટ્રિક ડેમ તૂટી પડ્યો, જેમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા અને ૮૮,૦૦૦થી વધુને અસર થઈ હતી. દિલ્હીમાં 'ફ્લડ ડિસ્પ્લેસમેન્ટ હોટસ્પોટ' તરીકે ઓળખાય છે તે યમુના નદી ૯ જુલાઈ, ૨૦૨૩ના રોજ ભારે વરસાદ પછી ઓવરફ્લો થઈ ગઈ હતી. જેના કારણે અધિકારીઓને ત્યાંના રહેવાસીઓને બહાર કાઢવા પડ્યા હતા. જીનીવા સ્થિત ઈન્ટરનલ ડિસ્પ્લેસમેન્ટ મોનિટરિંગ સેન્ટર (IDMC)ના અહેવાલમાં જણાવાયું છે કે, રાષ્ટ્રીય રાજધાનીમાં લગભગ ૨૭,૦૦૦ વિસ્થાપન નોંધાયા છે. ૯ જુલાઈના રોજ દિલ્હીમાં માત્ર ૨૪ કલાકમાં ૧૫૩ મીમી વરસાદ નોંધાયો હતો, જે ૨૫ જુલાઈ, ૧૯૮૨ પછીનો સૌથી વધુ એક દિવસીય વરસાદ હતો. એકંદરે દક્ષિણ એશિયામાં ૨૦૨૩માં લગભગ ૩૭ લાખ આંતરિક વિસ્થાપન નોંધાયા હતા, જેમાં ૩૬ લાખ આપત્તિઓ સર્જાઈ હતી, જે ૨૦૧૮ પછીનો સૌથી ઓછો આંકડો છે. સંશોધકોએ આફતોને કારણે વિસ્થાપનમાં થયેલા ઘટાડા માટે અંશતઃ અલ નીનો ઘટનાને જવાબદાર ગણાવી હતી, જેણે ચોમાસા દરમિયાન સરેરાશથી ઓછો વરસાદ અને નબળા ચક્રવાતની મોસમને કારણે આફતોમાં ઘટાડો કર્યો હતો. જો કે, પૂર અને વાવાઝોડાએ લોકોને ઘણીવાર તે જ વિસ્તારોમાં વિસ્થાપિત કરવાનું ચાલુ રાખ્યું હતું. ચક્રવાત બિપરજોય જે જૂનની શરૂઆતમાં અરબી સમુદ્રમાં રચાયું હતું, તેના કારણે સમગ્ર ગુજરાત અને રાજસ્થાનમાં અંદર તરફ આગળ વધીને વ્યાપક પૂર લાવ્યું હતું, જેના કારણે ૧,૦૫,૦૦૦ લોકો વિસ્થાપિત થયા હતા. ચક્રવાત મોચા, દક્ષિણ એશિયામાં ૨૦૨૩ની સૌથી મોટી આપત્તિ વિસ્થાપન ઘટના બાંગ્લાદેશમાં મુખ્યત્વે કોક્સ બજાર જિલ્લામાં ૧૩ લાખ વિસ્થાપનને ઉત્તેજિત કરે છે. આગાહી અને પ્રારંભિક ચેતવણીઓએ અધિકારીઓને મોચાના લેન્ડફોલ પહેલાં કટોકટીની પ્રક્રિયાઓ શરૂ કરવાની મંજૂરી આપી, ગીચ



વસ્તીવાળા વિસ્તારોમાંથી પૂર્વ-ઉત્તેજક સ્થળાંતર કરવામાં મદદ કરી હતી. IDMCએ જણાવ્યું હતું કે, EIનીનોને કારણે ૨૦૨૩માં દક્ષિણ એશિયાની ચક્રવાતની મોસમ પાછલા વર્ષોની સરખામણીમાં ઓછી તીવ્ર હતી, પરંતુ તોફાનો હજુ પણ ૧૮ લાખ હિલચાલને ઉત્તેજિત કરે છે, જે પ્રદેશના આપત્તિ વિસ્થાપનનો અડધો ભાગ છે. આ આંકડાના ઓછામાં ઓછા ત્રણ-ચતુર્થાંશ માટે સરકારની આગેવાની હેઠળની પ્રી-એમ્પ્ટિવ ઈવેક્યુએશનનો હિસ્સો છે. અહેવાલ મુજબ આફતોએ ૨૦૨૩માં ૨.૬૪ કરોડ વિસ્થાપનને કારણભૂત બનાવ્યું હતું. જે છેલ્લા ૧૦ વર્ષમાં ત્રીજા સૌથી વધુ તીવ્ર છે. IDMCના ડિરેક્ટર એલેક્ઝાન્ડ્રા બિલકે જણાવ્યું હતું કે, કોઈપણ દેશ આપત્તિ વિસ્થાપનથી મુક્ત નથી. તેણીએ કહ્યું, 'પરંતુ આપણે એવા દેશોમાં વિસ્થાપન કેવી રીતે અસર કરે છે તેમાં તફાવત જોઈ શકીએ છીએ કે, જેઓ તેની અસરો માટે તૈયાર અને આયોજન કરે છે અને જેઓ નથી કરતા. જેઓ ડેટા જુએ છે અને નિવારણ, પ્રતિભાવ અને લાંબાગાળાની વિકાસ યોજનાઓ બનાવે છે જે વિસ્થાપનને વધુ સારૂં માને છે.' પૂર અને હીટવેવ્સ જેવી આત્યંતિક હવામાન ઘટનાઓ વધુ વારંવાર બની રહી છે અને ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરના સંશોધકો દ્વારા ૨૦૨૨ના અહેવાલ મુજબ, હવામાન પરિવર્તનને કારણે ભવિષ્યમાં ભારતમાં અનેકગણો વધારો થવાનો અંદાજ છે. ગરમીમાં ફસાયેલા ગ્રીનહાઉસ વાયુઓની સાંદ્રતામાં વધારો થવાથી અસ્થિરતા વધી છે. વાતાવરણમાં વાવાઝોડા, વીજળી અને ભારે વરસાદની ઘટનાઓમાં વધારો સંવહન પ્રવૃત્તિ તરફ દોરી જાય છે. હવામાનશાસ્ત્રીઓના મતે ચક્રવાતી વાવાઝોડું ઝડપથી તીવ્ર બની રહ્યું છે અને ગ્લોબલ વોર્મિંગને કારણે લાંબા સમય સુધી તેની તીવ્રતા જાળવી રાખે છે.

### ખાસ સંદેશ સાથે રાતોરાત ટ્રેન દ્વારા કિવ પહોંચ્યા

# અમેરિકી વિદેશપ્રધાનની યુક્રેનની ઓચિંતી મુલાકાત

**રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થતું નથી, બંને દેશ છેલ્લા બે વર્ષથી યુદ્ધની આગમાં સળગી રહ્યા છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સમાપ્ત થતું નથી. બંને દેશ છેલ્લા બે વર્ષથી યુદ્ધની આગમાં સળગી રહ્યા છે. આ દરમિયાન અમેરિકી વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ટ્રેન દ્વારા યુક્રેન પહોંચી ગયા છે. તે પોલેન્ડથી યુક્રેન પહોંચી ગયો છે.રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદ એન્ટોનીની કિવની આ ચોથી મુલાકાત છે. પરંતુ આ વખતે તે એક ખાસ સંદેશ લઈને યુક્રેન પહોંચી ગયો છે. તે મંગળવારે રાત્રે કિવના એક સ્થાનિક બારમાં ગિટાર વગાડતો જોવા મળ્યો હતો. યુક્રેન માટે તેમનો સંદેશ હતો કે અમેરિકા અને બાકીનું વિશ્વ માત્ર યુક્રેન માટે જ નહીં પરંતુ 'ફ્રી વર્લ્ડ' માટે મોરચો સંભાળી રહ્યું છે.સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકને કિવમાં સ્થાનિક બારમાં ૧૯.૯૯ બેન્ડ સાથે સ્ટેજ શેર કર્યું. આ દરમિયાન તેણે નીલ યંગના ગીત 'રોકિંગ ઈન ધ ફ્રી વર્લ્ડ' પર



પરફોર્મ કર્યું હતું. 'રોકિંગ ઈન ધ ફ્રી વર્લ્ડ' એ એક રોક રાષ્ટ્રગીત છે, જે ૧૯૮૯માં બર્લિન વોલના પતન પહેલા બહાર પાડવામાં આવ્યું હતું.આ ગીત વગાડતા પહેલા એન્ટોનીએ કહ્યું કે તમારા સૈનિકો, તમારા નાગરિકો મુશ્કેલીમાં છે, ખાસ કરીને ખાર્કિવમાં. પરંતુ તેમને ખબર હોવી જોઈએ, તમારે જાણવું જોઈએ કે અમેરિકા તમારી સાથે છે. આ દુનિયા તમારી સાથે છે અને આ યુદ્ધ માત્ર યુક્રેનની સ્વતંત્રતા માટે નથી પરંતુ મુક્ત વિશ્વ માટે છે.યુએસ સ્ટેટ સેક્રેટરી બ્લિંકન મંગળવારે સવારે ટ્રેન દ્વારા યુક્રેન પહોંચ્યા હતા. ખાર્કિવમાં રશિયાના તાજેતરના હુમલાના થોડા દિવસો બાદ કિવની તેમની મુલાકાત આવી છે.તમને જણાવી દઈએ કે યુક્રેન લાંબા સમયથી આ યુદ્ધમાં બેકફૂટ પર છે. યુક્રેન હથિયારોની અછતનો સામનો કરી રહ્યું છે. આવી સ્થિતિમાં રશિયન સેના ધીમે ધીમે આગળ વધી રહી છે.તે જાણીતું છે કે રશિયાએ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ યુક્રેન પર હુમલો કર્યો હતો. જોકે, રશિયા તેને યુદ્ધ નહીં પરંતુ 'સ્પેશિયલ મિલિટરી ઓપરેશન' ગણાવી રહ્યું છે. આ યુદ્ધમાં બંને તરફથી હજારો લોકો માર્યા ગયા છે અને યુક્રેનમાં મોટા પાયે વિસ્થાપન થયું છે.અમેરિકાએ રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનને ૬૦ અબજ ડોલરનું સહાય પેકેજ મંજૂર કર્યુ હતું. આમાંથી મોટાભાગની રકમ ક્ષતિગ્રસ્ત હથિયારો અને હવાઈ સંરક્ષણના સમારકામ પર ખર્ચવામાં આવશે.

# ભારત પર ૨૦૦ વર્ષ શાસન કરનાર ઈસ્ટ ઈન્ડિયા કંપની હવે ક્યાં છે ?

**ઈસ્ટ ઈન્ડિયા કંપનીની શરૂઆત ૩૧ ડિસેમ્બર, ૧૬૦૦ના રોજ થઈ હતી, જ્યારે રાણી એલિઝાબેથ Iએ તેને ભારતમાં વેપાર કરવા માટેનું લાઈસન્સ આપ્યું હતું**

(એજન્સી) તા.૧૫

ઈસ્ટ ઈન્ડિયા કંપની માત્ર એક વેપારી કંપની ન હતી પરંતુ એક સંસ્થા હતી જેના દ્વારા અંગ્રેજોએ સમગ્ર એશિયામાં તેમના સામ્રાજ્યનો વિસ્તાર કર્યો હતો. તેનું પ્રચંડ સૈન્ય પણ હતું અને તેને બ્રિટિશ સરકારનો ટેકો હતો. ૧૭૫૭થી ૧૮૫૮ સુધી, આ કંપનીએ મસાલા, ચા, કાપડ અને અફીણના વેપાર દ્વારા ભારતને લૂંટ્યું હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીની શરૂઆત ૩૧ ડિસેમ્બર, ૧૬૦૦ની છે, જ્યારે રાણી એલિઝાબેથ Iએ તેને ભારતમાં વેપાર કરવા માટેનું લાઈસન્સ આપ્યું હતું. તે એક અનન્ય એન્ટિટી તરીકે કાર્યરત હતી અને તેમાં વ્યક્તિઓએ નાણાંનું રોકાણ કર્યું અને નફો મેળવ્યો હતો. આ કંપનીનું સંચાલન અર્લ ઓફ કમ્બરલેન્ડના નેતૃત્વ હેઠળ ૨૧૫ વેપારીઓ અને રોકાણકારો દ્વારા કરવામાં આવ્યું હતું. ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ તેની વ્યાવસાયિક સેનામાં ભારે રોકાણ કર્યું હતું. ૧૭૬૩માં બંગાળમાં તેના ૬,૬૮૦ સૈનિકો હતા, જે ૧૮૨૩ સુધીમાં વધીને ૧,૨૯,૪૭૩ થઈ ગયા હતા. શરૂઆતમાં સૈનિકો અને અધિકારીઓની વિવિધ જગ્યાએથી ભરતી કરવામાં આવી હતી, પરંતુ ૧૭૮૫માં સુધારા પછી ફક્ત અંગ્રેજોને જ અધિકારીઓ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. કંપનીના સૈનિકોની સંખ્યા તેના અન્ય કર્મચારીઓ કરતા નોંધપાત્ર માર્જિનથી વધી ગઈ હતી.



૧૮૩૦માં કંપનીએ લગભગ ૩,૫૦૦ ભારતીય કર્મચારીઓને રોજગારી આપી હતી. વેપાર ઉપરાંત ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ચાઈનીઝ પોર્સેલેઈન, રેશમ, ગનપાઉડર, ઈન્ડિગો, કોફી, ચાંદી અને ઊન બનાવવા માટે સોલ્ટપેટર સહિત વિવિધ ચીજવસ્તુઓનો વેપાર કર્યો હતો. કંપનીના જહાજો જે આ માલસામાનનું વિશ્વભરમાં પરિવહન કરતા હતા, તેઓ સશસ્ત્ર હતા અને સામાન્ય રીતે ૩૦થી ૩૬ તોપોથી સજ્જ રહેતા હતા. હિંદ મહાસાગરમાં બ્રિટિશ નૌકાદળના વર્ચસ્વથી કંપનીને ફાયદો થયો હતો. બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું તેની સ્થાપનાના લગભગ ૩૦૦ વર્ષ પછી ૧૮૭૪માં બ્રિટિશ સંસદ દ્વારા વિસર્જન કરવામાં આવ્યું હતું. કંપની ૧૮૫૮માં બ્રિટિશ સામ્રાજ્યનો ભાગ બની હતી અને તે જ વર્ષે બ્રિટિશ ક્રાઉને તેની ભારતીય સંપત્તિનું રાષ્ટ્રીયકરણ કર્યું હતું. ૧૮૭૩ના ઈસ્ટ ઈન્ડિયા સ્ટોક ડિવિડન્ડ રિડેમ્પશન એક્ટ દ્વારા કંપનીનું ઔપચારિક રીતે વિસર્જન કરીને અપ્રચલિત અને શક્તિહીન બનાવી દીધી હતી. કંપનીના વિસર્જનથી બ્રિટિશ રાજ અથવા ભારતના સીધા બ્રિટિશ શાહી શાસનની શરૂઆત થઈ હતી.

નગર પ્રાથમિક સમિતિના પૂર્વ સભ્ય અને માજી કાઉન્સિલર દ્વારા

# વડોદરાની ગ્રાન્ટેડ શાળાઓના વિવિધ પ્રશ્નો તથા લઘુમતી ટ્રસ્ટ સંચાલિત શાળાઓમાં ભરતીની છૂટ આપવા શિક્ષણમંત્રીને રજૂઆત

## ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકો, ક્લાર્કો, પટાવાળાઓની ખાલી જગ્યાઓ ભરવા તથા સેકન્ડરી શાળાઓમાં લાયબ્રેરીયન, કોમ્પ્યુટર ટીચર, ઉદ્યોગ ટીચર, ડ્રોઈંગ ટીચરની ભરતી કરવા માંગ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વડોદરાની ગ્રાન્ટેડ શાળાઓના વિવિધ પ્રશ્નો મુદ્દે નગર પ્રાથમિક સમિતિના પૂર્વ સભ્ય અને માજી કાઉન્સિલર આઈ.ફી પટેલે શિક્ષણ મંત્રીને પત્ર લખી રજૂઆત કરી છે. શિક્ષણમંત્રીને લખેલા પત્રમાં આઈ. ડી. પટેલે જણાવ્યું હતુ કે, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ૨૦૦૩થી શિક્ષકોની ભરતી શિક્ષણ સહાયક તરીકે કરવામાં આવતી હતી. ત્યારબાદ ૨૦૧૬થી પ્રવાસી શિક્ષક દ્વારા ભરતી અને હાલમાં જ્ઞાન સહાયક ૧૧ માસના કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ભરતી કરવામાં આવી છે. મોટા ભાગની ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકો, ક્લાર્ક અને પટાવાળાઓની જગ્યાઓ ખાલી છે. શિક્ષકોના અભાવે શૈક્ષણિક કામગીરી ઉપર અસર થાય છે. કેટલીક સ્કૂલોમાં ક્લાર્ક અને પટાવાળાઓની જગ્યાઓ ખાલી છે. ક્લાર્કોની ભરતીના અભાવે વહીવટીતંત્ર બરાબર ચાલતુ નથી. સરકાર ખેલ મહાકુંભની જાહેરાત કરે છે. સેકન્ડરી શાળાઓમાં શિક્ષકો નથી. ગ્રાન્ટેડ સ્કુલમાં લાઈબ્રેરી અને કોમ્પ્યુટર લેબ હોવા છતાં શિક્ષણ વિભાગ દ્વારા લાયબ્રેરીઅન અને કોમ્પ્યુટર ટિચર તથા ઉદ્યોગ ટીચર, ડ્રોઈંગ ટીચર વગેરેની ભરતી કરવામાં આવતી જ નથી. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ વિભાગ હાલના તબક્કે દિશાહીન છે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાત રાજ્ય સંચાલક મંડળ તથા ટ્રસ્ટો દ્વારા ઉપરોક્ત તમામ ખાલી જગ્યાઓની ભરતી અંગે વારંવાર રજુઆત કરવા છતાં સળગતા પ્રશ્નોનો નિકાલ થતો નથી જેના કારણે શૈક્ષણિક કાર્યો ઉપર અસર થાય છે. શિક્ષણમાં ડ્રોપ આઉટ રેશિયો વધતો જાય છે. આજે ચુંટાયેલા ધારાસભ્યો ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટ સ્કુલોના વિકાસ માટે મદદરૂપ થવાના બદલે સેલ્ફ ફાયનાન્સ સ્કૂલોને મદદ કરે છે. સરકારે ગ્રાન્ટેડ સ્કૂલો વધારવી જોઈએ. ગુજરાતમાં આજે પણ કેટલીક પ્રાથમિક શાળાઓ ગ્રાન્ટેડ છે. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના હિત માટે પ્રાયમરી ધોરણ ૧થી ૮ ગ્રાન્ટેડ શાળાઓ શરૂ કરવી જોઈએ તેમજ ધોરણ ૧થી ૧૨ અંગ્રેજી માધ્યમની ગ્રાન્ટેડ શાળાઓ પણ શરૂ કરવી એટલીજ જરૂરી છે. લઘુમતી ટ્રસ્ટ સંચાલિત ગ્રાન્ટેડ સ્કૂલો આર્ટિકલ ૩૦ મુજબ ભરતીના હક્કો ગુજરાત સરકારે સ્થગિત કર્યા છે. લઘુમતી સંસ્થાઓ પોતાના હક્ક માટે કોર્ટમાં ગયા છે. જેના કારણે લઘુમતી ગ્રાન્ટ સ્કુલોની તમામ જગ્યાઓની ભરતી હાલમાં બંધ છે એનો ઝડપી નિર્ણય કરવો જરૂરી છે. અમારી માંગણી છે કે, (૧) ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના ઉત્કર્ષ માટે નવા સત્રથી શિક્ષકો, ક્લાર્ક અને પટાવાળાની ભરતી કરવી, (૨) ગ્રાન્ટ સ્કુલોને લાયબ્રેરીઅન, કોમ્પ્યુટર ટીચર, પી.ટી.ટીચર, ડ્રોઈંગ ટીચર, ઉદ્યોગ ટીચર વગેરેની જરૂરીયાત મુજબ શિક્ષકો પુરા પાડવા, (૩) કોર્ટ મેટરનો નિકાલ ન આવે ત્યાં સુધી લઘુમતી ટ્રસ્ટ સંચાલિત શાળાઓને બંધારણમાં આપેલા હક મુજબ ભરતી કરવાની છુટ આપવી જરૂરી છે, (૪) નવી ગ્રાન્ટેડ સ્કૂલો શરૂ કરવી. ગુજરાત સરકારના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉપરોક્ત તમામ પ્રકારની જરૂરીયાત મુજબની ભરતી માટે કાયમી ધોરણે નિતી વિષયક નિર્ણય લેવો ખુબજ જરૂરી છે. ગ્રાન્ટ શાળાઓના પ્રશ્ન ઉકેલવા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા કાયમી ઉકેલ લાવવો ખુબજ જરૂરી છે. સંચાલક મંડળ તથા ટ્રસ્ટો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાંયોગ્ય નિર્ણય લેવામાં આવતો નથી. ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓના હિતમાં ગુજરાત સરકારે બજેટમાં વધુ નાણાં ફાળવીને ગ્રાન્ટ સ્કૂલોની જરૂરીયાત પુરી પાડવા રજૂઆત છે.

# આણંદમાં જમીન ખરીદવાના બહાને પર્વત પાટિયાના ડોક્ટર સાથે ૧.૩૪ કરોડની છેતરપિંડી

## ડોક્ટરને સાબરમતી નદીના કિનારે સ્વામિનારાયણ મંદિરનો પ્રોજેક્ટ બનાવવા માટે જમીન ખરીદવાનું કહી મીડિયેટર તરીકે રાખી રોકાણ કરાવ્યું, સ્વામિનારાયણ મંદિર જૂનાગઢના જે.કે. સ્વામી સહિત સાત સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૫

પુણાગામ બોમ્બે માર્કેટ રોડ વિસ્તારમાં ક્લીનીક ચલાવતા ડોકટરને આણંદના રીંઝ ગામે સાબરમતી નદીના કિનારે અવેલી જમીનમાં સ્વામી નારાયણ મંદિર પ્રોજેકટના બહાને જુનાગઢ સ્વામી નારાયણ મંદિરના જે.કે.સ્વામી એન્ડ ટોળકીએ મધ્યસ્થી તરીકે જમીનમાં ૨૫ ટકા ભાગીદાર તરીકે રાખી રૂપિયા ૧.૩૪ કરોડનું રોકાણ કરાવ્યા બાદ છેતરપિંડી કરી હતી. પોલીસે ડોકટરની ફરિયાદને આધારે જે.કે.સ્વામી સહિત સાત સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. મૂળ ભાવનગરના મહુવાના મોટા ખુટવડા ગામન વતની અને હાલ સુરત શહેરમાં પરવત પાટીયા આઈ માતા રોડ ઓમ કોમ્પ્લેક્ષમાં રહેતા ૪૨ વર્ષિય બાલકૃષ્ણ બાલુભાઈ હડિયા પુણાગામ બોમ્બે માર્કેટ રોડ અર્ચના સ્કૂલની સામે વિવેકાનંદ સોસાયટીમાં ક્લીનીક ધરાવે છે. બાલકૃષ્ણએ ગતરોજ સ્વામી નારાયણ મંદિરના જયકૃષ્ણ દાસ ગુરુ શ્રીનિવાસ દાસ (જે.કે.સ્વામી), સુરેશ શાર્દુલ ભરવાડ(ખોડીયારનગર સોસાયટી ચાંદલોડીયા અમદાવાદ), સુરેશ તુલશી ધારી (ગંગાસાગર એપાર્ટમેન્ટ એલ.એચ.રોડ વરાછા), અતુલ ત્રીકમ સાંગાણી (ભગવતી કૃપા સોસાયટી સરથાણા જકાતનકા) સ્નેહલ, વિવેક, દર્શન શાહ સામે રૂપિયા ૧,૩૪,૨૫,૦૦૦ની છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જેમાં તેઓએ જણાવ્યુંહતુંકેસન ૨૦૧૫માં તેમના મિત્ર ડો.ભરત ગોહીલ સાથે બારડોલી ખાતે સાધના હોસ્પિટલના ઉદ્દ્ઘાટનમાં ગયા હતા. ત્યારે તેમની મુલાકાત આરોપી સુરેશ તુલશી સાથે થઈ હતી. સુરેશ તુલશીએ જે તે વખતે પોતે જમીન દલાલીનું કામ કરતો હોવાનું કહ્યું હતું. ત્યારબાદ અવાર નવાર ક્લીનીક ઉપર મળવા માટે આવતો હતો. આ દરમ્યાન ૨૦૧૬માં આણંદ જિલ્લાના તારાપુર તાલુકામાં આવેલી રીંઝ ગામે સાબરમતી નદીના કિનાર ૭૦૦ વિઘા જમીન સ્વામીનારાયણ સંપ્રદાયના મહંત જે.કે, સ્વામી ખરીદવા માંગે છે અને ત્યાં પોઈચા ગામમાં આવેલ સ્વામીનારાયણ મંદિરનો પ્રોજેક્ટ છે જેઓ પ્રોજેકટ કરવા માગે છે. સ્વામી ડાયરેકટ જમીન માલીકો પાસેથી જમીન ખરીદવામાં વિશ્વાસ રાખતા નથી. જેથી તેઓ જમીનના સોદામાં કોઈ મધ્યસ્થી હોય તો મધ્યસ્થીના ભરોસે જમીન ખરીદવા માગે છે. એટલે આપણે માત્ર મીડીયેટર (મધ્યસ્થી) તરીકે ઊભા રહીને તેમને જમીન અપાવવાની વાત કરી હતી અને જમીનનો જે સોદો થાય જે ફાયદો થાય તે નફો ભાગીદારોને મળશે તેવી વાત કરી વિશ્વાસમાં લીધા હતો. ૨૦૧૬માં સુરેશ તેમને જમીન બતાવવા માટે લઈ ગયો હતો. ત્યાં સ્નેહલ સાથે મુલાકાત કરાવી હતી. સ્નેહલ પોતે સ્વામીનો ખજાનચી હોવાની ઓળખ આપી હતી. તેણે લેપટોપમાં પોઈચા જેવા મંદિરનું થ્રીડી પિક્ચર બતાવ્યું હતું. સ્નેહલે જમીનનો સોદો વહેલી તકે કરવાનું કહી જમીન ડેલવોપમેન્ટ કરવા માટે પ્લાન, ફેન્સીંગ કરવા માટે ઓર્ડર પણ આપી દીધો હતો. સુરેશ ભરવાડે જમીનના પૈસા જેમ જેમ ખેડૂતનો આપશો તેમ-તેમ દસ્તાવેજ બનાવી આપવાની જવાબદારી લીધી હતી. એક વીઘા જમીનની કિંમત ૧૦ લાખ રૂપિયા હોવાની વાત જે.કે.સ્વામીને જણાવી એક વિંધાનો ભાવ ૫.૮૦ લાખમાં રાખવાનું નક્કી કરી વેચાણ કરેલ જમીનના ૧,૨૦,૭૫,૦૦૦ તથા જે.કે.સ્વામી, સ્નેહલ, વિવેક અને દર્શન ૫૦ લાખ મળી કુલ રૂપિયા ૧,૭૦,૭૫,૦૦૦ મેળવી લીધા હતા. પરંતુ જમીનના વેચાણ દસ્તાવેજ કરી આપ્યા ન હતા. ડોક્ટર બાલકૃષ્ણે પોલીસમાં ફરિયાદ કરવાની ધમકી આપતા આ ટોળકીએ ટુકડે-ટુકડે કરી ૩૬.૭૫ લાખ આપ્યા હતા. જ્યારે બાકીના રૂપિયા ૧,૩૪,૨૫,૦૦૦ નહીં આપી છેતરપિંડી કરી હતી.

### જે.કે. સ્વામીની વીઆઈપી સુરક્ષા જોઈને ડોક્ટર અચંબિત થઇ ગયા

ડોક્ટર બાલકૃષ્ણ જમીન જોવા માટે ગયા બાદ ત્યાંથી જે.કે, સ્વામીને મળવાની વાત કરતા ટોળકીના સાગરીતોએ તેમને સ્વામી ચોટીલા લીંબડી હાઈવે પર કોઈ હરી ભક્તના પેટ્રોલપંપ ખાતેની ઓફિસમાં મળવા માટે ગયા હતા. ત્યારે જે.કે. સ્વામી રેન્જ રોવર કાર અને આગળ પાછળ પાયલોટીંગ કાર અને બે કમાન્ડો સાથે આવ્યા હતા. આ જોઈને ડોકટર બાલકૃષ્ણ અચંબીત થઈ ગયા હતા. સ્વામી સાથે જમીનના ભાવતાલ અંગે વાતચીત કરતા ડોક્ટરે એક વીઘાનો ભાવ ૧૦ લાખ રૂપિયા રાખી શકાય તેમ કહેતા સ્વામી તેમની વાતથી સહમત થઈ એક વીંઘાનો ભાવ ૧૦.૧૧ લાખ નક્કી કર્યા હતા. ડોક્ટર બાલકૃષ્ણએ તેમને પોતે મીડીયર છે તો કોઈ પ્રોબ્લેમ કે લોચો નહી થાય ને હોવાનુ પુછતા જે.કે.સ્વામીએ ઠાકોરજીની ઈચ્છા હોય તો બધુ થાય બાકી આવાપ્રોજેક્ટમાં લાભ લેવા ઘણા લોકો લાઈનમાં હોય છે. ઠાકોરજી પર વિશ્વાસ રાખો તેવી વાત કરી હતી.

સુભાનપુરા, ગોરવા, અકોટા બાદ હવે

# ફતેગંજ વિસ્તારમાં પ્રીપેડ વીજ મીટર સામે વિરોધ : રહીશોનો મોરચો વીજ કચેરીએ

## સ્માર્ટ મીટર જોઈતા નથી, જૂના વીજ મીટર આપવા માંગ



સુભાનપુરા, ગોરવા, અકોટા બાદ હવે ફતેગંજ વિસ્તારમાં પ્રીપેડ વીજ મીટર સામે વિરોધ શરૂ થયો છે. આજે ફતેગંજ વીજ કચેરીએ સ્થાનિકોએ ભારે હોબાળો મચાવ્યો હતો. (તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વડોદરા શહેરમાં એક પછી એક વિસ્તારોમાં સ્માર્ટ વીજ મીટરોને લઈ નાગરિકો વિરોધ કરી રહ્યા છે. ત્યારે અગાઉ સુભાનપુરા ગોરવા અકોટા બાદ હવે ફતેગંજ વિસ્તારના લોકોએ પ્રિપેડ સ્માર્ટ મીટરનો વિરોધ કર્યો છે. ફતેગંજ વીજ કચેરી ખાતે લોકોએ મોરચો માંડી સ્માર્ટ મીટર કાઢી નાખી જૂના મીટર લગાવવા ઉગ્ર રજૂઆત કરી હતી. મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા વડોદરામાં પ્રિપેડ વીજ મીટરો નાખવાની શરૂઆત કરી દેવામાં આવી છે. જો કે જે વિસ્તારોમાં હાલ આ વીજ મીટર લગાવવામાં આવ્યા છે. તેવા વિસ્તારોમાં એક પછી એક નવા સ્માર્ટ મીટરનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ગોરવા સુભાનપુરા અકોટાથી શરૂ થયેલો આ નવા સ્માર્ટ મીટરનો વિરોધ આજે ફતેગંજ વિસ્તારમાં પહોંચ્યો હતો. લોકોના ઘરોમાં વીજળી ગુલ થતાં ફતેગંજ વીજ કચેરી ખાતે લોકોએ મોરચો માંડ્યો હતો. લોકોએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે અમારા ઘરોમાં છેલ્લા ઘણા કલાકોથી લાઈટો નથી ઘરમાં નાના બાળકો છે વૃદ્ધો છે કઈ રીતે પર ચાલે જૂના વીજ મીટરો હતા. ત્યારે આવી સમસ્યા સર્જાતી ન હતી. પરંતુ જ્યારથી આ નવા સ્માર્ટ મીટર લગાવવામાં આવ્યા છે ત્યારથી આ મુશ્કેલી પડી રહી છે. અન્ય એક વિસ્તારના નાગરિકે જણાવ્યું હતું કે મેં હાલમાં જ ૫૦૦ રૂપિયાનું રિચાર્જ કરાવ્યું હતું તેમ છતાં મારા ઘરે વીજ પુરવઠો કપાઈ ગયો છે. અમારે આ સ્માર્ટ વીજ મીટર જોઈતા નથી. જ્યારે બીજી તરફ અધિકારીઓએ જણાવ્યું હતું કે જે લોકો અમને રજૂઆત કરવા માટે આવ્યા હતા તે લોકોનું કહેવું છે કે અમારા ઘરે વીજ પુરવઠો કપાઈ ગયો છે. પરંતુ એ લોકોને સમજવામાં મુશ્કેલ થઈ રહી છે કે તેમનું રિચાર્જ પતી ગયું છે અને માઈનસમાં બેલેન્સ ગયું હોવાથી તેમના ઘરે વીજ પુરવઠો કટ થયો હશે. જો તેઓ ફરીથી રિચાર્જ કરી દેશે તો તુરંત તેમનો વીજ પુરવઠો કાર્યરત થઈ જશે.

મોબાઈલમાં મશગૂલ રહેતા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો

# સુરતમાં મોબાઈલ પર વાત કરતા કરતા યુવક બીજા માળેથી નીચે પટકાતા મોતને ભેટ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૫

આજકાલ મોબાઈલ જીવનનો અભિન્ન ભાગ બની ગયો છે.લોકો આખો દિવસ મોબાઈલમાં જ વ્યસ્ત રહે છે. કોઈ ફોન પર વાત કરતું હોય તો કોઈ રિલ્સ જોયા કરતું હોય, પરંતુ કોઈની પણ નજર મોબાઈલની બહાર નીકળતી નથી. ઘણીવાર તો લોકો મોબાઈલમાં એટલાં મશગુલ થઈ જાય છે કે આસપાસ શું ચાલી રહ્યું છે તેનું પણ તેમને ધ્યાન રહેતું નથી. આવા લોકો માટે ચેતવણીરૂપ કિસ્સો સુરતમાં બન્યો છે. અહીં મોબાઈલના લીધે એક યુવકે જીવ ગુમાવ્યો છે. ગોડાદરા વિસ્તારમાં એક યુવક મોબાઈલમાં વાત કરતાં કરતાં ભાન ભૂલી ગયો હોય તે રીતે મોતનો ભેટો થઈ ગયો હતો. સુરતના ગોડાદરા વિસ્તારમાં ૨૨ વર્ષના એક આશાસ્પદ યુવકે મોબાઈલના લીધે જીવ ગુમાવ્યો છે. આ ઘટનાની હકીકત એવી છે કે ગોડાદરમાં રહેતો ૨૨ વર્ષીય કવિકુમાર શાહ મોબાઈલ પર વાત કરતાં કરતાં બીજા માળેથી નીચે પટકાયો હતો. તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. તેને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તેને બચાવી શકાયો નહોતો. મૃતકના સાળા પવનકુમારે કહ્યું હતું કે, કવિકુમાર બીજા માળે ચાલતા ચાલતા મોબાઈલ પર વાત કરતા હતા. તે પોતાની પત્ની સાથે વાત કરતા હતા. રાત્રિના ૧૨ વાગ્યાના અરસામાં વાત કરતાં કરતાં તે નીચે પડી ગયા હતા અને તેનું મોત નિપજ્યું હતું. કવિકુમાર મૂળ બિહારના વતની છે. સુરતમાં એમ્બ્રોઈડરીના ધાગાનું કામ કરે છે. ૨૨ વર્ષની નાની ઉંમરે કવિકુમારના અકાળ મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન કારિયાએ બોગસ પાસપોર્ટ બનાવીને છેતરપિંડી કર્યાની ફરિયાદ

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન કારિયાએ નકલી પાસપોર્ટ બનાવીને છેતરપિંડી કરી હોવાની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે એ ડિવિઝન પોલીસે આપેલી વિગતો અનુસાર જૂનાગઢના નામચીન બુટલેગર ધીરેન અમૃતલાલ કારિયા રહે. રાયજીબાગ નોબલ ક્રાઈમ એપાર્ટમેન્ટ જૂનાગઢવાળા વિરૂદ્ધ જૂનાગઢ એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ સીદીએ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે આરોપી ધીરેન કારિયાએ જતીન રમેશ સોનીના નામના કોઈપણ રીતે ખોટા ડોક્યુમેન્ટ બનાવી આ દસ્તાવેજનો સાચા તરીકે ઉપયોગ કરી મહારાષ્ટ્ર મુંબઈ ખાતેથી મુખ્ય દસ્તાવેજ ભારતીય પાસપોર્ટ નંબર ડબ્લ્યુ ૭૦૧૧૭૫૪નો કોઈપણ રીતે ઉપયોગ કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૧૯, ૪૬૫, ૪૬૭, ૪૬૮, પાસપોર્ટ અધિનિયમ કલમ ૧૨(૧)(ખ) મુજબ ગુનો દાખલ કરવામાં આવેલ છે અને પીએસઆઈ ઓ.આઈ. સીદી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# વડોદરાના બે ધારાસભ્યોનાબોગસ ફેસબુક એકાઉન્ટ બન્યા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વડોદરા શહેરના ભાજપના બે ધારાસભ્યોના બોગસ ફેસબુક એકાઉન્ટ બન્યા હોવાનું સામે આવ્યું છે. બંને ધારાસભ્યો દ્વારા તેમના ઓરીજીનલ એકાઉન્ટ થકી જણાવ્યું છે કે, બોગસ એકાઉન્ટ જોડે કોઈ પણ વ્યવહાર કરવો નહી. સાથે જ બોગસ એકાઉન્ટને રિપોર્ટ કરવા માટે જણાવ્યું છે.

વડોદરામાં અગાઉ પણ રાજકીય નેતાઓના બોગસ એકાઉન્ટ બન્યાની ઘટના સામે આવી ચુકી છે. વડોદરાના વાડી બેઠક પરથી ભાજપના મહિલા ધારાસભ્ય મનીષાબેન વકીલ ચૂંટાઇને આવ્યા છે. તેઓ અગાઉ રાજ્ય સરકારના મંત્રી રહી ચુક્યા છે. એવી જ રીતે, શહેરની સયાજીગંજ વિધાનસભા બેઠક પર ભાજપના કેયુર રોકડિયા ચૂંટાઈને આવ્યા છે. વિતેલા ૧૨ કલાકમાં બંને ધારાસભ્યો દ્વારા પોતાના ઓફિશીયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી બોગસ ફેસબુક એકાઉન્ટ બન્યા હોવાની જાણકારી આપવામાં આવી છે અને તેના સ્ક્રિનશોટ પણ શેર કરવામાં આવ્યા છે.બંને ધારાસભ્યો દ્વારા તેમના નામે ખોલવામાં આવેલા બોગસ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી કોઇ પણ રિકવેસ્ટનો સ્વિકાર નહી કરવા તથા કોઇ પ્રકારનો વ્યવહાર નહિ કરવા માટેની વિનંતી કરી છે. સાથે જ બંને દ્વારા બોગસ સોશિયલ મીડિયા એકાઉન્ટને વધુમાં વધુ રિપોર્ટ કરવા અને કરાવવા માટે લોકોને જણાવ્યું છે.

સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર જણાવે છે કે, નેતાઓ સામાન્ય રીતે સોશિયલ મીડિયા થકી પોતાના વિસ્તારના લોકોના સંપર્કમાં રહે છે. માહિતીની આપ-લે કરવા માટેનું સોશિયલ મીડિયા મોટું માધ્યન બન્યું છે. ત્યારે નેતાઓની લોકપ્રિયતાનો ફાયદો ઉઠાવવા માટે ગઠિયાઓ આવું કૃત્ય કરતા રહે છે.

મહત્વની વાત ઉમેરતા સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર જણાવે છે કે, નેતાઓએ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ માટે બ્લુ ટીક મેળવી લેવું જોઇએ. જો તેમ કરવામાં આવે તો લોકો માટે અસલી અને નકલીનો ફરક સમજવો આસાન થઇ જશે.

સરથાણા ઝોનમાં ટીપી રોડ ખુલ્લો કરવા જતાં રહીશોનો હોબાળો

# સોસાયટીનો ગેટ તોડવા આવેલા મનપા કર્મીઓ સાથે સ્થાનિકોનું ઘર્ષણ : જેસીબી મશીનને ઘેર્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૫

સુરત પાલિકાના વરાછા બી ઝોન (સરથાણા)માં આજે ટીપી રોડ ખુલ્લો કરવાની કામગીરી દરમિયાન ટીપી રોડ પર એક સોસાયટીનો બનેલો ગેટ દુર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન સોસાયટીના રહીશોએ પાલિકાના સ્ટાફ સાથે ઘર્ષણ કર્યું હતું. મોટી સંખ્યામાં એકઠી થઈ ગયેલી મહિલાઓ સહિતનાઓએ જેસીબી મશીનને ઘેરી લીધું હતું. સોસાયટીના રહીશોએ આક્ષેપ કર્યો હતો કે, આસપાસ અનેક ગેરકાયદે બાંધકામ છે તેનું ડિમોલીશન થતું નથી અને અમારા ગેટનું ડિમોલીશન થાય છે. તો બીજી તરફ પાલિકાએ કહ્યું છે કે ટીપી રોડ ખુલ્લો કરવાની કામગીરી થઈ રહી છે હવે પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરીશું. આજે સુરત કામરેજ મુખ્ય રોડ પર ટીપી સ્કીમ નંબર ૨૨માં ટીપી રોડ ખુલ્લો કરવાની કામગીરી વરાછા બી ઝોન દ્વારા કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન આર્શીવાદ સોસાયટી આગળ બે ફાઈનલ પ્લોટ છે અને સોસાયટીની વચ્ચેથી ટીપી રોડ પસાર થાય છે. આ ટીપી રોડ પર સોસાયટી દ્વારા ગેટ બનાવી દેવામાં આવ્યો છે. ટીપી રોડ પર આ ગેટ અડચણરૂપ હોય તો ગેટ દુર કરવાની કામગીરી ઝોન દ્વારા શરૂ કરવામાં આવી હતી. જો કે, પાલિકાએ કામગીરી શરૂ કરતાં સોસાયટીના લોકો ભેગા થયા હતા અને કામગીરી અટકાવી હોબાળો કર્યો હતો. પાલિકા તંત્ર જણાવી રહી છે કે, આ ગેટ ટીપી રોડ પર છે તેથી તેને દુર કરવામાં આવશે. હાલમાં લોકોએ ઘર્ષણ ઉભુ કર્યું છે તેથી આગામી દિવસોમાં પોલીસ બંદોબસ્ત સાથે ટીપી રોડ ખુલ્લો કરવામાં આવશે. આ અંગે સ્થાનિક પ્રવિણભાઈએ કહ્યું કે, આશીર્વાદ સોસાયટી વર્ષો જૂની છે. ગેટ પણ વર્ષોથી છે. ત્યારે આજે પાલિકાને અચાનક યાદ આવી ગયું છે. અમારી સોસાયટી આસપાસના વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામ થયા છે. થઈ રહ્યાં છે. તેમ છતાં પાલિકાને એ બધું દેખાતું નથી. અમારી સોસાયટીનો ગેટ દેખાયો છે. જે અમે પાડવા નહી દઈએ.

# વંથલી પંથકમાં ફૂંકાયેલા ભારે પવનના કારણે કેસર કેરીના પાકને ભારે નુકસાન

## સરકાર તાત્કાલિક નુકસાનીનો સર્વે કરી સહાય ચૂકવે તેવી ખેડૂતોની માંગ

જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢના વંથલી પંથકમાં રાત્રિના સમયે ફૂંકાયેલા ભારે પવનના કારણે કેસર કેરીના પાકને મોટા પાયે નુકસાન થયું છે. વંથલીના ધંધુસર ગામ સહિત આસપાસના વિસ્તારમાં આંબા પરથી કેરીનો પાક ખરી પડ્યો છે. હજુ પણ ૨૪ કલાક તોફાની પવન સાથે વરસાદની આગાહી કરવામાં આવી છે. ત્યારે ખેડૂતો ચિંતાતૂર બન્યા છે. કેરીના ઉત્પાદન માટે ખેડૂતોને વીઘા દીઠ બે હજાર રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. જો કે માવઠું વરસતા ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. એક તો ગત વર્ષની સરખામણીએ આ વર્ષે કેરીનું ઉત્પાદન ઓછું હતું. તેમાંય હવે માવઠું વરસતા ઉત્પાદનમાં વધુ ઘટાડાનો અંદાજ છે. કેરી પકવતા ખેડૂતોને સરકાર તાત્કાલિક નુકસાનીનો સર્વે કરી સહાય ચૂકવે તેવી માંગ કરી છે.

વડોદરાની એમ.એસ. યુનિ.ની યુનિટ બિલ્ડિંગમાં

# ચાલુ પરીક્ષાએ વિદ્યાર્થિનીની તબિયત લથડતા યુનિ. હેલ્થ સેન્ટર ખાતે સારવાર અપાઈ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વિશ્વવિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં ત્રીજા વર્ષના અભ્યાસક્રમની પાંચમા સેમેસ્ટરની એટીકેટીની પરીક્ષા ચાલી રહી છે. આ દરમિયાન યુનિટ બિલ્ડીંગ ખાતે એક વિદ્યાર્થિનીને ચક્કર આવતા સુપરવાઇઝર દ્વારા યુનિવર્સિટીની એમ્બ્યુલન્સ બોલાવી વિદ્યાર્થિનીને યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે સારવાર માટે લઈ જવામાં આવી હતી. એમ.એસ.યુનિવર્સીટીની યુનિટ બિલ્ડીંગ ખાતે ત્રીજા વર્ષના પાંચમા સેમેસ્ટરની એટીકેટીની પરીક્ષા ચાલી રહી હતી. તે દરમિયાન એક વિદ્યાર્થિનીને ચક્કર આવતા પરીક્ષા ખંડમાં હાજર સુપરવાઈઝર દ્વારા યુનિવર્સીટીની એમ્બ્યુલન્સ સેવાને જાણ કરવામાં આવી હતી. જેને પગલે યુનિવર્સીટીની એમ્બ્યુલન્સ યુનિટ બિલ્ડીંગ ખાતે આવી પહોંચી હતી અને વિદ્યાર્થિનીને સારવાર આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. નોંધનીય છે કે, એક ખાનગી કંપની દ્વારા થોડા સમય પૂર્વે એમ.એસ. યુનિવર્સિટીને કંપનીએ સોશિયલ રિસ્પોન્સિબીલીટીના ભાગરૂપે એક એમ્બ્યુલન્સ ભેટ આપવામાં આવી હતી. જેનો આજે પ્રથમ વખત ઉપયોગ કરવામાં આવ્યો હતો. ત્યારે યુનિવર્સિટીના સુપરવાઈઝર પ્રો.ભાવિન રાજપૂતે જણાવ્યું હતું કે આ યુનિટ બિલ્ડીંગ છે એક્ઝામ ટાઈમે સ્ટુડન્ટને થોડી ગભરામણ થતી હતી. એના કારણે તેણીને યુનિવર્સિટી હેલ્થ સેન્ટર લઈ જવામાં આવી છે. કદાચ આ સ્ટૂડન્ટને પહેલા પણ આવો પ્રોબ્લેમ થયો હતો.

# જૂનાગઢના વિલીંગ્ડન ડેમના કિનારે એક સાથે ૮ સિંહોએ પડાવ નાંખતા લોકોમાં રોમાંચ

## સિંહ પરિવારને નિહાળવા લોકો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા : સિંહ પરિવારને કેમેરામાં કેદ કર્યા



જૂનાગઢ, તા.૧૫

જૂનાગઢ શહેરમાં જંગલ નજીક આવેલા વિસ્તારોમાં અવાર-નવાર સિંહ પરિવાર દેખા દેતો હોય છે. કયારેક એક, કયારેક બે તો કયારેક ત્રણની સંખ્યામાં સિંહો જોવા મળે છે. પરંતુ ગઈકાલે જૂનાગઢના વિલીંગ્ડન ડેમના કિનારે ભાગ્યે જ બનતી ઘટના બનવા પામી હતી. સાંજના પાંચેક વાગ્યાના અરસામાં એક સાથે ૮ સિંહોએ પડાવ નાંખ્યો હતો. સિટી ગ્રુપના નામે ઓળખાતા આ સિંહોને નિહાળવા માટે લોકો એકઠા થયા હતા અને સિંહ દર્શનનો લાભ લીધો હતો. ઉનાળાનો આકરો તાપ અને સખત ગરમીને લઈને એક તરફ જનજીવન ત્રાહિમામ પોકારી ઉઠે છે તો બીજી તરફ વન્ય પ્રાણીઓને પણ ભારે તકલીફ પડતી હોય છે. વન વિભાગ દ્વારા જંગલ વિસ્તારમાં તેમજ સાસણ ખાતે પણ પાણીનો સ્ત્રોત ઊભા કરવામાં આવેલ છે અને પાણીની વ્યવસ્થા થતી હોય છે. દરમ્યાન જૂનાગઢ નજીક આવેલા જંગલ વિસ્તારમાંથી રેવન્યુ વિસ્તાર તરફ આવતા સિટી ગ્રુપ તરીકે ઓળખાતા સિંહનો પરિવાર વિલીંગ્ડન ડેમના કિનારે, દાતારની સીડી, ભવનાથ વિસ્તાર ઉપરાંત ધરારનગર નજીક જંગલ વિસ્તાર, બીલખા રોડ સહિતના વિસ્તારમાં અવાર-નવાર જોવા મળે છે. દરમ્યાન ગઈકાલે સાંજના પાંચ કલાકના આસપાસ સિટી ગ્રુપનો સિંહ પરિવાર ડેમના કિનારે વિહરતો જોવા મળ્યો હતો અને સિંહ પરિવારને નિહાળવા માટે મોટી સંખ્યામાં લોકો આવી પહોંચ્યા હતા. આ સિંહ પરિવારને કેમેરામાં કેદ પણ કરવામાં આવ્યા હતા. ઉનાળામાં ઠંડક અને પાણીની તરસ છીપાવવા માટે આવતા આ સિંહો અવારનવાર દેખા દેતો હોય છે અને સાંજે સૂર્યાસ્ત થયા બાદ નજીકના જંગલ વિસ્તારમાં પરત જતા રહે છે.

**નામ બદલેલ છે**

મેં મારૂં નામ અબ્દુર્રહીમ ઈસ્માઈલ પટેલ હતું જે બદલીને નવું નામ **અબ્દુલરહીમ ઈસ્માઈલ પટેલ** રાખેલ છે, જેની સર્વેએ નોંધ લેવા વિનંતી

**અબ્દુલરહીમ ઈસ્માઈલ પટેલ**
૫-૪૯, સોની ચકલા,મુ.પો. કહાનવા- ૩૯૧૮૧૦ તા.જંબુસર, જિ. ભરૂચ મો.૯૭૨૩૭ ૯૨૩૪૪

**નામ બદલેલ છે**

મારૂં જૂનું નામ **ફોરમકુમારી અમરીશભાઈ ગરાળા** હતું જે બદલી નવું નામ **ફોરમ રોનકકુમાર કણસાગરા** રાખેલ છે જેની સર્વેએ નોંધ લેવી.

સરનામું : ફોરમ રોનકકુમાર કણસાગરા ૧૭ નીલકંઠ નગર, જીએનએફસી બાયપાસ રોડ, ઝાડેશ્વર રોડ, ઝાડેશ્વર, ભરૂચ.

**CHANGE OF SURNAME**

I have Changed My Old SurName **PATEL IMTIYAZALI GULAM** To Change & New SurName **Raja Imtiyajali Gulamali** & I Will Be Known As New Name Which Please Note

**Address, Rajput Street, At. Kargat, Ta & Dist. Bharuch**

### આડેધડ ફરી સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની નોટિસો સામે મોટો ચુકાદો

# એક જ પ્રોપર્ટી પર બીજી વખત સ્ટેમ્પ ડ્યૂટી વસૂલી શકાય નહીં : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા.૧૬

મિલકતના વેચાણ પર સ્ટેમ્પ ડ્યુટી લાદવા અંગેના મહત્ત્વનો ચુકાદો આપતા ગુજરાત હાઈકોર્ટે હુકમ કર્યો છે કે જો મિલકત ખરીદનાર દ્વારા પહેલાથી જ સ્ટેમ્પ ડ્યુટી ભરવામાં આવી હોય તો સરકાર સ્ટેમ્પ ડ્યુટી માટે બીજી નોટિસ આપી શકે નહીં. કોર્ટે આ મામલે સરકારની અપીલ ફગાવી દીધી હતી.

ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ માયીની બનેલી બેન્ચ તરફથી આ ચુકાદો આવ્યો હતો. તેઓએ જણાવ્યું, હતું કે, કેસમાં સ્ટેમ્પ ડ્યુટી વેચાણ દસ્તાવેજ નોંધણી સમયે ચૂકવવામાં આવી હતી. જેથી એક ટ્રાન્સફરના સંદર્ભમાં વેચાણની વિચારણા પર બે વાર સ્ટેમ્પ ડ્યુટી વસૂલી શકાતી નથી.

આ કેસની વિગતો જોઈએ તો અરજદાર મીરા દેસાઈ અને અન્યોએ સ્ટેમ્પ ડ્યુટી ઓથોરિટીના આદેશ સામે લડીને ગુજરાત હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો જેમાં રૂા.૩૧.૬૨ લાખની ચૂકવણીની માંગ કરવામાં આવી હતી. દેસાઈએ દલીલ કરી હતી કે ૨૦૦૪માં વડોદરામાં જમીન ખરીદતી વખતે સ્ટેમ્પ ડ્યુટીની સંપૂર્ણ ચૂકવણી કરવામાં આવી હતી. આઠ વર્ષ પછી, ઓથોરિટીએ વધારાની ચુકવણીની માંગણી કરતી નોટિસ જારી કરી હતી.

જો કે, ગુજરાત સ્ટેમ્પ એક્ટની કલમ ૩૨અ મુજબ, આવી નોટિસ વેચાણ દસ્તાવેજ પછી છ પછી કાઢી કરી શકાતી નથી. પરિણામે, નોટિસને સમય-પ્રતિબંધિત માનવામાં આવી હતી, અને ફરજ વસૂલવાનો સત્તાધિકારનો પ્રયાસ અમાન્ય કરવામાં આવ્યો હતો.

જસ્ટિસ એએસ સુપેહિયાએ શરૂઆતમાં ૨૨ જૂન, ૨૦૨૨ ના રોજ નોટિસ રદ કરી હતી, અરજદારોને રાહત આપી હતી. દોઢ વર્ષ પછી, રાજ્ય સરકારના આ નિર્ણય સામેના પડકારને બે ન્યાયાધીશોની બેન્ચ દ્વારા અગાઉના ચુકાદાને સમર્થન આપતાં ફગાવી દેવામાં આવ્યો હતો. કોર્ટે એ પણ નોંધ્યું હતું કે એક જ વ્યવહાર પર બે વાર સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાથી સ્થાપિત નિયમોનું ઉલ્લંઘન થાય છે, જે સમાન સમસ્યાઓનો સામનો કરી રહેલા અન્ય લોકોને સંભવિત રીતે રાહત આપે છે.

હાલમાં નોટિસો પડકારાઈ ન હોવાથી લોકો સામાન્ય રીતે ચુકવણા કરી દે છે

કાનૂની નિષ્ણાતો સરકાર વારંવાર મિલકતના વ્યવહારો પર ડબલ સ્ટેમ્પ ડ્યુટી વસૂલ કરે છે. ઘણીવાર ત્યારે સત્તાવાળાઓ સ્ટેમ્પ ડ્યુટીની ફરીથી ચુકવણીની માંગ કરે છે, જોકે તે રહેણાંક અથવા કોમર્શિયલ પ્રોજેક્ટ્સના પ્રારંભિક બાંધકામ તબક્કા દરમિયાન ચૂકવવામાં આવતી હોય છે. આ અંગે અન્ય વરિષ્ઠ એડવોકેટે ચુકાદાની વ્યાપક અસર વિશે જણાવ્યું હતું કે, મારી દૃષ્ટિએ, ચુકાદો એક અલગ મુદ્દાને સંબોધે છે અને વેચાણ ડીલના અમલ દરમિયાન સ્ટેમ્પ ડ્યુટી વસૂલવાની ચાલી રહેલી પ્રથાને કદાચ અસર નહીં કરે. આ પ્રથા ઘણા વર્ષોથી ચાલુ છે કારણ કે તેને કાયદાકીય રીતે પડકારવામાં આવ્યો નથી. પ્રોપર્ટી ખરીદતી વખતે કાનૂની ગૂંચવણો ટાળવા લોકો સામાન્ય રીતે આ ચૂકવણીઓનું સમાધાન કરવાનું પસંદ કરે છે.

# ગાંધીનગર એલસીબીએ દેશી પિસ્ટલ સાથે ઈસમને પકડયો

### અન્ય એક વોન્ટેડ ઈસમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં લાયસન્સ વગર હથિયાર રાખનારાઓ સામે પોલીસ દ્વારા લાલ આંખ કરવામાં આવી રહી છે. ત્યારે વધુ એક વખત જિલ્લામાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ગાંધીનગર એલસીબીએ દેશી બનાવટની પિસ્તોલ સાથે એક આરોપીને ઝડપી લીધો હતો. પોલીસે તમામ મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ગાંધીનગર એલસીબી સ્ટાફના માણસો કલોલ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે એક ઈસમ રવેચી ટી સ્ટોલની સામે બ્રિજની નીચે હાથમાં એક દેશી બનાવટની પિસ્તોલ રાખી બેઠેલ છે જે બાતમી હકીકતના આધારે પોલીસ સ્ટાફના માણસોએ ઉપરોક્ત સ્થળે દરોડો કરી દિલસાદ અમિર શાહ અલવીને ઝડપી લીધો હતો ત્યારબાદ તેની અંગ જડતી કરતા પાસ પરમિટ વગરની એક દેશી હાથ બનાવટની પિસ્તોલ મળી આવી હતી. આ પિસ્ટલ જેની કિંમત ૫૦૦૦ તથા મોબાઈલની કિમત મળી કુલ ૧૦,૦૦૦ ના મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અને એક અન્ય વોન્ટેડ આરોપીને ઝડપી શાકિબ યામીન અન્સારીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# નારોલના સરદાર એસ્ટેટની ફેક્ટરીમાં બોઈલર બ્લાસ્ટ : છ લોકો ઈજાગ્રસ્ત

### ફાર્મા કંપનીના માલિક સહિત ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડાયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

અમદાવાદ શહેરના નારોલ શાહવાડી વિસ્તારમાં આવેલા સરદાર એસ્ટેટમાં સ્ટેબિકોન વિટામીન ફાર્મા ફેક્ટરીમાં બોઈલર ફાટવાની ઘટના બનતા ચકચાર મચી જવા પામી હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરતા પાંચથી વધુ ગાડીઓ અને ત્રણથી ચાર ૧૦૮ એમ્બ્યુલન્સ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી. બોઈલર ફાટતા ફેક્ટરીના માલિક સહિત છ લોકોને ઈજા થઈ છે. તમામને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા આગને કાબુમાં લેવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમમાં મેસેજ મળ્યો હતો કે, નારોલ વિસ્તારમાં શાહવાડી નજીક આવેલા સરદાર એસ્ટેટમાં સ્ટેબિકોન વિટામીન ફાર્મા ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બની છે. જેથી ફાયર બ્રિગેડની પાંચ જેટલી ગાડીઓ તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ત્યાં પહોંચી જોયું તો બોઈલર ફાટવાની ઘટના

### ફાયરની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગને કાબૂમાં લીધી

બની હતી. જેમાં આગ લાગતા કેટલાક લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. જેથી ૧૦૮ એમ્બ્યુલન્સ પણ બોલાવવામાં આવી હતી. ફાયર બ્રિગેડની ટીમ દ્વારા પાણીનો મારો ચલાવીને આગ કાબૂમાં લેવામાં આવી હતી. જ્યારે ફેક્ટરીના માલિક સહિત પાંચ કર્મચારીઓ મળી કુલ છ લોકોને ઈજા થતાં તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઈજાગ્રસ્તોના નામમાં કાર્તિકભાઈ કંસારા (માલિક), પીન્ટુભાઈ, મહેશભાઈ, બાબુભાઈ, અનિલભાઈ, સોનુંભાઈનો સમાવેશ થાય છે. ત્યારે હાલ ઈજાગ્રસ્તોની હાલત અંગે વધુ જાણવા મળ્યું નથી.

# રાજ્યની સરકારી યુનિવર્સિટીઓમાં વિવિધ કોર્સ માટે એડમિશન પ્રક્રિયા શરૂ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

આજથી વિદ્યાર્થીઓ સરકારી યુનિવર્સિટીમાં એડમિશન માટે રજીસ્ટ્રેશન કરી એડમિશનની પ્રક્રિયા કરી શકશે રાજ્યની સરકારી યુનિવર્સિટીમાં એડમિશન માટે આ વર્ષથી GCAS પોર્ટલની શરૂઆત કરવામાં આવી છે. જેમાં તમામ વિદ્યાર્થીઓ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે. રાજ્યની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાં પણ એડમિશન માટે GCAS પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વિદ્યાર્થીઓ આ વર્ષથી ગુજરાત યુનિવર્સિટીમાં અલગ અલગ ૩૪ કોલેજમાં મ્જી કોર્ષ પણ શરૂ થશે જે ચાર વર્ષના હશે.

ગુજરાત યુનિવર્સિટીમાં આ વર્ષે સેન્ટ્રલાઈઝ એડમિશન પ્રક્રિયા કરવામાં આવશે. સામાન્ય કોર્ષની સાથે BCom, BBA, BSc, BCA, BA સહિત મ્જીનો અભ્યાસ પણ ચાલુ થશે. જે ચાર વર્ષનો અભ્યાસ રહેશે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અલગ

### GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરાવાનું રહેશે

અલગ ૩૪ કોલેજને BSનો કોર્સ શરૂ કરવા મંજૂરી આપવામાં આવી છે. વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન સાથે BSનો વિકલ્પ પણ પસંદ કરી શકશે. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ નીરજા ગુપ્તાએ જણાવ્યું હતું કે, GCAS પોર્ટલ પર રજિસ્ટ્રેશન કર્યા બાદ કોલેજ દીઠ મેરીટ બનશે. BSમાં UGના કોર્સ ચાલશે. જે વિદ્યાર્થીઓ એડમિશન લેવા ઈચ્છતા હોય તે ચોઈસ પસંદ કરી શકશે. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, IIT, શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા અને વીર નર્મદ સાઉથ યુનિવર્સિટીમાં પ્રવેશ પ્રક્રિયા થશે તેમાં ૧૫થી ૨૮ મે - રજિસ્ટ્રેશન કરવું, શૈક્ષણિક માહિતી ભરવી, કોલેજની પસંદગી, રજિસ્ટ્રેશન ફી ભરવી અને GCAS પોર્ટલ પર અરજી સબમિટ કરવી. ત્યારે ૭થી ૧૦ જૂન - GCAS પોર્ટલ પર કામચલાઉ પ્રવેશ યાદી જાહેર કરાશે. ૧૩થી ૨૧ જૂન - ફાઈનલ પ્રવેશ યાદી ચકાસવી, ઓફર લેટરની પ્રિન્ટ લેવી, પ્રવેશ માટે જે તે કોલેજ પર ડોક્યુમેન્ટ સાથે રિપોર્ટિંગ કરવાનું રહેશે બીજા રાઉન્ડ માટે ૨૭થી ૨૯ જૂન - GCAS પોર્ટલ પર નવી યાદી ચકાસવી, ઓફર લેટર લઈને ડોક્યુમેન્ટ સાથે કોલેજ પર રિપોર્ટિંગ કરવાનું રહેશે ત્રીજા રાઉન્ડ માટે ૫થી ૭ જુલાઈ - GCAS પોર્ટલ પર પસંદગી અપડેટ કરવી ત્યારબાદ ૧૬થી ૧૦ જુલાઈ - GCAS પોર્ટલ પર નવી યાદી ચકાસવી, ઓફર લેટર લઈને ડોક્યુમેન્ટ સાથે કોલેજ પર રિપોર્ટિંગ કરવાનું રહેશે.

### બાંધકામ સાઈટ પર ફરી સામે આવી બેદરકારી

# અમદાવાદમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર વધુ એક મજૂરનું મોત

### ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ પર પાંચમા માળથી મજૂર નીચે પટકાયો હતો

અમદાવાદ, તા.૧૫ : અમદાવાદમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર વધુ એક મજૂરનું મોત થયું. શહેરમાં ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. અમદાવાદમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર વધુ એક મજૂરનું મોત થયું. શહેરમાં ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ પર મજૂરનું મોત થયું હોવાનું સામે આવ્યું છે. ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ કાંકરિયા ખાતે આવેલ છે. ટ્રીવિયા વન કન્સ્ટ્રક્શન સાઈટ પર પાંચમાં માળથી પટકતા મજૂરનું મોત થયું. બાંધકામ સાઈટ પર બેદરકારીના કારણે વધુ એક મજૂર મોતનો ભોગ બન્યો. કોન્ટ્રાક્ટર અને બિલ્ડરની બેદરકારીનો ભોગ બન્યો મજૂર. મણિનગર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કન્સ્ટ્રક્શન સાઈટ પર સલામતીના સાધન એવી સેફટી જાળી ના હોવાથી મજૂરનું મોત નિપજયું છે.અગાઉ પણ શહેરમાં નરોડા વિસ્તારમાં બાંધકામની સાઈટ પર મજૂરનું મોત થયું હતું. એક મહિનાની અંદર બાંધકામ સાઈટ પર સલામતીના અભાવે મજૂરનું મોત થવાની આ બીજી ઘટના છે. આ પ્રકારની ઘટનાઓ સામે આવતા સવાલો ઉઠી રહ્યા છે કે આખરે બેદરકાર કોન્ટ્રાક્ટરો પર કયારે લગામ કસારો ક્યારે આ કોન્ટ્રાકટરો નિયમ મુજબ કામ ના કરાતા કાર્યવાહી કરાશે. મજૂરનું મોત થતા લોકો ફક્ત સહાનુભૂતિ આપે છે પરંતુ તેમના મૃત્યુથી પરિવારને તમામ રીતે થતા નુકસાનની કોઈને પરવા નથી. કયારે બેદરકાર કોન્ટ્રાકટરો વિરુદ્ધ કાર્યવાહી થશે ?

### ડૉ. કમલા બેનીવાલના નિધનથી દુઃખી છું : વડાપ્રધાન મોદીનું ટ્વીટ

# ગુજરાતના પૂર્વ રાજ્યપાલ ડૉ.કમલા બેનીવાલનું નિધન : શ્રદ્ધાંજલિ પાઠવાઈ

### રાજ્યપાલ તથા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૫

ગુજરાતના પૂર્વ રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલનું ૯૭ વર્ષની વયે નિધન થયું છે. તેઓ છેલ્લા ઘણા દિવસોથી બીમાર હતા. જયપુરના ફોર્ટિસ હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. કમલા બેનીવાલના પુત્ર આલોક બેનીવાલે સોશિયલ મીડિયા પર માતાના નિધન અંગે માહિતી આપી. તેમના નિધન પર પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોત, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યપાલ સહિતના નેતાઓએ દુઃખ વ્યક્ત કર્યું છે. કમલા બેનીવાલનો જન્મ ૧૨ જાન્યુઆરી ૧૯૨૭માં રાજસ્થાનના ઝુંઝુનૂ જિલ્લાના ગોરિર ગામમાં જાટ પરિવારમાં થયો હતો. તેઓ કોંગ્રેસના વરિષ્ઠ રાજનેતા હતા. તેઓ ગુજરાત સહિત ત્રિપુરા અને મિઝોરમના રાજ્યપાલ રહી ચૂક્યા છે. રાજસ્થાનમાં કોંગ્રેસની સરકારમાં તેઓ મહત્વના પદો સંભાળી ચૂક્યા હતા. ઉપરાંત તેઓ ૭ વખતના ધારાસભ્ય પદે રહ્યા



હતા. રાજસ્થાનમાં તેમની લોકચાહના ખુબ હતી. તેઓ રાજસ્થાન સરકારમાં પ્રથમ મહિલા મંત્રી બન્યાં હતા. તેઓ રાજસ્થાનના ઉપમુખ્યમંત્રી પણ રહી ચૂક્યા છે. ૨૭ નવેમ્બર, ૨૦૦૯ થી ૬ જુલાઈ, ૨૦૧૪ સુધી ગુજરાતના રાજ્યપાલ તરીકે કાર્યરત હતા. તેમણે ૧૧ વર્ષની ઉંમરમાં ભારત છોડો આંદોલનમાં ભાગ લીધો હતો. તેમને દિવંગત પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી દ્વારા તામ્રપત્રથી સન્માનિત કરાયા હતા. કમલા બેનીવાલ વર્ષ ૧૯૫૪માં ૨૭ વર્ષની ઉંમરમાં વિધાનસભા ચૂંટણી જીતીને રાજસ્થાન સરકારમાં પહેલા મહિલા મંત્રી બન્યા. પૂર્વમાં અશોક ગેહલોતની સરકારમાં કમલા બેનીવાલ ગૃહ, શિક્ષા અને કૃષિ મંત્રાલય સહિતના વિભાગોના મંત્રી રહ્યા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સો.મીડિયા પર પોસ્ટ કરીને દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે લખ્યું કે, 'ડૉ. કમલા બેનીવાલના નિધનથી દુઃખી છું. રાજસ્થાનમાં તેમની લાંબી રાજકીય કારકિર્દી હતી, જ્યાં તેમણે ખંતથી લોકોની સેવા કરી હતી. જ્યારે તેઓ ગુજરાતના રાજ્યપાલ હતા અને હું મુખ્યમંત્રી હતો ત્યારે મારી તેમની સાથે અસંખ્ય વખત વાતચીત થઈ હતી. તેમના પરિવાર અને મિત્રો પ્રત્યે સંવેદના. ગુજરાતના પૂર્વ રાજ્યપાલ કમલા બેનીવાલનું નિધન થવા પર રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દુઃખ વ્યક્ત કર્યું છે. તેમણે X પર લખ્યું કે, 'ગુજરાતના પૂર્વ રાજ્યપાલ ડૉ. કમલા બેનીવાલના નિધન પર દુઃખની લાગણી વ્યક્ત કરુંછું. મારી સંવેદના તેઓના શોક સંતપ્ત પરિવારજનોની સાથે છે. તેમના સ્વજનોને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના. ? રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પણ તેઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

# માળિયા મિંયાણા પોલીસની દબંગાઈ, ખનીજ માફિયાઓ સામે ફરિયાદ નોંધાવવા આવેલા મુસ્લિમ યુવકને માર માર્યો

### ધોકા વડે બેફામ માર મારતા યુવક મોરબી સિવિલમાં સારવાર હેઠળ



(સંવવાદદાતા દ્વારા)

મોરબી, તા.૧૫

માળિયા મિંયાણામાં બેફામ બનેલા ભૂમાફિયાઓ સામે ગુનો નોંધાવવા ગયેલ મુસ્લિમ યુવકને પોલીસકર્મીઓએ જ બેરહેમીપૂર્વક માર મારતા યુવકને ગંભીર ઈજા પહોંચતા તેને મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. પોલીસે ફરિયાદ નોંધાવવાને બદલે ફરિયાદીને જ માર મારતા યુવકના પરિવારજનો સરિત સ્થાનિકોમાં પોલીસ વિરૂદ્ધ રોષની લાગણી ભભૂકી ઉઠી છે. માળિયા મિંયાણા તાલુકામાં ભૂમાફિયાઓ ખુલ્લેઆમ રેતી ચોરી, માટી ચોરી કરી રહ્યા હોવાની અનેક લોક ફરિયાદો ઉઠી છે અને આ ગોરખધંધા કરનારાઓના જાણે રાફડા ફુટયા હોય તેવા અસામાજિક તત્વો બેફામ બન્યા છે ત્યારે માળિયા મિંયાણા પોલીસમાં ફરિયાદ નોંધાવવા ગયેલા ફરિયાદી સલીમ સુભાનભાઈ કટીયાની ફરિયાદ લેવાના બદલે "ચોર ઉલટા કોટવાલ કો ડાટે"ની જેમ ત્રણ પોલીસમેનોએ સાથે મળી ફરિયાદી યુવાનને ઢીકાપાટુ, ધોકા વડે બેફામ માર મારતા પ્રથમ માળિયા મિંયાણાની રેફરલ હોસ્પિટલમાં અને ત્યાંથી ૧૦૮ સેવાની મદદથી મોરબીની સિવિલ હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત યુવાનને સારવારમાં ખસેડાયો હતો.

### ઉના પોલીસ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પૈસા પડાવતી હતી

# દિવથી પરત ફરતા પ્રવાસીઓનો તોડ કરતા ASIને શરતી જામીન આપતી હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં લાંચિયા અધિકારીઓને ACB છટકું ગોઠવી પકડતી હોય છે ત્યારે ઉના પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ દિવથી પરત ફરતા પર્યટકો પાસેથી પ્રોહિબિશન જેવા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને પૈસા પડાવતા હતા. આ અંગે ACBએ કાર્યવાહી કરી હતી. ગીર સોમનાથ ACB પોલીસ મથકે ચાલુ વર્ષે જાન્યુઆરી મહિનામાં ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામી, ASI નિલેશ મૈયા અને નાગરિક આરોપી નિલેશકુમાર તડવી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 7A, ૧૨, ૧૩(૧), 13A તથા IPC 120B અને ૩૪ મુજબ ગુનો નોંધાયો હતો. જેમાં ASI નિલેશ મૈયાએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરતા હાઈકોર્ટે અરજદારને ૧૦ હજારના બોન્ડ ઉપર શરતી જામીન આપ્યા હતા. વિગત મુજબ ઉના પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દિવથી પરત ફરતા પર્યટકો પાસેથી માંડવી ચેકપોસ્ટ ઉપર પ્રોહિબિશન જેવા કેસમાં ફસાવી દેવા અથવા કેસ ના કરવાની ધમકી આપીને રોકડ, ATM અને ઓનલાઈન પૈસા પડાવી લેવાનું ગેરકાનૂની કામ કરતા હતાં. આ માટે ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામીએ નિલેશકુમાર તડવી નામનો એક વ્યક્તિ રાખ્યો હતો. જે માંડવી ચેકપોસ્ટ ખાતે ઊભો રહેતો અને અન્ય પોલીસ કચેરીઓ કેટલા પૈસા ઉઘરાવે છે, તેનું ધ્યાન રાખતો. વળી કોઈ પર્યટક પોલીસનો વીડિયો ના ઉતારે તેનું પણ ધ્યાન રાખતો. PI આ કામ માટે મહિને તેને ૨૦ હજાર રૂપિયા આપતા. ACBને આ અંગે બાતમી મળતાં છટકું ગોઠવ્યું હતું. પરંતુ છટકા વાળી ગાડીમાં રેકોર્ડર જોઈ જતા પોલીસ કર્મચારીઓને શંકા જતાં તમામ ભાગવા લાગ્યા હતા. જેમાં નિલેશકુમાર તડવી ઝડપાઈ ગયો હતો. જેના મોબાઈલમાં PIનું નામ 'ગુરૂજી' તરીકે સેવ થયેલું હતું. PI તડવી પાસેથી પ્રતિબંધિત પદાર્થો હિસાબ અને રૂપિયા મંગાવતા હતા. ફરિયાદ નોંધાતા PI અને ASI ફરાર થઈ ગયા હતા. PIની આગોતરા જામીન ઊનાની કોર્ટે ફગાવી દીધી હતી. તો નિલેશ તડવીની જામીન અરજી પણ ઊનાની કોર્ટે ફગાવી દીધી હતી. ASI ફેબ્રુઆરી મહિનાથી જેલમાં

# સરખેજમાં જુગારધામ પર ક્રાઈમ બ્રાંચના દરોડામાં જુગારીઓ ઝડપાયા

અમદાવાદ, તા.૧૫

અમદાવાદએ શહેરમાં અસામાજિક તત્ત્વો દ્વારા કેટલાય ગોરખધંધા ચાલતા હોય છે, લાંબા સમયથી ચાલતા આવા કાળાધંધાની જાણ પોલીસતંત્રને હોવા છત્તા કાર્યવાહી કરવામાં આવતી નથી . તેની પાછળ પોલીસના સ્થાનિક ગુનેગારો સાથેના વ્યવહારો હોઈ શકે કે કેમ તેવી આશંકાઓ સેવાઈ રહી છે.

તાજેતરમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચે સરખેજ જનપથ હોટલ નજીક જાગૃતિ સ્કૂલની પાછળ ચાલતા જુગારધામ પર દરોડા પાડીને ૭ જુગારીને ઝડપી લીધા છે, જયારે ૩ વોન્ટેડ છે. લાંબા સમયથી ચાલતા આ જુગારધામ અંગે સ્થાનિક અધિકારીઓ માહિતગાર હોવાનું ચર્ચાઈ રહ્યું છે ત્યારે જ અમદાવાદ ક્રાઈમ બ્રાંચના નવા અધિકારીઓ શરદ સિંઘલ અને અજિત રાજીયાને સરપ્રાઈઝ રેડની કવાયત શરૂ કરતાં શહેરભરની પોલીસના સ્થાનિક ગુનેગારો

### જુગારધામના સંચાલક સહિત ૩ વોન્ટેડ


સાથેના વ્યવહારો ખોરવાઈ ગયા છે.

ક્રાઈમ બ્રાંચની ટીમને જાણ થઈ હતી કે સરખેજ જનપથ હોટલ નજીક જાગૃતિ સ્કૂલ પાછળ ઈન્દિરાનગરમા રહેતો ઈરફાન ઘાંચી પોતાના સ્વજન ઈસ્માઈલ ઘાંચી સાથે પોતાના ઘરમાં જ જુગારધામ ચલાવે છે. પોલીસે દરોડા પાડીને જુગાર રમતા સાત જુગારીને ઝડપી લીધા હતા. જુગાર રમવા ખેલીઓ શહેરના છેક વસ્ત્રાપુર અને કોટ વિસ્તારમાંથી પણ આવતા હતા. પોલીસે જુગારી પાસેથી મોબાઈલ અને રોકડ રૂપિયા કબજે લીધા હતા. પોલીસ આવે ત્યારે રૂપિયા ન મળે તે માટે જુગારધામના સંચાલકો દ્વારા જુગારીઓને જુદા જુદા કોઈન આપવામાં આવતા હતા.હારજીત બાદ કોઈનના બદલામાં રૂપિયા આપવામાં આવતા હતા. પોલીસે સાત વ્યક્તિની પૂછપરછ કરતાં તેઓ ઘાંચી બંધુઓ દ્વારા શરૂ કરાયેલા જુગારધામમાં ઘણા સમયથી જુગાર રમતા હોવાનું જાણી શકાયું છે. પોલીસે જુગારધામના સંચાલક સહિત ૩ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે. સરખેજ વિસ્તારમાં ચાલતા હુક્કાબાર પણ પોલીસે દરોડા પાડીને ઘણી વાંધાજનક વસ્તુઓ મેળવી હતી.

ઉપરાંત આરોપીઓને ઝડપી પડ્યા હતા.અમદાવાદ પીસીબીની ટીમે વસ્ત્રાપુરમાં ચાલતા કેસિનો જેવા જુગારધામ પર દરોડા પાડીને મોટામાથાંની ગોઠવણનો પર્દાફાશ કર્યો હતો. હજુ પણ વસ્ત્રાપુર, સોલા, બોડકદેવ, સેટેલાઈટ અને આનંદનગર જેવા પોશ વિસ્તારોમાં કેસીનો જેવા જ જુગારધામ ધમધમી રહ્યા છે. જુગારીઓ અને શહેરીજનોને તેની જાણ છે પરંતુ અમદાવાદ પોલીસ અજાણ છે.

## તેજસ્વી તારલા

★ ધો.૧૦ના પરિણામમાં




શેખ કશફ અયાઝ હુસૈનએ ૯૮.૨૭ પીઆર સાથે A-1 ગ્રેડ મેળવી ઝળહળતી સફળતા હાંસલ કરી છે.

★ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં




શેખ મોઈન મહેમૂદહુસૈનએ ૯૬ પીઆર મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

★ દરિયાપુરની ઉમામાહ શેખે ધો.૧૦ સીબીએસઈ બોર્ડ પારીક્ષામાં ૯૫.૬૦ ટકા મેળવી શાળામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો છે. આ પરિણામ તેના પરિવાર અને શાળા માટે ગૌરવ સમાન છે.




★ ધો.૧૦ના પરિણામમાં



શેખ મકિયાબાનુ મોહંમદ સિદ્દીકએ ૯૫.૨૪ પીઆર સાથે A-2 ગ્રેડ મેળવી સમાજનું નામ રોશન કર્યું છે.

★ ધોરણ ૧૦ના પરિણામમાં



ગુલશન-એ-મહેર સ્કૂલની વિદ્યાર્થિની સુગલાતવાલા શિફાબાનુ મહંમદ સલીમે ૯૪.૬૧ પીઆર મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

★ ગુલશન-એ-મહેર સ્કૂલના



મનાસુરી મો.જુનૈદ મુબારકભાઈએ ધોરણ ૧૦ના પરિણામમાં ૯૧.૩૧ પીઆર મેળવી સિદ્ધિ હાંસલ કરી છે.

## DJSI સ્કોરમાં ટોચનું રેન્કિંગ મેળવતી ક્રોમ્પ્ટન કંપની

મુંબઈ, તા.૧૫

ક્રોમ્પટન ગ્રીવ્સ કન્ઝ્યુમર ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડે પોતાના શ્રેષ્ઠ પર્યાવરણીય, સામાજિક અને સંભાળ (ESG) પ્રદર્શન માટે ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સ (DJSI)માં ટોચનું રેન્કિંગ પ્રાપ્ત કર્યું છે. ક્રોમ્પ્ટન વર્લ્ડવાઈડ, તેને વૈશ્વિકસ્તરે ૯૪મા પર્સેન્ટાઈલમાં મૂકે છે અને સમોવડિયાની તુલનામાં DHP હાઉસહોલ્ડ ડ્યોરેબલ્સ ક્ષેત્રે ૭મું સ્થાન ધરાવે છે.

### રાંદેર પોલીસે માનવતા મહેંકાવી

# આઈસ્ક્રીમ વેચતા ફેરિયાની સાઈકલ કારની ટક્કરથી તૂટી જતાં પોલીસે નવી લાવી આપી

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૧૫

એક જ તો દિલ છે સાહેબ કેટલી વખત જીતશો. આવા ડાયલોગ્સ મોટાભાગે ફિલ્મોમાં સાંભળવા મળતા હોય છે. ત્યારે પરંતુ પોલીસ માટે આવું સાંભળવા મળવું અઘરૂં છે. ત્યારે રાંદેર વિસ્તારમાં આધેડને પોલીસના માનવિય અભિગમની પ્રતીતિ થઈ હતી. પોતાની સાઈકલને અડફેટે લીધાની ફરિયાદ કરવા ગયેલા આધેડને રાંદેર પોલીસે નવી સાઈકલ લઈ આપીને માનવતા મહેંકાવી હતી. રાંદેરમાં રહેતા આધેડ પુષ્પરાજસિંહની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેઓ સાઈકલ પર આઈસ્ક્રીમનું કામ કરે છે. સવારે જયારે તે સાઈકલ લઈને એક કન્ટ્રકશન સાઈટ પર આઈસ્ક્રીમ વેચવા માટે ગયા હતા. ત્યારે એક કારચાલકે તેમની સાઈકલની ટક્કર મારી હતી. જેથી સાઈકલમાં ભારે નુકસાન થયું હતું. પરંતુ પુષ્પરાજસિંહ કારચાલક સામે કોઈપણ ફરિયાદ ન કરી હતી. કેમ કે સાઈકલ ખૂબ

### મિત્રની સલાહ માની પોલીસ સ્ટેશન ગયા, પોલીસે આપેલી નવી સાઈકલથી હરખના આંસુ આવ્યા

જ જૂની હતી અને કારની હળવી ટક્કરથી તે સાયકલ તૂટી ગઈ હતી. સાઈકલ પુષ્પરાજસિંહ માટે જીવન જરૂરી હતી. પુષ્પરાજસિંહના મિત્રએ સલાહ આપી કે પોલીસમાં જતો રહે. ત્યાં તને કંઈને કંઈ ઉકેલ મળશે. જેથી પુષ્પરાજસિંહ રાંદેર પોલીસ સ્ટેશન ગયા હતા. રાંદેર પોલીસે તમામ ઘટના જાણીને ઉપરી અધિકારી સાથે ચર્ચા કરી હતી. તેઓને મદદ કરવાનું નક્કી કર્યું અને પુષ્પરાજસિંહને નવી સાઈકલ લઈને આપી હતી. નવી સાઈકલ મળતાં તેઓના આંખમાથી હર્ષના આંસુ નીકળી ગયા હતા. જેથી રાંદેર પોલીસ સ્ટેશન ખાતે લાગણીસભર દશ્યો સર્જાયા હતા. રોજગારીની દૃષ્ટિએ આ સાઈકલ ભલે કિંમતમાં નાની હોય પરંતુ આ શ્રમિકના હાવભાવ જોતા તેના માટે ખૂબ જ કિંમતી વસ્તુ મળી હોય તેવું સામે આવ્યું હતું.

**નામ બદલેલ છે.**

મે મારૂ નામ શાહીના શોએબ કકુવાલા હતું તે બદલીને શાહીન શોએબ કકુવાલા રાખેલ છે.

૪૧૦૬,જુની અંજુન હાઇસ્કુલ પાછળ પટની શેરી, ગોળલીમડા અમદાવાદ-૩૮૦૦૦૧

# મોદી સામે વારાણસી લોકસભા બેઠક માટે કોમેડિયન શ્યામ રંગીલાનું નામાંકન સ્વીકૃત

## કોમેડિયન કલાકાર રંગીલા ૧૦ મેથી વારાણસીથી તેમનું ઉમેદવારી પત્ર સબમિટ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા, પરંતુ કોઈને કોઈ બહાનું કરીને તેમને નિરાશ કરવામાં આવતા હતા

(એજન્સી) તા.૧૫

કોમેડિયન શ્યામ રંગીલાએ કહ્યું કે, તેમને વારાણસી લોકસભા મતવિસ્તાર માટે તેમનું ઉમેદવારી પત્ર ત્રણ દિવસ સુધી સબમિટ કરવાની પરવાનગી ન આપવામાં આવી હતી, આખરે ૧૪ મે મંગળવારના રોજ તે તેને સબમિટ કરીને ફાઈલ કરવામાં સફળ થયા હતા. ઉત્તરપ્રદેશની બેઠકનું પ્રતિનિધિત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરે છે. જે તેમણે ૨૦૧૪માં જીતી હતી. શ્યામ રંગીલા ઉમેદવારી પત્ર સબમિટ કરીને વિજયની નિશાની કરતા અને સ્મિત સાથે જિલ્લા મેજિસ્ટ્રેટની ઓફિસમાંથી બહાર આવ્યા હતા. પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું કે, 'લોકશાહી આજે જીતી ગઈ છે. હજુ ૩ વાગ્યા છે અને રાહ જુઓ કે, કેટલા ઉમેદવારો ઉમેદવારી નોંધાવવા માટે આગળ આવે છે. આ બધું સોશિયલ મીડિયાની તાકાતને કારણે થયું છે. આ શક્ય બનાવવા માટે હું ભારતના ચૂંટણી પંચનો આભાર માનું છું.' તેના સમર્થન માટે સોશિયલ મીડિયાનો આભાર માનતા તેમની સત્તાવાર X પોસ્ટમાં લખ્યું હતું કે, 'તમારી શુભેચ્છાઓ અને સમર્થનથી મને શક્તિ મળી અને આજે થોડું મોડું થયું છતાં નોમિનેશન થઇ ગયું. તમામ દસ્તાવેજો પ્રક્રિયાઓ અને અન્ય અવરોધોને દૂર કર્યા પછી અમે હવે, વારાણસીના લોકો માટે વિકલ્પ બનવાની આરે છીએ. બસ હજુ બે-ત્રણ દિવસ રાહ જોવાની છે, પ્રતીકને આવશે પછી, અમે તમારા સમર્થન સાથે પૂરી તાકાતથી લડીશું.' મંગળવારે કોમેડિયન શ્યામ રંગીલા જેમણે ચાલુ સંસદીય ચૂંટણીમાં વારાણસી લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાની યોજના બનાવી હતી. તેમણે દાવો કર્યો હતો કે, તેમને એક કરતા વધુ પ્રસંગોએ વડાપ્રધાન મોદી



સામે ઉમેદવારી નોંધાવવાની મંજૂરી આપવામાં આવી ન હતી. વારાણસી સીટ માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ મંગળવાર ૧૪ મે છે. તે ૧૦ મેથી વારાણસીમાંથી ઉમેદવારી પત્ર સબમિટ કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા પરંતુ કોઈને કોઈ બહાને તેશને નિરાશ કરવામાં આવતા હતા. શ્યામ રંગીલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નકલ કરવા માટે લોકપ્રિય છે. ભૂતકાળમાં નોટબંધી જેવા મુદ્દાઓ પર તેમના વીડિયો YouTube પર લોકપ્રિય બની ગયા છે.

# મોદીના ૧૦ વર્ષના શાસનમાં લઘુમતી વિરૂદ્ધ નફરતનું સંસ્થાકીયકરણ થયું છે : ફારૂક અબ્દુલ્લાહ

## પક્ષના કાર્યકરોને "પરેશાન" કરવા બદલ વહીવટીતંત્રની નિંદા કરતા અબ્દુલ્લાહે કહ્યું કે વૃદ્ધ લોકો તેમજ યુવાનોને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવે છે અને તેઓને હુર્રિયતના સમર્થક તરીકે લેબલ કરવામાં આવે છે

(એજન્સી) શ્રીનગરભ, તા.૧૫

નેશનલ કોન્ફરન્સ (NC)ના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ કહ્યું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૦ વર્ષના શાસનમાં લઘુમતીઓ, અને ખાસ કરીને મુસ્લિમો વિરુદ્ધ "નફરત અને પૂર્વગ્રહનું સંસ્થાકીયકરણ" કરવામાં આવ્યું છે. મોદી ભૂલી ગયા છે કે તેઓ કોઈ ચોક્કસ સમુદાયના નહીં પરંતુ સમગ્ર દેશના વડાપ્રધાન છે. આશ્ચર્યજનક બાબત એ છે કે તેમણે તમામ મર્યાદા તોડી નાખી છે અને તેમની રેલીઓમાં મુસ્લિમો વિરુદ્ધ ખુલ્લેઆમ ઝેર ફેલાવી રહ્યા છે.

જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્ય પ્રધાને કુપવાડા જિલ્લાના કર્નાહ મતવિસ્તારમાં ચોકીબલ ખાતે ચૂંટણી રેલીને સંબોધતા



જણાવ્યું હતું કે, શાસક ભારતીય જનતા પાર્ટી ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં એવા મુદ્દાઓ પર જીતી હતી જે લોકો માટે ચિંતાનો વિષય હતો, જો કે, તે મુદ્દાઓ ઉકેલવામાં તેઓ નિષ્ફળ ગયા છે. આજે, જ્યારે લોકો તેમની પાસેથી બેરોજગારી, વિકાસ અને ભ્રષ્ટાચાર પર જવાબો માંગે છે, ત્યારે તેઓ આંખ આડા કાન કરે છે અને તેમના એક દાયકાના કુશાસનને છુપાવવા માટે કોમી તણાવનો આશરો લે છે. લોકોએ તેમના મત દ્વારા તેમને સજા કરવાનું નક્કી કરી લીધું છે.

પક્ષના કાર્યકરોને "પરેશાન" કરવા બદલ વહીવટીતંત્રની નિંદા કરતા, અબ્દુલ્લાએ કહ્યું કે વૃદ્ધ લોકો તેમજ યુવાનોને પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવે છે અને તેઓને હુર્રિયતના સમર્થક તરીકે લેબલ કરવામાં આવે છે. વાસ્તવમાં, તેઓ તમારામાં ભય પેદા કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. આપણે તેમનાથી ડરવાની જરૂર નથી કારણ કે આવતીકાલે તેમનું અભિમાન દૂર થઈ જશે. હું લેફ્ટનન્ટ ગવર્નરને લોકોને પરેશાન કરવાનું બંધ કરવા કહું છું.

# 'બુલેટ ટ્રેનથી અમને શું લાભ થવાનો છે ?' મહારાષ્ટ્રના પાલઘરમાં આદિવાસીઓમાં નોકરીના અભાવે ભાજપ પર ગુસ્સો છે

## અહીંના ઘણા રહેવાસીઓએ જણાવ્યું હતું કે, પ્રદેશમાં મોટા વિકાસ પ્રોજેક્ટોએ ગરીબોને કોઈ મદદ કરી નથી

(એજન્સી) તા.૧૫

દહાણુના અંબેસરી ગામમાં ૩૮ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં કામ કરતાં નીલીમા ઉંબરસદા વડના ઝાડની છાયા નીચે બેઠા હતા અને ભારતીય જનતા પાર્ટીથી નારાજ હોવાના ઘણા કારણો ગણાવ્યા હતા. પાલઘર જિલ્લામાં તેના ગામમાં પાણીનું કનેક્શન નથી, તેના પરિવારના પાંચ સભ્યોને દરરોજ ઘર છોડીને નજીકના શહેરમાં બાંધકામ સાઈટ્સ પર કામ કરવા જવું પડે છે, તેના પરિવારની જમીનનો એક ભાગ મુંબઈ અને અમદાવાદની ભારતની પ્રથમ બુલેટ ટ્રેન માટે સરકાર દ્વારા હસ્તગત કરવામાં આવ્યો હતો અને તેમની આસપાસ મોટા-મોટા વિકાસના પ્રોજેક્ટ હોવા છતાં તેના ગામમાં રોજગારની કોઈ તકો નથી.



જ્યારે માર્ચમાં ચૂંટણીની જાહેરાત થઈ તે પહેલાં સ્થાનિક સરકારી રાશનની દુકાને તેણીને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો મોટો ફોટોગ્રાફ સાથેનો એક ખાલી સફેદ કોથળો આપ્યો, જેમાં સંદેશ લખાયેલો હતો, 'મોદી સરકારની ગેરંટી, મફત રાશન', તેણીએ આ લેવા માટે ના પાડી. આ દુકાને દરેક પરિવારને અંત્યોદય યોજના કાર્ડ સાથે એક સાડી પણ આપી, જે ગરીબી રેખા નીચે અથવા બીપીએલ લાભાર્થીઓમાંના અત્યંત ગરીબો માટે છે.

બીપીએલ કાર્ડ ધરાવતા ઓછામાં ઓછા ૭૭૮ લોકોએ આ કોથળો પરત કર્યો છે અને અન્ય ૩૨૬ અંત્યોદય કાર્ડ ધરાવતા લોકોએ વિરોધના ચિહ્ન તરીકે પાલઘરની સ્થાનિક તહેસીલ કચેરીઓમાં બોરીઓ અને સાડીઓ પરત કરી છે. ઉંબરસદા માને છે કે, ભાજપે જે વિકાસનું વચન આપ્યું હતું તે શહેરો તરફ નિર્દેશિત કરવામાં આવ્યું છે અને તે તેમના જેવા ગરીબ આદિવાસીઓ માટે નહીં, પરંતુ ધનિકો માટે છે. અનુસૂચિત જનજાતિ માટે આરક્ષિત લોકસભા બેઠક પાલઘર મતવિસ્તારના અન્ય ગામોમાં આ લાગણી છે. આ સીટના ૪૦ ટકા મતદારો આદિવાસી સમુદાયના છે.

જમશેત ગામમાં ગામની ૫૨ વર્ષીય રહેવાસીએ જણાવ્યું કે, તેના ત્રણ પુત્રો દહાણુમાં એક કન્સ્ટ્રક્શન સાઈટ પર રોજના ૨૫૦ રૂપિયા કમાય છે. શિક્ષિત યુવાનોને પણ નોકરીઓ મળતી નથી. આ બેરોજગારી, મોંઘવારી, શિક્ષણ અને આરોગ્ય સુવિધાઓના અભાવ સામે વિરોધ છે. ૨૦૧૪માં દહાણુના ઘણા મતદારોએ ભાજપ-શિવસેના ગઠબંધનને મત આપવાનું પસંદ કર્યું કારણ કે, કોંગ્રેસ ભૂખમરો, બેરોજગારી અને સરકારી સેવાઓના અભાવની તેમની ચિંતાઓને દૂર કરવામાં નિષ્ફળ રહી હતી. મહારાષ્ટ્રમાં અનુસૂચિત જનજાતિ માટે ચાર બેઠકો આરક્ષિત છે. પાલઘરની જેમ ગઢચિરોલી-ચિમુર અને નંદુરબાર ભારતીય જનતા પાર્ટીએ ૨૦૧૪ અને ૨૦૧૯માં જીતી હતી.

ભાજપે આ 'નકસલ' જિલ્લાને જમશેદપુર જેવા 'સ્ટીલ જિલ્લામાં' બદલવાનું વચન આપ્યું છે. કોંગ્રેસે લોકોને તેમના જંગલોની રક્ષા માટે મત આપવા કહ્યું છે. નંદુરબાર અને ડિંડોરીમાં આ ચૂંટણીમાં આરોગ્ય અને નોકરીની એ નિર્ણાયક મુદ્દો છે.

પાલઘરમાં ઉંબરસાડા એ જમીન તરફ નિર્દેશ કરે છે જે એક સમયે તેમની હતી. આ ખેતર હવે ઉજ્જડ અને વૃક્ષો વિનાનું છે, કારણ કે, સરકાર મુંબઈ અને અમદાવાદ વચ્ચે બુલેટ ટ્રેન માટે ટ્રેક માટે જગ્યા બનાવવા માટે મોટાપાયે જમીન સાફ કરવાની કવાયત્ હાથ ધરી છે. તે અહે છે કે, બુલેટ ટ્રેનથી અમને શું ફાયદો છે ? અમે તેનો ઉપયોગ કરીશું નહીં. તેણીનો પરિવાર તેમની જમીન વેચવા માંગતો ન હતો, પરંતુ તેઓ દાવો કરે છે કે, જિલ્લા અધિકારીઓએ તેમના પર આવું કરવા દબાણ કર્યું હતું. તેઓએ કહ્યું કે, અમને કામ મળશે, પરંતુ બહારથી કોન્ટ્રાક્ટરો લાવવામાં આવ્યા છે.

ભીમ કહે છે કે, તેમની જમીન માટે સરકારે જે વળતર ચૂકવ્યું હતું તે તેમના સુધી પહોંચ્યું નથી. સરકાર તરફથી ચૂકવણીને લઈને પારિવારિક ઝઘડાઓ ફાટી નીકળ્યા છે. મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનો ખર્ચ રૂા.૧.૦૮ લાખ કરોડનો છે, જેમાં કેન્દ્ર સરકાર રૂા.૧૦,૦૦૦ કરોડ આપશે અને મહારાષ્ટ્ર અને ગુજરાતે રૂા.૫૦૦૦ કરોડ ચૂકવવાના રહેશે અને બાકીની રકમ કેન્દ્ર સરકારની લોન દ્વારા ધિરાણ કરવામાં આવશે. આ આદિવાસી પૂછે છે કે, રાજ્ય અને કેન્દ્ર બંને સરકારો પાસે બુલેટ ટ્રેન માટે પૂરતું ભંડોળ છે ત્યારે ડિસેમ્બરથી મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદા હેઠળ વેતન શા માટે આપવામાં આવ્યું નથી. અગાઉ અમને મનરેગા હેઠળ કામ મળતું હતું. પરંતુ આ વર્ષ પડકારજનક રહ્યું છે. સરકારે પહેલી જાન્યુઆરીથી મનરેગા માટે આધાર સીડિંગ ફરજિયાત બનાવ્યું હતું. ગ્રામજનોએ તેમના બેંક ખાતા સાથે આધાર લિંક કર્યા પછી પણ વેતન આવ્યું નથી. આદિવાસીઓના અધિકારો પર કામ કરતી બિન-સરકારી સંસ્થા કષ્ટકારી સંગઠનના બ્રાયન લોબોએ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ ભંડોળ ઓછું છે. ડિસેમ્બરથી વેતન બાકી છે. કેટલાક ગામડાઓમાં જલ જીવન મિશનનું વચન, જે દરેક ગ્રામીણ ઘરોમાં પાણીના જોડાણની ખાતરી આપે છે, તે પણ અધૂરૂં જ રહી ગયું છે. તેઓ કહે છે કે, અમે મત આપીએ છીએ પણ બદલામાં કંઈ મળતું નથી. આ વખતે ભાજપને મત શા માટે આપવો જોઈએ ? ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની એનસીપી, મહાયુતિ અને કોંગ્રેસનું ગઠબંધન મહાવિકાસ અઘાડી, શરદ પવારની એનસીપી અને ઠાકરેની શિવસેના વચ્ચે તેમની પસંદગી છે.

દહાણુમાં રહેતા ગુજરાતી ઓટો ડ્રાઈવર હરીશ શાહે કહ્યું કે, કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન પૂરતું કામ ન કરવા બદલ તેમનો ગુસ્સો આંશિક રીતે કેન્દ્રની પાર્ટી ભાજપ પર છે. ભાજપે દેશભરમાં લોકડાઉન દરમિયાન પરપ્રાંતિય લોકોનું જીવન દયનીય બનાવ્યું હતું. કેટલાક ગ્રામજનોએ જણાવ્યું હતું કે, જ્યારે કોંગ્રેસ કેન્દ્રમાં હતી, ત્યારે ૨૦૧૪ પહેલાં તેમની સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો ન હતો અને ભાજપના વિકાસના વચનો અપૂર્ણ રહ્યા છે જેનાથી તેઓ નારાજ છે. તેઓ અમને મૂર્ખ બનાવી રહ્યા છે.

# 'વડાપ્રધાન મોદીએ મને નકલી સનાતન કહ્યા પછી હું NDAમાં પરત ફરી શકું એવી કોઈ શક્યતા નથી' : ઉદ્ધવ ઠાકરે

## શિવસેના (UBT)ના વડા ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્રમાં ૧૩ બેઠકો માટેના છેલ્લા તબક્કાના મતદાનની તૈયારીઓ દરમિયાન મુંબઈમાં ભારતીય જનતા પાર્ટી (BJP) સાથે જોડાણ કરવાની કોઈપણ તકને નિશ્ચિતપણે નકારી કાઢી છે

(એજન્સી) મુંબઈ, તા.૧૫

મહારાષ્ટ્રમાં ૧૩ બેઠકો માટેના મતદાનના અંતિમ તબક્કામાં, શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ ભાજપ સાથે સમાધાનની કોઈપણ શક્યતાને નકારી કાઢી હતી. મોદીની 'ઉદ્ધવ ઠાકરે મારા દુશ્મન નથી' એવી ટિપ્પણીનો જવાબ આપતાં તેમણે કહ્યું કે આવા નિવેદનો મોદીના મનમાં મૂંઝવણ અને બીજું કંઈ જ સૂચવે છે. 'વડાપ્રધાન મોદીએ મને નક્લી સનાતન અને નકલી શિવસેના કહ્યા પછી હું NDAમાં પરત ફરી શકું એવી કોઈ શકયતા નથી.'

એકનાથ શિંદેની શિવસેનાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે પક્ષ છોડનારા આ ૪૦ દેશદ્રોહીઓ માટે તેમના દરવાજા "૧૦૦% બંધ" છે. ઠાકરેએ કહ્યું કે જો તેમનો પક્ષ સત્તામાં પાછો આવશે તો તેઓ શિંદે સરકાર હેઠળ આચરવામાં આવેલી ગેરરીતિઓની તપાસ કરશે. તેમણે એમ પણ કહ્યું કે તેઓ ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની સમીક્ષા કરશે.

**પ્રશ્ન : વડાપ્રધાન મોદીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે 'ઉદ્ધવ ઠાકરે મારા દુશ્મન નથી અને જો કોઈ સંકટ આવે તો હું સૌથી પહેલા દોડીને તેમની મદદ કરીશ.' શું તમારા NDAમાં પાછા જવાની કોઈ શક્યતા છે ?**

**ઉત્તર :** વડાપ્રધાન મૂંઝવણમાં છે. આ દેશ માટે સારું નથી....તેઓ હવે દિશાહિન છે. બે ટર્મ સુધી લોકોએ તેમના જુઠ્ઠાણા સાંભળ્યા છે. પરંતુ હવે લોકો તેમની વાત માનતા નથી. જે મને 'નકલી સનાતન' અથવા શિવસેનાને 'નકલી શિવસેના કહે છે તેમની સાથે હું પાછો જઈ શકું એવો કોઈ રસ્તો નથી. આ દેશની ચૂંટણી છે, તેથી તેમણે ભાજપના ૨૦૧૪ અને ૨૦૧૯ના ચૂંટણી ઢંઢેરામાં અને તેમણે શું મેળવ્યું તે વિશે બોલવું જ જોઈએ.

**પ્રશ્ન : મુખ્યપ્રધાન એકનાથ શિંદે કહે છે કે એમવીએ સરકાર હેઠળ, દેવેન્દ્ર ફડણવીસ સહિત ભાજપના પાંચ નેતાઓની ધરપકડ કરવાની યોજના હતી ?**

**ઉત્તર :** આ ચૂંટણી માટે આ મુદ્દો નથી. હું કહું છું કે મહારાષ્ટ્ર તેમની સત્તામાં લૂંટાઈ રહ્યું છે. મહારાષ્ટ્રની નોકરીઓ છીનવાઈ રહી છે. ૪૦ દેશદ્રોહીઓને તેમની 'રોઝી રોટી' મળી ગઈ છે પરંતુ મહારાષ્ટ્રની 'રોઝી રોટી' છીનવાઈ રહી છે. અને ગેરબંધારણીય મુખ્યમંત્રી એક શબ્દ પણ બોલતા નથી.



**પ્રશ્ન : જો ભાજપ ૨૦૧૯માં તમારી સત્તા વહેંચણીની ફોર્મ્યુલા સાથે સંમત થયું હોત, તેમાં મુખ્યમંત્રી પદની વહેંચણીનો સમાવેશ થાય છે, તો શું તમે મુખ્યમંત્રી બન્યા હોત ?**

**ઉત્તર :** ના. મેં મારા પક્ષના નેતાઓ સાથે વાત કરી હોત અને સર્વસંમતિથી મુખ્યમંત્રી પર નિર્ણય કર્યો હોત.

**પ્રશ્ન : તમે MVAમાં પાંચ વર્ષથી છો. ભાજપ સાથે ૨૫ વર્ષ પછી તમારો અનુભવ કેવો રહ્યો છે ?**

**ઉત્તર :** સરકારમાં હતા ત્યારે તેઓએ મને સન્માન આપ્યું હતું. તેઓએ મને રોગચાળા દરમિયાન ટેકો આપ્યો. કોંગ્રેસ અને એનસીપીએ પણ સહકાર આપ્યો છે. અત્યારે પણ અમે સાથે છીએ. અમને સીટ વહેંચણીમાં કોઈ મોટી સમસ્યા ન હતી. ૧-૨ સીટો પર સમસ્યા હતી પરંતુ અમે તેને ઉકેલી લીધી છે.

**પ્રશ્ન : તમને છોડી ગયેલા ૪૦ ધારાસભ્યોને તમે પાછા લઈ લેશો ?**

**ઉત્તર :** આવી કોઈ શકયતા નથી. તેઓએ શિવસેનાના પાયા પર હુમલો કર્યો છે. તેમના માટે દરવાજા સંપૂર્ણપણે બંધ છે.

**પ્રશ્ન : તમે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની સતત ટીકા કરતા રહ્યા છો. જો દિલ્હીમાં ભારત બ્લોકની સરકાર સત્તામાં આવે છે તો શું તમે તેને રદ કરશો ?**

**ઉત્તર :** હું માત્ર વિરોધ કરવા ખાતર જ વિરોધ નથી કરતો. મુંબઈમાં લોકલ ટ્રેનની સમસ્યા છે ત્યારે બુલેટ ટ્રેનને પ્રાથમિકતા આપી શકાય ? પીયૂષ ગોયલ જે મુંબઈથી લડી રહ્યા છે, તેઓ રેલ મંત્રી હતા. શું તેમણે લોકલ ટ્રેનમાં મુસાફરી કરી છે ? વસઈ, વિરારના લોકો મને કહે છે કે લોકલ ટ્રેનની ફ્રીક્વન્સીમાં સમસ્યા છે. બુલેટ ટ્રેન માટે ઈન્ટરનેશનલ ફાઈનાન્શિયલ સેન્ટર માટે જમીન આપવામાં આવી હતી. શા માટે ? મુંબઈને આર્થિક ફાયદો શું થયો? જો કેન્દ્ર તેના માટે આટલું ઉત્સુક છે, તો તેણે તેને સંપૂર્ણ ભંડોળ પૂરું પાડવું જોઈએ. કેન્દ્રએ જાપાન પાસેથી લોન લેવી જોઈતી હતી, રાજ્યને શા માટે દેવા માં નાખે છે ? તેનાથી મુંબઈમાં કોઈને ફાયદો થતો નથી. અમદાવાદ જઈને લોકો શું કરશે ?

**પ્રશ્ન : તમે કહો છો કે ટેક્સ પોલિસીઓ પણ મહારાષ્ટ્રને ફાયદો કરતી નથી**

**ઉત્તર :** કેન્દ્રીય કરના ૩૬-૪૦% કર મુંબઈ અને મહારાષ્ટ્ર ફાળો આપે છે. જો અમે ૧ રૂપિયો મોકલીએ તો તેના બદલામાં ૮ પૈસા મળે છે. અમારો હિસ્સો વધવો જોઈએ. GSTને પણ સરળ બનાવવાની જરૂર છે. લોકો ગુનેગાર નથી. આપણે એ સુનિશ્ચિત કરવાની જરૂર છે કે રાજ્યો પાસે આવકના પોતાના સીધા સ્ત્રોત છે. અમે એક સંઘીય માળખું છીએ, એક રાષ્ટ્ર, એક કરની જરૂર નથી. રાજ્યોએ કેન્દ્ર સમક્ષ ભીખ માંગવાની જરૂર નથી.

**પ્રશ્ન : મુંબઈને લગતા મુદ્દાઓ પર, તમે ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટની વિરુદ્ધ બોલ્યા છો.**

**ઉત્તર :** તેઓએ ધારાવીને અદાણીને વેચી દીધી. સરકારે ટ્રાન્સફર ઓફ ડેવલપમેન્ટ રાઈટ્સ (TDR) માટે સરકારી ઠરાવ (GR) જારી કર્યો છે. મને કહેવામાં આવ્યું છે કે ૧૫૦ કરોડ મૂલ્યનો TDR જનરેટ થશે, અને સમગ્ર મુંબઈમાં, બિલ્ડરોએ આ TDRમાંથી ૪૦% ફરજિયાતપણે ખરીદવી પડશે. રહેવાસીઓને મુલુંડમાં સોલ્ટ પાનની જમીનમાં શિફ્ટ કરવામાં આવશે. આનો વિરોધ થઈ રહ્યો છે. અમે પરિસ્થિતિમાં પુનર્વસન ઈચ્છીએ છીએ, કોઈ સ્થળાંતર અથવા પરિવહન આવાસ નહીં. ત્યાં ઘણા વ્યવસાયો છે, તેમને પણ જગ્યા મળવી જોઈએ. અમે અદાણીના TDRનો ઉપયોગ ફરજિયાત બનાવતા GRને રદ કરવા માંગીએ છીએ. ધારાવીમાં તમામ ટીડીઆરનો ઉપયોગ કરવો આવશ્યક છે. ધારાવીના લોકોને ૫૦૦ ચોરસ ફૂટનું ઘર આપો. તમે બધું વેચી શકતા નથી. અદાણી પૈસા કમાય છે અને મુંબઈ ભીખ માંગે છે. બાંદ્રા રિક્લેમેશનમાં MSRDCનો પ્લોટ પણ અદાણીને આપવામાં આવ્યો છે. તેઓ અદાણી માટે નવા નિયમો બનાવી રહ્યા છે. અદાણી કોઈપણ રીતે પેટા કોન્ટ્રાક્ટ કરે છે.

**પ્રશ્ન : ભાજપના પીયૂષ ગોયલે "સ્લમ ફ્રી મુંબઈ" વિશે વાત કરી છે.**

**ઉત્તર :** પિયુષ ગોયલ જે અત્યાર સુધી મુંબઈથી કોઈ ચૂંટણી લડ્યા નથી, તેઓ ઉત્તર મુંબઈથી લડી રહ્યા છે. જયારે તે કોળીવાડામાં ગયા ત્યારે તેમણે નાક ઢાંકવા માટે રૂમાલનો ઉપયોગ કર્યો હતો. તેમણે કહ્યું કે ઝૂંપડપટ્ટીઓને મીઠાની જમીનમાં ખસેડવામાં આવશે. શિવસેના પ્રમુખે કહ્યું હતું કે લોકોને તેઓ જ્યાં રહે છે ત્યાં ઘર મળવું જોઈએ. મૂળભૂત રીતે તેઓ ઈચ્છે છે કે મુંબઈ સંપૂર્ણપણે તેમના નિયંત્રણમાં રહે.


### ૮ કિલો સોનું, રૂા.૧૪ કરોડ રોકડ અને ૭૨ કલાક...

# નાંદેડમાં ITની મોટી કાર્યવાહી, ૧૭૦ કરોડની બિનહિસાબી મિલકત મળી

## ઓપરેશન દરમિયાન મોટી માત્રામાં રોકડ મળી આવી હતી, જેની ગણતરીમાં ૧૪ કલાકનો સમય લાગ્યો હતો

(એજન્સી) મુંબઈ, તા.૧૫

મહારાષ્ટ્રના નાંદેડ શહેરમાં આવકવેરા વિભાગે મોટી કાર્યવાહી કરી છે. અહીં આઈટીની ટીમે ભંડારી ફાયનાન્સ અને આદિનાથ મલ્ટી સ્ટેટ કોઓપરેટિવ બેંક અને ભંડારી ફાયનાન્સ પર દરોડા પાડ્યા હતા. આ સમયગાળા દરમિયાન કરોડોની બિનહિસાબી સંપત્તિ મળી આવી છે, જેને આવકવેરા વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવી છે. ઓપરેશન દરમિયાન મોટી માત્રામાં રોકડ મળી આવી હતી, જેની ગણતરીમાં ૧૪ કલાકનો સમય લાગ્યો હતો.આવકવેરા વિભાગની આ કાર્યવાહી ૭૨ કલાક સુધી ચાલુ રહી. દરોડામાં વિભાગને ભંડારી પરિવાર પાસેથી ૧૭૦ કરોડ રૂપિયાની બિનહિસાબી સંપત્તિ મળી આવી છે. આ સિવાય ૮ કિલો સોનું મળી આવ્યું છે. આવકવેરા વિભાગે ૧૭૦ કરોડ રૂપિયાની બિનહિસાબી સંપત્તિ શોધી કાઢી છે, જે જપ્ત કરવામાં આવી છે. દરોડા દરમિયાન મળી આવેલી ૧૪ કરોડની રોકડની ગણતરી કરવામાં અધિકારીઓને લગભગ ૧૪ કલાક લાગ્યા હતા. આ કાર્યવાહીથી ફાયનાન્સ વેપારીઓમાં ભયનો



માહોલ સર્જાયો હતો.ભંડારી પરિવારના વિનય ભંડારી, સંજય ભંડારી, આશિષ ભંડારી, સંતોષ ભંડારી, મહાવીર ભંડારી અને પદમ ભંડારીનો નાંદેડમાં ખાનગી ફાઈનાન્સનો મોટો બિઝનેસ છે. અહીં આવકવેરા વિભાગને કરચોરીની ફરિયાદ મળી હતી. જેના કારણે છ જિલ્લા પુણે, નાસિક, નાગપુર, પરભણી, છત્રપતિ સંભાજીનગર અને નાંદેડના સેંકડો આવકવેરા વિભાગના અધિકારીઓએ સંયુક્ત દરોડા પાડ્યા હતા. શુક્રવારે, ૧૦ મેના રોજ, ટીમે નાંદેડમાં ભંડારી ફાઈનાન્સ અને આદિનાથ કોઓપરેટિવ બેંક પર દરોડા પાડ્યા હતા.લગભગ ૧૦૦ અધિકારીઓની ટીમ ૨૫ વાહનોમાં નાંદેડ પહોંચી હતી. ટીમે અલીભાઈ ટાવરમાં આવેલી ભંડારી ફાયનાન્સ પ્રાઈવેટ લિમિટેડની ઓફિસ, કોઠારી કોમ્પ્લેક્સમાં આવેલી ઓફિસ, કોકાટે કોમ્પ્લેક્સમાં આવેલી ત્રણ ઓફિસ અને આદિનાથ અર્બન મલ્ટીસ્ટેટ કો-ઓપરેટિવ બેંકમાં દરોડા પાડ્યા હતા. આ ઉપરાંત પારસનગર, મહાવીર સોસાયટી, ફરંદે નગર અને કાબરા નગરમાં આવેલા આવાસો પર પણ દરોડા પાડવામાં આવ્યા હતા.નાંદેડમાં આવકવેરા અધિકારીઓ સાથે મળીને. આવકવેરા વિભાગે નાંદેડ જિલ્લામાં પ્રથમ વખત આવી કાર્યવાહી કરી છે. આવકવેરા વિભાગના અધિકારીઓએ શુક્રવાર, શનિવાર અને રવિવાર એમ ત્રણ દિવસ કાર્યવાહી ચાલુ રાખી હતી. આ દરમિયાન તમામ દસ્તાવેજોની તપાસ કરવામાં આવી હતી. ૭૨ કલાક સુધી ચાલેલા ઓપરેશનમાં આવકવેરા વિભાગે રૂ. ૧૭૦ કરોડની બિનહિસાબી સંપત્તિ રિકવર કરી છે. વિભાગને ૮ કિલો સોનું અને ૧૪ કરોડ રૂપિયાની રોકડ મળી આવી હતી. હાલ ઈન્કમટેક્સ ટીમ આ સમગ્ર મામલાની તપાસમાં વ્યસ્ત છે.

# દિલ્હી ITOમાં આગ : આવકવેરા કચેરીમાં આગની ઘટનામાં એક અધિકારીનું મોત; સાતનો બચાવ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

પોલીસે જણાવ્યું હતું કે, મંગળવારના રોજ ITO વિસ્તારમાં સેન્ટ્રલ રેવન્યુ બિલ્ડીંગમાં આગ લાગવાની ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું હતું. કુલ ૨૧ ફાયર એન્જિન ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા. તેણે કહ્યું કે, પીડિત, ૪૬ વર્ષીય પુરુષ ત્યાં ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરે છે. બિલ્ડિંગમાંથી સાત લોકોને બચાવી લેવાયા હતા. દિલ્હી ફાયર સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, અમને બપોરના ૩.૦૭ વાગ્યે ઈન્કમટેક્સ સીઆર બિલ્ડીંગમાં આગ લાગવાની માહિતી મળી હતી. અમે કુલ ૨૧ ફાયર ટેન્ડરો રવાના કર્યા છે. અમે વધુ તપાસ માટે અને કાયદો અને વ્યવસ્થા જાળવવા



માટે સ્થાનિક પોલીસને પણ આ બાબતે જાણ કરી છે. આ ઈમારત જૂના પોલીસ હેડક્વાર્ટરની સામે આવેલી છે, જ્યાં પોલીસ દળ હજુ પણ તેના કેટલાક એકમો ધરાવે છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં બિલ્ડિંગમાં રહેતા લોકો આગથી બચવા માટે બારીનો આશરો લેતા જોઈ શકાય છે. આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. DFSના વડા અતુલ ગર્ગે જણાવ્યું હતું કે, મને સાંજે ૪.૦૦ વાગ્યે માહિતી મળી હતી કે DFSએ બિલ્ડિંગના ત્રીજા માળેથી કુલ સાત લોકો, પાંચ પુરૂષો અને બે મહિલાઓને સુરક્ષિત રીતે બચાવી લીધા છે. આગને સંપૂર્ણપણે બુઝાવવાની પ્રક્રિયા હજુ ચાલુ છે. ગર્ગે કહ્યું, જેમ કે અગ્નિશામક દળના જવાનો સ્થળ પર પહોંચ્યા, તેમણે બિલ્ડિંગને ખાલી કરાવી. ઝેરી ધુમાડાને કારણે અમારે ગેસ માસ્કનો ઉપયોગ કરવો પડ્યો, પરંતુ બિલ્ડિંગમાં હાજર દરેકને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા. અમે આગનું સાચું કારણ શોધવા અને આ મામલાની વધુ તપાસ માટે વિસ્તારની સ્થાનિક પોલીસને જાણ કરી છે.

### નાંદોદના પોઈચા ગામ નજીક

# નર્મદા નદીમાં ન્હાવા જતા મોતને ભેટેલ છ માસૂમો સહિત ૭નાં મોત માટે જવાબદાર કોણ ?

## જિલ્લાનું વહીવટી તંત્ર કે રેતી ખનન ? રેત માફિયાઓ સામે તંત્રના અધિકારીઓ કાર્યવાહી કરશે ખરા ?

રાજપીપળા, તા.૧૫

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પોઈચા ગામ નજીક આવેલ નર્મદા નદીમા ૬ માસુમો સહિત ૭ વ્યક્તિઓના ડૂબી જવાની ગોઝારી ઘટના સામે આવી છે. ત્યારે માસૂમ બાળકો મોતને ભેટ્યા છે અને પરિવાર એ પોતાના બાળકોને ગુમાવ્યા છે ત્યારે આખરે જવાબદાર કોને ઠરાવવા બેરોકટોક રાત દિવસ થતાં રેતી ખનન ? કે પછી જિલ્લા વહીવટી તંત્રને ? નર્મદા જિલ્લાના પોઈચા નર્મદા નદીના કિનારે રેતી માફીયાઓ દ્વારા રાત-દિવસ ગેરકાયદેસર રીતે રેતી ખનન કરવામાં આવી રહ્યું છે. જેના કારણે ઊંડા-ઊંડા ખાડા પડી ગયા છે. જેને બહારથી ફરવા આવતા પ્રવાસીઓને ખબર હોતી નથી જેના કારણે આવી હોનારતો સર્જાય છે. જેમાં કેટલાય નિર્દોષ લોકોને પોતાના જીવ ગુમાવવો પડતો હોય છે. ત્યારે નીતિ નિયમોને નેવે મૂકીને ગેરકાયદેસર રીતે રેતી ખનન કરનાર ભુમાફીયાઓને કોણ પ્રોત્સાહન પૂરું પાડી રહ્યું છે. તે પણ એક તપાસનો વિષય બની ગયો છે. તા.૧૪/૦૫/૨૦૨૪ના રોજ ૬ માસુમ બાળકો સહિત ૭ વ્યક્તિઓના ડૂબી જવાથી મોત નિપજ્યા હતા. આ પ્રકારના મસ મોટા ખાડાઓને કારણે લોકો મોતને ભેટી રહ્યાં છે. તેવામાં જવાબદાર કોને ઠરાવવા તે પણ પ્રશ્ન બની ગયો છે. રેતી માફીયાઓ ખુલ્લેઆમ નીતિ નિયમોના ધજાગરા ઉડાડવામાં આવી રહ્યા છે. તેમ છતાં વહીવટી તંત્રના જવાબદાર અધિકારીઓ દ્વારા રેતી માફીયાઓ સામે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. જેના કારણે અધિકારીઓની કામગીરી પણ શંકા ઉપજાવે તેવી જોવા મળી રહી છે.

### જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પોઈચા ઘાટ પર નાવડી ચલાવવા પરવાનગી અપાશે ?

વડોદરા જિલ્લા તંત્ર દ્વારા શરતોને આધીન ચાણોદ ઘાટ ઉપર નાવડીઓ ચલાવવા પરવાનગી આપવામાં આવી છે. ત્યારે નર્મદા જિલ્લાના વહીવટી તંત્ર દ્વારા પણ આ રીતે પોઈચા ઘાટ ઉપર નાવડી ચલાવવા પરમિશન આપવામાં આવે તો આવી બનતી ઘટનાને અટકાવી શકાય.

### મોટા-મોટા ખાડાઓને કારણે બાળકો સહિત ૭ જણા ડૂબી ગયા હતા

મૃતકના પરિવાર જનો દ્વારા આક્ષેપો કરવામાં આવ્યાં છે કે, જે જગ્યાએ મૃતકો ડૂબી ગયા હતા, તે જગ્યાએ મોટા ખાડાઓ હોવાના કારણે આવી ગોઝારી ઘટના બની છે. તેમજ કેટલાક રેતી માફીયાઓ દ્વારા અહીં મોટા ખાડાઓ કરી દીધા હોવાના કારણે અહીં સાત જેટલા વ્યક્તિઓના ડૂબી જવાના કારણે મોત નીપજ્યા છે. તેવા આક્ષેપો કરવામાં આવ્યા છે. ત્યારે બીજી તરફ નર્મદા ખાણ ખનીજ વિભાગ દ્વારા માહિતી વિભાગને એક ખુલાસો અને સ્પષ્ટતા બાબતે વિગત આપવામાં આવી હતી, જેમાં જણાવ્યા અનુસાર નાંદોદ તાલુકાના પોઇચા ખાતે નર્મદા નદીમાં ત્રિવેણી સંગમ તરીકે ઓળખાતા સ્થળ ઉપર નાહવા ગયેલ સાત વ્યક્તિઓ ડૂબી જવાની ઘટનામાં ઘટના સ્થળ ઉપર કોઈપણ લીઝ આવેલ નથી તેમજ ત્રિવેણી સંગમથી ઉપરવાસમાં એકાદ કિલોમીટર દૂર સાદી રેતી અને ગ્રેવલ્સની ત્રણ લીઝ સરકારના નિયમો અનુસાર કાર્યરત છે. જેવો ખુલાસો નર્મદા જિલ્લા ભૂસ્તર વિભાગ દ્વારા આપવામાં આવ્યો છે. ત્યારે પ્રશ્ન અહીં એ થાય છે કે સાત જેટલા લોકોના પાણીમાં ડૂબી જવાથી મોત થયાં છે ત્યારે જવાબદાર કોણ...?

### ગોધરા મુસ્લિમ સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત

# ફિઝિક્સ વિષયમાં ડૉ.સલમાન ઝભાએ પીએચડી પદવી મેળવતા શુભેચ્છાઓ પાઠવાઈ

ગોધરા, તા.૧૫

ગોધરા મુસ્લિમ સમાજના ઈતિહાસમાં પ્રથમ વખત ફિઝિક્સ વિષયમાં Ph.D. સિદ્ધિ હાંસિલ કરનાર ડૉ. સલમાન ઈલ્યાસ ઝભાને ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજ પંચ દ્વારા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તા.૧૫/૦૫/૨૦૨૪ના રોજ ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાંથી ફિઝિક્સ વિષયમાં Ph.D. ડૉક્ટરેટની સિદ્ધિ હાંસિલ કરી ગોધરા મુસ્લિમ સમાજના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નામ નોંધાયુ છે. તેઓ ૨/૦૯/૧૯૯૬ના રોજ ગરીબ પરિવારમાં જન્મેલા અને દવાની જરૂર પડતાં એમના પિતાએ પોતાના રોજગારનું સાધન રિક્ષા વેચી એમનો ઈલાજ કરાવ્યો. બાળપણમાં પિતાની લાગણી અને તાલિમમાં દીન અને દુનિયાનું મહત્ત્વ સમજાવી સલમાનને આત્મનિર્ભય બનાવ્યાં. વાંચનનો શોખ ધોરણ ૯માં પિતા દ્વારા આપવામાં આવેલ ગીફ્ટમાં આવેલ A.P.J. અબ્દુલ કલામની આત્મકથા પુસ્તકમાંથી અનુભવ થયો અને વિજ્ઞાન વિશેનું મહત્ત્વ પિતાએ જ સમજાવ્યું. ત્યારથી જ મક્કમ મનોબળ સાથે વિજ્ઞાનક્ષેત્રે જ આગળ વધવાનો નિર્ણય કર્યો. ૧૨ સાયન્સમાં સારા માર્ક્સે ઉતીર્ણ થતા અને ભૌતિક વિજ્ઞાનમાં વિશેષ રસ ધરાવતા હોવાથી બી.એસસી. કૉલેજમાં એમના પિતા સલમાનને B.Sc. Physics honoursનો ૩ વર્ષનો કોર્સ M.S. Universityમાં અપાવ્યો. સલમાન કૉલેજમાં આવ્યો ત્યારે મેરિટ લિસ્ટમાં તો આવી ગયો પરંતુ એની ફી એમના પિતા માટે મોંઘી હતી કૉલેજમાં એડમીશન લેવા માટે ઘરનો ચુલો બંધ રાખી અને સ્કુટી વેચી ફી ભરપાઈ કરવામાં આવી હતી. સલમાને શરૂઆતથી જ ખુબ મહેનત કરી અને Ph.D. બનવાનું અને એમના ઘરની પરિસ્થિતી સુધારવાનું સપનું જોયું પણ ઉપર વાળાને જાણે કંઈ બીજું મંજુર હશે. B.Sc.ના 5th Semester વખતે સલમાને



પિતાની છત્રછાયાં ગુમાવી. ગરીબી, ડર, હતાશ અને અંધકારમય જીંદગીમાં રોશની રૂપે ફિઝિક્સ વિષયને સર્વોચ માની અથાગ મહેનત કરી M.Sc. Applied Physics M.S. Universityમાં અભ્યાસક્રમ શરૂ કર્યું. ઘરની પરિસ્થિતિ માટે સાંજે ટ્યુશન શરૂ કર્યા. દિવસ રાત ખુબ મેહનત કરી ટ્યૂશન આપવાની સાથે બી.એડ.ની ડિગ્રી મેળવી અને શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટિમાં ૨૦૨૧માં પ્રવેશ પરીક્ષા પાસ કરી પોતાનું અને પિતાનું સપનું સાકાર કરવા માટે Ph.D. Physics Departmentમાં એડમિશન લીધું. 3 yearsના કોર્સમાં મહેનત અને લગન સાથે રિસર્ચ કામ પૂર્ણ કરી ૧૫/૦૫/૨૦૨૪ના રોજ ડૉક્ટરેટની પદવી હાંસિલ કરી. Dr. Salman Zabhaના મહેનત, પરીશ્રમ અને ધગશ સાથે તેના માતા-પિતાના લાગણી, પરવરિશ અને બલિદાનને ગોધરા મુસ્લિમ ઘાંચી સમાજ પંચ શુરા દ્વારા બીરદાવી હતી અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. સલમાનની મહેનતે ગોધરાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે નામ નોંધાયું છે.

# માળિયા મિંયાણા પોલીસની દબંગાઈ, ખનીજ માફિયાઓ સામે ફરિયાદ નોંધાવવા આવેલા મુસ્લિમ યુવકને માર માર્યો

## ધોકા વડે બેફામ માર મારતા યુવક મોરબી સિવિલમાં સારવાર હેઠળ

(સંવવાદદાતા દ્વારા)

મોરબી, તા.૧૫

માળિયા મિંયાણામાં બેફામ બનેલા ભૂમાફિયાઓ સામે ગુનો નોંધાવવા ગયેલ મુસ્લિમ યુવકને પોલીસકર્મીઓએ જ બેરહેમીપૂર્વક માર મારતા યુવકને ગંભીર ઈજા પહોંચતા તેને મોરબી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યો હતો. પોલીસે ફરિયાદ નોંધાવવાને બદલે ફરિયાદીને જ માર મારતા યુવકના પરિવારજનો સરિત સ્થાનિકોમાં પોલીસ વિરૂદ્ધ રોષની લાગણી ભભૂકી ઉઠી છે.





માળિયા મિયાણા તાલુકામાં ભૂમાફિયાઓ ખુલ્લેઆમ રેતી ચોરી, માટી ચોરી કરી રહ્યા હોવાની અનેક લોક ફરિયાદો ઉઠી છે અને આ ગોરખધંધા કરનારાઓના જાણે રાફડા ફુટયા હોય તેવા અસામાજિક તત્વો બેફામ બન્યા છે ત્યારે માળિયા મિંયાણા પોલીસમાં ફરિયાદ નોંધાવવા ગયેલા ફરિયાદી સલીમ સુભાનભાઈ કટીયાની ફરિયાદ લેવાના બદલે "ચોર ઉલટા કોટવાલ કો ડાટે"ની જેમ ત્રણ પોલીસમેનોએ સાથે મળી ફરિયાદી યુવાનને ઢીકાપાટુ, ધોકા વડે બેફામ માર મારતા પ્રથમ માળિયા મિંયાણાની રેફરલ હોસ્પિટલમાં અને ત્યાંથી ૧૦૮ સેવાની મદદથી મોરબીની સિવિલ હોસ્પિટલમાં ઈજાગ્રસ્ત યુવાનને સારવારમાં ખસેડાયો હતો.

# ખેડબ્રહ્માના આકાશમાં સ્ટાર લાઈન જોવા મળતા લોકોમાં અચરજ

હિંમતનગર, તા.૧૫

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં ગઈ કાલે રાત્રીએ આકાશમાં અદ્‌ભુત સ્ટાર લાઈનની હારમાળા જોવા મળી હતી જેને નગરવાસીઓ પોતાના કેમેરામાં કેદ કરી હતી. આ અંગેની વિગત એવી છે કે, ગરમી વચ્ચે વાવાઝોડું અને ત્યારબાદ આકાશમાં મંગળવારે રાત્રીએ થોડોક સમય એક નહીં બે નહિ પરંતુ સ્ટારની લાઈન જોવા મળી હતી.આ અદ્‌ભુત નજારો સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્માના નગરવાસીઓ નિહાળ્યો હતો અને પોતાના કેમેરામાં કેદ પણ કર્યો હતો. તો થોડા મહિના અગાઉ પણ આવી ખગોળીય ઘટના સાબરકાંઠામાં સ્ટાર લાઈન અલગ અલગ જગ્યાએ આકાશમાં જોવા મળી હતી. ત્યારબાદ ફરીવાર ગઈ કાલે રાત્રીએ આકાશમાં આ લાઈટની હારમાળાનો નજારો જોવા મળ્યો હતો.

### શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે આપેલી સેવાઓ બદલ

# આણંદના સામાજિક અગ્રણી રાજુભાઈ હાલાણીનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)

(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૫

આણંદ શહેરમાં શ્રી હાલાણી એજ્યુકેશન એન્ડ વેલ્ફેર ટ્રસ્ટ સહિત વિવિધ શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા અને સર્વ સમાજમાં શિક્ષણ અને આરોગ્ય તેમજ નવી પેઢીના સર્વાંગી ઉત્થાન માટે કાર્ય કરતા સામાજિક અગ્રણી અને ઉદ્યોગપતિ તાજદિનભાઈ ઉર્ફે. રાજુભાઈ હાલાણીને તાજેતરમાં ગાંધીનગર ખાતે વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ આયોજિત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે સાલ ઓઢાડી, ચંદ્રક એનાયત કરી સન્માન પત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ખાતે વિદ્યાભારતી ગુજરાત પ્રદેશના નવા શૈક્ષણિક શંકુલ વિદ્યાભારતી સ્કૂલ ઓફ એક્સેલન્સના ભૂમિ પૂજન પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે તાજદિનભાઈ ઉર્ફે. રાજુ હાલાણીને સાલ ઓઢાડી સન્માન પત્ર આપી સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે તેઓની સેવાઓને સન્માનિત કરી બિરદાવવામાં આવી હતી. તાજદિન ઉર્ફે રાજુભાઈ હાલાણીએ મુખ્યમંત્રીનાં હસ્તે સન્માનપત્ર મેળવી સમગ્ર સમાજ અને ચરોતર પ્રદેશનું ગૌરવ વધાર્યું છે.

# નડિયાદની સરદાર પટેલ હાઈસ્કૂલનું એચ.એસ.સી.નું ૮૩.૩૩ ટકા પરિણામ









નડિયાદની સરદાર પટેલ હાઈસ્કૂલનું ધો.૧૨મા ૮૩.૩૩ ટકા પરિણામ આવ્યું છે. ધો.૧૨મા ભણતા વાલ્મિકી સમાજના જયદીપે આ વર્ષે લેવાયેલ બોર્ડ પરીક્ષામાં ૯૯.૨૦ પર્સન્ટાઈલ સાથે A1 ગ્રેડ મેળવ્યો છે. પ્રિન્સ ડબગરે ૯૮.૧૮ પર્સન્ટાઈલ સાથે A2 ગ્રેડ મેળવ્યો છે. જયરે ભંગારની લારી ચલાવતા પરિવારના સમીર અબ્દુલમજીદ શેખે ૯૧ પર્સેન્ટાઈલ સાથે A2 ગ્રેડ મેળવ્યો છે.

### મહુધાના હેરંજ ગામ નજીક

# રિક્ષાને ટક્કર માર્યા બાદ ટેન્કર રિક્ષા પર પલટી ખાઈ જતાં બેનાં મોત

નડિયાદ તા ૧૫

મહુધાના હેરંજ ગામ નજીક એક ટેન્કરે રોડ ઉપર જતી રીક્ષાને ટક્કર માર્યા પછી ટેન્કર રિક્ષા પર પલટી ખાઈ જતાં રિક્ષા ચકડાઈ ગઈ હતી જેમાં બેના મોત નીપજ્યા હતા. મળતી માહિતી મુજબ મહુધાના હેરંજ ગામમાં રહેતા સરફરાજ મિયા મુસ્તુફામિયાં મલેકની રિક્ષા નંબર જીજે ૦૬ એ વાય ૯૫૪૨માં ગઈકાલે ગામના સકિલાબાનુ શરીફમીયા મલેક સરફરાજ મિયાનો દીકરો મુન્તસીર, સાનિયા બાનુ ,રૂક્ષાના બાનુ તેમજ મિનાજબાનું મજીદ મિયા મલેક રહે ભાલેજ લગ્ન પ્રસંગની ખરીદી તેમજ દવાખાનામાં ગયા હતા બાદ સર્વે સાંજના સમયે રીક્ષા હેરંજ ગામે પરત આવતા હતા આ સમયે રીક્ષા સરફરાજમીયા હંકારતા હતા તે દરમિયાન રિક્ષા પણસોરા અલીણા રોડ પર આવેલ હેરંજ ગામ નજીક ટ્રાફિક ચોકી પાસેથી પસાર થતી હતી તે વખતે રોડ પર માતેલા સાંઢની જેમ પૂર ઝડપે આવતી ટેન્કર નંબર જીજે ૨૩ કે ૯૯૪૧ એ રિક્ષાને ટક્કર મારી હતી સાથે ટેન્કર પલટી ખાઈ રીક્ષા પર ખાબક્યું હતું.

જેને લઈ રિક્ષા ચાલક સરફરાઝમીયા સહિતના અંદર સવાર મુન્તસીર, શકીલા બાનુ સાનિયા બાનુ રૂક્ષાના બાનુ તેમજ મિનાજબાનું મજીદ મિયા મલેક રહે ભાલેજને શરીરે ઈજાઓ પહોંચી હતી દરમિયાન જાણના પગલે દોડી આવેલ ગ્રામજનોએ ચાર જેસીબીની મદદથી રિક્ષા પર પલટી ખાઈ ખાબકેલ ટેન્કરને ઊંચી કરી હટાવી હતી બાદ ગ્રામજનોએ ઈજાગ્રસ્ત તમામને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યા હતા જેમાં શરીરે ગંભીર ઈજાગ્રસ્ત શકીલાબાનું શરીફનીયા મલેક અને મુન્તસીર સરફરાજ મિયા મલેક ઉંમર વર્ષ ૧૭ બંનેના મૃત્યુ નિપજ્યા હતા.

મહુધા પોલીસે આ અંગે ટેન્કર ચાલક વિરૂદ્ધ ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

### બાગાયતી પાકને નુકસાન

# વઢવાણ પંથક અને સુરેન્દ્રનગરમાં ગાજવીજ સાથે કમોસમી વરસાદ



સુરેન્દ્રનગર, તા.૧૫

સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં એક દિવસના વિરામ બાદ વાતાવરણમાં પલટો આવ્યો હતો. વઢવાણ તાલુકાના રામપરા, ટીંબા, વાઘેલા, માળોદ સહિતના ગામોમાં પણ કમોસમી વરસાદ વરસ્યો હતો. હવામાન વિભાગની આગાહીના પગલે ફરીથી ગાજવીજ સાથે કમોસમી વરસાદનુ આગમન થયું છે. અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ કમોસમી વરસાદના આગમનથી લોકોએ ગરમીમાં રાહત અનુભવી હતી. સુરેન્દ્રનગરમાં પણ ભારે પવન સાથે વરસાદ શરૂ થયો છે. વિજળીના કડાકા સાથે વરસાદ શરૂ થયો છે. જેમાં વરસાદ શરૂ થતા અનેક હોર્ડિંગ તથા બેનરો ઉડ્યા છે. તેમજ અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો છે. સુરેન્દ્રનગરમાં મીની વાવાઝોડા સાથે માવઠુ થતા બાગાયતી પાકને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યુ છે. પરંતુ કમોસમી વરસાદથી ખેડૂતોમાં કમોસમી વરસાદને પગલે ચિંતા જોવા મળી છે.

### તેજસ્વી તારલા

**નડિયાદ**





નડિયાદ શહેરમાં બારકોસિયા વિસ્તારમાં આવેલ જીલાની પાર્ક સોસાયટીમાં રહેતા સલીમભાઈ એસ.મોમીને ધોરણ ૧૨ સાયન્સની પરીક્ષામાં ૬૫૦માંથી ૫૬૨ માર્કસ સાથે ૮૬.૪૬% મેળવી મોમીન સમાજનું ગૌરવ વધારેલ છે. તેણે કેમેસ્ટ્રીમાં ૯૭ તથા બાયોલોજીમાં ૯૫ માર્કસ મેળવેલ છે.

# વડોદરા મનપાની સ્થાયી સમિતિ ચેરમેનના ડ્રાઈવરને કોર્પોરેટર આશિષ જોષીએ લાફો ચોડી દેતા ચકચાર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૫

વડોદરા મહાનગરપાલિકાના કેટલાક કાઉન્સિલર હંમેશા કોઈકને કોઈક કારણોસર વિવાદોમાં રહે છે. ત્યારે આજરોજ કોર્પોરેશનના કમ્પાઉન્ડમાં નગરસેવક આશિષ જોષીએ સ્થાયી સમિતિના ચેરમેનના ડ્રાઈવરને લાફો ઝીંકી દીધો હતો જેના પગલે પુનઃ એકવાર વિવાદ સર્જાયો હતો. જાણવા મળ્યા મુજબ આ ડ્રાઈવર તળાવની સાફ સફાઈ અંગે રજૂઆત કરવા ગયો હતો જો કે ત્યાર બાદ કોઈ મુદ્દે બોલાચાલી થઈ હતી અને કોર્પોરેટરનો પિત્તો ગયો હતો. સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રીનું સરકારી વાહન ચલાવતા ડ્રાઈવર રણછોડ ભરવાડ વોર્ડ ૧૫માં રહે છે અને ત્યાંના સ્થાનિક કોર્પોરેટર આશિષ જોષી કોર્પોરેશન ઉપર આવતા તેઓએ પોતાના વિસ્તારમાં તળાવની સાફ સફાઈ અંગે રજૂઆત કરી હતી. આ મુદ્દે કોઈ રકઝક થઈ અને બંને તરફે કોઈ કોમેન્ટ પાસ થતા આશિષ જોષીએ રણછોડ ભરવાડને લાફો ઝીંકી દીધો હતો. જેના પગલે કમ્પાઉન્ડમાં અન્ય ડ્રાઈવર અને કાઉન્સિલર પણ જમા થઈ ગયા હતા. કોર્પોરેટર આશિષ જોષીએ સ્થાયી સમિતિના ચેરમેનને પણ તેઓના ડ્રાઈવર વિરૂદ્ધ ફરિયાદ કરી કે તે એલફેલ બોલે છે. એક તબક્કે કોર્પોરેશનનું કમ્પાઉન્ડ સમરાંગણ હોય તેમ લાગી રહ્યું હતું.

### હું તળાવ અંગે રજૂઆત કરવા ગયો હતો : ડ્રાઈવર રણછોડ ભરવાડ

આ અંગે ડ્રાઈવર રણછોડ ભરવાડે જણાવ્યું હતું કે, મારા વિસ્તારમાં તળાવની સાફસફાઈ નથી થઈ અને તેના કારણે ચોમાસામાં તળાવમાંથી પાણી ઉભરાઈ બહાર આવે છે તે અંગે રજૂઆત કરવા ગયો હતો. તેમણે મને શાંતિ રાખવા કહ્યું અને બાદમાં એલફેલ વાત કરવા લાગ્યા મેં તેમને રોકાતા તેઓએ મને લાફો મારી દીધો હતો.

### કાઉન્સિલરને બધાની સામે જેમ તેમ બોલે તે સાંખી ન લેવાય : કોર્પોરેટર આશિષ જોષી

આ અંગે કોર્પોરેટર આશિષ જોષી એ જણાવ્યું હતું કે, ચેરમેનને રજૂઆત બાબતે મળવા આવ્યો હતો જતી વખતે એક ફાલતુ વ્યક્તિ કોર્પોરેટર પર આરોપ લગાવતો હતો. પછી ખ્યાલ આવ્યો કે ડ્રાઈવર હતો અને અહીં બધા કાઉન્સિલર ઊભા હતા, દંડક પણ હતા તેઓની સામે બીભત્સ વર્તન કરી કોર્પોરેટરને જેમ તેમ બોલે તે ન સાંખી લેવાય. આ અંગે અમે ચેરમેનનું પણ ધ્યાન દોર્યું છે.

# અંકલેશ્વર ઓએનજીસી ઓવરબ્રિજ શરૂ થયો હવે પીરામણ રોડ બનશે ખરો ?

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વરમાં ગત વર્ષ એપ્રિલમાં ઓએનજીસી ઓવરબ્રિજ નીચેનું ગરનાળું પહોળું કરવા કેટલોક હિસ્સો તોડી પાડવામાં આવ્યો હતો જો કે જે તે સમયે ૯ માસની સમય મર્યાદામાં બ્રિજ શરૂ થવાની ચર્ચા હતી જોકે તેમ છતાં ભારે કકળાટ બાદ છેવટે એક વર્ષ બાદ આજથી બ્રિજ શરૂ થયો. જો કે ઓએનજીસી ઓવરબ્રિજના શરૂ થવાથી ત્રણ રસ્તા સર્કલથી મહાવીર ટર્નિંગ સુધી જે વેપારીઓના ધંધા-રોજગાર ભાંગી પડ્યા હતા. તે હવે પુનઃ ધીમે-ધીમે જામશે તેવી આશા છે. ઉલ્લેખ કરવો રહ્યો કે "ઓએનજીસી ઓવરબ્રિજનો ગરનાળું પહોળો કરવાની કામગીરી એક વર્ષ સુધી ચાલી આ વચ્ચે ટ્રાફિકને જોતા પિરામણ નાકાથી પિરામણ રેલ્વે અંડરપાસ સુધીનો અત્યંત બિસ્માર હાલતમાં તબદીલ થયેલ માર્ગના મરમતની કામગીરી અટકી પડી હતી. જો કે છેલ્લા ઘણા સમયથી ડ્રેનેજ લાઈનના નામે કામગીરી શરૂ હોવાનું આશ્વાસન લોકોને અપાઈ રહ્યું હતું. હવે ઓએનજીસી ઓવરબ્રિજ શરૂ થઈ ગયો છે અને શહેરથી જીઆઈડીસી તરફ જવા માટે પિરામણ વાળા રોડને બાદ કરતા ૨ માર્ગ છે "એક શહેરથી ગડખોલ-સુરવાડી રેલ્વે ઓવરબ્રિજ થઈ વાયા મહાવીર ટર્નિંગથી જીઆઈડીસી અને બીજો ઓએનજીસી ઓવરબ્રિજથી વાયા મહાવીર ટર્નિંગ થઈ જીઆઈડીસીનો માર્ગ છે. ત્યારે હવે ગત વર્ષ ના સપ્ટેમ્બર માસ અને ચોમાસા બાદથી જે પિરામણના બિસ્માર રોડની કામગીરી શરૂ થવાની વાતો છે તે હવે વહેલી તકે શરૂ કરવામાં આવે તો અંકલેશ્વરમાં ટ્રાફિકની સમસ્યા મહદ અંશે ઓછી થશે.

### ભરૂચ શહેર-જિલ્લાના શાળા સંચાલકોની મનમાની

# ચોક્કસ દુકાનો પરથી જ વિદ્યાર્થીઓ માટે ગણવેશ-પુસ્તકો ખરીદવા કરાતું દબાણ

## આરટીઈ હેઠળ પ્રવેશ આપવામાં પણ ગલ્લાતલ્લા

ભરૂચ, તા.૧૫

ભરૂચ શહેર જિલ્લાની કેટલીક શાળાના સંચાલકોએ શાળાઓ નહીં પણ ધંધો કરતી કંપનીઓ ખોલી નાખી છે. જિલ્લામાં આવેલ કેટલીયે શાળાઓમાં આરટીઈના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં શાળા સંચાલકો આનાકાની કરતા હોય છે જ્યારે શાળામાં પ્રવેશ મેળવ્યા બાદ શાળા સંચાલકોએ નક્કી કરેલ દુકાનો અને શો રૂમ પરથી જ યુનિફોર્મ તેમજ ચોપડા સહિત શાળાને લગતી વસ્તુઓ ખરીદવા માટે વાલીઓ ઉપર દબાણ કરવામાં આવી રહ્યું છે તેવી ફરિયાદ ઊભી થઈ છે. ભરૂચ જિલ્લામાં કેટલીક શાળાઓ છે જેમાં નાના બાળકોની ફી મહિને ૮૦૦થી લઈ ૨૪૦૦ રૂપિયા છે. જ્યારે બીજા ખર્ચ તો અલગ જ હોય છે.

ભરૂચ જિલ્લાની કેટલીક શાળાના સંચાલકો શાળા નહીં પણ કંપની હોય તેમ ચલાવે છે. ઓછા ભણેલા શિક્ષકોની ભરતી કરે છે અને જાહેરાતો તો જાણે એવી કરે છે કે તેમની શાળામાં સૌથી વધુ શિક્ષિત શિક્ષકો છે. જેથી શિક્ષણ વિભાગ આ મુદ્દાને ગંભીરતાથી લઈ યોગ્ય પગલા લે તેવી વાલીઓની માંગ છે.

# અંકલેશ્વરની ઈકરા ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનું SSCનું ૮૯ ટકા પરિણામ

અંકલેશ્વર, તા.૧૫

અંકલેશ્વર ખાતે આવેલ ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલમાં વર્ષ ૨૦૨૪માં યોજાયેલ ધો.૧૦ એસ.એસ.સી. બોર્ડની પરીક્ષાનું ૮૯% પરિણામ આવ્યું હતું. જેમાં પહેલા ક્રમે ચૌધરી સાદીયા રફીક ૯૧.૧૩ પી.આર. બીજા ક્રમે મનીહાર સાદીકા અ. રહીમ ૮૭.૮૩ % પી.આર. અને ત્રીજા ક્રમે મુલ્લા સાઈમા સરફરાઝ ૮૩.૮૮ પી.આર. સાથે શાળામાં સ્થાન મેળવ્યું હતું. આ પ્રસંગે શાળાના પ્રમુખ મોલવી સુલેમાન ભૈયાત,



ચૌધરી સાદીયા રફીક



મનીહાર સાદીકા



મુલ્લા સાઈમા સરફરાઝ

જનરલ સેક્રેટરી ઈમરાન પટેલ, ઉપપ્રમુખ ફૈયાઝ સુલેમાન ભૈયાત, જોઈન્ટ સેક્રેટરી મોહંમદ ઉસ્માન ખાન, ટ્રસ્ટી મંડળના એસ.ડી. પટેલ, શાળાના એડમિનિસ્ટ્રેટર અનીસૂદીન કુરેશી અલહાસમી, શાળા આચાર્ય તથા શિક્ષકોએ સફળતા મેળવનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### ઉના પોલીસ ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી પૈસા પડાવતી હતી


# દિવથી પરત ફરતા પ્રવાસીઓનો તોડ કરતા ASIને શરતી જામીન આપતી હાઈકોર્ટ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં લાંચિયા અધિકારીઓને ACB છટકું ગોઠવી પકડતી હોય છે ત્યારે ઉના પોલીસ સ્ટેશનના પોલીસકર્મીઓ દિવથી પરત ફરતા પર્યટકો પાસેથી પ્રોહિબિશન જેવા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને પૈસા પડાવતા હતા. આ અંગે ACBએ કાર્યવાહી કરી હતી. ગીર સોમનાથ ACB પોલીસ મથકે ચાલુ વર્ષે જાન્યુઆરી મહિનામાં ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામી, ASI નિલેશ મૈયા અને નાગરિક આરોપી નિલેશકુમાર તડવી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ 7A, ૧૨, ૧૩(૧), 13A તથા IPC 120B અને ૩૪ મુજબ ગુનો નોંધાયો હતો. જેમાં ASI નિલેશ મૈયાએ ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરતા હાઈકોર્ટે અરજદારને ૧૦ હજારના બોન્ડ ઉપર શરતી જામીન આપ્યા હતા. વિગત મુજબ ઉના પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીઓ દિવથી પરત ફરતા પર્યટકો પાસેથી માંડવી ચેકપોસ્ટ ઉપર પ્રોહિબિશન જેવા કેસમાં ફસાવી દેવા અથવા કેસ ના કરવાની ધમકી આપીને રોકડ, ATM અને ઓનલાઈન પૈસા પડાવી લેવાનું ગેરકાનૂની કામ કરતા હતાં. આ માટે ઉના પોલીસ મથકના PI નિલેશ ગોસ્વામીએ નિલેશકુમાર તડવી નામનો એક વ્યક્તિ રાખ્યો હતો. જે માંડવી ચેકપોસ્ટ ખાતે ઊભો રહેતો અને અન્ય પોલીસ કચેરીઓ કેટલા પૈસા ઉઘરાવે છે, તેનું ધ્યાન રાખતો. વળી કોઈ પર્યટક પોલીસનો વીડિયો ના ઉતારે તેનું પણ ધ્યાન રાખતો. PI આ કામ માટે મહિને તેને ૨૦ હજાર રૂપિયા આપતા. ACBને આ અંગે બાતમી મળતાં છટકું ગોઠવ્યું હતું. પરંતુ છટકા વાળી ગાડીમાં રેકોર્ડર જોઈ જતા પોલીસ કર્મચારીઓને શંકા જતાં તમામ ભાગવા લાગ્યા હતા. જેમાં નિલેશકુમાર તડવી ઝડપાઈ ગયો હતો. જેના મોબાઈલમાં PIનું નામ 'ગુરૂજી' તરીકે સેવ થયેલું હતું. PI તડવી પાસેથી પ્રતિબંધિત પદાર્થો હિસાબ અને રૂપિયા મંગાવતા હતા. ફરિયાદ નોંધાતા PI અને ASI ફરાર થઈ ગયા હતા. PIની આગોતરા જામીન ઊનાની કોર્ટે ફગાવી દીધી હતી. તો નિલેશ તડવીની જામીન અરજી પણ ઊનાની કોર્ટે ફગાવી દીધી હતી. ASI ફેબ્રુઆરી મહિનાથી જેલમાં છે. જો કે, હાઈકોર્ટે તેને જામીન આપ્યા હતા. જ્યારે PIની પણ ધરપકડ કરવામાં આવી હતી.

### ડીસાની વિદ્યાર્થિનીએ CBSC બોર્ડ ધો.૧૨માં A1 ગ્રેડ મેળવ્યો



ડીસા, તા.૧૫

ડીસાની વિદ્યાર્થિનીએ સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSC) દ્વારા લેવાયેલી ધોરણ ૧૨ની પરીક્ષામાં A1 ગ્રેડ મેળવી સમગ્ર ડીસા અને બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન દ્વારા લેવાયેલી સિનિયર સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા ધોરણ ૧૨મા ડીસાની ખ્વાઈશ વિપુલકુમાર આલે A1 ગ્રેડ મેળવ્યો છે. ખ્વાઈશ આલ ડીસા ક્રિકેટ એકેડેમીના મુખ્ય કોચ વિપુલભાઈ આલ અને રાષ્ટ્રીય મહિલા આયોગના પૂર્વ સદસ્ય ડૉ. રાજુલબેન દેસાઈની દીકરી છે. આગામી સમયમાં ખ્વાઈશ UPSCની એક્ઝામ આપી IAS કે IPS બની દેશ સેવા કરવાની ઈચ્છા ધરાવે છે.

# 'સુપ્રીમ કોર્ટનો ચુકાદો રાબેતા મુજબનો નથી, ઘણા માને છે વિશેષ સવલત આપવામાં આવી છે' : અરવિંદ કેજરીવાલના જામીન અંગે અમિત શાહ

### ન્યૂઝ એજન્સી સાથેની મુલાકાતમાં અમિત શાહે ઉમેર્યું હતું કે, કેજરીવાલને જામીન આપનાર જજોએ વિચારવું જોઈએ કે તેમના ચુકાદાનો કેવી રીતે ઉપયોગ અથવા દુરૂપયોગ થઈ રહ્યો છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

એક્સાઈઝ પોલિસી કેસમાં સુપ્રીમ કોર્ટે દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલને વચગાળાના જામીન આપ્યાના દિવસો પછી કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહે કહ્યું હતું કે, તેઓ 'ઉચ્ચ અદાલતના નિર્ણયને નિયમિત અથવા સામાન્ય ચુકાદા તરીકે જોતા નથી' અને ઘણા બધા દેશના લોકો માને છે કે, તેમને વિશેષ સારવાર આપવામાં આવી છે. ન્યૂઝ એજન્સી સાથેની એક મુલાકાતમાં જ્યારે કેજરીવાલના ભારત ગઠબંધન માટેના પ્રચાર અને તેમના દાવા વિશે પૂછવામાં આવ્યું કે જો પાર્ટીની તરફેણમાં પર્યાપ્ત મતો પડે તો તેમને જેલમાં પાછા જવાની જરૂર નથી, શાહે કહ્યું કે, તે સર્વોચ્ચ અદાલતનો 'સ્પષ્ટ તિરસ્કાર' છે. તેમણે ઉમેર્યું હતું કે, જે ન્યાયાધીશોએ તેમને જામીન આપ્યા છે તેમણે વિચારવાનું છે કે, તેમના ચુકાદાનો કેવી રીતે ઉપયોગ અથવા દુરૂપયોગ થઈ રહ્યો છે. વધુમાં કેજરીવાલની જેલમાંથી મુક્તિ અને આમ આદમી પાર્ટી (AAP) માટે પ્રચાર કરવા વિશે પૂછવામાં આવતા ગૃહમંત્રીએ કહ્યું, 'હમણા તેઓ અન્ય મુદ્દામાં ફસાયેલા છે (સ્વાતિ માલીવાલ હુમલો)... તેમને તેમાંથી મુક્ત થવા દો પછી જોઈએ. શું થાય છે.' કેજરીવાલને ૧૦ મેના રોજ સર્વોચ્ચ અદાલત દ્વારા ૧ જૂન સુધી વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ૨૧ માર્ચના રોજ તેમની ધરપકડ કરવામાં આવી હતી, જેના કારણે તેઓ ભારતમાં જેલના સળિયા પાછળ ધકેલાયેલા પ્રથમ મુખ્યપ્રધાન બન્યા હતા.

# EDએ ઝારખંડના મંત્રી આલમગીરની મની લોન્ડ્રિંગના કેસમાં ધરપકડ કરી

(એજન્સી) રાંચી, તા.૧૫

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ ઝારખંડના ગ્રામીણ વિકાસ મંત્રી અને કોંગ્રેસ નેતા આલમગીર આલમની પૂછપરછ કર્યા બાદ ધરપકડ કરી છે. ઈડીએ છઠ્ઠી મેએ આલમગીર આલમના સચિવના નોકરના ઘરેથી ૩૭ કરોડ રૂપિયાથી વધુની રોકડ જપ્ત કરી હતી, તે જ મામલે તેમની પૂછપરછ કરાયા બાદ ધરપકડ કરવામાં આવી છે. આ પહેલા ઈડીએ ગઈકાલે તેમની ૧૦ કલાક સુધી પૂછપરછ કરી હતી.

આલમગીર આલમની સવારે ૧૧:૦૦ કલાકે પૂછપરછ શરૂ કરવામાં આવી હતી, ત્યારબાદ ઈડીએ તેમની ધરપકડની પુષ્ટિ કરી છે. ઈડીએ આલમગીરને રવિવારે નોટિસ ફટકારી હતી અને ૧૪ મેએ રાંચી સ્થિત ઝોનલ કાર્યાલયમાં ઈડી સમક્ષ ઉપસ્થિત રહેવા કહ્યું હતું. તેઓ મંગળવારે ઈડી સમક્ષ હાજર થયા હતા, જ્યાં તેમની ૧૦ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી. ત્યારબાદ ઈડીએ આજે ફરી તેમને પૂછપરછ માટે બોલાવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, EDએ છઠ્ઠી મેના રોજ રાંચીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા અને આ દરમિયાન રોકડ રૂપે મોટી રકમ જપ્ત કરી હતી. ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના નોકર જહાંગીર આલમના એક એપાર્ટમેન્ટમાંથી જંગી રોકડ મળી આવી હતી. આ દરોડામાં કુલ ૩૫ કરોડ ૨૩ લાખની રોકડ રકમ મળી આવી હતી. આ ઉપરાંત ઈડીએ કેટલાક આભૂષણો પણ જપ્ત કર્યા હતા.

આલમગીર આલમ પાકુર વિધાનસભાથી ચાર વખત કોંગ્રેસ (Congress)ના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને હાલમાં રાજ્ય સરકારમાં સંસદીય બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રી છે. આ પહેલા આલમગીર આલમ ૨૦ ઓક્ટોબર ૨૦૦૬થી ૧૨ ડિસેમ્બર ૨૦૦૯ સુધી ઝારખંડ વિધાનસભાના સ્પીકર પણ હતા. રાજકારણનો વારસો મેળવ્યા બાદ આલમગીરે સરપંચની ચૂંટણી જીતીને રાજકારણમાં પ્રવેશ કર્યો. તેઓ ૨૦૦૦માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા અને ત્યારથી અત્યાર સુધીમાં ૪ વખત ધારાસભ્ય બન્યા છે.

# JNUના પૂર્વ વિદ્યાર્થી ઉમર ખાલિદની જામીન અરજી પર કોર્ટે ચુકાદો અનામત રાખ્યો

(એજન્સી) તા.૧૫

દિલ્હીની એક અદાલતે સોમવારે પૂર્વ JNU વિદ્યાર્થી ઉમર ખાલિદની જામીન અરજી પર ૨૮ મે માટે પોતાનો આદેશ અનામત રાખ્યો છે, જે ૨૦૨૦ ઉત્તર-પૂર્વ દિલ્હીના કોમી રમખાણો પાછળના કથિત મોટા કાવતરાના કેસમાં આરોપી છે. ખાલિદ પર કડક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ (UAPA) હેઠળ કેસ દાખલ કરવામાં આવ્યો છે અને તે સપ્ટેમ્બર ૨૦૨૦થી જેલમાં છે. વિશેષ અદાલત સમક્ષ ખાલિદની બીજી જામીન અરજી પર સુનાવણી કરી રહેલા વધારાના સત્ર ન્યાયાધીશ સમીર બાજપાઈએ જણાવ્યું હતું કે, ૨૮મી મેના રોજ આદેશ જાહેર કરવામાં આવશે. ખાલિદની અરજી સામે વિશેષ સરકારી વકીલ અમિત પ્રસાદે તેમની લેખિત દલીલો દાખલ કરી છે. અગાઉ પ્રસાદે તેમને જામીન આપવા સામે દલીલ કરતા કહ્યું હતું કે, ખાલિદની વ્હોટ્સએપ ચેટ્સથી જાણવા મળ્યું છે કે, તેમને જામીનની સુનાવણીને પ્રભાવિત કરવા માટે સોશિયલ મીડિયા પર વાર્તાઓ બનાવવાની આદત છે.

# અફઘાનિસ્તાન માટેના રશિયાના વિશેષ દૂત ભારતની મુલાકાતે

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

અફઘાનિસ્તાન માટેના રશિયાના રાષ્ટ્રપતિના વિશેષ દૂત ઝમીર કાબુલોવે બુધવારે વરિષ્ઠ ભારતીય રાજદ્વારી જે.પી. સિંહ સાથે યુદ્ધગ્રસ્ત દેશની સમગ્ર પરિસ્થિતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને વાતચીત કરી હતી. કાબુલોવ ભારતની મુલાકાત પર છે. સિંહ અફઘાનિસ્તાન માટેના વિદેશ મંત્રાલયના પોઈન્ટ-પર્સન છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે 'X' પર જણાવ્યું હતું કે, 'ભારત અને રશિયાએ આજે નવી દિલ્હીમાં અફઘાનિસ્તાન પર દ્વિપક્ષીય પરામર્શ યોજ્યો હતો. Amb. ઝમીર કાબુલોવ અફઘાનિસ્તાન માટે વિશેષ રાષ્ટ્રપતિ દૂત અને જે.પી. સિંઘ, સંયુક્ત સચિવ (PAI)એ અફઘાનિસ્તાનની વર્તમાન પરિસ્થિતિ અંગે ચર્ચા કરી અને અફઘાન લોકોના કલ્યાણ માટે વિકાસ સહાય પૂરી પાડવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.' રશિયન દૂતાવાસના એક અધિકારીએ જણાવ્યું હતું કે, કાબુલોવે અફઘાનિસ્તાન પર ભારત-રશિયા વિદેશમંત્રી સ્તરીય પરામર્શના માળખા હેઠળ સિંહ સાથે વાતચીત કરી હતી. ભારતે હજુ સુધી અફઘાનિસ્તાનમાં તાલિબાન શાસનને માન્યતા આપી નથી અને તે કાબુલમાં સાચા અર્થમાં સર્વસમાવેશક સરકારની રચના માટે મથામણ કરી રહ્યું છે, ઉપરાંત અફઘાનિસ્તાનની ધરતીનો ઉપયોગ કોઈપણ દેશ વિરુદ્ધ આતંકવાદી ગતિવિધિઓ માટે ન થવો જોઈએ. નવી દિલ્હી અફઘાનિસ્તાનના માનવતાવાદી સંકટને પહોંચી વળવા અવિરત માનવતાવાદી સહાય પૂરી પાડવાનો પ્રયાસ કરી રહી છે. જૂન ૨૦૨૨માં ભારતે અફઘાનિસ્તાનની રાજધાનીમાં તેના દૂતાવાસમાં 'તકનિકી ટીમ' તૈનાત કરીને કાબુલમાં તેની રાજદ્વારી હાજરી પુનઃ સ્થાપિત કરી હતી. ઓગસ્ટ ૨૦૨૧માં તાલિબાન દ્વારા તેમની સુરક્ષા અંગેની ચિંતાઓને પગલે સત્તા પર કબજો કર્યા બાદ ભારતે પોતાના અધિકારીઓને દૂતાવાસમાંથી પાછા ખેંચી લીધા હતા.

# નોકરીમાંથી કાઢી મુકાયેલા H-1B વિઝાધારકો માટે અમેરિકાએ માર્ગદર્શિકા જારી કરીને રોકાણ વધારવાની રીતો જણાવી

(એજન્સી) તા.૧૫

માર્ગદર્શિકામાં એ પણ સમજાવાયું છે કે, જેમણે H-1B વિઝા પરના નોકરીદાતાઓને બદલી નાખ્યા છે તેમણે શું કરવું જોઈએ અને EAD સંબંધિત નિયમો પણ સમજાવ્યા છે.

અમેરિકી સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસિસ (યુએસસીઆઈએસ) એ અમેરિકામાં નોકરી કરતા H-1B વિઝા ધારકો માટે નવી માર્ગદર્શિકા જારી કરી છે જેમણે તેમની નોકરી ગુમાવી દીધી છે. ગૂગલ, ટેસ્લા અને વોલમાર્ટ જેવા મોટાભાગના અમેરિકન નોકરીદાતાઓએ, તાજેતરમાં જાહેરાત કરી હતી કે, તેઓ કામદારોની છટણી કરી રહ્યા છે, જેના કારણે, અમેરિકામાં ટેકમાં નોંધપાત્ર હિસ્સો ધરાવનારા ભારતીય કામદારોને પણ અસર થઈ છે. યુ.એસ.સી.આઈ.એસ.ની માર્ગદર્શિકાઓ અમેરસ્કામાં તેમના રોકાણને લંબાવવા માટે વ્યક્તિઓ નોકરી કરી શકે તેવા અનેક માધ્યમો પ્રદાન કરે છે. H-1B વિઝા પરની વ્યક્તિઓ જેમણે નોકરી ગુમાવી છે તેમના માટે ૬૦-દિવસનો ગ્રેસ પિરિયડ પણ છે પરંતુ યુએસસીઆઈએસએ ગ્રેસ પીરિયડ સમાપ્ત થયા પછી શું કરવું તેની પ્રક્રિયાની રૂપરેખા આપી છે. જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સમાં કામદારની નોકરી સમાપ્ત થાય છે અથવા તો તે નોકરી છોડવાનું નક્કી કરે છે અથવા તો તેને નોકરી છોડવાનું કહેવામાં આવે છે, ત્યારે તેમની પાસે સામાન્ય રીતે ચોક્કસ સમયગાળા માટે દેશમાં કાયદેસર રીતે રહેવા માટે થોડા વિકલ્પો હોય છે.

- નોન-ઈમિગ્રન્ટ સ્ટેટસ બદલવા માટે અરજી દાખલ કરો;
- સ્થિતિની ગોઠવણ માટે અરજી દાખલ કરો;
- 'અનિવાર્ય સંજોગો' રોજગાર અધિકૃતતા દસ્તાવેજ માટે અરજી દાખલ કરો; અથવા
- એમ્પ્લોયર બદલવા માટેની બિનવ્યર્થ અરજીના લાભાર્થી બનો.

USCISએ, અમેરિકામાં નવા એમ્પ્લોયર માટે કામ કરતા H-1B નોન-ઈમિગ્રન્ટ્સે પાલન કરવાના નિયમોની રૂપરેખા આપી છે. જો વિઝા ધારક નોકરી બદલવા માંગે છે, તો તેમના નવા એમ્પ્લોયરે ફોર્મ I-૧૨૯ ભરીને, તેને સંબંધિત અધિકારીઓને મોકલવું પડશે. પેપરવર્ક સબમિટ થતાંની સાથે જ વ્યક્તિ તેમના નવા એમ્પ્લોયર માટે કામ કરવાનું શરૂ કરી શકે છે અને તેઓ નોકરી બદલી શકે તે પહેલાં મંજૂરીની રાહ જોવાની જરૂર નથી. USCISએ જણાવ્યું હતું કે, જો કોઈ વ્યક્તિએ ફોર્મ I-૪૮૫ સબમિટ કરીને કાયમી નિવાસી (ગ્રીન કાર્ડ ધારક) બનવા માટે અરજી કરી હોય અને ઓછામાં ઓછા ૧૮૦ દિવસથી મંજૂરીની રાહ જોઈ રહ્યાં હોય, તો તેઓ એક જ એમ્પ્લોયર સાથે અથવા અલગ એક સાથે સમાન પ્રકારનું કામ કરવા અંતર્ગત પિટિશન (ફોર્મ I-૧૪૦)ને નવી નોકરીની ઑફરમાં ખસેડી શકે છે. એમ્પ્લોયરની સ્પોન્સરશિપની જરૂર વગર ઈમિગ્રન્ટ વિઝા માટે અરજી કરી શકે તેવા કામદારો તેઓ તેમની સ્થિતિને સમાયોજિત કરવા માગે છે તે જ સમયે તેમના વિઝા માટે અરજી કરી શકે છે. તેમના સ્ટેટસ એડજસ્ટમેન્ટની રાહ જોતી વખતે, તેઓ અમેરિકામાં રહી શકે છે અને એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ (EAD) મેળવી શકે છે. એવા કિસ્સામાં જ્યાં તેઓ મોટી મુશ્કેલીઓ અનુભવી રહ્યાં હોય, જો તેઓને રોજગારના આધારે ઈમિગ્રન્ટ વિઝા અરજીઓ મંજૂર કરવામાં આવી હોય તો તેઓ એક વર્ષ માટે રોજગાર અધિકૃતતા દસ્તાવેજ (EAD) માટે લાયક ઠરી શકે છે.

# પોલીસ માહિતી એકત્રિત કરવા માટે 'ચર્ચમાં ઘૂસી રહી છે' : ખ્રિસ્તી જૂથે આસામ જિલ્લામાં ડી.સી.ને પત્ર લખ્યો

### પોલીસે સ્પષ્ટતા કરી છે કે, ફેબ્રુઆરીમાં ધમકીઓ બાદ ખ્રિસ્તી સંસ્થાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે

(એજન્સી) ગુવાહાટી, તા.૧૬

આસામના કાર્બીઆંગલોંગ જિલ્લામાં એક ખ્રિસ્તી જૂથે મંગળવારે આક્ષેપ કર્યો હતો કે, પોલીસ કર્મચારીઓ ચર્ચમાં પ્રવેશ કરી માહિતી એકત્રિત કરી રહ્યા છે, આસામ પોલીસે સ્પષ્ટતા કરી છે કે, આ ફેબ્રુઆરીમાં અનેક ધમકીઓ બાદ ખ્રિસ્તી સંસ્થાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસનો એક ભાગ છે. કાર્બીઆંગલોંગમાં યુનાઈટેડ ક્રિશ્ચિયન ફોરમ ઓફ દીફુએ જિલ્લા કમિશનરને પત્ર લખીને આરોપ મૂક્યો હતો કે, છેલ્લા અઠવાડિયામાં પોલીસ દ્વારા ચર્ચ અને તેના અનુયાયીઓના ડેટાનો રેન્ડમ સંગ્રહ કરી રહી છે. તેઓએ આક્ષેપ કર્યો હતો કે, પોલીસ કર્મચારીઓ દીપુ શહેરમાં ચર્ચ પરિસરમાં ઘૂસી રહ્યા છે, ફોટા લઈ રહ્યા છે અને પૂર્વ સૂચના અને સત્તાવાર સૂચના વિના ચર્ચ વિશે પ્રશ્નો પૂછી રહ્યા છે. તેઓએ જણાવ્યું હતું કે, આને કારણે લોકોમાં ગભરાટ અને ભયનો માનસિક માહોલ પેદા થયો છે. યોગ્ય સત્તાવાર આદેશ વિના બિનજરૂરી અવરોધથી લોકોની ભાવનાઓ દુભાઈ છે અને જૂથે વિનંતી કરી હતી કે, આ કવાયત બંધ કરવામાં આવે. કાર્બીઆંગલોંગના સુપ્રિન્ટેન્ડેન્ટે જણાવ્યું હતું કે, સંસ્થાઓની સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલીસ આસામ પોલીસ હેડક્વાર્ટરના નિર્દેશોને અનુરૂપ જિલ્લાની તમામ ખ્રિસ્તી સંસ્થાઓની યાદી તૈયાર કરી રહી છે. એક નિવેદનમાં એસપીએ જણાવ્યું હતું કે, આસામ કેથોલિક એજ્યુકેશનલ ટ્રસ્ટે ફેબ્રુઆરીમાં ખ્રિસ્તી સંસ્થાઓ અને કર્મચારીઓની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરતા પોલીસ મહાનિર્દેશકને પત્ર લખ્યા પછી આ સૂચનાઓ તમામ પોલીસ અધિક્ષકોને જારી કરવામાં આવી હતી. આસામમાં એક કટ્ટરપંથી હિન્દુ જૂથે રાજ્યભરની મિશનરી શાળાઓને તેમના પરિસરમાંથી ધાર્મિક પ્રતિમા દૂર કરવાની જાહેર ધમકી આપી હતી, જેના કારણે રાજ્યમાં ચર્ચની સંસ્થાઓમાં ચિંતા વધી હતી. આ સંસ્થાઓએ વિવિધ સ્તરે સત્તાવાળાઓને ચિંતા વ્યક્ત કરી હતી અને રાજ્યભરની મિશનરી શાળાઓના આચાર્યોએ તેમની સ્થાનિક પોલીસને પત્ર લખીને અપ્રિય ઘટનાઓ સામે રક્ષણ અને હસ્તક્ષેપ કરવા જણાવ્યું હતું.

# પાકિસ્તાનના કબજામાં રહેલું કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે, અમે તેને લઈને રહીશું : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ

(એજન્સી) તા.૧૫

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે બુધવારે પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં વિરોધોનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, 'PoK ભારતનો ભાગ છે અને અમે તેને લઈશું.' તેમણે કહ્યું, 'સરકાર દ્વારા ૨૦૧૯માં કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછી કાશ્મીરમાં શાંતિ પાછી આવી છે. હવે આપણે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં વિરોધના સાક્ષી છીએ. પહેલા આઝાદીના નારા અહીં સંભળાતા હતા, હવે તે જ નારા PoKમાં સંભળાય છે. પહેલા અહીં પથ્થરમારો કરવામાં આવ્યો હતો. અહીં હવે પીઓકેમાં પથ્થરમારો થાય છે.' પીઓકે પર કબજો કરવાની માંગને સમર્થન ન આપવા બદલ કોંગ્રેસના નેતાઓ પર પ્રહાર કરતા શાહે કહ્યું, 'મણિશંકર ઐયર જેવા કોંગ્રેસના નેતાઓ કહે છે કે, તે ન કરવું જોઈએ કારણ કે તેમની પાસે એટમ બોમ્બ છે. પરંતુ મને કહેવા દો કે આ પાકિસ્તાન અધિકૃત કાશ્મીર, ભારતનો ભાગ છે અને અમે તેને લઈને જ રહીશું.' શાહે જણાવ્યું હતું કે, 'વર્તમાન લોકસભા ચૂંટણી' ઈન્ડિયા જોડાણના ભ્રષ્ટ નેતાઓ અને પ્રામાણિક રાજકારણી નરેન્દ્ર મોદી વચ્ચે પસંદગી કરવા વિશે છે, જેઓ મુખ્ય પ્રધાન અને પછી વડાપ્રધાન હોવા છતાં તેમની સામે ક્યારેય એક પૈસાનો આરોપ નથી. તે ઈન્ડિયા ગઠબંધનની 'ચીની ગેરંટી' અને મોદીજીના નક્કર વચનો વચ્ચેની લડાઈ છે. તે ઘૂસણખોરી અને CAA હેઠળ નાગરિકતાની ગેરંટી વચ્ચેની લડાઈ છે. તે 'વિકાસને મત આપો' અને 'જેહાદને મત આપો' વચ્ચેની લડાઈ છે. 'પસંદગી તમારે કરવાની છે.' ઓસ્કાર એવોર્ડ વિજેતા ફિલ્મ નિર્માતા સત્યજીત રેની ફિલ્મ 'હીરક રાજા દેશે'ના સ્પષ્ટ સંદર્ભમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીને 'હીરક રાણી' તરીકે ડબ કરતા શાહે કહ્યું, 'સત્યજીત રે એક મહાન કલાકાર અને ફિલ્મ નિર્માતા હતા. તેમણે હીરક રાજર દેશે ફિલ્મ બનાવી હતી. જે ખૂબ જ પ્રખ્યાત ફિલ્મ હતી. પરંતુ જ્યારે મમતાજી સત્તામાં આવ્યા ત્યારે સત્યજીત રે રહ્યા નહોતા, નહીં તો તેમણે 'હીરક રાજા દેશે'ને બદલે 'હીરક રાની' નામની ફિલ્મ બનાવી હોત. મમતા બેનરજી હીરક રાણી છે. બંગાળે ભૂમિ છે જેણે આપણને વંદે માતરમ અને રાષ્ટ્રગીત જન ગણ મન આપ્યું અને બંગાળના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવી છે. સામ્યવાદીઓ અને ટીએમસી બંનેએ બંગાળમાં રાષ્ટ્રવાદ અને દેશભક્તિને ખતમ કરવાનો પ્રયાસ કર્યો હતો.' વિવિધ કૌભાંડો પર ટીએમસી પર પ્રહાર કરતા શાહે કહ્યું કે, 'મમતા બેનરજી તેમને બચાવવાનો પ્રયાસ કરશે તો પણ કોઈને બક્ષવામાં આવશે નહીં. જે લોકો ભ્રષ્ટાચાર અને સીમમાં સંડોવાયેલા છે અને બંગાળના સામાન્ય લોકોને લૂંટી રહ્યા છે, તેઓએ જેલમાં જવા માટે તૈયાર રહેવું જોઈએ. કોઈને બક્ષવામાં આવશે નહી.' શાહે સીએએનો વિરોધ કરવા અને તેમની વોટ બેંકને ખુશ કરવા માટે, 'ઘૂસણખોરોના સમર્થનમાં રેલીઓ કાઢવા' માટે બેનરજીની નિંદા કરી હતી. તેમણે કહ્યું, 'મમતા બેનરજી સીએએ વિશે જુઠ્ઠાણા અને બકવાસ ફેલાવી રહી છે. તે શા માટે શરણાર્થીઓને નાગરિકતા મેળવવાની વિરૂદ્ધ છે? તે બંગાળમાં ઘૂસણખોરીને સમર્થન આપી રહી છે પરંતુ હિન્દુ શરણાર્થીઓને નાગરિકતા મેળવવાનો વિરોધ કરે છે. તે ઘૂસણખોરો અને મુલ્લાઓને ટેકો આપવાનો નિર્ણય લઈ રહી છે.' પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનથી બિનદસ્તાવેજીકૃત બિન-મુસ્લિમ સ્થળાંતર કરનારાઓ કે જેઓ ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા ભારત આવ્યા હતા તેમની નાગરિકતા ઝડપી-ટ્રેક કરવા સંસદ દ્વારા કાયદો પસાર થયાના ચાર વર્ષ પછીના નિયમોને સૂચિત કરીને માર્ચમાં કેન્દ્રએ નાગરિકતા (સુધારા) અધિનિયમ, ૨૦૧૯ લાગુ કર્યો હતો.

# ભારત-ઈરાન ચાબહાર પોર્ટ કરાર પર અમેરિકી પ્રતિબંધોની ચેતવણી અંગે જયશંકર બોલ્યા : 'સમગ્ર વિસ્તારને ફાયદો થશે'

### જયશંકરે કહ્યું, 'મને લાગે છે કે, તે વાતચીત કરીને લોકોને સમજવાનો પ્રશ્ન છે કે, આ વાસ્તવમાં દરેકના ફાયદા માટે છે'

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

વિદેશમંત્રી એસ. જયશંકરે બુધવારે ભારત અને ઈરાને ચાબહારના વ્યૂહાત્મક ઈરાની બંદરને સંચાલિત કરવા માટે ૧૦ વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યાના એક દિવસ પછી યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા આપવામાં આવેલી ચેતવણી પર પ્રતિક્રિયા આપતાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ કરારથી સમગ્ર વિસ્તારને ફાયદો થશે. કોલકાતામાં કલકત્તા સિટિઝન્સ ઈનિશિયેટિવ દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં બોલતા જયશંકરે કહ્યું, 'ચાબહાર પોર્ટ સાથે આપણો લાંબો સંબંધ હોવા છતાં આપણે ક્યારેય લાંબાગાળાના કરાર પર હસ્તાક્ષર કરી શક્યા નથી. કારણ કે, ઈરાની છેડે વિવિધ સમસ્યાઓ હતી, તે જે.વી. (સંયુક્ત સાહસ) છે, ભાગીદારો બદલાયા છે, શરતો બદલાઈ છે, આખરે આપણે લાંબાગાળાના કરારને પૂર્ણ કરવામાં સક્ષમ હતા, કારણ કે, તેના વિના તમે ખરેખર બંદરની કામગીરીને સુધારી શકતા નથી, જે અમારૂં માનવું છે કે, સમગ્ર પ્રદેશને લાભ થશે. મેં જોયું કે કેટલીક ટિપ્પણીઓ કરવામાં આવી હતી, પરંતુ મને લાગે છે કે, તે વાતચીત કરીને લોકોને સમજવાનો પ્રશ્ન છે કે, આ વાસ્તવમાં દરેકના ફાયદા માટે છે. મને નથી લાગતું કે, લોકોએ તેના વિશે સંકુચિત દૃષ્ટિકોણ લેવો જોઈએ અને તેઓએ તે કર્યું પણ નથી. તેથી ભૂતકાળમાં જો તમે ચાબહાર માટે યુ.એસ.ના પોતાના વલણ પર નજર નાખો, તો યુએસ તેની પ્રશંસા કરતું રહ્યું છે. અમે તેના પર કામ કરીશું.' અગાઉ મંત્રાલયના સૂત્રોએ યુએસની ટિપ્પણીઓને એમ કહીને નકારી કાઢી હતી કે, પ્રવક્તા તથ્યોથી સંપૂર્ણપણે વાકેફ નથી. ચાબહાર ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં સ્થિત એક ઊંડા પાણીનું બંદર છે. તે ભારતનું સૌથી નજીકનું ઈરાની બંદર છે, અને ખુલ્લા સમુદ્રમાં સ્થિત છે, જે મોટા કાર્ગો જહાજો માટે સરળ અને સુરક્ષિત પ્રવેશ પ્રદાન કરે છે. મે ૨૦૧૬માં વડાપ્રધાન મોદીની ઈરાનની મુલાકાત દરમિયાન ભારત, ઈરાન અને અફઘાનિસ્તાન દ્વારા ઈન્ટરનેશનલ ટ્રાન્સપોર્ટ એન્ડ ટ્રાન્ઝિટ કોરિડોર (ચાબહાર એગ્રીમેન્ટ)ની સ્થાપના માટે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. અત્યાર સુધીમાં ચાબહાર પોર્ટ દ્વારા ભારતથી અફઘાનિસ્તાનમાં કુલ ૨૫ લાખ ટન ઘઉં અને ૨૦૦૦ ટન કઠોળનું પરિવહન કરવામાં આવ્યું છે.

# એક બ્રાહ્મણ, બે ઓબીસી અને એક દલિત : પીએમ મોદીના ૪ પ્રસ્તાવકોએ જાતિ ગઠબંધન બનાવ્યું

(એજન્સી) વારાણસી, તા.૧૫

પીએમ નરેન્દ્ર મોદીના ચાર નોંધપાત્ર પ્રસ્તાવકો ઉચ્ચ જાતિ, ઓબીસી અને એસસીમાંથી આવ્યા છે. આ યાદીમાં જ્યોતિષ વિદ્વાન ગણેશ્વર શાસ્ત્રી દ્રવિડનો સમાવેશ થાય છે, જે કાશીના એક આદરણીય બ્રાહ્મણ છે જેમણે અયોધ્યામાં રામ જન્મભૂમિ મંદિરનો શિલાન્યાસ અને રામ લલ્લાની મૂર્તિના અભિષેક માટે મુહુર્ત પસંદ કર્યા હતા. બીજા પ્રસ્તાવક, લાલચંદ કુશવાહા છે, જે કાપડની દુકાનના માલિક અને કેન્ટ એસેમ્બલી વિસ્તારના અનુભવી BJP કેડર છે, તેઓ મોદીના નામાંકન માટે પરંપરાગત વેપારી સમુદાય અને OBC સેગમેન્ટનો ટેકો લાવે છે. સંજય સોનકર ૫૦ વર્ષની વયના અને ભાજપના જિલ્લા એકમના મહાસચિવ તરીકે સેવા આપતા તે અન્ય મુખ્ય પ્રસ્તાવક છે. તેઓ સિટી નોર્થ એસેમ્બલી વિસ્તારના રહેવાસી છે અને સોનકરની સંડોવણી દલિત સમુદાયના સમર્થનને પ્રકાશિત કરે છે, જે વિવિધ સામાજિક સ્તરોમાં PM મોદીના નેતૃત્વની વ્યાપક અપીલને રેખાંકિત કરે છે. સેવાપુરીના ઓબીસીના બૈજનાથ પટેલ, પીએમ મોદીની ઉમેદવારીનો પ્રસ્તાવ મૂકનાર ચોથા વ્યક્તિ છે, જેઓ વારાણસીમાં વિવિધ સામાજિક જૂથોમાંથી તેમનું વ્યાપક સમર્થન દર્શાવે છે. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં પણ પ્રધાનમંત્રી મોદી માટે ચાર પ્રસ્તાવકર્તાઓ વિવિધ પૃષ્ઠભૂમિમાંથી હતા, જેમાં ૯૧ વર્ષીય BHU મહિલા મહાવિદ્યાલયના પૂર્વ આચાર્ય અન્નપૂર્ણા શુક્લા, ડોમ રાજા (મુખ્ય સ્મશાન) જદીશ ચૌધરી, કૃષિ વૈજ્ઞાનિક રમાકાંત શુક્લા અને RSS કાર્યકર સુભાષ ગુપ્તાનો સમાવેશ થાય છે. ૨૦૧૯માં નામાંકન દાખલ કરતા પહેલાં પ્રધાનમંત્રીએ ૯૧ વર્ષીય અન્નપૂર્ણા શુક્લાના પગને સ્પર્શ કર્યો હતો, જેમનું ૧૯૬૯થી ૧૯૭૨ દરમિયાન, યુકેમાં તેમના પ્રોફેસર સાથેનું સંશોધન, યુકેમાં બેબી ફૂડ સપ્લીમેન્ટ્સ પર ફરજિયાત ચેતવણી તરફ દોરી ગયું હતું. તેઓએ જણાવ્યું હતું કે, માતાના દૂધ માટે કોઈ રિપ્લેસમેન્ટ નથી. પ્રથમ વખત, અંતિમ સંસ્કારની ચિતા પ્રગટાવવાના વ્યવસાયમાં એક વ્યક્તિ, જદીશ ચૌધરીને પીએમના પ્રસ્તાવક બનાવવામાં આવ્યા હતા. તેવી જ રીતે, ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં PM મોદીના પ્રસ્તાવકોમાં પંડિત મદન મોહન માલવિયાના પૌત્ર, ગિરધર માલવિયા, અલ્હાબાદ હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશનો સમાવેશ થાય છે; છનુલાલ મિશ્રા, બનારસના જાણીતા શાસ્ત્રીય ગાયક; વીરભદ્ર નિષાદ, એક નાવડી ચલાવનાર; અને અશોક, વારાણસીમાં પ્રબળ વણકર સમુદાયનું પ્રતિનિધિત્વ કરે છે.

### અનિતા મુખી નેશનલ હેલ્થ સર્વિસમાં જોબ કરતા હતા

# લંડનમાં ધોળા દિવસે બસ સ્ટોપ પર ભારતીય મહિલાની હત્યા

(એજન્સી) લંડન, તા.૧૫

વિદેશમાં ભારતીય મૂળના લોકો પર હુમલાની ઘટનામાં વધુ એકનો ઉમેરો થયો છે. લંડનના એક બસ સ્ટોપ પર ભારતીય મૂળની ૬૬ વર્ષીય મહિલા અનિતા મુખી પર એક ૨૨ વર્ષના યુવાને લૂંટના ઈરાદે ઘાતકી હુમલો કર્યો અને તેનું મોત નિપજાવ્યું છે. તીક્ષ્ણ હથિયાર દ્વારા થયેલા હુમલામાં ભારતીય મૂળની મહિલાનું મૃત્યુ થયું છે. અનિતા મુખી પાસેથી લૂંટારાએ હેન્ડબેગ આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેનો પ્રતિકાર કરવામાં આવ્યો ત્યારે ભાન ભૂલેલા લૂંટારાએ કંઈ પણ વિચાર્યા વગર ઘાતક શસ્ત્રના સીધા ઘા માર્યા હતા. લંડન જેવા શહેરમાં ધોળા દિવસે બીજા લોકોની હાજરીમાં આ રીતે મહિલાને મારી નાખવામાં આવી તેના પરથી કેટલાક વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે સવાલ ઉઠ્યા છે. અનિતા મુખી નેશનલ હેલ્થ સર્વિસમાં મેડિકલ સેક્રેટરી તરીકે કામ કરતી હતી. આરોપી યુવાનનું નામ જલાલ ડેબેલા છે અને તેની પાસેથી હથિયાર પણ મળી આવ્યું છે. હત્યારો કયા દેશનો છે તે જાહેર કરવાની લંડન પોલીસે ના પાડી છે. નેશનલ હેલ્થ સર્વિસમાં અનિતા પાર્ટ ટાઈમ જોબ કરતી હતી. આ ઘાતકી હુમલાના દિવસે જ સાંજે નોર્થ લંડનમાંથી હુમલાખોરને પકડી લેવામાં આવ્યો છે. પોલીસે જણાવ્યા પ્રમાણે ૯ મેના રોજ આ હુમલો થયો હતો જ્યારે અનિતા મુખી બપોરે લગભગ ૧૧.૫૦ વાગ્યાના સમયે એક બસ સ્ટોપ પર હતા. ત્યાં જલાલ ડેબેલા અચાનક હથિયાર લઈને દોડી આવ્યો હતો અને અનિતા મુખી પર ધારદાર હથિયારથી હુમલો કર્યો હતો. નેશનલ હેલ્થ સર્વિસમાં મેડિકલ સેક્રેટરી તરીકે કામ કરતી અનિતા લંડનના બર્ન્ટ ઓક બ્રોડવે બસ સ્ટો પર હતી ત્યારે તેને ગળા અને છાતીના ભાગે હથિયાર મારવામાં આવ્યું હતું. તરત પોલીસને બોલાવવામાં આવી હતી અને હત્યાની શંકા પર જલાલને નોર્થ લંડનના કોલિન્ડેલ એરિયામાંથી પકડી લેવામાં આવ્યો હતો.

# કેનેડાની જસ્ટિન ટ્રુડો સરકારે ઈન્ફોસિસ પર ૮૨ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો

(એજન્સી) તા.૧૫

કેનેડામાં ઈન્ફોસિસને કર્મચારીના સ્વાસ્થ્ય કરની ઓછી ચુકવણી માટે રૂા.૮૨ લાખથી વધુના દંડનો સામનો કરવો પડી રહ્યો છે. જસ્ટિન ટ્રુડોની આગેવાની હેઠળની સરકાર દ્વારા લાદવામાં આવેલ દંડ, કેનેડામાં તેની નોંધપાત્ર હાજરી હોવા છતાં, ઈન્ફોસિસની કામગીરીને ખાસ કોઈ અસર કરશે નહીં. આ દંડ કેનેડાના પસંદગીના પ્રાંતોમાં એમ્પ્લોયી હેલ્થ ટેક્સ (EHT) સાથે સંબંધિત છે. ઈન્ફોસિસ કેનેડામાં ૮૨ લાખ રૂપિયાથી વધુના દંડનો સામનો કરી રહી છે. મીડિયાના અહેવાલ મુજબ જસ્ટિન ટ્રુડોની આગેવાની હેઠળની સરકારે ભારતીય આઈટી કંપની પર ૧.૩૪ લાખ કેનેડિયન ડોલરનો દંડ લગાવ્યો છે. કેનેડાની સરકારે આરોપ લગાવ્યો હતો કે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કર્મચારી સ્વાસ્થ્ય કરની ઓછી ચૂકવણીને કારણે ઈન્ફોસિસ પર દંડ લાદવામાં આવ્યો હતો.

**કેનેડા સરકારે શું કહ્યું :** અહેવાલ મુજબ બેંગ્લુરૂ સ્થિત ઈન્ફોસિસને ગયા અઠવાડિયે કેનેડાના નાણા મંત્રાલય તરફથી ઓર્ડર મળ્યો હતો. આ આદેશમાં કંપની પર ૧,૩૪,૮૨૨.૩૮ કેનેડિયન ડોલરનો દંડ લગાવવામાં આવ્યો છે. કંપનીના નિયમનકારી ફાઈલિંગમાં નોંધવામાં આવ્યું કે, "૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા વર્ષ માટે કર્મચારી હેલ્થ ટેક્સની કથિત ઓછી ચુકવણી પર દંડ લાદવામાં આવ્યો."

**ઈન્ફોસિસે દંડ અંગે શું કહ્યું :** કેનેડિયન દંડના જવાબમાં ઈન્ફોસિસે કહ્યું કે, દંડની કંપનીની નાણાકીય કામગીરી અથવા અન્ય પ્રવૃત્તિઓ પર કોઈ દેખીતી અસર થશે નહીં. ઈન્ફોસિસ કેનેડામાં વ્યાપક હાજરી ધરાવે છે. જેમાં સમગ્ર દેશમાં કંપનીની અનેક સ્થળોએ ઓફિસ આવેલી છે. આમાં આલ્બર્ટા, ઓન્ટેરિયો, મિસિસોગા, બ્રિટિશ કોલંબિયા અને બનાબી અને ઓન્ટેરિયો (ઓટાવા)માં અન્ય એકનો સમાવેશ થાય છે.

### મોદીના નિવેદન બાદ પાકિસ્તાનની ધમકી

# જો ભારત કોઈ દુ:સાહસ કરશે તો જવાબ આપીશું

### ભારતના નેતાઓએ તેમના ચૂંટણી લાભ માટે પાકિસ્તાનને સ્થાનિક રાજકારણમાં ઢસડવાનું બંધ કરવું જોઈએ : પાક.

(એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૫

તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષ પર નિશાન સાધતા 'પાકિસ્તાનને બંગડીઓ પહેરાવવાનું' નિવેદન આપ્યું હતું, જેના પર પાકિસ્તાન ભારે ગુસ્સે થયું છે. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે ભારતના નેતાઓએ તેમના ચૂંટણી લાભ માટે પાકિસ્તાનને સ્થાનિક રાજકારણમાં ઢસડવાનું બંધ કરવું જોઈએ. આ સાથે પાકિસ્તાને ભારતને ચેતવણી પણ આપી છે કે જો ભારત કોઈ પગલું ભરશે તો તેનો જવાબ આપતાં ખચકાશે નહીં. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મુમતાઝ ઝહરા બલોચે પાકિસ્તાન અંગે વડાપ્રધાન મોદી અને અન્ય કેબિનેટ મંત્રીઓની ટિપ્પણીઓને લઈને એક નિવેદન જારી કરીને કહ્યું કે, 'અમે આંતરરાષ્ટ્રીય સમુદાયને ભારતીય નેતાઓના આક્રમક નિવેદનો પર ધ્યાન આપવાનું આહ્વાન કરીએ છીએ. આ પ્રાદેશિક શાંતિ અને સ્થિરતા માટે ખતરો છે. પ્રવક્તાએ કહ્યું કે ભારતમાં ચાલી રહેલા લોકસભા ચૂંટણી પ્રચાર દરમિયાન ભારતીય નેતાઓ દ્વારા પાકિસ્તાન વિરોધી નિવેદનબાજીમાં વધારો થયો છે, જેને પાકિસ્તાન નકારે છે. પાકિસ્તાની પ્રવક્તાએ વધુમાં કહ્યું કે, 'અફસોસની વાત એ છે કે આ નિવેદનો પાકિસ્તાન પ્રત્યે નફરત અને ઊંડો જુસ્સો દર્શાવે છે. તેના પરથી સ્પષ્ટ થાય છે કે આ નિવેદનો જાણીજોઈને કરીને નેતાઓ ચૂંટણીલક્ષી લાભ માટે અતિ રાષ્ટ્રવાદનો લાભ લેવા માગે છે. આ નિવેદનો વધતી જતી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ટીકાઓથી ધ્યાન હટાવવાનો ભયાવહ પ્રયાસ પણ સૂચવે છે. ઝહરા બલોચે પોતાના નિવેદનમાં વધુમાં કહ્યું કે, પાકિસ્તાનની વ્યૂહાત્મક ક્ષમતાનો હેતુ તેની સાર્વભૌમત્વ અને તેની ક્ષેત્રીય અખંડિતતાની રક્ષા કરવાનો છે. પાકિસ્તાની પ્રવક્તાએ ભારત પર નિશાન સાધતા વધુમાં કહ્યું કે, પાકિસ્તાને ભૂતકાળમાં પણ પોતાની રક્ષા કરવાનો સંકલ્પ બતાવ્યો છે અને જો ભારતીય પક્ષ કોઈ પણ દુઃસાહસ કરશે તો અમે ભવિષ્યમાં પણ તેનો જવાબ આપવામાં ખચકાશું નહીં. સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે થોડા સમય પહેલા કહ્યું હતું કે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર પર બળજબરીથી કબજો કરવાની જરૂર નથી, ત્યાંના લોકો પોતે જ ભારત સાથે જોડાશે. સંરક્ષણ મંત્રીના આ નિવેદનનો જવાબ આપતા જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના પ્રમુખ ફારુક અબ્દુલ્લાએ કહ્યું હતું કે, 'જો સંરક્ષણ મંત્રી આવું કહેતા હોય તો ભલે બોલે આપણે કોને રોકીએ છીએ? પણ યાદ રાખજો, પાકિસ્તાને બંગડીઓ પહેરી નથી. તેની પાસે પરમાણુ બોમ્બ છે અને કમનસીબે તે આપણા પર પડશે. ફારુક અબ્દુલ્લાના આ નિવેદન પર ભાજપે ભારે હોબાળો મચાવ્યો હતો અને કહ્યું કે વિપક્ષના ગઠબંધનના નેતાઓ પર પાકિસ્તાનની છાપ દેખાઈ રહી છે. આ પછી બિહારના મુઝફ્ફરપુરમાં ચૂંટણી રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું હતું કે, 'આ લોકો એટલા ડરી ગયા છે કે તેઓ રાત્રે સપનામાં પણ પરમાણુ બોમ્બ જુએ છે. I.N.D.I.A. ગઠબંધનના નેતાઓના નિવેદનો જુઓ... તેઓ કહે છે કે પાકિસ્તાને બંગડીઓ પહેરી નથી. અરે ભાઈ હું પહેરાવી દઈશ. તેમને લોટ પણ જોઈએ છે, વીજળી નથી. હવે અમને ખબર ન હતી કે તેમની પાસે બંગડીઓ પણ નથી.

# સુપ્રીમ કોર્ટે અબ્બાસ અન્સારીને તેના મૃત પિતા મુખ્તારની ધાર્મિકવિધિમાં હાજરી આપવાની પરવાનગી આપી

### મુખ્તાર અન્સારીનું ૨૮ માર્ચે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૫

સુપ્રીમ કોર્ટે ગઈકાલે અબ્બાસ અન્સારીને તેમના મૃત પિતા મુખ્તાર અન્સારીની ખાનગી પ્રાર્થનામાં હાજરી આપવા માટે પોલીસ કસ્ટડીમાં ૧૦ અને ૧૨ જૂનની વચ્ચે ગાઝીપુરમાં તેમના વતન જવાની મંજૂરી આપી હતી. ન્યાયાધીશ સૂર્યકાન્તની અધ્યક્ષતાવાળા પક્ષે ઉત્તરપ્રદેશ પોલીસને સુનિશ્ચિત કરવા કહ્યું કે, જ્યારે તેઓ અન્સારીના નિવાસસ્થાને તેમની સાથે હોય ત્યારે પરિવારના મહિલા સદસ્યોની ગરિમા અને સ્વાભિમાન જાળવવામાં આવે. અગાઉ જસ્ટિસ કે.વી. વિશ્વનાથનનો સમાવેશ કરતી બેંચે અબ્બાસ અન્સારીને તેમના દિવંગત ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા પિતા મુખ્તાર અન્સારીની ૧૦ એપ્રિલે 'ફાતિહા' વિધિમાં હાજરી આપવા માટે વચગાળાના જામીન આપ્યા હતા, જેઓ હાલમાં કાસગંજ જિલ્લા જેલમાં નજરકેદ છે. સુપ્રીમ કોર્ટે ગાઝીપુર જિલ્લા વહીવટીતંત્રને ૧૧ એપ્રિલથી અન્ય ધાર્મિકવિધિઓ થવાની છે કે કેમ તે ચકાસવાનો આદેશ આપ્યો હતો અને અરજદારને પોલીસ કસ્ટડીમાં હોય ત્યારે આવી ધાર્મિક વિધિઓમાં ભાગ લેવાની મંજૂરી આપી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું, 'જો ત્યાં કોઈ ધાર્મિક વિધિઓ નથી, તો પણ અરજદારને ૧૧ અને ૧૨ એપ્રિલે તેના પરિવારના સભ્યો અને સંબંધીઓને મળવાની મંજૂરી આપવામાં આવશે.' સુપ્રીમ કોર્ટે એ હકીકતની નોંધ લીધી હતી કે, અરજદાર ન્યાયિક કસ્ટડીમાં હોવાથી તેમના પિતાના અંતિમ સંસ્કારમાં ભાગ લઈ શક્યો ન હતો. મુખ્તાર અન્સારી જેઓ અજય રાયના ભાઈ અવધેશ રાયની હત્યાના આરોપી હતા, તે ૨૮ માર્ચે કાર્ડિયાક અરેસ્ટથી મૃત્યુ પામ્યા હતા. સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, વચગાળાના જામીન પર હોય ત્યારે અબ્બાસ અન્સારી કોઈ જાહેર ભાષણ નહીં કરે, પ્રેસ સાથે વાતચીત કરી શકશે નહીં કે રાજકીય પ્રવૃત્તિઓમાં ભાગ લેશે નહીં.

# કંગના રનૌતે ૯૧ કરોડ રૂપિયાની સંપત્તિ, ૫ કરોડ રૂપિયાનું સોનું અને ૧૭ કરોડ રૂપિયાનું દેવું હોવાનું જાહેર કર્યું

### અભિનેત્રી પાસે અંદાજે રૂા.૫ કરોડની કિંમતનું ૬.૭ કિલો સોનું, રૂા.૫૦ લાખની કિંમતની ૬૦ કિલો ચાંદી અને રૂા.૩ કરોડની કિંમતના ૧૪ કેરેટના હીરાના દાગીના છે

(એજન્સી) તા. ૧૫

બોલિવૂડ અભિનેત્રી અને હિમાચલ પ્રદેશના મંડીથી ભાજપની લોકસભાની ઉમેદવાર કંગના રનૌત, જેમણે ૧૪ મેના રોજ ઉમેદવારી નોંધાવી હતી, તેણીએ તેના ચૂંટણી એફિડેવિટમાં ૯૧ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી હતી. રનૌતની સંપત્તિમાં રૂા.૨૮.૭ કરોડની જંગમ સંપત્તિ અને રૂા.૬૨.૯ કરોડની સ્થાવર મિલકતોનો સમાવેશ થાય છે. તેણી પાસે અંદાજે રૂા.૫ કરોડની કિંમતનું ૬.૭ કિલો સોનું, રૂા.૫૦ લાખની કિંમતનું ૬૦ કિલો ચાંદી અને રૂા.૩ કરોડની કિંમતના ૧૪ કેરેટના હીરાના દાગીના છે. અભિનેત્રીમાંથી રાજકારણી બનેલી કંગના રનૌતે, ૨ લાખ રૂપિયા રોકડા અને લગભગ ૧.૩૫ કરોડ રૂપિયા બેંક બેલેન્સ હોવાનું જાહેર કર્યું હતું. કંગના ચંદીગઢમાં ચાર કોમર્શિયલ યુનિટ, મુંબઈમાં કોમર્શિયલ પ્રોપર્ટી અને મનાલીમાં કોમર્શિયલ બિલ્ડિંગ સહિત દેશભરમાં વિવિધ પ્રોપર્ટીની માલિકી ધરાવે છે. તેમની પાસે મુંબઈમાં ૧૬ કરોડ રૂપિયાના ત્રણ ફ્લેટ અને મનાલીમાં ૧૫ કરોડ રૂપિયાનો બંગલો છે. ક્વીન અભિનેત્રી પાસે ત્રણ લક્ઝરી કાર છે જેમાં રૂા.૯૮ લાખની કિંમતની BMW, રૂા.૫૮ લાખની મર્સિડીઝ બેન્ઝ અને રૂા.૩.૯૧ કરોડની મર્સિડીઝ મેબેચનો સમાવેશ થાય છે . વધુમાં, તેણી પાસે ૫૩,૦૦૦ રૂપિયાનું વેસ્પા સ્કૂટર છે. એફિડેવિટ મુજબ, તેની પાસે ૨ લાખ રૂપિયા રોકડા અને ૧.૩૫ કરોડ રૂપિયાનું બેંક બેલેન્સ છે, જેમાં ૧૭ કરોડ રૂપિયાનું દેવું છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ માટે તેણીની આવક રૂા.૪ કરોડ હતી, જ્યારે અગાઉના વર્ષે તેણીએ રૂા. ૧૨.૩ કરોડની કમાણી કરી હતી. રનૌતની એફિડેવિટ મુજબ, તેણીના નામે ૫૦ જીવન વીમા નિગમ (LIC) પોલિસી છે અને તે આઠ ફોજદારી કેસોનો સામનો કરી રહી છે. તેણીએ જાહેર કર્યું કે, તેણીની ઉચ્ચતમ શૈક્ષણિક લાયકાતમાં ચંદીગઢની એક ખાનગી શાળામાંથી તેણે ૧૨મું ધોરણ પૂર્ણ કર્યું છે.

# રાજ્યમાં વરસાદ અને હીટવેવની આગાહી વચ્ચે સતત ત્રીજા દિવસે વૈશાખમાં અષાઢી માહોલ

## અમરેલી-કચ્છ-પોરબંદર-વલસાડ-રાજકોટ-અંબાજીમાં વરસાદ, સુરેન્દ્રનગરમાં કરા પડ્યા

અમદાવાદ, તા.૧૫

રાજ્યમાં સતત ત્રીજા દિવસે ભરઉનાળે વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના વાતાવરણમાં પલ્ટો જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાત, કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કેટલાક સ્થળોએ વરસાદ પડતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

બનાસકાંઠાના અંબાજીમાં ધોધમાર વરસાદ વરસતા લોકોને વૈશાખમાં જ અષાઢની યાદ આવી ગઈ હતી. જ્યારે વલસાડ અને કચ્છમાં તોફાની પવન સાથે વરસેલા વરસાદના કારણે રસ્તા પર પાણી વહેતા થયા હતા. જૂનાગઢમાં પણ સાંજના સમયે જોરદાર વરસાદી ઝાપટું વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આવતીકાલે પણ છુટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

અંબાજીના વાતાવરણમાં આજે બપોરના સમયે પલટો આવ્યો હતો. ધોધમાર વરસાદ વરસતા ગણતરીની મિનિટોમાં જ રસ્તાઓ પાણી પાણી થયા હતા. વિઝિબિલિટી ઘટી જતા વાહનચાલકો મુશ્કેલીમાં મૂકાયા હતા. અંબાજીની મુખ્ય બજારમાં ચોમાસાની માફક ઘૂંટણસમા પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. વલસાડ જિલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી છુટોછવાયો કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ધરમપુરના અંતરિયાળ વિસ્તારના ગામોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો હતો. કચ્છમાં પણ આજે સતત ત્રીજા દિવસે કમોસમી વરસાદ વરસ્યો છે. કચ્છના અબડાસા, નખત્રાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં તોફાની પવન સાથે વરસાદ વરસ્યો હતો. ગાજવીજ સાથે વરસેલા વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ અનેક જિલ્લાઓમાં સર્જાઈ હતી. તેના કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન પહોંચ્યું હતું. હજુ પણ હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી બે દિવસ રાજ્યના કેટલાક જિલ્લામાં વરસાદની શક્યતાઓ છે. જો કે, મોટાભાગના જિલ્લાઓનું વાતાવરણ ગરમ રહેશે.

આગામી ત્રણ દિવસ સૌરાષ્ટ્રના ભાવનગર અને પોરબંદરમાં હીટવેવની અસર વર્તાશે. જ્યારે આગામી ૨૪ કલાક બાદ એટલે કે, ૧૬ અને ૧૭ મેના રોજ કચ્છમાં પણ હીટવેવની અસર રહેશે. આ સાથે જ દક્ષિણ ગુજરાતમાં આગામી ત્રણ દિવસ સુરત અને વલસાડમાં હીટવેવની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જ્યારે મધ્ય ગુજરાતના જિલ્લાઓમાં ગાજવીજ સાથે વરસાદની શક્યતાઓ છે. વીજળીના કડાકા ભડાકા સમયે પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે રહેશે.



### અમરેલીના નાના ભંડારિયાની સ્થાનિક નદી બે કાંઠે

વરસાદ ખેડૂતો ચિંતિત બન્યા છે. સુરેન્દ્રનગર જિલ્લામાં પણ આજે એક દિવસના વિરામ બાદ કમોસમી વરસાદ વરસ્યો હતો. સુરેન્દ્રનગર, વઢવાણ અને ચોટીલા પંથકમાં વરસાદ વરસ્યો હતો. વઢવાણના રામપરા, ટીંબા, વાઘેલા, માળો સહિતના ગામોમાં વરસાદ વરસતા ખેડૂતો ચિંતિત બન્યા છે. ચોટીલાના મોલડી આસપાસના વિસ્તારમાં તો કરા સાથે વરસાદ વરસ્યો હતો.

જ્યારે પોરબંદરમાં ખાસ કરીને બરડા પંથકમાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. અમરેલી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા નાના ભંડારીયાની સ્થાનિક નદી બે કાંઠે વહેતી થઈ હતી. કમોસમી વરસાદના કરાણે ઉનાળું પાકનું વાવેતર કરનાર ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. રાજકોટ જિલ્લાના લોધિકા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં પણ ભારે પવન સાથે વરસાદ શરૂ થઈ ગયો છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કમોસમી વરસાદે ધમરોળ્યું હતું અને ધૂળની ડમરીઓ સાથેની આંધી અને મિની વાવાઝોડા જેવી સ્થિતિ રાજ્યના

### પોરબંદર ગ્રામ્ય પંથકમાં વીજળી પડતાં બેનાં મોત

અમદાવાદ, તા.૧૫

પોરબંદરમાં બપોર બાદ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો અને ભારે પવન સાથે છૂટોછવાયો વરસાદ શરૂ થયો હતો. પોરબંદરના ગ્રામ્ય પંથકના સીસલી અને સોઢાણા ગામે વીજ પડવાથી બે વ્યક્તિઓનાં મોત થયા છે. મળતી માહિતી મુજબ સોઢાણા ગામે વાડી વિસ્તારમાં વીજ પડતાં જીવાભાઈ ગીગાભાઈ કારાવદરા (ઉ.વ.૬૦) તથા વડાળા ગામના બાલુભાઈ કારાભાઈ ઓડેદરાનું ઘટનાસ્થળે મોત થયું હતું. બરડા પંથકમાં આ વીજ પડવાના બનાવામાં બે વ્યક્તિનાં મોતને પગલે સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. મૃતકના સગા રાણાભાઈ ઓડેદરાએ જણાવ્યું હતું કે, અમે તળાવ માટે કામ કરી રહ્યા હતા. અમારા સગા ફોનમાં વાત કરી રહ્યા હતા તે સમયે અચાનક જ વીજળી પડતાં ઘટનાસ્થળે તેમનું મોત થયું હતું. જ્યારે અન્ય એક વ્યક્તિ કે જે બાજુમાં હતી તેમને તાત્કાલિક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જતા ત્યાં હાજર ડૉકટરે મૃત જાહેર કર્યા હતા.

ભાજપની આબરૂનું વધુ એક ધોવાણ થતાં અટક્યું !

# નાફેડના ડાયરેક્ટરની ચૂંટણીમાં અંતે સ્પર્ધક ઉમેદવારો માની જતા ચૂંટણી ટળી

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૫

દેશની ટોચની સહકારી સંસ્થા ઈફકોની ચૂંટણીમાં ભાજપના સત્તાવાર ઉમેદવારની હારના પ્રત્યાઘાતો હજુ શાંત પડ્યા નથી, ત્યાં હવે આવી જ એક બીજી સહકારી સંસ્થા નાફેડની ચૂંટણીમાં ભાજપ વિરુદ્ધ ભાજપનો જંગ છેડાતો રહી ગયો નાફેડની એક બેઠક મોહન કુંડારીયાને બિનહરીફ કરાવવામાં આવ્યા છે. આ માટે જયેશ રાદડિયાનો પણ કુંડારિયાને ટેકો હતો. વર્ષ ૧૯૫૮માં સ્થપાયેલી અને ગત વર્ષે રૂ.૨૧,૪૧૪ કરોડનું ટર્નઓવર અને રૂ.૨૬૪ કરોડના નેટપ્રોફિટ કરનાર દેશની અગ્રીમ સહકારી સંસ્થા નેશનલ એગ્રિકલ્ચર કો-ઓપરેટિવ ફેડરેશન ઓફ ઈન્ડિયા એટલે કે 'નાફેડ'ની આગામી ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. આ બેઠકની ચૂંટણીમાં કુલ મતદારોની સંખ્યા ૨૧૦ છે જે પૈકી બહુમત મતદારો રાજકોટ જિલ્લાના છે. માટે જો ચૂંટણી થાય તો પણ મોહન કુંડારિયાની જીત નિશ્ચિત માનવામાં આવી રહી હતી. તેવામાં ચૂંટણી થાય અને ફરી ભાજપ સામે ભાજપના ઉમેદવારો મેદાનમાં આવે તો ઈફકો જેવી સ્થિતિનું નિર્માણ થાય પ્રથમ વખત નાફેડમાં ફોર્મ ભર્યું હતું. ઈફકો ચૂંટણીમાં જયેશ રાદડિયાના સમર્થનમાં મોહન કુંડારિયા હતા માટે આ વખતની ચૂંટણીમાં રાદડિયા જૂથ મોહન કુંડારિયાના સપોર્ટમાં આવ્યું હતું. એટલે અંતે પાછલી વખતના બિનહરીફ ઉમેદવાર મગન વડાવિયા મોહન કુંડારિયાના સમર્થનમાં આવી ગયા હતા. અત્રે

### ભાજપના જ સ્પર્ધકોમાંથી પૂર્વ સાંસદ કુંડારિયા આખરે બિનહરીફ થયા !

માટે ભાજપના પૂર્વસાંસદ મોહન કુંડારિયા સહિત ૫ ઉમેદવારે ફોર્મ ભર્યા હતા. જો કે, નાફેડમાં ઈફકોવાળી ન થાય તે માટે ભાજપે આબરૂ બચાવી લીધી છે. આજે ચાર ઉમેદવારોએ ફોર્મ પરત ખેંચી લેતા મોહન કુંડારિયા બિનહરીફ થયા છે. મહત્ત્વની વાત એ છે કે, ઈફકોમાં મેન્ડેટથી વિવાદ સર્જાતા નાફેડની ચૂંટણીમાં ભાજપ દ્વારા મેન્ડેટ જ આપવામાં આવ્યો નહોતો. અત્રે ઉલ્લેખનીય છે કે ૨૧૦ મતદારો પૈકી રાજકોટના મતદારોની સંખ્યા બહુમત હોવાથી સર્વ સંમતિથી તા.૨૧.૦૫.૨૦૨૪ના ખાસ સાધારણ સભા મળનાર છે. આ પહેલાં ચૂંટણી માટે ૫ જેટલા ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા, જેમાં રાજકોટના પૂર્વ સાંસદ મોહન કુંડારિયાનો પણ સમાવેશ થાય છે. ગઈકાલે ફોર્મ ચકાસણી કરવાનો દિવસ હતો અને આજે ફોર્મ પરત ખેંચવાનો છેલ્લો દિવસ છે ત્યારે મોહન કુંડારિયાને બિનહરીફ જાહેર કરાવવા માટે સહકારી આગેવાનો દ્વારા બાકીના ચાર ઉમેદવારને ફોર્મ પાછું ખેંચવા સમજાવ્યા હતા અને તમામ માની જતા તેઓ પોતાની અને વધુ એક સહકારી સંસ્થાની ચૂંટણીથી ભાજપમાં નવો વિવાદ શરૂ ન થાય માટે સહકારી આગેવાનો બધાને સમજાવી ફોર્મ પરત ખેંચાવી મોહન કુંડારિયાને બિનહરીફ વિજેતા જાહેર કર્યા રહ્યા છે. મોરબી પંથકની ખાખરાળા મંડળીના પ્રમુખ અને રાજકોટ જિલ્લા બેંકના ડાયરેક્ટર મગન વડાવિયા ૨૦૧૯માં નાફેડની ચૂંટણી યોજાતા તેમાં ગુજરાતની મંડળીની બેઠકમાં બિનહરીફ જાહેર થયા હતા. આ વખતે તેઓ ફરી મેદાનમાં હતા. જ્યારે મોહન કુંડારિયાએ આ વખતે ઉલ્લેખનીય છે કે નાફેડની ૨૧ બેઠકની ચૂંટણી ૫ વર્ષે આવે છે અને તેમાં ૨૧ ડિરેક્ટર આખા દેશમાંથી ચૂંટાય છે. આ વખતે ચૂંટણી આગામી ૨૧ મેના રોજ યોજવામાં આવી રહી છે અને તેમાં આજે ઉમેદવારી પાછી ખેંચવાનો અંતિમ દિવસ હતો. આ ચૂંટણીમાં સૌરાષ્ટ્રના કુંડારિયા અને વડાવિયા ઉપરાંત સમગ્ર ગુજરાતમાંથી ઉમેદવારી થઈ હતી. આ ચૂંટણીમાં નાફેડના સભાસદ હોય તેવા આખા દેશમાં ૫૫૬ મતદાર છે અને ગુજરાતમાં કુલ ૨૧૦ મતદાર છે.

રાજ્યમાં સતત બીજા દિવસે નદીમાં ડૂબી જવાની ઘટના

# મોરબીની મચ્છુ નદીમાં નાહ્વા પડેલ એક યુવાન અને બે સગીર ડૂબી ગયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

મચ્છુ નદીમાં છ સગીર અને એક યુવાન નદીમાં નાહવા પડ્યા હતા. નાહતાં નાહતાં અચાનક નદીમાં પગ લપસી જતાં એક યુવાન અને બે સગીર નદીમાં ડૂબી ગયા હતા. જ્યારે અન્ય સગીરો જીવ બચાવીને બહાર આવી ગયા હતા. ફાયર અને પોલીસ વિભાગને ઘટનાની જાણ થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળ પર દોડી આવ્યા હતા અને શોધખોળ હાથ ધરી હતી.

નદીમાં નાહવા પડેલા યુવકોમાં બચી ગયેલા બોચિયા જૈમિને જણાવ્યું હતું કે ૭ લોકો અહીં નાહવા આવ્યા હતા,

### એકને બચાવવા જતાં અન્ય બે પણ એક પછી એક ડૂબ્યા

જેમાંથી કોઈને તરતા આવડતું નહોતું, ફક્ત એક થોડું તરવાનું જાણતો હતો. ત્યાં એક જણે નદીમાં ડૂબકી મારી અને તણાવા લાગ્યો, જેથી ત્યાં બેઠેલા લોકો ત્યાં આવ્યા અને તેને બચાવવાનો પ્રયાસ કર્યો, પણ બચ્યો ન હતો. જોડે તેને બચાવવા પડેલા બીજા બે લોકો પણ એક પછી એક તણાવા લાગ્યા અને ડૂબી ગયા. જે લોકો ગયા તે હજુ સુધી બહાર નથી આવ્યા. એકને તરતા જોયો તો મેં છેલ્લે સુધી બીજા બે તો આગળથી જ ડૂબી ગયા હતા. કાંઠા આગળ વધારે પાણી નહોતું, પણ થોડા આગળ જઈને વધારે પાણીમાં ડૂબકી મારી અને ડૂબી જ ગયા. મોરબીના મચ્છુ ૨ ડેમમાંથી પાણી છોડાતાં સાદુળકા ગામ પાસેનો મચ્છુ ૩ ડેમ પણ છલકાતાં તેના દરવાજા ખોલાયા હતા. ત્યારે આજે સાદુળકા પાસેના ડેમના નીચાણવાળા વિસ્તારમાં નદીમાં નાહવા ગયેલા ૩ લોકો ડૂબ્યા હોવાની માહિતી મળી રહી છે. હાલ ફાયર સહિતની ટીમોએ સ્થળ પર પહોંચી પાણીમાં ડૂબી ગયેલા લાપતા લોકોની શોધખોળ શરૂ કરી છે.

આ અંગે ફાયર વિભાગ પાસેથી મળતી વિગત મુજબ મચ્છુ ૩ ડેમ પાસે નદીમાં આજુબાજુના વિસ્તારના અંદાજે ૩ તરૂણ ડૂબી ગયાની પ્રાથમિક માહિતી મળી છે. તેમને શોધવા માટે ફાયરની ટીમ કામે લાગી છે, જ્યારે અન્ય મળતી વિગત મુજબ પ્રથમ એક યુવાન ડૂબ્યા બાદ તેને બચવા જતાં બે સગીર પણ ડૂબ્યા હતા. અહીં કુલ ૭ જેટલા યુવાન અને સગીર નાહવા આવ્યા હતા. ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી અને અન્ય ચાર યુવાન બચી ગયાનું જાણવા મળી રહ્યું છે.

**પાણીમાં ડૂબી ગયેલાની યાદી**

પરમાર ચિરાગ તેજાભાઈ (૨૦ વર્ષ),
ભંખોડિયા ધર્મેશ ભૂપેન્દ્રભાઈ (૧૬ વર્ષ)
ભંખોડિયા ગૌરવ કિશોરભાઈ (૧૭ વર્ષ)

**નદીમાં નાહવા પડેલાની યાદી**

ભંખોડિયા આર્યન ભરતભાઈ (૧૬ વર્ષ)
ભંખોડિયા જય ગૌતમભાઈ (૧૬ વર્ષ),
ભંખોડિયા પ્રીતમ અશ્વિનભાઈ (૧૭ વર્ષ)
બોચિયા જૈમિન ખીમજીભાઈ (૧૬ વર્ષ)

# ધોરણ-૧૨ સા.પ્ર.ની પૂરક પરીક્ષા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશનનો પ્રારંભ

## શાળાઓ અને વિદ્યાર્થીઓ ૨૨ મે સુધી પરીક્ષા માટે રજિસ્ટ્રેશન કરી શકશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આ વખતે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પણ પુરક પરીક્ષા આપી શકશે. અત્યાર સુધી એક જ વિષયમાં નાપાસ થયેલા ઉ.ઉ.બુ. પ્રવાહની પરીક્ષા માર્ચ-૨૦૨૪માં લેવામાં આવી હતી. પરીક્ષા પુર્ણ થયા બાદ વહેલી તકે પરિણામ જાહેર કરવા માટેની કાર્યવાહી હાથ ધરાઈ હતી. જેમાં આ વખતે ધોરણ-૧૨ સાયન્સની સાથે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું ૨૦૨૪માં ઉપસ્થિત થઈ શકશે. પૂરક પરીક્ષા ૨૦૨૪ માટેના આવેદન શાળાઓએ બોર્ડની વેબસાઈટ પરથી ઓનલાઈન કરવાના રહેશે. આવેદન કરવાની પ્રક્રિયા તથા ફી ભરવાની પ્રક્રિયા શાળા દ્વારા ફકત ઓનલાઈન આપેલી છે. જેથી કન્યા ઉમેદવારો અને દિવ્યાંગ ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી. પરંતુ પૂરક પરીક્ષા- ૨૦૨૪ માટે ઓનલાઈન આવેદન કરવું ફરજિયાત રહેશે. ઓનલાઈન આવેદન કરવા માટેની તથા ફી

### આ વખતે સામાન્ય પ્રવાહમાં બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પણ પરીક્ષા આપી શકશે

વિદ્યાર્થીઓની પુરક પરીક્ષા લેવાતી હતી. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પુરક પરીક્ષા માટે બુધવારથી ઓનલાઈન રજિસ્ટ્રેશનની કાર્યવાહીનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં શાળાઓ અને વિદ્યાર્થીઓ ૨૨ મે સુધી રજિસ્ટ્રેશન કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ અને પરિણામ પણ જાહેર કરી દેવામાં આવ્યું હતું. પરિણામમાં આ વખતે એક અથવા તો બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પુરક પરીક્ષા આપી શકે તેવો નિર્ણય લેવાયો હોવાથી આ વખતે બે વિષયમાં નાપાસ વિદ્યાર્થીઓ પણ પુરક પરીક્ષા આપી શકશે.

દરમિયાન, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં જે પરીક્ષાર્થીઓ એક અથવા બે વિષયમાં ગેરહાજર રહેલા હોય અથવા નાપાસ થયા હોય તેવા પૂરક પરીક્ષા આપવા ઈચ્છુક પરીક્ષાર્થીઓ પૂરક પરીક્ષા- માધ્યમથી જ કરવાની રહેશે. આવેદન રૂબરૂ કે ટપાલ દ્વારા સ્વિકારવાની પદ્ધતિ અમલમાં નથી, જેથી વિદ્યાર્થીની યાદી બોર્ડને મોકલવાની રહેતી નથી.

પૂરક પરીક્ષા ૨૦૨૪ માટેના આવેદન બુધવારથી ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જેમાં શાળા અને વિદ્યાર્થીઓ ૨૨ મે સુધી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકે તે પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારે પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ ભરવાની સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર મુકવામાં આવેલી છે.

સંસ્કૃત મધ્યમાના એક અથવા બે વિષયમાં અનુત્તીર્ણ વિદ્યાર્થી માટેનું આવેદન (ઓફલાઈન) કરવાનું રહેશે. વિદ્યાર્થીઓની સહી કરેલી યાદી તથા ડી.ડી. બોર્ડની ગાંધીનગર કચેરી ખાતે મોકલી આપવા જણાવવામાં આવે છે. આમ, સામાન્ય પ્રવાહ માટે ઓનલાઈન અને સંસ્કૃત મધ્યમા માટેની કાર્યવાહી ઓફલાઈન કરવામાં આવશે.

# રાજ્ય પરીક્ષા બોર્ડની કોમન એન્ટ્રન્સ ટેસ્ટમાં ૭૬ હજાર વિદ્યાર્થીઓને ૫૦ ટકા કરતા વધુ ગુણ

## રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવેલી કોમન એન્ટ્રન્સ ટેસ્ટનું પરિણામ જાહેર કરાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૫

રાજ્યની જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ અને મોડેલ સ્કૂલમાં ધોરણ-૬માં પ્રવેશ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કોમન એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવી હતી. આ પરીક્ષામાં રાજ્યના ધોરણ-૫ના ૫.૩૪ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમનું પરિણામ બુધવારના રોજ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૭૬ હજાર જેટલા વિદ્યાર્થીઓને ૫૦ ટકા કરતા વધુ ગુણ આવ્યા હોવાથી તેમનો મેરિટ યાદીમાં સમાવેશ કરવામાં આવશે. રાજ્યની

### જ્ઞાનશક્તિ, રક્ષાશક્તિ અને મોડેલ સ્કૂલમાં ધોરણ-૬માં પ્રવેશ માટે પરીક્ષા લેવાઈ હતી

૨૭૩ સ્કૂલોના ૩૦૧ વિદ્યાર્થીઓએ ૯૦ ટકા કરતા પણ વધુ ગુણ મેળવ્યા હોવાનું પરિણામ પરથી જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા જ્ઞાનશક્તિ રેસીડેન્શ્યલ સ્કૂલ, જ્ઞાનશક્તિ ટ્રાયબલ રેસીડેન્શ્યલ સ્કૂલ, રક્ષાશક્તિ સ્કૂલ તથા મોડેલ શાળાઓમાં ધો. ૬માં પ્રવેશ માટે તેમજ જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)નું આયોજન ૩૦ માર્ચના રોજ કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં ધોરણ-૫ના કુલ ૫૩૪૬૧૫ વિદ્યાર્થીઓએ કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET) પરીક્ષા આપી હતી. આ પરિક્ષાનું પરિણામ તૈયાર કરવામાં આવ્યા બાદ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા બુધવારના રોજ પરિણામ જાહેર કરવામાં આવ્યું છે.

કોમન એન્ટ્રન્સ ટેસ્ટ -૨૦૨૪માં બેસનારા વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૫,૩૪,૬૧૫ જેટલી હતી. આ પરિણામમાં કુલ ૨૭૩ શાળાઓના ૩૦૧ વિદ્યાર્થીઓ ૯૦ ટકા એટલે કે, ૧૦૮ કરતા વધુ ગુણ મળ્યા છે. આ પરિણામમાં કુલ ૨૫૦૫ શાળાઓના ૩૯૬૧ વિદ્યાર્થીઓ ૮૦ ટકા કરતા વધુ ગુણ લાવવામાં સફળ રહ્યા છે. કુલ ૬૬૮૫ શાળાઓના ૧૪,૭૧૧ વિદ્યાર્થીઓ ૭૦ ટકા કરતા વધુ ગુણ મળ્યા છે. આ પરિણામમાં કુલ ૧૨,૩૮૫ શાળાઓના ૩૬,૭૦૮ વિદ્યાર્થીઓ ૬૦ ટકા કરતા વધુ ગુણ આવ્યા છે. આમ કોમન એન્ટ્રન્સ ટેસ્ટના પરિણામને જોતા મેરીટ યાદીમાં

### રાજ્યની ૨૭૩ સ્કૂલોના ૩૦૧ વિદ્યાર્થીઓને ૯૦ ટકા કરતાં પણ વધુ ગુણ મળ્યા

૫૦ ટકા એટલે કે ૬૦ કરતા વધુ ગુણ મેળવનારા ૧૮,૯૮૭ શાળાના ૭૬,૦૪૪ વિદ્યાર્થીઓ પૈકીના વિદ્યાર્થીઓનો સમાવેશ સંભવતઃ થશે. રક્ષાશક્તિ સ્કુલ્સમાં ૨૫ ટકા ખાનગી શાળાના વિદ્યાર્થીઓ એટલે કે, અંદાજીત ૧૭૫ ખાનગી શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ થશે. આ પરિણામ યાદીના વિદ્યાર્થીઓને જે તે યોજના અંતર્ગત સરકારના ઠરાવો અને પ્રવર્તમાન નિયમો-જોગવાઈ અનુસાર સંબંધિત કચેરી દ્વારા આગળની આનુસંગિક કાર્યવાહી કરવામાં આવશે અને મેરીટ યાદી તૈયાર કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેથી યોજનાનો લાભ મળશે જ તેવો દાવો કરી શકાશે નહિ. વિદ્યાર્થી રાજ્ય પરીક્ષા બોર્ડની વેબસાઈટ પરથી પોતાનું પરિણામ જોઇ શકશે. તેમજ પોતાની શાળા મારફત એટેન્ડસ પોર્ટલ પરથી પણ પરિણામ જાણી શકશે.






● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS